આંતરભારતીય પુસ્તકમાળા

સમકાલીન ગુજરાતી વાર્તાઓ

સંપાદક

રાધેશ્યામ શર્મા

નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા

ISBN-81-237-0313-9

1993 (શક 1914)

ANTHOLOGY OF CONTEMPORARY GUJARATI
SHORT STORIES *(Gujarati)*
SAMAKALEEN GUJARATI VARTAO *(Gujarati)*

રૂ. 26.00

પ્રકાશક : નિયામક, નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા, એ–5, ગ્રીન પાર્ક,

નવી દિલ્હી–110016

વિષયસૂચિ

ભૂમિકા

મનુષ્યજાતિની બાલ્યાવસ્થાથીઆજ પર્યંત વા–ર–તાનું આકર્ષણ પ્રબળ રહ્યું છે. વાર્તાનું સ્વરૂપ સરિતા જેવું સનાતન છે. જેમાં પ્રાચીન અને અર્વાચીનના અંશો સંમિલિત થઈ એકરૂપ, એકરસ થઈ ચૂક્યા હોય છે. એની ગંગોત્રીથી આરંભી નગરો, મેદાનોમાં વિહરતી સમુદ્રને ભેટવા ધસમસતી નદીનાં રૂપોની જેમ, કથા–વાર્તાના આકાર–પ્રકાર, સામગ્રી–સ્વરૂપ, ટૂંકી વાર્તા અભિધાન પામતાં સુધી ને ત્યાર પછી આજદિન પર્યંત પલટાતાં, પલોટાતાં રહ્યાં છે.

"જાતક કથા", "કથાસરિત્સાગર", "પંચતંત્ર" ની હોય કે ઈસુ ખ્રિસ્તની, યા ઈસપકથિત કથાઓ હોય, કથા–ગાથાના લાંબા–ટૂંકા ક્ષેત્રમાં વાર્તા અને ટૂંકી વાર્તાનાં મૂળ મળી આવે. પરંતુ પાયાનો ભેદ એ છે કે કથા–વારતા કથનશ્રવણમાં સમાતી અને નીતિ–બોધ–કથનમાં મોટે ભાગે પરિણમતી, જ્યારે આજની વાર્તા–જેનો જન્મ ઓગણીસમી સદીમાં અને વિકાસ વીસમી સદીમાં થયો ને "ટૂંકી વાર્તા" નામે સુપ્રતિષ્ઠિત થઈ એનાં કલ્પન–લેખન–આલેખન–કથનની તરાહ જ જુદી હોઈ સવિશેષ કલાત્મકતાને વરેલી વરતાશે. "કથા"ની જેમ "ટેલ"નો સંબંધ પણ "કહેવા–કથવા " ("ટેલ") સાથે તેમ જ "સ્ટોરી"નો સંબંધ એના મૂળ "હિસ્ટરી", ઇતિવૃત્ત સાથે, તેમ "વાર્તા"નો એના મૂળ "સમાચાર", "ખબર" "વૃત્તાંત" સાથે રહ્યો છે. પણ વાર્તા જ્યારથી ટૂંકી વાર્તારૂપે ઉત્ક્રાંત થતી ચાલી તેમ તેમ મનોરંજન કે સંક્રમણનાં પ્રયોજનોને અતિક્રમતી રસપર્યવસાયી બનવાને બદલે "પ્રક્ષુબ્ધ કરવા" સુધી પહોંચી. વળી ઘટનાતત્ત્વનો લોપ, કપોલકલ્પિતનો પુરસ્કાર તેમ જ ગદ્યની સરહદોને અંડોળી પદ્યલયને પોતાની ઊડળમાં લેવાની મથામણ પણ ટૂંકી વાર્તાની વિકાસ પ્રક્રિયાનો અગત્યનો અંશ બની.

બબ્બે વિશ્વયુદ્ધો પછી થતા રહેલા શહેરીકરણ–ઉદ્યોગીકરણ, અભૂતપૂર્વ વૈજ્ઞાનિક શોધો અને યંત્રોદ્યોગવિદ્યાની પ્રગતિ તેમ જ રેડિયો–સિનેમા– ટેલિવિઝન– વિડિયો – વર્તમાનપત્રો જેવાં સમૂહ માધ્યમોના અકલ્પ્ય પ્રસાર–પ્રચારથી ભીંસમાં આવેલાં માનવમૂલ્યોની અને સર્જક–સંવેદનાની મૂળભૂત તાસીર બદલાઈ. અન્ય સાહિત્યપ્રકાર સાથે ટૂંકી વાર્તાની સામગ્રી તથા સ્વરૂપમાં પણ ધરમૂળ પરિવર્તન આવ્યું. હોથોર્નથી હેમિંગ્વે, ચેહોફ–મોપાસાંથી કેથેરાઈન–કાફકા–કેમ્યૂ સાર્ત્ર આદિ દેશ–વિદેશના વાર્તાસર્જકોએ અખિલ મનુજ સંદર્ભનો અને જાગતિક પરિવેશનો વાર્તાકૃતિઓમાં જે રીતિવિશેષો વડે કલ્પનાત્મક પડઘો પાડ્યો એની સાથે સાથે વાર્તાની વિભાવના અને વ્યાખ્યા પણ ફરતી ચાલી. ગુણવત્તા ઉપરાંત ઐતિહાસિક મૂલવત્તાની દૃષ્ટિએ પણ આ સુચિહ્ન હતું કે ટૂંકી વાર્તા વ્યાખ્યાઓ કે કારિકાઓના અકિલા

ચીલેચીલે ચાલવાને બદલે સર્જક કલ્પનાદૃષ્ટિને અનુસરતી અભિનવ સ્વરૂપ–શિખરો સર કરવા ધપતી હતી. અવગમનશીલતા કરતાં કલ્પનક્ષમતાના પ્રભાવ તરફ, વિભાવના–વિચાર–ઊર્મિ કરતાં દૃશ્યાત્મક–ચિત્રાત્મક શબ્દોચિત વ્યંજના તરફ, વ્યાકરણાંકિત સીમાઓ વર્જી ચેતનાને અનુવર્તી શૈલીના નિર્માણ તરફ, વિશિષ્ટ વર્ગ ("ટાઈપ") ને સ્થાને વ્યક્તિની જ્ઞાત, અવજ્ઞાત અને અજ્ઞાત ચેતનાને સ્પર્શતા સ્તર તરફ ઝોક વધતાં, વ્યક્તિનો આંતરિક વિરોધ અને આંતરવિસંવાદ ટૂંકી વાર્તાનું ઇપ્સિતાર્થ બન્યો. કરુણ રસની સાથે સાથે હાસ્યરસ અને વિલક્ષણતા("ગ્રોટેસ્ક")નું પરિમાણ પણ ઉમેરાયું. ટૂંકી વાર્તાના પિતા સમા એડગર એલન પોએ સમર્પેલી વ્યાખ્યામાં "ગદ્ય–કથા" (ધ પ્રોઝ ટેલ) "એકીભૂત પ્રભાવ" ("સિંગલ ઈફેક્ટ) અર્થાત અમુક પ્રકારની "અદ્વિતીયતા " ("યુનિકનેસ")ના મહિમાનું મૂલ્યાંકન, તેમ જ નવલ સંદર્ભે શોલ્ઝના નિદર્શનરચના ("ફેબ્યુલેશન")ના અદ્યતન અભિગમના પ્રતિવાદમાં લૌજ જેવાની અનુભવનિષ્ઠતાને આવકારતા અ–કપોલકલ્પિત ("નોન–ફિક્શન")ની મહત્તાનું કથનાત્મકતાને અનુલક્ષીને વાર્તા સંબંધે પુનર્મૂલ્યાંકન વિરમ્યું નથી એની નોંધ લેવી ઘટે

જ્યારે "સમકાલીન ગુજરાતી વાર્તાઓ"ની વાત કરવા જઈએ ત્યારે આ ત્રણે શબ્દો પાછળ કાર્યાન્વિત વિભાવનાને સમજીને ગતિ કરવી જોઈશે. વાર્તાના સામાન્ય અને સિદ્ધ સ્વરૂપ વિશે તો વિહંગદૃષ્ટિ કરી લીધી પણ ગુજરાતી વાર્તાઓની વાત કરીએ ત્યારે એમાં "ગુજરાતી" દ્વારા શું અભિપ્રેત છે તે સમજીશું. "ગુજરાતી વાર્તાઓ" નો અર્થ એટલો જ કે ગુજરાતી ગિરામાં સર્જાયેલી ટૂંકી વાર્તાઓ. ગુજરાતીમાં લખતો વાર્તાકાર એની સભ્યતા, પરંપરા, પ્રણાલીઓ, પ્રાદેશિક રીતરિવાજો અને સ્થાનિક માન્યતાઓને જાણ્યે અજાણ્યે વાર્તારચનામાં પ્રતિબિંબિત કર્યા વગર ભાગ્યે જ બચી શકે, પણ એનું તાત્પર્ય એવું પણ નથી કે તે કે તેનાં પાત્રો માત્ર ગુજરાતી વિચારો અને ભાવાનુભવોને જ વાર્તામાં પ્રદર્શિત કરી રહે છે. કોઈ પણ વિચારગત કે ઊર્મિગત આંતરિક અનુભવ કેવળ પ્રાદેશિક ના હોઈ શકે – જેટલો તે માનવીય હોય. અત્રે એ વીસરવાનું નહિ પાલવે કે પ્રાદેશિક વિશિષ્ટતાઓની સામગ્રીને કલારસાયણમાં કાલવીને જ સાર્વજનીન સાર્વત્રિક કૃતિનું સર્જન, પ્રગટ થાય છે.

અત્રે "સમકાલીન" નો સંપ્રત્યય વાર્તા સંદર્ભે શો છે ? "એક જ કાળમાં સાથે વિદ્યમાન" એ તો સમકાલીનત્વનો જોડણીકોશગત અર્થ થયો. જ્યારે આપણે એક સાતત્યયુક્ત, અસ્ખલિત, સાવયવ, અખંડ, ઉત્ક્રાંત થતા જતા નિત્યનૂતન, તરલ સાહિત્યસ્વરૂપ અને પ્રકારની ચર્ચા કરતા હોઈએ ત્યારે તાત્ત્વિક દૃષ્ટિએ સમયસરિતાનાં ઊંડાં વહેણમાં સરકી આવેલાં આંતરપ્રવાહો અધુના અને આજના નહોતાં કેટલાય દાયકાઓ પૂર્વેના પણ હોવાની સંભાવના છે. બિજાપુરના ગોળ ગુંબજને એક છેડેથી વહેતો કરાયેલો ધ્વનિ–ઉચ્ચાર વર્તુળોમાં વ્યાપન પામી વિસ્તરે અને કોઈ એક ખૂણાનો એ ધ્વનિ પણ ઈજારો કે અધિકાર ના રહે એવી રીતે પ્રવાહી જીવંત સર્જનાત્મક કથાકૃતિ પંચાંગ–વર્ષની તિથિતારીખના વ્યવહારલક્ષી ચોકઠાંને સદૈવ ના ગાંઠે. સમકાલીનતાના

બિંદુમાં તત્કાલીનતા અને વ્યતીતકાલીનતાના સૂચક અંશોનો ઉત્તમ ઉત્કર્ષ હોય છે, પણ પ્રકારાંતરે, વેશાંતરે, રૂપાંતરે. આમે સર્જક--ભાવકની ચેતનામાં રોપાયેલ કોઈ પણ દેશનો, કોઈ પણ સ્થળકાળનો વાર્તાસર્જક, ભાવકના સ્મૃતિસંકલ્પના બળે ગતકાલીન હોવા છતાં સમકાલીન રહે છે. સાહિત્યિક ચેતનાની અંદર પુરાતન નૂતનમાં, અને અધુનાતન–પુરાતનમાં પ્રવેશી જાય !

૧૯૮૬માં આ સંચય કરતી વખતે છેલ્લાં પાંચ–દસ વર્ષમાં પ્રકાશિત ટૂંકી વાર્તાઓ સમકાલીન વાર્તા લેખે અહીં સ્થાન પામી છે. એની પાછળ ગર્ટ્રુડ સ્ટેઈન કહે છે તેમ, શુદ્ધ "સૂચક કળા જ હંમેશા સમકાલીન છે અને હોવી જોઈએ" એ ખ્યાલને મૂર્ત કરતી અગાઉની થોડીક કૃતિઓ પણ અહીં છે, તેમ છતાં સંચય મહદ્ અંશે નવી, સમકાલીન વાર્તાના વિશ્વને સાકાર કરી રહે છે.

વ્યતીત વિગતની વેલી અગર સમકાલીનતાનું સાંપ્રત સુમન ખીલી ન આવે. પરંપરાના છોડ પર જ પ્રયોગનું પુષ્પ પાંગરી ઊઠતું હોય છે.....નવી કેળવણી પામેલા રમણભાઈ નીલકંઠ, ધનસુખલાલ મહેતા, કનૈયાલાલ મુનશી, મલયાનિલ જેવા લેખકો, ગુજરાતી વાર્તાના ઉગમકાળે નવલિકાના સ્વરૂપને બોધ યા હાસ્યવાહન લેખે મુખ્યત્વે પ્રયોજતા હતા, પણ ઈ. સ. ૧૯૦૦માં અંબાલાલ દેસાઈ, ગુજરાતી સાહિત્યને પહેલી વાર્તા સ્વદેશી માલની ભલામણના હેતુપૂર્વક "શાંતિલાલ" આપે છે. છતાં ઈ. સ. ૧૯૧૮માં કંચનલાલ મહેતા ઉર્ફે મલયાનિલ પાસેથી જેને શુદ્ધ વાર્તા કહેવાય એવી "ગોવાલણી" વાર્તા મળી. "ગોવાલણી" વાર્તાના આદિ, મધ્ય, અંતની માંડણી, રજૂઆત ને ચોટ જોતાં એ જમાનાના સબળ વાર્તાકાર બની રહેવાની શક્યતાઓ પ્રગટ કરતા હતા તે- એક જ વરસમા મલયાનિલનું નિધન થઈ જતાં લીલાવતી મુનશી, ઈન્દુલાલ યાજ્ઞિક, બ. ક. ઠાકોર, બટુભાઈ ઉમરવાડિયા જેવાના હાથે થોડી વાર્તાઓનું ખેડાણ સફળતાપૂર્વક થઈ શક્યું.

અને આવ્યા ગૌરીશંકર જોષી, "ધૂમકેતુ" બનીને જ. અગાઉના સર્વ લેખકોથી ધૂમકેતુ, તેમની કળાદૃષ્ટિથી તેમજ દેશ–વિદેશની વાર્તાપ્રતિભાના વાચને કરી તદ્દન નોખા તરી આવે છે. "સપ્રમાણતા અને સરસતા" ને નવલિકાના વિશિષ્ટ નિયમ તરીકે સ્વીકારી તે લખે છે : "ટૂંકી વાર્તા એના ખરાબ સ્વરૂપમાં માત્ર "રિપોર્ટ" જેવી જ વંચાય છે. એના ઉત્કૃષ્ટ રૂપમાં એ મુગ્ધ કરનારી સ્વપ્નસૃષ્ટિનું નાજુક મનોહર સોનેરી પંખી લાગે". "દસ્તાવેજ" અને "કળાકૌશલ્ય" વચ્ચેનો તફાવત સમજતા આ સાચુકલા રોમેન્ટિક વાર્તાસર્જક તરફથી "ભૈયાદાદા", "હાસ્ય--દર્શન", "કલ્પનાની મૂર્તિઓ", "પૃથ્વી અને સ્વર્ગ", "એક ઊંટની મુસાફરી", "અલી ડોસા", "ગોવિંદનું ખેતર", "સોનેરી પંખી" જેવી વિભિન્ન મિજાજની સરસ વાર્તાઓ સાંપડી. પ્રકૃતિ અને પાત્રો વચ્ચેની સંવાદિતા પુરોગામી વાર્તાકારો કરતાં ધૂમકેતુમાં વિશેષે જોવા મળી. તેમના મતે, નવલકથા કહેવાનું બધું કહી નાખે છે, જ્યારે ટૂંકી વાર્તા કલ્પના જગાડીને જે કહેવાનું હોય તેનો "માત્ર ધ્વનિ–તણખો" જ મૂકે છે. ભલે ઊર્મિ–માંદ્યદોષથી આવૃત્ત પણ પ્રસિદ્ધ

તણખામંડળની "પોસ્ટ ઓફિસ" વાર્તા અત્ર તેમ જ અન્યત્ર વિશ્વની વાર્તાઓમાં વરણી પામી. કળાદૃષ્ટિએ ધૂમકેતુ જીવનવાદી નહી તોય જીવનપ્રધાન અને વિષયવસ્તુગ્રસ્ત લેખક છે. અતીતાનુરાગ તેમને પરંપરા પ્રશંસક અને ગ્રામ્ય સંસ્કૃતિના પક્ષપાતી પૂજક જાહેર કરે છે. ઊર્મિલતા તેમને સ્વપ્નિલ ભાવનામયતાથી આરંજિત કરે છે ને આ સર્વ વાસ્તવવાદ તથા ભાવનાવાદ વચ્ચેનો સંઘર્ષ તેમનામાં જન્માવે છે.

ધૂમકેતુમાં જેની ઊણપ સાલતી રહે છે તેની "દ્વિરેફ" યાને રામનારાયણ વિ. પાઠક દ્વારા પરિપૂર્તિ થાય છે – તર્ક અને ઊર્મિનું કળાત્મક સંતુલન અદ્યતન દૃષ્ટિને કઠે પણ ધૂમકેતુની સરખામણીમાં કરુણનો સુસહ્ય આસ્વાદ તેમની "મુકુંદરાય" વાર્તામાંથી ભાવકોને મળ્યો. "ખેમી"માં એક સ્રી તથા જાતિવિશેષ પાત્ર સાથે અત્યંત તાદાત્મ્ય અનુભવતી વાર્તા બનાવતા કુશળ બૌદ્ધિક, "જમનાનું પૂર"માં ઘટનાહ્રાસના પ્રારંભિક લાક્ષણિક–ખતરા લેખે વાતાવરણના વ્યંજનારસ્યા ચિત્રણથી લક્ષ્યાર્હ સર્જક તેમ જ "છેલ્લો દાંડક્ય ભોજ" જેવી બોધકથાઓની રીતિવિધિથી આધુનિક યુગબોધની સમસ્યાઓના સંવર્તક સ્વરૂપે દ્વિરેફ, સંખ્યામાં ધૂમકેતુથી ઓછી પણ ચિંતનશીલ વાર્તાઓના લેખક લેખે સ્મરણીય સ્થાન કોતરી ગયા છે. અભિવ્યક્તિની વિવિધ રીતિઓ પણ ગાંધીવાદના પુરસ્કર્તા આ લેખકે અજમાવી છે. તેમના પછી લોકજીવન અને લોકસાહિત્યનો કેસરી કસૂંબલ રંગ ધરી, પત્રકારત્વની રૂઆબદાર છાંટ સાથે ચિત્રાત્મકતાની આંગળીએ ભાષાની ભૂરકીભરી ભભકથી "પ્રોલિટેરિઅટ"–આમ જનતા અને કામગારવર્ગની વીતક વર્ણવતા મેઘાણીની નવલિકાઓ નોંધનીય રહે છે. અહીં બકુલેશ, ખત્રી અને ભવાનીશંકર વ્યાસ જેવા પ્રગતિવાદી વાર્તાકારો યાદ આવે જેમની કૃતિઓ પ્રચલિત અભિરુચિ ધરાવતા પ્રતિષ્ઠિતોને સુપથ્ય ના નીવડી તેથી ઉપેક્ષાનો ભોગ બની હોવાની ધારણા છે.

ન્યાયયુક્ત સમાજરચનાની માગ કરતા પ્રગતિવાદના ક્યાંક સ્થૂળ પણ સાથે જ સૂક્ષ્મ પ્રભાવને પ્રતિધ્વનિત કરતી કવિ સુંદરમ્‌ની "માજા વેલાનું મૃત્યુ" કૃતિ ફૂટપાથવાસીઓની સંવેદનાને, વક્રોક્તિપૂર્વક સાક્ષાત્ કરી શકી છે. "માને ખોળે"માં સઘન કરુણનો તથા "ખોલકી"માં તિર્યક પણ તીવ્ર કાકુનો સમુચિત અનુભવ ભાવકનો બને છે. તો એવા જ સબળ કવિ ઉમાશંકર જોષી જ્યારે ટૂંકી વાર્તાના ક્ષેત્રે પ્રવેશ કરે છે ત્યારે ગાંધીદૃષ્ટિ તથા માર્ક્સ–લેનિનની વિચારસૃષ્ટિનાં વિધાયક તત્ત્વોને ધૂમકેતુ કરતાં ક્લાસિક રુચિવાહક પાઠક સાહેબને પ્રણમી, પ્રમાણી વાસ્તવદર્શનને શબ્દાકૃત કરવામાં આશ્ચર્યકારક સફળતા મેળવે છે. પન્નાલાલ પટેલ પહેલાં કદાચ ગ્રામજીવનને એની નૈસર્ગિક બોલી સમેત વ્યંજકતાના પરિમાણપૂર્વક પ્રસ્તુત કરનાર ઉમાશંકરની કેટલીક વાર્તાઓ અવિસ્મરણીય રહેવાની : "છેલ્લું છાણું", "મારી ચંપાનો વર", "કલંકિની", "ચક્કીનું ભૂત", "પરબીડિયાં", "શ્રાવણીનો મેળો", "ગુજરીની ગોદડી" આદિ વાર્તાને "અનુભૂતિકણ" કહેતા આ સર્જકવિવેચક "વિશિષ્ટ ભાવપરિસ્થિતિ"ને આલેખતાં તેમનાં પાત્રોને "પાત્ર" ના રહેવા દેતાં "ચરિત્ર"ના સંકુલ સ્તરે લઈ જઈ શકે છે.

તો જીવનસાગરના "રહસ્ય" ને પ્રસંગ–પાત્ર–ઘટનાના "વિદ્યુતપ્રકાશ" વડે આલોકિત કરવા તાકતા ગુલાબદાસ બ્રોકરે મધ્યમ વર્ગમાં વસતા લોકની સાધારણ જીવનશૈલીમાં જરી કશુંક અસાધારણ દર્શાવવાનો ઉપક્રમ સંયમ તથા સાદગીથી કર્યો છે. પાત્રોની મનોવૈજ્ઞાનિક અવસ્થાઓને, આંતરવિરોધ અને સંઘર્ષ સાથે પ્રસ્તુત કરવામાં પ્રારંભકાળની તેમની ઘણી બધી વાર્તાકૃતિઓ આજે ય ધ્યાનાર્હ લેખાય : "લતા શું બોલે ?" "ગુલામદીન ગાડીવાળો", "નીલીનું ભૂત" આદિ......હજુય તે આશાસ્પદ છે. આ સંચયમાં બ્રોકરની વાર્તા "ભલે એ પણ જોઈ લે" સમગ્ર પરંપરાની પેઢીની પ્રતિનિધિરૂપ કૃતિ તરીકે સમાવાઈ છે. કવિવર ટાગોરની ભાવનાશીલતાથી આકર્ષાઈને જાણે, જીવનમંગલને વાર્તાઓમાં કાવ્યમયતાથી કંડારવાનું કામ કવિ સ્નેહરશ્મિએ "હીરાનાં લટકણિયાંમાં કર્યું. ટેકસીડર્મી જેવા વિષયવસ્તુને પ્રયોગસ્તરે લઈ જવાનો પ્રયાસ "મમી"માં ચોખ્ખો જોઈ શકાય.

જાનપદી સૃષ્ટિને શબ્દચિત્રોમાં મઢી, ગ્રામીણ પાત્રોના ભાવવિશ્વમાં એક અનેરી સહાનુભૂતિ, કોઠાસૂઝ અને કળાવિવેકથી પન્નાલાલ પટેલે "વાત્રકને કાંઠે", પીઠીનું પડીકું", "ખાલી ફેરો", "સાચી ગજિયાણીનું કપડું" જેવી પાણીદાર કથાકૃતિઓ આપી છે. હાડે સુધારક પ્રકૃતિ ધરાવતા છતાં ઈશ્વર પેટલીકરની વાર્તાઓમાંની એક વિખ્યાત વાર્તા "લોહીની સગાઈ" એ એની છેતરામણી સાદગી દ્વારા એક માતાની વાત્સલ્યશ્રીને વ્યક્તિ આપીને સમુચિતપણે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અર્જિત કરી છે. એવા અન્ય બે લેખકો પીતાંબર પટેલ અને પુષ્કર ચંદરવાકરનાં નામ પણ સ્મરણીય છે. ક્રમશઃ જયંતી દલાલ પછી જેમનું નામ અવશ્ય લેવાય છે એવા ચૂનીલાલ મડિયાને, ગ્રામજીવન આલેખતા વાર્તાકારોની હેડીના હોવાને કારણે પ્રથમ સ્મરીએ. પન્નાલાલ–પેટલીકર (ઉત્તર) ગુજરાતને, તો મડિયા સૌરાષ્ટ્રના ગ્રામ્ય જગતને તળપદી બબુકી બોલીથી વાર્તામાં અવતારી શક્યા. નગર જીવનની વાસ્તવિકતાને પણ તેમની કલમ સ્પર્શી આવે છે ખરી. તેમની કથાકૃતિઓ તીવ્ર આવેગ અને સબળ આવેશમાંથી પોતાનું બળ મેળવે છે. મેઘાણીની માફક મડિયા પત્રકારત્વ સાથે ગંઠાયેલા રહ્યા તેથી સનસનાટીવાળા વિષયવસ્તુમાં તેમનો શક્તિ વિશેષ પ્રગટ થાય એ સાથે એમની ઘટનાશ્રયી માંડણી ક્યારેક મર્યાદાઓ છતી કરી દે. જોરદાર કથાતત્ત્વથી લક્ષ્ય ખેંચતી "કમાઉ દીકરો", "વાની મારી કોયલ" "અંતઃસ્રોતા" અને "કાકવંધ્યા" કથાકૃતિઓ યથોચિત ખ્યાતિ પ્રાપ્ત કરી ચૂકી છે.

આધુનિક ગુજરાતી ટૂંકી વાર્તાની ધારાને માત્ર બે'ક વાર્તાકારયુગ્મોના નામોલ્લેખની મદદથી નીપટાવવી હોય તો તે પૂર્વેના ધૂમકેતુ–દ્વિરેફ, સુન્દરમ્–ઉમાશંકર અને હમણાંના જયંત્ ખત્રી–જયંતી દલાલની જોડને જરૂર ગણાવાય. સામગ્રી કરતાં સ્વરૂપ વિશેની આપસૂઝ, રચના પ્રવિધિની જાણકારી, ઘટનાની અનાવશ્યક મેદુરતાનું વિલોપન, પ્રતીકાત્મક પરિસ્થિતિ નિર્મી દેખાડવાની ક્ષમતા અને અત્રત્ય તથા પાશ્ચાત્ય વાર્તાસ્વરૂપ અંગેની સંપ્રજ્ઞતા જયંત ખત્રી અને વિશેષે કરી જયંતી દલાલની વાર્તાકૃતિઓમાં સુપેરે નિહિત છે.

લોકલને મૂર્ત કરાવતાં બારીક નકશીવાળાં વ્યંજક વર્ણનો, સમગ્ર પ્રસંગ, પ્રતીકની કક્ષાએ

માવજત પામે એવું નિરૂપણ અને નિસર્ગને પાત્રસ્તરે પ્રસ્તુત કરતું આલેખન "ધાડ", "નાગ", "ખરા બપોર", "તેજ અને ધ્વનિ" ઇત્યાદિ વાર્તાકૃતિઓમાં કાવ્યમયતાપૂર્વક થયેલું છે. "લોહીનું ટીપું", "આનંદનું મોત", "અવાજ–અજવાળાં", "હીરો ખૂંટ" અને "બે–આની" પણ ખત્રીની મહત્ત્વની કૃતિઓ છે.

તો પાછળથી સમકાલીન ગુજરાતી વાર્તાના સમર્થ પુરોધા લગભગ ત્રણેક દાયકા બની રહેનારા (હવે સદ્દગત) સુરેશ હ. જોષીએ જાતે જ પોતાના પ્રખર પુરોગામી લેખે દલાલનો આમ રસપ્રદ ઉલ્લેખ કરેલો : "શ્રી જયંતી દલાલે પોતાની સૂક્ષ્મ સંવિદનાને કેટલીક વાર કટાક્ષની ધાર કાઢીને તો કેટલીક વાર ઊંડી માનવતાથી કલાદૃષ્ટિએ પણ નવી શક્યતાને પ્રગટ કરતી નવલિકાઓ આપી છે." સ્વરૂપ અને પ્રકાર વિશેની દલાલની સંપ્રજ્ઞતા વાર્તાના મીમાંસક તેમ જ લેખક ઉભય તરીકે, એક સવ્યસાચી સર્જક સ્વરૂપે પ્રતિષ્ઠિત કરે છે. ટુચકા, રિપોર્તાજ, પશુકથા, પુરાણકથા જેવાં સ્વરૂપોની અજમાયશ તથા કથનરીતિના ભિન્ન ભિન્ન પ્રયોગો, બહુધા શહેરની પોળના ઉચ્ચ નિમ્ન મધ્યમ વર્ગની સભ્યતાને અનુલક્ષી, દલાલમાં ખાસ ખીલ્યા છે. કારુણ્યરસિત કાવ્યાત્મકતા ઉપરાંત જાયકેદાર કટાક્ષ દલાલનાં બ્રહ્માસ્ત્ર તરીકે ધાર્યું કામ આપે છે. "મૂકં કરોતિ", "મોહન ધૂળાની હિસ્ટરી ટિકિટ", "હું એ ? એ હું ?" "જગમોહને શું જોયું ?", "ટપુભાઈ રાતડિયા", "આભલાનો ટુકડો" અને આંતરચેતનાના પરસ્પર વિરોધી પ્રવાહોને તાદૃશ કરી આપતી " આ ઘેર પેલે ઘેર" તેમની અવિસ્મરણીય વાર્તાઓ છે.

સુરેશ હ. જોષીએ ૧૯૫૭માં પ્રથમ વાર્તાસંગ્રહ "ગૃહપ્રવેશ" સાથે ગુજરાતી વાર્તાવાઙ્મયમાં પ્રવેશ કર્યો તે પૂર્વે સમકાલીન વાર્તાના સબળ ગુણવિશેષનો બીજનિક્ષેપ કરી છડી પોકારનાર ઉક્ત બે વાર્તાલેખકો હતા તે જયંત ખત્રી અને જયંતી દલાલ. છતાં આ બંને લેખકોમાં ક્યાંક ક્યાંક કશુંક ખૂટતું હતું એ જાણે કે સુરેશ જોષીના આગમનથી એક અભિનવ અધ્યાય ઊઘડયાનો અહેસાસ થયો. વૃત્તાંતકથા, સત્યકથા કે ચમત્કૃતિપ્રધાન ફરમાસુ ઘટનામાં પુરાઈ જતી વાર્તાને ઉગારવા કૃતસંકલ્પ થઈ તેમણે "ઘટનાલોપ" પાછળ પ્રશ્નાર્થચિહ્ન મૂકી પણ ઘટનાહ્રાસની વાત ભાર દઈ વહેતી કરી. થોડીક ગેરસમજ થઈ, પણ મુદ્દો વિશદ બનાવતાં તેમણે લખ્યું : "ઘટના વડે ઘટનાનો છેદ ઉરાડીને એનો હ્રાસ સિદ્ધ કરી સર્જકે રહસ્યના અવકાશને અવિસ્તારવાનો રહે........ભારે વજનની ઘટનાથી રહસ્ય પ્રગટ કરનાર ખોટનો ધંધો કરે છે.....ઘટનાના બંધારણમાં જ આકાર જાળવવા છતાં અનિરુદ્ધ અવકાશને અખંડ રાખે એવાં તત્ત્વો હોવાં જોઈએ." વિશ્વ વાઙ્મયના અદ્યતન પ્રવાહોથી વાકેફ લેખક, વાર્તાના સર્જકને "અવકાશનો મોટો મિત્ર" બનાવી કવિની સમકક્ષ બનાવતા હતા, તેમના મુખ્ય પ્રદાન એવા આકારવાદનો મહિમા ગાતા હતા અને વ્યંજનાની મહત્તા સ્થાપતા હતા. એક તરફ ઓર્તેગાની જેમ ભારઝલી ગંભીરતાને સ્થાને આકાર નિર્મિતિને "લીલા" કહી નિર્ભાર હળવાશ લાવ્યા તો બીજી બાજુ પાછળથી રોબર્ટ શોલ્ઝ "ફેબ્યુલેશન" – કપોલકલ્પિતની ભલામણ કરવાના હતા એના પુરસ્કારની વાત-- ટાગોરના "આરો સત્ય"ને અનુસરી વાસ્તવિકતાના સામે છેડે આવેલા

"સવાઈ સત્ય", "ફેન્ટસિ"નો મહિમા આ લેખકે પ્રતિષ્ઠિત કર્યો. રૂપકકથા, લોકકથા, પરીકથા, પુરાણકથાનો સાંપ્રત સંદર્ભમાં વિનિયોગ, સમયના વિભિન્ન આયામોનું આલેખન, સંનિધિકરણ, પ્રતીકાત્મકતા અને ખાસ તો 'ફિનોમેનોલોજિકલ' અભિગમ અને કાવ્યકલ્પ કથાનો પુરસ્કાર–સુરેશ જોષીનું જ પ્રદાન છે. પરિપ્રેક્ષ્ય બદલ્યા કરતી વિવિધ ટેકનિક–તેમની "ગૃહપ્રવેશ", "લોહનગર", "થીગડું", "વર્તુળ, "પદ્મા તને," " બે સૂરજમુખી અને" "મરણ" તથા "અગતિગમન" જેવા કથાપ્રયોગોમાં ભાષા–સંવેદનાના સ્તરે આસ્વાદવા મળે.

સુરેશ જોષીનો સામો છેડો છે ચંદ્રકાંત બક્ષી.. વાસ્તવિકતા કે ઘટનાનું તિરોધાન નહિ પણ તેમને મન "ઘટના ઈઝ ટોટલ લાઈફ". ઘટના વગર, બક્ષી કહે છે, "હુ ન જ લખી શકું". સુરેશ જોષીનું વાર્તાસર્જન તેમના પુરોગામીઓ અને પરંપરાનું એક દૃષ્ટિએ વિવેચન હતું તો ચંદ્રકાંત બક્ષીએ સુરેશ જોષીના "ફોર્માલિસ્ટ" – આકારપ્રધાન અભિગમની આકરી આલોચના કરી છે. બક્ષી પ્રમાણે તો "કન્ટેન્ટ ડિક્ટેટ્સ ધ ફોર્મ" ગણાય. આધુનિક – ખાસ તો નગરજીવનની જટિલતાને તથા આંતરિક વિરોધ પ્રગટાવવામાં નિમિત્ત વિષમતાને–બક્ષી બ્રાન્ડ જ કહેવી પડે એવી બળૂકી ભાષાશૈલીથી "આ મુંબઈ શહેરમાં", "ક્રમશઃ", "આબોહવા", "તમે આવશો ?", "ચક્ષુઃશ્રવા" વગેરે વાર્તાઓમાં મેદાન મળ્યું.

તો "હાર્મોનિકા" જેવું તદ્દન સ્વૈરવિહારી વાર્તા–રૂપ સર્જી મધુ રાય જેવો સર્જક જોષી–બક્ષી ઉભયને ઉલ્લંઘીને રમૂજભરી નિર્ભેળ લીલાનો પ્રયોગ અતિ–આચરી સમકાલીન ગુજરાતી વાર્તામાં માગ મૂકાવી મસમોટો ભાગ પડાવે છે. અહીં પ્રાસાનુપ્રાસની રમઝટ, સ્વાનુકારિતા, ઘટના કે તેનો વાસ્તવાનુભવ–માત્ર શબ્દાનુસંધાનથી જ પમાય. અર્થ–પ્રતીક–કલ્પનનું સંઘટન કરવાના પ્રયોગ વિવેચનાને જાણે પડકાર છે. "અગેઈન્સ્ટ ઈન્ટરપ્રિટેશન"– અર્થઘટન વિરુદ્ધ વાર્તાસર્જનનો નાદર નમૂનો તે હાર્મોનિકા શ્રેણીની વાર્તાઓ. જેમાં "પાનકોર નાકે" મુખ્ય છે. "કાલસર્પ" જેવી રાયની વાર્તામાં સુરેશ જોષી જેવા અવકાશની અપેક્ષા સેવતા હતા, જાણે કે એ અવકાશ જ અહીં ઘટનારૂપે અવતર્યો. હરિયા જૂથની "કાન" જેવી વાર્તાઓ, બાળ–લોકકથા–ફેન્ટસિનાં વિવિધ રૂપો ચમત્કૃતિ લાવે છે.

એવા જ બીજા પ્રયોગધર્મી વાર્તારચયિતા છે કિશોર જાદવ જે નવલિકાને "છે એક ક્ષણનો વિસ્ફોટ" કહી પોતાની કૃતિઓને જટિલ કલ્પનોની ઈંદ્રજાળ અને સાથે જ ભાષા કર્મની લીલામાં મઢીને ક્યાંય સ્થિર ન રહેતી "કેલિડોસ્કોપિક પેટર્ન" – ભાતને વિલક્ષણ રીતે મૂર્ત કરે છે. "જે છે તે" શબ્દ પોતાની સત્તા પ્રસારીને અહીં ખડો છે. સૂચન, વ્યંજન કે વાચનલક્ષી માળખાનો અભાવ તેમની કૃતિઓને કોયડારૂપ બનાવે. અંતલક્ષી, પરિણામલક્ષી વાર્તા પર, તેમના કથા વ્યાપારને, કેન્દ્રગામીના વિરોધી કેન્દ્રોત્સારી ધ્વનિવર્તુળોના સહજ આવિર્ભાવ લેખે એકે કરી, જાદવે આક્રમણ વિજ્ઞાપિત કર્યું છે. "લેબીરીન્થ", "મદદનીશ", "પોલાણનાં પંખી", "લીલા પથ્થરો વચ્ચે

ચમત્કારિક પુરુષ" અને "કોરીડોર" આદિ કૃતિઓ સાહિત્ય- ભાષા- શૈલી-વિજ્ઞાનવેત્તાઓ માટે ચેલેન્જ સમી છે. દુર્બોધતાનું અહીં દૈવીકરણ સંભવ્યું કહેવાય છે, પરંતુ તેથી તેમના વિલક્ષણ સર્જનપ્રયોગોનું મૂલ્ય નગણ્ય નથી જ.

આજનો વાર્તાકાર ક્યારેક બે શબ્દો વચ્ચે અલિખિત મૌનના શબ્દો ગોઠવે છે... ક્યારેક સાવ રમૂજભરી સરળતાની આડશે મેટાફિઝિકલ રહસ્યોનું આખું વિશ્વ સંગોપી છે- આ વિધાન "કથનકેન્દ્ર"ની હિમાયત કરનાર વાર્તા-આલેખક જયોતિષ જાનીનું છે. "નાક", "બે જગજીવનરામનો સાક્ષાત્કાર", "નિમિષા" જેવી કૃતિઓ એનાં નિદર્શનો છે. તો "શુદ્ધ શાકાહારી" વાર્તામાં સંભવેલું ભાષાકર્મ આસ્વાદ્ય ગણાય.

"છીએ તેથી", "પ સિવાય" – જેવા ઉફરા ને ધ્યાનાકર્ષક વાર્તાપ્રયોગો પ્રબોધ પરીખને સકારણ જ કોયડા સ્વરૂપ શબ્દસર્જકોની પંક્તિમાં બેસાડી દે છે. નાયક અને ઘટનાના સંબંધતંતુઓ, અસ્તિત્વગત-તત્ક્ષણને મૂર્ત કરવા આવે કે ના આવે, પણ શબ્દો અહીં પ્રવહમાન બિંદુ અને ક્યારેક અંતરાલ તરીકે આવ્યે જાય છે. આવી રચનાઓ ભાવકની સંનદ્ધ ચેતનાની અપેક્ષાપૂર્તિ પછી આસ્વાદ્ય બને તોય તેનો આલેખ આપવો દુષ્કર.

આવાં બધાં વાદ્યોના વિવિધ વાદકોએ વહાવેલા સૂત્રનાદ વચ્ચે ઉમાશંકરકથિત "વિશિષ્ટ ભાવપરિસ્થિતિ"ની યાદ અપાવતી "સિચ્યુએશન"નો પૂરો કસ કાઢી, લાઘવને લક્ષી-ટૂંકી વાર્તાથી આગળ વધી "મૌન" જેવી લઘુકથા આપતા મોહનલાલ પટેલ અન્ય એવા સર્જકોને સાંકળી લઘુકથા-પ્રવૃત્તિને આગળ વધારી એનો સંગ્રહ આપવા સુધીનું-ક્યારેક ટૂંકી વાર્તા ટચુકડો ટુચકો બની બેસે એવું-સાહસ આદરવા ધસ્યા છે. લઘુકથાથી લાંબી રચના કરી શકતા વાર્તાકારોની અહીં રજૂ થયેલી રચનાઓમાં હસુ યાજ્ઞિકની "ત્યાં કોણ હશે ?", નવોદિત વાર્તાનવેશોની એથી દીર્ઘ વાર્તાઓ નસીર ઈસ્માઈલીની "ધૂંધળું" તેમ જ સુરેશ ઓઝાની "ફૂલ" સમકાલીન વાર્તાના દૃશ્યને સમૃદ્ધ કરી શકે તેમ છે.

"સારિકા પંજરસ્થા", "ભગવાનનું લેસન" અને ખાસ તો "ન કૌંસમાં ન કૌંસ બહાર" પાત્રની-સ્ત્રીની મનોદશાને સહજાસહજ રીતે અભિવ્યક્તિ અર્પવા માટે સ્ત્રીલેખકોમાં ધીરુબહેન પટેલની સાથે જ સરોજ પાઠકનું નામ લેવાય. અહીં "વન્સમોર"માં ચંદનના ચરિત્રને માનસપ્રત્યક્ષ કરાવવામાં એક ગુજરાતી પરિવારનો પરિવેશ, વાતાવરણ જગાવવામાં કાર્યાન્વિત થયેલો વંચાય છે. તારિણી દેસાઈનું નામ બેશક, સુવર્ણા રાય પછી, વાર્તાપ્રયોગ ક્ષેત્રે લેવું પડે. "વાદળો સૂર્ય અને આકાશ" માં યોજાયેલું ગદ્ય કવિતાની કક્ષાએ કથાસૃષ્ટિમાં કેવા પ્રતિભાવો સર્જે તે તપાસી શકાય. કુંદનિકા કાપડિયા પ્રયોગ કરતાં પરંપરાગત ઢાંચામાં રહીનેય સરસ નવલિકા આપતાં રહ્યાં છે. અન્ય ધ્યાનાકર્ષક નામો છે : ભારતી દલાલ, અંજલિ ખાંડવાલા, વર્ષા અડાલજા, વસુબહેન ભટ્ટ, વર્ષા દાસ વગેરે.

પ્રયોગધર્મી સાથે વાર્તાધર્મી રહેવાનું જરીકે ના ચૂકવા માગતા વાર્તા–આલેખકોમાં રાધેશ્યામ શર્માનું નામ છે. વાર્તાને "એક દૃશ્યમાં, એક વાક્યમાં અને ક્વચિત એક શબ્દમાં ધ્વનિપૂર્ણ સંચેતનાથી સભર કરવા, વિલક્ષણ ગદ્ય–શૈલીના "કોલાજ" રચતાં "સિનેમેટિક દૃષ્ટિધાર" પ્રગટ કરવાની મહત્વાકાંક્ષા "એમની સર્ગશક્તિનો પ્રમુખ વિશેષ" બને છે. પાત્ર અને પરિસ્થિતિની પ્રતીક્ષમતાનો કસ કાઢતી "સળિયા", "ચર્ચબેલ", "વાડીનું ભૂત", "હાથીપગો", "૩૧ ફૂટની ઘટના", "નૂતન વર્ષાભિનંદન" સંસિદ્ધ કૃતિઓ છે. "જન્મજન્માંતર", "લીલા", "જાતિસ્મરણ" જેવા પ્રયોગો ધ્યાનાર્હ લેખાયા છે.

એક જ સંગ્રહ "ટોળું"થી સીધા સશક્ત વાર્તા–સર્જકરૂપે સમુચિત સ્વીકૃતિ પામેલા ઘનશ્યામ દેસાઈની "કાગડા" વગર સમકાલીન વાર્તાનો સંચય ઊણો રહે. "ટોળું"ની સંરચના અને "ગોકળજીનો વેલો" વંશાવળીના દસ્તાવેજને કળાની કક્ષાએ કેમ મૂકી શકાય એના સબળ દૃષ્ટાન્તરૂપે પ્રમાણી શકાય.

પ્રયોગખોરીને બદલે સંવેદનક્ષમ વિષયવસ્તુ અને વિચારસંભારના નાવીન્યપૂર્વક અર્થપૂર્ણ વાર્તા–આકાર રચવામાં, શતાધિક વાર્તાઓ લખી ચૂકેલા રઘુવીર ચૌધરી વૈવિધ્ય અને વૈપુલ્યનું સંતુલન કરી જોવા ઉદ્યુક્ત છે. "અનુભવથી અવાજ" સુધી પહોંચવામાં તર્કની ચુસ્તતા જાળવવા જતાં ક્યારેક સામાજિક સંદર્ભ તો ક્યાંક લેખકની સભાનતા ડોકું કાઢે તોય કળાકારની સહજતા ખોતા નથી. "પોટકું", "પૂર્ણ સત્ય", "ચિતા", "આ સમય પણ વહી જશે", "ગેરસમજ" અને દીર્ઘ નવલિકા "પક્ષ–ઘાત" નોંધપાત્ર રચનાઓ.

આવા જ બીજા સ્મરણીય છે, વાર્તાકાર ભગવતીકુમાર શર્મા. અનેક સંગ્રહોમાં પ્રતિબિંબિત તેમની સૂક્ષ્મ સંવેદના, માનવ્ય–નિસ્બતપૂર્વક અહીં છે તેવી "કંકોસવું" કૃતિની જેમ કોળી ઊઠી છે. નવોદિત પણ શક્તિ–સંપન્ન ઉજમશી પરમારની "ગામ ખોળે" વાર્તા વાંચતાં ભાવાનુસંધાન તરત સુંદરમ–પન્નાલાલ સાથે થાય.

"ચૌન્ટી", "બિચારી જમની" જેવી વાર્તાઓમાં ભાવ–પલટાઓ, ચૈતસિક પ્રક્રિયા અને માનસવલણોના આધારે પ્રત્યક્ષ કરાવવામાં ઈવા ડેવ કુશળ છે. "કેટલાંક ચિત્રોની સ્વરરચના"માં રેખાના માધ્યમને સૂરના માધ્યમમાં ઢાળતાં કાવ્યમય વાતાવરણ રચી શકવામાં સફળ નીવડેલા વિભૂત શાહ "લઘુકથા ચાર"માં સર્વ–વ્યાપક બ્રહ્માનો પાઠ વાર્તાસર્જકને વિષય બનાવી પ્રયોગસ્તર જાળવી શક્યા છે. "ચોસઠથી આઠ ઉપર" એ એક જ કથાપ્રયોગથી લક્ષ્મીકાંત હ. ભટ્ટ, "ઈપાણનું યૌવન"થી પવનકુમાર જૈન, "વ્હાઈટ હોર્સ"થી સુધીર દલાલ, "સ્વરૂપાંતર" થી કાંતિ પટેલ, "ક્રોસ ફેઈડ"થી હસમુખ બારાડી, "હનુમાન–લવકુશ મિલન"માં પુરાકલ્પનાંશો, વ્રત વાર્તાની પ્રચલિત કથનરીતિ ને બોલી કર્મની સંયોજનાથી ભૂપેશ અધ્વર્યુ તેમ જ "સ્વપ્ન", "તમે માનશો ?", ચંદ્રદાહ" અને "બકવાસ", "મુવી કેમેરાની નજર", "એક રોમેન્ટિક વૃદ્ધની વારતા" જેવી કથાકૃતિઓથી ક્રમશ નલિન રાવળ, મોહમ્મદ માંકડ, રજનીકુમાર પંડ્યા, અબ્દુલકરીમ શેખ, રાજેન્દ્ર થડેસર, પ્રબોધ જોષી, ગણનાપાત્ર વાર્તાસંચયોમાં નામાંકિત બન્યા છે.

શિવકુમાર જોશી, દિલીપ રાણપુરા, મોહન પરમાર, બંસીકુમાર બારોટ, જનક નાયક, અંતાણીબંધુઓ, શશી શાહ, યોસેફ મેકવાન, મનીષી જાની, સુહાસ ઓઝા, પુરુરાજ જોશી, કનુ સુણાવકર, કેશુભાઈ દેસાઈ, અશ્વિન દેસાઈનાં નામ પણ જાણીતાં છે.

વિવેચક સુમન શાહે "અવરશુકિલુબ" એક જ વાર્તાસંગ્રહ પ્રકાશિત કરીને "બોધકથા"ને સમકાલીન વાર્તાના એસ્થેટિક્સની અપેક્ષાની કક્ષાએ મૂકી આપી. "દેવચકલીની બોધકથા", "કાકાજીની બોધકથા", "રીછ", "દાદરા" ઈત્યાદિ વાર્તાઓ તેમના સર્જન-કૌશલ્યના ચઢતા જતા ગ્રાફને ચીંધે છે.

સમકાલીન વાર્તાને થોડા કવિઓની પ્રયોગરત પ્રતિભાનો સર્માચીન અને સૂચક લાભ મળ્યો એમાં સ્વ. રાવજી પટેલની "એક ઘડીના પંચોતેરમા ભાગનો ઉન્માદ" અને "છબીલકાકાનો બીજો પગ", લાભશંકર ઠાકર કૃત "લાભશંકર ઠાકરનું મૃત્યુ", રાજેન્દ્ર શુકલ રચિત લોકકથાપરક વાર્તાકૃતિઓ, મનહર મોદીની "બિલાડી", સત્યજિત શર્માની "હાથ" "મોજું" અને "હનુમાન ચાલીસા" અને સુરેશ દલાલની "પિન-કુશન" ઉદાહરણરૂપ છે. ચિત્રકારોમાં અરૂઢ શૈલીમાં કથા વાર્તા આલેખતા ભૂપેન ખખ્ખર અને ગુલામ મોહમ્મદ શેખ સ્મરણીય. અત્રે સંગ્રહસ્થ કથાકૃતિઓમાં પ્રમુખ સર્જક-ઉન્મેષ સમા કવિ ચિનુ મોદીની "તડકો" દૃષ્ટાન્ત કથાના, કવિ રમેશ પારેખની "બનવું" પોએટિક હેપનિંગના અને કવિ મફત ઓઝાની "અશ્વકથા", યૌન-અનુભૂતિના આયામોને સ્વકીય શક્તિથી ઉદ્‌ઘાટિત કરે છે. કવિ હરિકૃષ્ણ રા. પાઠક પણ આ કવિ પંક્તિમાં આવે.

જેમના વાર્તા પ્રદાન અને ઉલ્લેખ વગર પ્રસ્તુત વાર્તાસંચય કદાચ પરિપૂર્ણ ના લેખાય તેવા મહેશ દવે કૃત "ચિત્તો", મુકુન્દ પરીખની "ચેન્જ", પિનાકિન દવે રચિત "નગરનાં વૃક્ષો" અને વિજય શાસ્ત્રીની "સંસારકથા" વાર્તાઓ વાંચતાં સૂજ્ઞ ભાવકને પ્રતીતિ આપવી નહિ પડે કે તેઓ અન્ય કોઈના નહિ પણ પોતાના ગતિબળ પર વિચરતા પ્રવાસીઓ છે. દિગીશ મહેતા, ઇંદુ પુવાર, રજનીકાંત રાવળ, પવનકુમાર, ભોળાભાઈ પટેલ, હસમુખ પાઠક, ચંપુ વ્યાસ, રવીન્દ્ર પારેખ, ઉત્પલ ભાયાણી અને ભરત નાયક જેવા વાર્તાલેખકો કલ્પનાની કઈ દિશામાં ફંટાશે તે ના કથી શકાય એવું અકબંધ આશ્ચર્ય છે.

પોતાને માથે સમકાલીનતાનો "ઈડિયમ" ઉપસ્થિત કરી આપવાનું સર્જનાત્મક ઉત્તરદાયિત્વ લેનાર (વાર્તા) સર્જકોના શબ્દોને સાર્ત્રે ભરેલી બંદૂક ("લોડેડ પિસ્તોલ") સમા વર્ણવ્યા છે. ક્યારે કેમના ફૂટે તે અત્યારે ભાખવુ અઘરું છે. કાળ ભગવાનને જ કહેવા દઈએ ...

–રાધેશ્યામ શર્મા

ભલે એ પણ જોઈ લે

સત્તાવીશ વર્ષની રીના સુખી હતી– પૂરેપૂરી સુખી. પોતે સુંદર હતી. તંદુરસ્તીથી ઊભરાતી, પતિ તેની દરેકે દરેક બહેનપણીને ઈર્ષ્યા કરાવે એટલું બધું તેને ચાહતો હતો, અને તે માનતી કે તેના પોતા કરતાં પણ એ વધારે દેખાવડો હતો ને દુશ્મનને પણ વહાલ આવે એવાં બે બાળકો તેને હતાં–પૂર્વી અને પરાગ. તેના જીવનનો પ્યાલો સુખથી છલોછલ ભરેલો હતો.

એવા સુખથી તરબતર થયેલી તે એક વાર જ્યારે અત્યંત ઉત્કટતાપૂર્વક પતિને ભેટી પડી– "આપણે કેટલાં બધાં સુખી છીએ, દિલીપ ?" કરતી, ત્યારે દિલીપને ઓચિંતું લાગ્યું કે તે આશ્લેષ વખતે તેને કંઈક ખૂંચતું હતું. બહુ નાજુક હતું જે ખૂંચતું હતું એ, પણ એ હતું તો ખરું જ. તે કશું બોલ્યો નહિ એ વિશે, માત્ર એટલું જ કહ્યું કે, "હા રીના, મારા જેવો સુખી પતિ બીજો કોઈ જ નહિ હોય," અને એને હળવેકથી છૂટી કરી, પણ એ ખૂંચે છે તે શું છે તે જાણી લેવાનો તેણે નિશ્ચય તો કરી જ લીધો.

એ જાણતાં એને વાર પણ ના લાગી. રીનાનાં પુષ્ટ સુંદરતમ સ્તનોમાંથી એકની નીચેના ભાગમાં નાનું એવું કશુંક હતું જે જરીક કઠણ હતું ને જે હાથ ફરે ત્યાં વરતાઈ આવતું હતું. તેણે રીનાને તે બતાવ્યું. રીના હસી : "બહુ સુંવાળો તુ તો, ભઈ જરીક લોહી જામી ગયું તેમાં શું થઈ ગયું ? ચાર દિમાં મટાડી દઈશ " કહી, તેણે એ ભાગને મોઢે લગાડવાના ક્રીમથી સારી પેઠે ઘસ્યો.

પણ, પંદર દિવસેય તે મટયું નહિ. વધ્યું–જરીક. દિલીપે ડૉક્ટરને બતાવવા કહ્યું. રીના "વહેમી ક્યાંનો ! " કહીને હસી. પણ તેની સાથે ડૉક્ટર આગળ ગઈ ખરી.

ડૉક્ટર સ્ત્રી હતી અને તેમના મિત્ર–મંડળમાંની હતી. રીનાએ કહ્યું."માલવિકા, જો ને બહેન, આ દિલીપ મારો જીવ ખાઈ ગયો છે કે' દહાડાનો." અને તેણે પોતાની છાતી માલવિકાના તપાસવાના ઓરડામાં ખુલ્લી કરી દીધી.

માલવિકા ક્ષણ બે ક્ષણ કશું કર્યા સિવાય તેના એ સૌંદર્યની પુષ્ટતા અને પુષ્ટતાનું સૌંદર્ય જોઈ રહી. અંતે હસી પડતાં કહ્યું : "તું ગજબ સુંદર છો હો, રીના." ને તેને ગાલે ટપલી મારી.

"જા હવે, " કરતી રીનાએ ખુલ્લા ભાગને પોતાના હાથથી જાણે ઢાંકવા લાગી. પણ ત્યાં સુધીમાં માલવિકા ફરી પાછી ડૉક્ટર બની ગઈ હતી. તેણે તેને બરોબર તપાસી. તે ભાગને તેણે

દાબ્યો "દુઃખે છે ?" એમ પૂછતાં, "જરીક જ" રીના હસી. "કોઈ દાબે તો તો દુઃખે જ ને ?" કહેતી. પણ માલવિકાએ ત્યાં ચીમટી ભરી. આખું શરીર પૂરેપૂરું તપાસ્યું. રીનાએ આતુરતાથી પૂછ્યું : "કશું જ નથી ને બહેન ?" ત્યારે તેણે કહ્યું : "કશું યે લાગતું તો નથી. " પણ તે હસી ન શકી, વિચારમાં પડી ગઈ અને તેની સામે જ તાકી રહેતી રીનાને તેણે કહ્યું : "જો રીના, આમ તો કશું લાગતું નથી, પણ આવામાં બેદરકાર ન રહેવાય. આપણે બીજા મોટા ડૉક્ટરને પણ બતાવી જોઈએ."

"મારી તો તું જ મોટી ડૉક્ટર. બીજાનું મારે શું કામ છે ?" માલવિકાના મોં ઉપર ધસી આવેલી ગંભીરતા જોતાં તે બોલી તો ખરી પણ હળવાશથી હસી ન શકી.

"પણ હું એવી મોટી ડૉક્ટર નથી ને રીના ? ચાલ, આપણે દિલીપને મળીએ." ને કશું વધારે બોલ્યા સિવાય એ ઓરડામાંથી બહાર નીકળી ગઈ.

બીજા મોટા ડૉક્ટરને બતાવવાનું તેને કહ્યું ત્યારે દિલીપનું મોં પડી ગયું. કોને બતાવીશું ?" એટલું જ તેણે પૂછ્યું.

મોટા ડૉક્ટર પાસે ગયાં ત્યારે માલવિકા સાથે હતી. પણ રીના મુક્ત રીતે હસી શકતી નહોતી. ને એ ડૉક્ટરે તપાસીને જ્યારે કહ્યું કે " આમાં કંઈ નયે હોય, પણ તાતા હોસ્પિટલમાં તેની બાયોપ્સી કરાવી લેવી સારી." ત્યારે તો તે તદ્દન ઢીલી પડી ગઈ. તેણે દિલીપ સામે જોયું. દિલીપે હસીને કહ્યું : "કશું ય નથી, રીના. તને કશું જ ન હોય." ત્યારે એ હાસ્ય પાછળનો ભય ન સમજી શકે એટલાં ઓછાં વર્ષ એ દિલીપ સાથે રહી નહોતી.

દિલીપનો ભય સાચો પડ્યો. માલવિકાની સાવચેતી સાચી પડી. પેલા બીજા ડૉક્ટરનો વહેમ સાચો પડ્યો. તાતાના ડૉક્ટરે કહ્યું કે સ્ત્રીઓની છાતીમાં કેન્સર થાય છે, પણ ઓપરેશનથી એ દૂર થતાં બધો ભય દૂર થઈ જાય છે. તેમાં વળી રીના તો જુવાન છે અને તંદુરસ્ત છે. તેને કશો ભય નથી. ઓપરેશનમાં કશું જોખમ નથી.

રીનાને એક સ્તન વિનાનું પોતાનું શરીર કલ્પતાં કંપારી આવી. દિલીપનો કશોક હક્ક જાણે પોતે લૂંટી લેતી હોય તેવું લાગ્યું. પણ દિલીપે કહ્યું : "મને તો તું જ જોઈએ, રીના, તારા શરીરનો એક ભાગ નહિ." ત્યારે એમાં એટલી સચ્ચાઈ તેને વરતાઈ કે ઓપરેશન કરાવવા તૈયાર થઈ ગઈ.

ડૉક્ટરે કહ્યું હતું તેમ જ થયું. ઓપરેશન સફળ થયુ. રીનાના શરીરમાં કેન્સરનો કણ પણ ન રહ્યો. રાજી થઈને તેણે કહ્યું :

"હવે કશું રહ્યું નથી. પણ સલામતી ખાતર આપણે તેની તપાસ કરતાં રહેવું જોઈએ. તમે દર બે મહિને ચેકિંગ કરાવવા આવજો."

સમય જતાં બે ને બદલે ચાર મહિને જવાનું થયું. પછી વરસે દહાડે, ને પછી રીનાનો વાંસો

થાબડતાં એક દિવસ તેના પિતાની ઉંમરના ડૉક્ટરે કહ્યું :

"હવે તમે તદ્દન મુક્ત છો, રીનાબહેન, હવે તમારે અહીં આવવાની જરૂર નથી."

રીના તો ખુશ થઈ, ખૂબ જ ખુશ. પણ જ્યારે તેણે દિલીપનો ચહેરો જોયો ત્યારે તેની ખુશી હાથમાં ન રહી. ઘેર જતાં તરત જ તે દિલીપને જોરજોરથી વળગી પડી, કહી રહી :

"આવી અર્ધી નારીને સાજી થયેલી જોઈને તું આટલો બધો રાજી થાય છે, દિલીપ ?"

"તું અર્ધી નારી નથી, રીના, તું તો મારું સ્વપ્નું છે, સ્વપ્નું."

ચુંબનમાં એના હોઠ ભલે બીડાયા હોય પણ રીના દિલીપની આંખો જોઈ શક્તી હતી. આવી તૃપ્ત આંખો તેને ઝાઝી વાર જોવા નહોતી મળી.

★ ★ ★

સંસાર પાછો પૂર્વવત્ ચાલવા લાગ્યો. રીના તેના આ એક અંગના અપવાદ સિવાય પૂરેપૂરી સુંદર બની રહી. તેની દરેકે દરેક બહેનપણીને તેની ઈર્ષ્યા થાય એટલી હદે દિલીપ એને ચાહતો રહ્યો, અને પૂર્વી અને પરાગ દુશ્મનને પણ વહાલ આવે તેવાં રહ્યાં જ, પણ તેમના શિક્ષકોને જેમને માટે અભિમાન લેવું ગમે તેવાં પણ બનતાં ગયાં.

હવે કશી મુશ્કેલી નહોતી. કશો અવરોધ નહોતો, એટલે વર્ષો પહેલાં દિલીપ અને રીનાએ સાથે મળીને જે નક્કી કર્યું હતું અને રીનાની માંદગી અને એ પછીની સંભાળને અંગે જે શક્ય નહોતું બન્યું તે દિલીપનું પરદેશ જવાનું નક્કી થઈ ગયું. સારો વેપાર હતો એનો, આ પરદેશગમન તેને વધારે સારો બનાવી આપે તેમ હતું અને ત્યાં ગયા પછી જો ત્યાં જ ફાવી જાય તો રીના, પૂર્વી અને પરાગને ત્યાં બોલાવી લેતા કેટલી વાર લાગે તેમ હતી ? પૂર્વી અને પરાગનું ભવિષ્ય, તો તો, આખું યે તેમના હિતમાં બદલાઈ જાયને ?

રડતી આંખે અને હસતે હૃદયે રીનાએ વિદાય આપી. હસતે મુખે અને થોડું રડતાં હૃદયે દિલીપ એ ત્રણે પ્રિયજનોની વિદાય લઈ રહ્યો, અને ઘરરર કરતું વિમાન હજારો માઈલ દૂર લઈ ગયું.

પણ તે તેને પરદેશ બોલાવી લે તે પહેલાં ડૉક્ટરોએ રીનાને પોતાની પાસે બોલાવી. કોણ જાણે કેમ કશું સમજાતું નહોતું. રીના એવી ને એટલી તંદુરસ્ત લાગતી હતી, પણ એને કંઈક બેચેની જેવું– વરતાતું હતું. તેને અંદરથી કંઈક નબળાઈ પ્રવેશતી હોય તેવું અને તેની કમ્મર દુખતી રહેતી હતી.

પોતે જુવાન ભલે રહી તોય ઉમ્મર વધતી જતી હતી. તે અને દિલીપની સતત ગેરહાજરીને અંગે જે પીડા થતી હતી તે એના કારણે જ હશે તેમ માની તેણે પહેલાં તો દરકાર ન કરી, પણ વાત–વાતમાં એક વાર માલવિકા પાસે વાત કરતાં તેણે તેને તપાસી જોવાનો આગ્રહ રાખ્યો. રીના હસી, "કંઇ નથી માલવિકા, તું મને બહુ ચાહે છે એટલે મારી તબિયતના જ વિચાર કરે છે.

પેલો કાલિદાસ એમ જ્યારે કહેતો હતો કે અતિ સ્નેહ પાપશંકી છે ત્યારે તદ્દન સાચો હતો.

"મને તારા એ કાલિદાસની ખબર નથી. તારું ધ્યાન હું ન રાખું તો દિલીપ પાછો આવે ત્યારે એને હું શો જવાબ આપું ?" કહેતી હસતી–હસતી માલવિકા તેને પોતાને દવાખાને લઇ ગઇ. પેલા તપાસવાના ઓરડામાં પોતાની સ્ટેથોસ્કોપની નળી મૂકી તેણે જ્યારે રીનાને તપાસી ત્યારે પહેલાં જેવી જ વાત કરી.

"મોટા ડૉક્ટરને બતાવી લઇએ, રીના."

આ વખતે રીના હસી ન શકી. કોણ જાણે કેમ તેના મનમાં એ મોટા ડૉક્ટરનો અર્થ કોઇક ન ગમે એવા ભાવ સાથે જડાઇ ગયો હતો.

મોટા ડૉક્ટરે બરોબર તપાસી તેને એક્સ–રે લીધા, અનેક સૂચનાઓ આપી અને એક્સ–રે તૈયાર થઇને આવતાં ફરી પાછી તાતા હૉસ્પિટલના ડૉક્ટર પાસે જવા સલાહ આપી.

એ ડૉક્ટર એને કશું કહે તે પહેલાં તેના એક્સ–રે એ રીનાને ઘણું બધું કહી દીધું. છાતીના આગળના ભાગમાં અને વાંસાના પાછળના ભાગમાં દેખાતાં નાનાં–નાનાં કાણાંઓને જોવા માટે કોઇ ડૉક્ટરની આંખની જરૂર નહોતી. પણ એ આંખોની મદદ લીધા સિવાય છૂટકો પણ નહોતો.

એ વાત દિલીપને જણાવવી ગમતી નહોતી, પણ જણાવ્યા વિના રહી પણ શી રીતે શકાય ? તાતાવાળા ડૉક્ટર પાસે જતાં પહેલાં દિલીપની સલાહ તો લેવી જોઇએ ને ?

એ સલાહ આપતો દિલીપનો પત્ર કે તાર ન આવ્યો, પોતે જ આવી પહોંચ્યો, ને ફોટા જોઇને ને માલવિકાની વાત સાંભળીને તરત રીનાને તાતાવાળા ડૉક્ટર પાસે લઇ ગયો.

તેમણે તો જે કહેવું જોઇએ તે જ કહ્યું. આ વખતે વાત વિશેષ ખરાબ હતી. કેન્સરે વાંસામાં અને છાતીમાં પ્રવેશ કર્યો હતો. સખત માવજતની જરૂર હતી. ઇંજેક્શનો આપ્યા વિના છૂટકો નહોતો. રોગ ફેલાતો જરૂર અટકે ને જિંદગીનો સારો એવો પટ રીનાને મળે પણ ખરો. સારવાર તરત ચાલુ કરી દેવી જોઇએ... નહિતર......

નહિતર શું થાય, એ કહેવાની ડૉક્ટરને જરૂર ન પડી. રીના અને દિલીપ બન્ને એ જાણતાં જ હતાં.

પણ એ ઉપરાંત એ બીજુ પણ ઘણું જાણતા હતા– આ ઇંજેક્શન વગેરેની સારવારથી શું શું થાય તે, કેમ કે તેમણે રીનાની અને દિલીપની પ્રિય સખી, રૂપના અવતાર સમી અને હસીખુશીના ભંડાર સમી રાજને શું થયું હતું તે ઉઘાડી નજરે અને બેસી જતાં હૈયે જોયું હતું.

રીનાને એ રાજ યાદ આવી ગઇ– મરણ પહેલાં હૉસ્પિટલના ખાટલામાં તે પછાડા ખાઇ રહી હતી ને તેના ગુચ્છદાર વાળ લગભગ ઊતરી ગયા હતા. તેનું એક વખતનું અત્યંત

રૂપાળું મોં ઓળખાય પણ નહિ એવું વિકૃત બની ગયું હતું, અને હસવાનું તો જાણે નામ પણ તેણે ન સાંભળ્યું હોય તેવો માત્ર દુઃખથી ભરેલો તેનો ચહેરો આમથી તેમ અફળાઇ રહ્યો હતો.

એટલે તો તેના જવાબની રાહ જોઇ રહેલા ડોક્ટરે તેને પૂછ્યું કે સારવાર ક્યારથી ચાલુ કરીશું ત્યારે તેણે કહ્યું, " વિચાર કરીને જણાવીશ."

" આમાં વિચાર કરવાનો પ્રશ્ન જ નથી. બહેન, " ભલા ડોક્ટરે દુઃખપૂર્વક કહ્યું, " સારવારથી સારું પણ થાય, ને એમ તો....."

એને વધારે બોલવાની જરૂર ન પડી. રીનાએ જ જરા હસીને કહ્યું, " હું જાણું છું, ડોક્ટર."

એના વિષાદ ભરેલા હાસ્યમાં પણ કેટલી બધી મોહક લાગતી હતી તે ! દિલીપ દુઃખપૂર્વક જોઇ રહ્યો.

ઘેર પહોંચ્યાં કે તેણે જ કહ્યું :

" શું કરીશુ હવે, રીના ? સારવાર ક્યારથી શરૂ કરીશું ?"

" તને રાજ યાદ છે દિલીપ ? રીનાએ પૂછ્યુ.

દિલીપ કશું ન બોલ્યો, એની સામે જોઇ રહ્યો.

રીનાએ જ પૂછ્યું : " ને મારી મા ?" પછી ઉમેર્યું :

" મારે એવાં થઇને નથી મરવું, દિલીપ એ કરતાં તો..... "

ને તેણે માથું દિલીપની છાતી પર ઢાળી દીધું.

બીજે દિવસે દિલીપ એકલો પેલા તાતાવાળા ડોક્ટર પાસે ગયો, "રીનાને અમેરિકા લઇ જાઉં તો ?" તેણે પૂછ્યું.

ડોક્ટરે નકારમાં ડોકું હલાવ્યું.

"અમેરિકામાં સાજું થઇ શકે એ જાતનો કેન્સર આ નથી ભાઇ, ત્યાં પણ સારવાર આવી જ આપશે."

"પરિણામ ?"

"દર્દીનું નસીબ. હમેશાં છાપામાં નથી વાંચતા, ત્યાંના કેટલા મોટા માણસો એના ભોગ બની જાય છે તે ? ને આ એવું ત્યાં મટે એવું દર્દ હોત તો તો હું જ તમને ત્યાં જવાનું ન કહેત ?" પછી તેમણે દુઃખપૂર્વક કહ્યું :

"કેટલી બધી સરસ છોકરી છે ! આઇ એમ સોરી દિલીપભાઇ, વેરી-વેરી સોરી."

ક્યાંક ઓગાળી જતો હોય તેમ દિલીપ કેવળ મૂંગો બેસી રહ્યો. સ્વસ્થ રીતે બોલી શકાશે તેવું લાગ્યું ત્યારે બોલ્યો :

" આવી આવી ઇન્જેક્શનો વગેરેની માવજત ન કરીએ તો ડૉક્ટર ? "

" તો હું શું કરું, ભાઇ ? તમે જાણો છો, " ડૉક્ટરે તેને ખભે હાથ મૂકતાં કહ્યું.

પણ દિલીપ અને રીના એની સારવાર માટે ન ગયાં. બીજે ગામ બીજા ડૉક્ટરને દેખાડવા ગયાં.

એમણે પણ એ જ કહ્યું જે મુંબઇવાળા ડૉક્ટરે કહ્યું હતું.

" કાલથી ઇન્જેક્શન શરૂ કરી દો "

" બીજો કશો ઉપચાર નથી ? "

" હોય તો હું જાણતો નથી. "

" મુંબઇવાળા ડૉક્ટર પણ એ જ કહેતા હતા."

રીનાએ કહ્યું.

"મુંબઇમાં બતાવ્યું છે ? કોને ? ક્યાં ?

" તાતામાં ડૉ. દેસાઇને :

" તો પછી અહીં કેમ આવ્યાં ? અમે તો તેમની પાસે......"

" પણ હું તો આવી ઘાતકી સારવારથી બચાતું હોય તો બચવા આવી છું. ડૂબતું માણસ તણખલું પકડે ને, તેમ. "

"આમાં તણખલું શું તરવાનું મોટું બોયું પકડોને, તો યે કંઇ વળે એવું નથી. બહેન, તમે તમારે ઇંજેક્શન શરૂ કરી દો. "

એટલે રીનાએ કહ્યું :

" મારે ઇન્જેક્શન નથી. લેવાં, ડૉક્ટર."

" તો શું કરવું છે,?" ડૉક્ટર હસ્યો.

" આવી છું ને, એવી ને એવી જ મારે મરવું છે. "

" તો પછી મારી પાસે શું આવ્યાં ? હું કે દુનિયાનો કોઇ પણ ડૉક્ટર આ સિવાય બીજો કોઇ ઉપાય સૂચવી શકે તેમ નથી, ને બહેન, મારી સલાહ છે. તમે ઇંજેક્શન લો. કદાચ બચી જવાય."

" ગેરન્ટી ખરી ?"

" ભગવાનની ઇચ્છાની સામે કોઇની ગેરન્ટી કામ લાગે ખરી ? આ કંઇ તાવ થોડો છે કે હું કહું કે હું મટાડી દઇશ ?"

" તાવ તો નથી મને, પણ કમ્મરનો દુ:ખાવો બહુ રહે છે, ડૉક્ટર. એ મટાડી આપો ને ! આનો હિસાબ હું મારા ભગવાન સાથે સમજી લઇશ.

" ગજબ છો ને ! " કહી ડૉક્ટરે દવા તો લખી આપી પણ ક્હ્યું પણ ખરું : " હું તો હજીયે કહું છું. બહેન... "

દિલીપ મૂંગો બેઠો રહ્યો હતો તેના તરફ આંગળી ચીંધી રીના અસંબદ્ધ લાગે એવું બોલી :

" આ મારા પતિ છે, ડૉક્ટર ."

" એ હું નહિ સમજ્યો હોઉં ?" ડૉક્ટર હસ્યો..

" એની સાથે પૂરો વિચાર કરી મેં બધું નક્કી કરી લીધું છે. મારી માએ એના હાથમાં મને જેવી સોંપી હતી ને, એવી જ ભલે નહિ, પણ એનાથી બહુ જુદી બની ગયેલી નહિ, એમ મારે જવું છે. મારી મા, મારી મિત્ર રાજ વગેરે ગઇ હતી એમ મારે જવું નથી– ઊતરેલા વાળવાળી, વિકૃત થયેલા મોંવાળી બનીને. " પછી જાણે ડૉક્ટરને સમજાવતી હોય તેમ બોલી :

" એનો આઘાત ભયંકર હોય છે, ડૉક્ટર, એવા ચિત્રનો. એ ચિત્ર પછી હૃદયમાંથી ભૂંસાતું નથી– મારી માનું યે ચિત્ર ને રાજનું યે ચિત્ર મારા મનમાંથી નથી ભૂંસાયું– " ને પછી જાણે બધી વાતો સમેટતી હોય તેમ બોલી :

" ને મારે બે બાળકો છે, ડૉક્ટર, પૂર્વી અને પરાગ. એવાં.... એવાં છે...." તે માંડ–માંડ બોલી અને પછી ઘણી વાર સુધી કશું ન બોલી. ડૉક્ટર કે દિલીપ પણ કશું ન બોલ્યા. આખરે એ જ બોલી :

" ફરિસ્તા જેવાં છે બાળકો. એમની મમ્મીને એમણે આવી જ જોઇ છે, છેવટ સુધી આવી જ જોશે, ભલે માંદલા જેવી પણ આવી જ ડૉક્ટર ...તો જ એમનું જીવન પ્રફુલ્લ રહી શકે, " પછી ઝડપથી :

" આભાર તમારો." કહી ડૉક્ટરે લખી આપેલો દવાનો કાગળ લઇ તે બહાર નીકળી ગઇ.

ઘેર ગઇ ત્યાં બન્ને બાળકો તેને વીટળાઇ વળ્યાં : " અમને મૂકીને ક્યાં ભાગી ગઇ હતી, મમ્મી ?" કરતાં.

"તમને મૂકીને ક્યાંય જવાની નથી બેટા. આવી ને આવી, જેવી છું તેવી તમારી સાથે રહીશ હો ! તમે હશો ત્યાં સુધી... "

દિલીપ બીજા ઓરડામાં ચાલી ગયો ગુમસુમ જેવો તેને બેઠેલો જોતાં રીનાએ ક્હ્યું :

" સાથે મળી નક્કી કર્યું છે આપણે, દિલીપ. પછી આવો કેમ થાય છે ? "

" પણ રીના... " તે બોલી ન શક્યો.

" પણ શું દિલીપ ? મોતને બહુ હોંશ છે તે એ ભલે મારો જાન લઈ જાય. પણ મને એ હરાવી નહિ શકે. હું તો છું ને તેના તે જ રૂપે જ, કદાચ જરા માંદલી લાગું તેમ છતાં, અને આ રૂપે જ, તમારા હૃદયમાં જીવતી રહીશ. ભલે એ પણ જોઈ લે. "

" મારી રીના..." કહી દિલીપે તેને હાથમાં જકડી લીધી.

એ હાથની સાંકળમાં હજી વધારે સંકળાઈને રીનાએ કહ્યું :

" એક માગણી કરું, દિલીપ ?

" કહેને. તું જે માગે તે હું આપું.

" હું તો એટલું જ માગું છું, દિલીપ," તેણે જરા તેનાથી છૂટી થઈને તેની સામે જોતાં કહ્યું : કે આપણા ઉમંગના દિવસોમાં તું જે કુમાશથી મને ઉપાડીને પથારીમાં સુવાડતો હતો ને તે જ કુમાશથી ઉપાડીને ત્યાં પણ તું જ મને સુવાડજે. બીજાઓને હાથે ઊંચકાઈને મારે ત્યાં નથી સૂવું."

ફરી પાછી દિલીપે આવેશપૂર્વક તેને બાહુમાં જકડી લીધી.

" હા... શ," એટલું જ રીના બોલી.

અગતિગમન

ઘરેથી નીકળતાં જ મને લાગ્યું કે મોડું થઇ ગયું હતું. ઉતાવળ કરવા જઇએ તેથી જ મોડું થઇ જાય છે. એનો અનુભવ આ પહેલાં મને થઇ ચૂક્યો છે. પણ હું ગભરાટિયા સ્વભાવનો માણસ છું. પરગામ જવું એ મારે માટે તો એક આફ્ત છે. હું ગાડી આવવાને એક કલાક પહેલાં જ સ્ટેશને પહોંચી જાઉં છું. પછી બુક સ્ટૉલ પર ચોપડીઓ જોવામાં પડયો હોઉં છું ને ત્યાં જ ગાડી આવી જાય છે ને હુ હાંફળોફાંફળો જગ્યા મેળવવા દોડું છું. આજે સવારે ઊઠીને ઘડિયાળમાં જોયું તો સાડા પાચ થયેલા. ઘડિયાળ સાથે મારો મેળ ક્દી ખાધો નથી. રેડિયો સાંભળવાની મને ટેવ નથી, પણ દેશ આખો તો સરકારી સમય પ્રમાણે ચાલે છે. મારી બારીમાંથી ટાવરનું ઘડિયાળ દેખાય છે. પણ એક સવારે એના એક કાંટા પર એક અજાણ્યા પંખીને જોઇને હું છળી મર્યો હતો. કાંડા–ઘડિયાળ હું રાતે પણ પહેરી રાખું છું. પણ આજકાલ એ લોકો આંકડા લખવાને બદલે માત્ર ટપકાં મૂકે છે. આથી થયેલા સાડા છ પણ મને દેખાયા સાડા પાંચ. ઊંઘ નો'તી આવતી તોય એક કલાક બાકી છે એમ માનીને પડયો રહ્યો. ત્યાં બારીમાથી પ્રભાતની ટશર દેખાઇ ને હુ સફાળો ઊભો થઇ ગયો. ઉતાવળમા રેઝરમાં બ્લેડ મૂક્વી જ ભૂલી ગયો ને દાઢી કરવા માંડી. ગરમ ચા પીવા જતાં જીભ દાઝી ગઇ. મોજાં ઊંધાં પહેર્યાં. તાળુ વાસવા જતાં યાદ આવ્યું કે ચાવી તો અદર રહી ગઇ છે. મને થયું : આજની સાડા સાતની બસ જરૂર હું ચૂકી જવાનો. પણ બસ–સ્ટૉપ પર પહોંચ્યો ત્યાં જ એક બસ આવી. ક્યા રૂટની હતી, કયા જવાની હતી, એ જોવાનો સમય જ કયા હતો ! છતાં જરા દ્વિધા તો થઇ. જાઉં કે ન જાઉં ? ત્યા તો લોકોના ધક્કાએ જ મને બસમા ચઢાવી દીધો. બસમાં ભીડ એટલી હતી કે પાસેના માણસની પીઠ જ હુ જોઇ શકતો હતો બસ ચાલવાની ગતિનો પણ અનુભવ થતો નહોતો. મારી દરરોજની બસના પરિચિત માણસોનો અવાજ સાંભળવાનો પ્રયત્ન ર્ક્યો, પણ મને એક અસ્પષ્ટ ગણગણાટ સિવાય કશુ સભળાતુ નહોતુ. મનમા રહી રહીને શંકા થયા કરતી હતી : ખોટી બસમા તો નથી ચઢી ગયો ને ! બારી પણ દેખાતી નહોતી. આથી દિશા નક્કી કરવાનું પણ મારે માટે અશક્ય હતું. પણ સવાલ તો માત્ર પિસ્તાળીસ મિનિટનો જ હતો ને ! આમ હું વિચારતો હતો ત્યા જ પાછળથી ધક્કો વાગ્યો ને ગભરાટના માર્યા મેં આંખો બધ કરી દીધી. થોડી વાર રહીને મે આંખો ખોલી તો હુ એક સીટ પર બે જણની વચ્ચે ચપોચપ ગોઠવાઇ ગયો હતો. મે એ બને વ્યક્તિઓને ઓળખવાનો પ્રયત્ન ર્ક્યો. બારી પાસેની વ્યક્તિનો હાથ મારી સાથળ પર પડયો હતો. એ હાથની ચામડી તગતગતી હતી. એના પર જાબુડી રંગની ઝાંય

પડતી હતી. એનો હાથ જોતાં એ વ્યક્તિ સ્થૂળ હશે એવું મને લાગ્યું. પણ એનો હાથ ફૂલી ગયેલો હોય એવું લાગતું હતું. બારીના કાચમાં મેં સહેજ ડોક ફેરવીને એના ચહેરાનું પ્રતિબિમ્બ જોઇ લીધું. એનાં ચશ્માંનાં કાચ પર તડકો પડવાથી એની આંખો દેખાતી નહોતી. પણ એનો ચહેરો, કોણ જાણે શાથી, મને વિચિત્ર લાગ્યો. પેલા હાથના પ્રમાણમાં મોઢું ઘણું નાનું હતું. ગાલ બાળકોના હોય છે તેવા ફૂલેલા હતા. હોઠ પાતળા હતા. દાઢી તો જાણે હતી જ નહિ. કપાળ જેવું તો જાણે કશું હતું જ નહિ. થોડી થોડી વારે, કોણ જાણે શા કારણે, એના ગાલ ઊપસી આવતા હતા અને આંખો સાવ દબાઇ જતી હતી. એ કદાચ એના હસવાને કારણે હશે એવું મેં ધાર્યું, પણ હસવાનો કશો અવાજ આવતો નહોતો. મારી સાથળ પરનો એનો હાથ મને ભારે લાગવા માંડયો હતો. એ હાથ ખસેડી નાખવાની હું એને વિનંતી કરું. પણ હું બોલીશ તે એને સંભળાશે ? છતાં હું બોલ્યે તો ખરો જ, પણ મનેય મારો અવાજ સંભળાયો નહિ. મારી છેડેની સીટ પર બેઠેલી તે સ્રી હતી. મારા શ્વાસને રૂંધી નાખે એવી ગંધ એના શરીરમાંથી આવતી હતી. એના ખુલ્લા હાથ પર થઇને પરસેવો નીતરતો હતો. એ કંઇક ગણગણતી હોય એવું મને લાગ્યું. થોડી થોડી વારે એ આંખો રૂમાલથી લૂછતી હતી. એ કદાચ રડતી પણ હોય. એકાદ વાર તો એના બંને હોઠ, જાણે એ ચીસ પાડવા જતી હોય તેમ, ખૂલી ગયા અને મેં તો મારા કાનમાં આંગળી પણ ખોસી દીધી. થોડી વાર તો એના હોઠ એ ' ઓ ' બોલતી હોય તેમ ખુલ્લા જ રહી ગયા, મને થયું : હવે એ હોઠ બિડાશે જ નહિ કે શું ? એ તરફથી મેં મારી નજર ફેરવી લીધી. ડ્રાઇવરની પાછળની સળંગ સીટ પર બેઠેલા આઠ જણ કોઇક ગાયકવૃંદમાં ગાતા હોય તેમ આખા શરીરથી તાલ આપતા ઝૂમી રહ્યા હતા. મને એમની અદેખાઇ આવી. એમને હાલવા પૂરતી મોકળાશ હતી. છતાં એક વાત મને વિચિત્ર લાગી : એમના હોઠ ખૂલતા નહોતા, એમની આંખો બંધ હતી. કદાચ બસની ગતિને કારણે જ એઓ હાલતા હશે. થોડી થોડી વારે એમના ચહેરા પરથી એક મોટો પડછાયો પસાર થઇ જતો હતો. કદાચ રસ્તા પરના ઝાડનો જ એ પડછાયો હશે પણ એ પડછાયો પડતાં જ એમના ચહેરા, કોણ જાણે શાથી, મને ભયાવહ લાગવા માંડતા હતા. મારી પાછલી સીટ પર ક્યાંકથી કબૂતર બોલતું હોય તેવો અવાજ થોડી થોડી વારે આવ્યા કરતો હતો. મને થયું : કોઇ મા પોતાના બાળકને રમાડતી હશે. ડાબી તરફથી ધુમાડાની સેરો મારા તરફ આવવા લાગી ને એને કારણે મારી આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. મારી નજર સામે બધું જાણે તરતું હોય એવું લાગ્યું. મારે આંખો લૂછવી હતી, પણ મારા બન્ને હાથ દબાઇ ગયા હતા. મારે પગે ખાલી ચઢી હતી. મેં પગ ઊંચો કરવાનો પ્રયત્ન કર્યો પણ એ બની શક્યું નહિ. એટલામાં એકાએક કોઇકના બૂટથી મારો પગ કચડાતો હોય એવું મને લાગ્યું. મેં નજર ઊંચી કરીને જોયું તો કંડક્ટર હતો. એણે એની ટોપી છેક આંખ સુધી ખેંચી લીધી હતી. એનું મોઢું ભરાવદાર અને એનાં જડબાં ખૂબ પહોળાં લાગતાં હતાં. મારી પાસે પૈસા લેવા લંબાવેલો એનો હાથ અધ્ધર જ રહી ગયો. પછી એણે હોઠથી કશો અવાજ કર્યો. હાથથી મને કશો ઇશારો કર્યો, હું એમાંનું કશું જ સમજી શક્યો નહિ. એનો હાથ ઊંચો થયો, મારા ગાલ પર ઝણઝણાટી થઇ

આવી. આવું તો કશું જ બન્યું નહોતું. છતાં ભયથી મેં આંખો બીડી લીધી. એ દરમિયાન કોઈ દેવળમાં સમૂહપ્રાર્થના થતી હોય એવા ગણગણાટને કારણે કે કોણ જાણે શાથી મારી આંખ પર ભાર વર્તાવા લાગ્યો. ઘડી આંખ ખૂલે, ઘડી બંધ થાય એવું થવા માંડયું. પછી કદાચ આંખ બંધ રહેવાનો એક મોટો ગાળો આવી ગયો હશે. એકાએક કશો ધક્કો વાગતાં મેં આંખો ખોલીને જોયું તો હું ઊંઘમાં બારી તરફ ઢળી પડયો હતો. મારી સીટ પર, મારી આજુબાજુમાં, કોઈ જ નહોતું. હું હજી તો આંખો ચોળીને સરખો બેસવા જતો હતો ત્યાં જ બારીમાંથી પવનનો એક સપાટો આવ્યો ને કેટલાંય સૂકાં પાંદડાં અંદર વહી આવ્યાં. સૂકાં પાંદડાં અને ધૂળને કારણે બસમાં કશું દેખાતું જ નહોતું. મને થયું કે હવે જરા પગ ઉપર લઈને આરામથી બેસું. મેં મારી આજુબાજુ નજર કરી તો કોઈ દેખાયું નહિ. એકાદ બે સીટ પર કોઈ શરીર લંબાવીને અડખેપડખે થયા હોય એવો આભાસ થયો. મેં પવનના સૂસવાટાને કારણે બારીનો કાચ બંધ કર્યો. સહજ જ મારી નજર એમાં પડતા પ્રતિબિંબ તરફ ગઈ. મેં જોયું તો એમાં કોઈ વિચિત્ર જ માણસ મને દેખાયો. એની એક આંખની જગ્યાએ માત્ર કાણું હતું. એનો નીચેનો હોઠ લબડી પડયો હતો. એના મોઢા માંથી લાળ જેવું કશુંક ટપકતું હતું. મેં મારી બન્ને આંખો તપાસી લીધી. એ તો એને ઠેકાણે જ હતી. હોઠ પર હાથ ફેરવ્યો તો ત્યાં કશી ભીનાશ નહોતી. એકદમ હું ભયથી ધ્રૂજી ઊઠયો. તો આ ચહેરો કોનો ? કોઈ કાચની બીજી બાજુથી મને જોઈ રહ્યું હશે ? કે પછી આ બધી મારા મનની જ ભ્રાન્તિ ! હું બોલવા ગયો : "કંડક્ટર!" મારા શબ્દો ચારે બાજુથી પડઘાઈને પાછા આવ્યા. હું સફાળો ઊભો થઈ ગયો. જોયું તો આખી બસ ખાલી હતી. મને થયું કે ઊંઘમાં હું ઊતરવાનું ભૂલી ગયો હોઈશ. આથી હું ઊઠીને બારણા તરફ વળ્યો. પણ બસ તો ઝડપથી દોડી રહી હતી. એની ગતિના આંચકાથી હું પાછો સીટ પર ફસડાઈ પડયો મેં ડ્રાઈવરની સીટ તરફ જોયું તો ત્યાં કોઈ હોય એવું લાગ્યું નહિ. કદાચ ડ્રાઈવર કશુંક લેવા નીચે વળ્યો હશે. પછી ભયના માર્યા મેં એ તરફ નજર કરી નહિ. બસ દોડી રહી છે કે નહિ તેની ખાતરી કરવા મેં બારીની બહાર નજર કરી તો ચારે બાજુ મેદાન હતું. એકે વૃક્ષનો અણસાર સરખો નહોતો. એકાએક પંખીઓનું એક ટોળું કિકિયારી કરતું ઉપરથી પસાર થયું ને એનો લાંબો પડછાયો છવાઈ ગયો. પવન વાયો ને એવી તો ધૂળ ઊડી કે આંખ સામે બધું એકાકાર થઈ ગયું. થોડી વાર રહીને આંખો ખોલી તો દૂર દૂર એક શહેર હોય એવો ભાસ થયો. એનાં મકાનો એકના પર એક ટેકવ્યાં હોય એવું લાગતું હતું. કોઈક વાર જાણે એ પવનમાં ડોલતાં પણ લાગતાં હતાં. એ બધાં હમણાં પડી જશે કે શું એવી ભીતિથી હું કંપી ઊઠયો. પછી બસ એક ઢોળાવ ઊતરવા લાગી ને નીચે નીચે જતી ગઈ. ચારે બાજુએ ડુંગરની ધાર જાણે ભીંસી નાખતી હોય તેમ નજીક ને નજીક આવવા લાગી. ઢોળાવને કારણે કે કેમ પણ બસની ગતિ એકદમ વધી ગઈ હતી. ડુંગરોએ દૃષ્ટિસીમાને આવરી લીધી હતી, આથી પેલું શહેર દેખાતું બંધ થઈ ગયું હતું. બસ થોડી વાર રહીને ફરી ખુલ્લા અવકાશમાં આવી. મેં જોયું તો રસ્તાની ધારે થઈને મોટું પશુઓનું ધણ જઈ રહ્યું હતું. બસ એટલા તો વેગથી જતી હતી કે પશુઓનાં માત્ર કાળાં ટપકાં જ દેખાતાં હતાં. એમાંના એકાદ–બે તો કદાચ બસ નીચે ચગદાયાં પણ હશે, કારણ કે મને આછા ચિત્કાર જેવું કશુંક સંભળાયું હતું. આ પછી

મેં હિંમત કરીને ડ્રાઈવરની સીટ તરફ જોયું તો ત્યાં કશાક આકારનો ભાસ થયો. ટૂરિસ્ટો માટેની બસમાં હોય છે તેવું લાઉડસ્પીકરમાંથી કોઈક કશું કહી રહ્યું હતું. મેં એ સાંભળવાનો પ્રયત્ન કર્યો, પણ પવનના સૂસવાટામાં મને કશું સંભળાયું નહીં. ખૂબ પવન હોવા છતાં મેં બારીની બહાર મોઢું કાઢીને જોયા કર્યું. કોઈ વાર એકલદોકલ માણસ દેખાયાં હોય એવું લાગે પણ એની ખાતરી કરવા જાઉં ત્યાં તો બસ ખૂબ આગળ નીકળી ગઈ હોય. થોડી વાર થઈને બસ એકાએક ડોલવા લાગી. મને લાગ્યું કે કોઈ મોટો વળાંક આવ્યો હશે. હું સળિયાને પકડીને સમતુલા જાળવીને બેઠો. મેં રસ્તા પર આગળ નજર કરી તો લોકોનું મોટું ટોળું સામેથી આવી રહ્યું હોય એવું મને લાગ્યું. બસને પૂરપાટ દોડી રહેલી જોવા છતાં એમાંનું કોઈ સહેજેય બાજુએ ખસતું નહોતું. બસ તો એ ટોળાંની નજીક ને નજીક ધસ્યે જતી હતી. મને તમ્મર આવ્યાં. મેં આંખો બંધ કરી દીધી. એક મોટો આંચકો આવ્યો. મને લાગ્યું કે હું ક્યાંક શૂન્યમાં ફંગોળાઈ રહ્યો હતો. મેં આંખો ખોલી જોયું તો હું બસની રાહ જોતા ટોળાં વચ્ચે ઊભો હતો. ત્યાં બસ આવી., ટોળાંએ મને ધકેલ્યો. હું બે ઊભેલા માણસોની વચ્ચે દબાઈને ઊભો રહ્યો. હું મારી આગળના માણસની માત્ર પીઠ જ જોઈ શકતો હતો. બસ ચાલવાની ગતિનો પણ મને અનુભવ થતો નહોતો...

પાનકોર નાકે જઈ

હરિયો રોજ નદીએ નહાવા જતો, અને પાછો આવતો ત્યારે રસ્તામાં જેલ આવતી. એની બારીઓમાં કેદીઓને જોયા કરતો. નદીનું નામ હતું ઘી નદી. હરિયાના ગામમાં બે નદીઓ હતી : ઘી નદી અને તેલી નદી.

એક દિવસ નહાઈને હરિયો ઘરે આવતો હતો ત્યારે રંગમહેલ નિશાળ આગળ એક જણાએ એને ઊભો રાખ્યો : 'અલ્યા ત્રંબકનો છોકરો ને ?' હરિયાએ હા પાડી : 'હા કાકા.' કાકાએ એને માથે હાથ ફેરવ્યો અને આશીર્વાદ આપ્યા. હરિયાનો કાન લાલ થઈ આવ્યો. કાકાએ કહ્યું : 'તારો કાન બહુ મજાનો છે, બેટા !'

હરિયાને હસવું આવ્યું, કાન મજાનો છે એ તો કાંઈ કહેવાની વાત છે ? હરિયો આખા રસ્તે હસતો હસતો ઘરે ગયો.

*

હરિયો શિરાવા બેઠો હતો, અને કોઈએ બારણું ઠોક્યું. હરિયાની માએ એને એક પતાસું આપ્યું હતું. એને બટકું ભર્યું ત્યાં તો ઓસરીમાં બે જણ આવેલા દીઠા. બેય જણ હરિયાની માને મળ્યા, અને હસી હસીને વાત કરવા માંડ્યા, હરિભાઈ, હરિભાઈ કહીને એની પાસે બેસી ગયા, 'ચાલો તમને દાક્તરસાહેબ બોલાવે છે. તમારો કાન કેવો સરસ છે ? હરિયો બાંડિયું પહેરીને દાક્તર પાસે ગયો. દાક્તર તો નામના દાક્તર હતા, અને મોટે ભાગે ગામના લોકોના સલાહકાર મનાતા દાક્તરે હરિયાને પાસે બેસાડ્યો. 'તમારા કાન વિષે કાંઈ બોલો ને ?' હરિયાને થયું કે આ કાનનું શું છે ? એણે કહ્યું : 'મને કાનમાં તો કંઈ વાંધો નથી.' બધા હસી પડ્યા. હરિયાને થયું, એમાં હસવાનું શું છે. હરિયાએ જોયું તો કાન તો બરાબર હતો. હરિયો પણ હસી પડ્યો. 'તમને કાનની પ્રેરણા કઈ રીતે મળી ?' દાક્તરસાહેબે આડીઅવળી વાતો કરી, 'અહીં આવતા રહેજો, હરિભાઈ.' અને હરિયાને થયું કે, આ થયું છે શું ? 'હરિભાઈ' વળી શું ? અને હરિભાઈ ગિરનારા કરીને એક કાકા બીજા હતા ગામમાં, એટલે હરિયાને 'હરિભાઈ' નામ બહુ ગમ્યું પણ નહીં. એણે કહ્યું : 'મને હરિભાઈ કેમ કહો છો ?' તો બધા ફરીથી દાંત કાઢવા લાગ્યા. કોઈએ ભાવથી કહ્યું : 'હરિભાઈનું આખું નામ તો હરિશ્ચંદ્ર ત્રંબકલાલ છે.' કોઈએ વળી હરિયાનો કાન દેખાય એવી રીતે એના ફોટા પણ પાડ્યા અને છાપામાં પણ હરિયાના કાનનાં વખાણવાળા ફોટા પણ છપાયા. હરિયાએ અરીસામાં જોયું. આ વળી કાનનું શું છે ?

રંગમોલ નિશાળમાં એક નવો છોકરો ભણવા આવ્યો હતો અને એના બાપુજી નિશાળમાં આવીને ગંજીફરાક મફત ઈનામમાં વહેંચતા હતા. હેડમાસ્તરે હસ્યિાને બોલાવીને બેસાડ્યો, હસ્યિો ભારમાં મોઢું રાખીને બેઠો. હસ્યિાની ઓળખાણ કરાવી. ગંજીફરાક હસ્યિાના હાથે વહેંચાય એવું નક્કી થયું. હસ્યિાને થયું. આય વળી નવું !

*

નિશાળની બહાર, ખારા મમરાવાળા બેસતા, અને હસ્યિાને વાપરવા માટે રોજ બે પૈસા મળતા. હસ્યિો કેક વાર બે દિવસનો ભેગો એક આનો વાપરતો અને બીજે દિવસે હડી કાઢીને ઘેર જઈને ખાઈ લેતો. હસ્યિાને બપોરે બહુ ભૂખ લાગતી. એક દિવસ એક આનાના મમરા લીધા તે બહુ તીખા લાગ્યા. એણે મમરાવાળાને કહ્યું : 'ધનજીભાઈ, મમરા બહુ તીખા છે.' ધનજીભાઈએ કહ્યું : 'અટાણ સુધી તો કોઈની રાડ નથી આવી, તારી આ પહેલી રાડ છે.' પણ ત્યાં ધનજીભાઈએ એનો કાન જોઈ લીધો અને ભાવથી બીજા એક આનાના મોળા મમરા મફત કરી આપ્યા, હસ્યિાએ તીખા પાછા દઈ દીધા. ભારી કામ થઈ ગયું ગપેડીનું..... હસ્યિો રાજી થઈ ગયો.

*

મલક આખું હસ્યિાની કાનની વાત કરતું, અને હસ્યિાને ખબર પડતી નહી કે બધાને દે એવો કાન મને છે, એમાં બધા આટલું બધું મોણ કેમ નાખે છે ? બધા ઘેર આવીને માની પાસે પોતાના છોકરાંવની રાવ ખાતા અને હસ્યિાનાં વખાણ કરતા; હસ્યિાનાં નહિ, હસ્યિાના કાનનાં.

*

હસ્યિાના મામા હસ્યિાને જામનગર તેડી ગયા. મામી બાજરીમાં ધનેડાં ચડી ગયાં હતાં તે વીણતાં હતાં. હસ્યિાને જોઈને ઊભાં થઈ તેને ભેટી પડયાં, 'આવ મારા દીકરા, આવ. જોઉ, વાહ કેવો રૂપકડો મજાનો કાન છે મારા દીકારાનો !'

કોઈ મોટા સાહેબને મળવા જવાનું હતું, જામનગરમાં. તે મામા હસ્યિાને નવડાવીને લઈ ગયા. સાહેબે હસ્યિાનો કાન જોયો, અને ખૂબ વખાણ કર્યા, આપણા ગામમાં આવો સરસ કાન છે, કેટલું સરસ કહેવાય. હસ્યિાને થયું, ઠીક ભાય, સરસ કહેવાય.

*

સાહેબે હસ્યિાને એમને ઘરે જ રાખી લીધો. સાહેબ હસ્યિાના કાનને રોજ સુગંધી પાણીથી ધોવડાવતા, વાળંદ પાસે મેલ કઢાવતા, કાનની પાસે મોવાળા પથરાવીને શણગાર કરાવતા, અને એમ ને એમ હસ્યિાને બેસાડી રાખતા. પછી બે ત્રણ દિવસ પછી કાનમાં અત્તરનાં પૂમડાં મુકાવા

માંડ્યાં, અને પછી સોનીને બોલાવી એમાં વીધ કરાવી સાચા સોનામાં સાચા પોખરાજ જડાવીને પહેરાવવાનું શરૂ કર્યું. તે રોજ નવનવા હીરા પહેરાવતા. એક દિવસ હરિયાને થયું કે હવે અહીંયાં નથી રહેવું. એણે સાહેબને વાત કરી. સાહેબે એને કહ્યું : 'જ્યાં ફાવે ત્યાં ફરો, એમાં શું ?' અને હરિયો ફાવે ત્યાં ફરવા લાગ્યો. ભાડાની સાઈકલ લેવા ગયો તો સાઈકલવાળાએ એને મફત ફેરવવા દીધી. હરિયાએ તાણ કરી પણ પૈસા ન લીધા તે ન જ લીધા. બગીચામાં ફરતો હતો તો બે ત્રણ જણા હસીને ઊભા રહ્યા. હરિયો હવે તો કાનવાળી વાત સમજી ગયો હતો, એટલે એણે બેય જણ પાસે કાન વિષે ખૂબ વાતો કરી. હરિયાને થયું, ના, ના, ક્યો ન ક્યો પણ કાનેય ગધેડીનો છે રૂપાળો, આપણો બાકી.

પણ હરિયાને રહી રહીને થાતું'તું કે આમ તો કેમ રહેવાય. નિશાળ ન મળે, નદી ન મળે, કેટલા દી રહેવાય. પણ સાહેબે કહ્યું, 'હરિભાઈ, હવે તમને ખંભાળિયે નહીં ગમે.' પણ હરિયો તો કહે કે મને ખંભાળિયે જાવા દિયો તો જ હા, નકર ના.

ખંભાળિયામાં હરિયાના ભાઈબંધ બધા ભણીને પાસ થઈ ગયા ને હરિયાને થયું કે ગધેડીનું ભણવાનું તો રહી ગયું. પણ પછી થયું. આ કાન આવો મજાનો છે, પછી ભણીનેય શું ઓટલા વાળવાના છે. એને ભાઈબંધ રસ્તામાં મળી જતા પણ બધાય કાંઈક આઘા થઈ ગયા લાગતા. કાને તે કરી છે ને કાંઈ, હરિયાને વારેવારે થઈ આવતું.

તે બસ, પછી તો હરિયાને ખંભાળિયામાં મજા ન પડી તે પાછો જામનગર આવ્યો અને ત્યાંથી રાજકોટ, ભાવનગર, અમદાવાદ, વડોદરા એમ કરતાં કરતાં મુંબઈ પહોંચી ગયો. મુંબઈમાં પણ ગામેગામની જેમ એના કાનનાં વખાણ સંભળાતાં. હરિયો લિફ્ટ પાસે ઊભો રહેતો તો લોકો જગ્યા કરી આપતા, સિનેમા જોવા જતો તો ટિકિટ લઈ દેતા, ખાવા જતો તો ભાણું ખવરાવી દેતા, અને દરિયાકિનારે બેસતો તો, પાછળથી અવાજ સંભળાતા : 'પેલા વાદળી ખમીસવાળા છે ને એ જ હરિશ્ચંદ્ર.' 'એમ ?' હા, જુઓને અહીંયાંથી એમનો કાન બરાબર દેખાય છે. છે ને ? જોયું ને ? તો વળી કોઈ આવીને વાત કરતું, ઘરે બોલાવતું અને કાનનાં વખાણ કરતું.

એક દિવસ હરિયો રેતીમાં બેઠો હતો, અને પલાંઠી વાળીને રેતીમાં પોતાનું નામ લખતો હતો, ત્યારે કોલેજની બેત્રણ છોકરીઓનો પડછાયો પાછળથી દેખાયો. એમાંથી એક જણીએ ઘણી ચોપડિયુંનો થોકડો ઉપાડ્યો હતો. હરિયાને થયું. દફતર લેતી હોય તો શો વાંધો.

છોકરીઓએ બીતાં બીતાં અને હસતાં હસતાં હરિયાને પૂછ્યું : 'આપનું નામ હરિશ્ચંદ્ર, ખરું ને ?'

બીજી છોકરી ખિલખિલ કરતી બોલી : 'આપનો કાન જોઈને લાગ્યું તો ખરું, એટલે પાસે આવ્યાં અને રેતીમાં લખેલું જોયું એટલે કન્ફર્મ થઈ ગયું !'

બધી છોકરીઓ હસી પડી. હરિયાએ મનમાં કહ્યું કે, ભારી તમારું 'કન્ફમ' થઈ ગયું. પછી એણે કહ્યું, હા જી, બોલો કાંઈ કામકાજ ?' છોકરીઓ એકબીજીને ધક્કા મારવા માંડી, એકે વળી કહ્યું, 'બોલને શાર્દૂલા, શરમાય છે, કેમ ? તમે પૂછો હરિશ્ચંદ્ર સાહેબ.'

હસ્યિાએ કહ્યું : 'શું પૂછું ?' મનમાં કહ્યું, 'આ સારુલાય વળી છોકરિયુંનાં નામ આવે છે ? બધી ભાયડાવનાં કપડાં પેરીને ફરે છે, અને પાછી શરમાય છે.' શારુલાયએ હે હે હે કરતાં કહ્યું : એવું છે ને કે મારા એક પ્રોફેસર છે ને, તેમણે મને કહ્યું હતું કે , તમારો કાન પણ બહુ ઈન્ટ્રેસ્ટિંગ છે.'

હસ્યિાએ કહ્યું : 'હા અ અ અ !' 'હું રોજ કાન શણગારું છું.' 'કહેતી કેમ નથી કે કાન જોઈ આપો, આપનો અભિપ્રાય આપો, કાંઈ સૂચન આપો' અને બધી પાછી હવામાં ઝાડ હાલે એમ વાંકી વળી વળી હસવા લાગી. શાર્દૂલાએ કાન બતાવ્યો. હસ્યિાએ ભારમાં મોં રાખીને કહ્યું, 'સારો છે કાન, સાચો છે ! એમાં સિન્સિયારિટી છે.' શાર્દૂલાએ કહ્યું, 'હું છે ને તે તમારો ફોટો મારા લખવાના ટેબલની ઉપર રાખું છું.'

હસ્યિાએ મનમાં કહ્યું, કરો વાત ! જોરથી કહ્યું, 'કરો, મહેનત કરો, આ તો મોટી સાધના છે, જરૂર તમે એક દિવસ પ્રખ્યાત કર્ણવિદ્ બનશો.'

ત્રણે છોકરિયું પોરસાતી પોરસાતી વહી ગઈ. આમ કહેતી : તમારા કાનના અમે ચાહક છીએ. જ્યારે જ્યારે તમારા કાન વિષે કાંઈ આવે છે ત્યારે અમે રસપૂર્વક વાંચીએ છીએ.

*

પછી તો હસ્યિો કાન મારફત જ ઓળખાવા લાગ્યો. એને દીઠે ઓળખનારા લોકો સિવાય એની ઓળખાણ થતી ત્યારે કહેવાતું : પેલા કાન વિષે તમે નથી સાંભળ્યું ? એ જ આ ભાઈ, કાનવાળા પ્રખ્યાત કર્ણવિદ્.

એટલે કર્ણવિદ્ જ્યારે જ્યારે શિયાળામાં કાનટોપી પહેરીને નીકળતા ત્યારે પણ ઠેબે દેવાતા. હસ્યિાને કાન તો અદ્‌ભુત મળ્યો હતો, પણ લોકો એક જ કાનની વાત કરતા. જાણે એને બીજો કાન જ ન હોય. હસ્યિાને બીજો કાન પણ હતો, અને બેય કાન મળીને હસ્યિાના બે કાન બનતા, હસ્યિાને હસ્યિો બનાવતા અને માણસની હારમાં મૂકતા.

કાનના વખાણનારા જાણે પહેલેથી કલ્પી લેતા કે, હસ્યિો માણસ નથી, માત્ર આપણા પ્રખ્યાત કર્ણવિદ્ છે. હસ્યિાને પહેલાં એનું હસવું આવતું, અને પછી બીક લાગવા માંડતી, એક જ કાન મારો ? મારે બીજો કાન નહીં રાખવાનો ? બીજા કાનની ગંધની વાત આવતાં જ લોકો બદલાઈ જતા. એમના મોઢામાં એક પાલી મગ ભરાઈ જતા. હસ્યિાને થતું કે એક કાનમાં એવું તે શું છે, અને એક કાન કોને ખબર સારો છે એટલે બીજા કાનનો ગુનો શો છે, અને દુનિયાનું વાજું એ રીતે ચાલતું હતું અને હસ્યિાનું જીવન કાનના સહારે ગબડી રહ્યું હતું, અને આખરે હસ્યિો કાન ઉપર હસતો બંધ થયો હતો. કાનના જોરે જીવી શકાય કે કેમ એનો વિચાર કરતો હતો, અને પોતે ખુદ કાનના મહાત્મ્યમાં માનતો થઈ ગયો હતો. હસ્યિો હજી કાનમાં માને છે.

હરિયો કાનમાં માને છે, એ વાત કહ્યા પછી હવે હરિયાની ચિંતા થાય છે કે એણે જીવનની તમામ બાબતો કાન અંગે છોડી દીધી છે. હરિયો એટલે કાન, અને કાન વિનાનો હરિયો અને શૂન્ય, એવો તાલ દુનિયા ગોઠવી રહી છે અને કમભાગી હરિયો એ વાત માનતો થઈ ગયો છે : હરિયો એટલે કાન, અને કાન વિનાનો હરિયો એટલે શૂન્ય અને એમાં તે હરિયો વીંટળાઈ રહ્યો છે. ચિંતા થાય છે કે કાલ સવારે હરિયાને માલૂમ પડે કે દુનિયા બહુ આગળ નીકળી ગઈ છે અને દુનિયાના બધા જણ પાસે નાનીમોટી ઘણી બધી ચીજો પડી છે ટકવા, ટકાવવા માટેની, જ્યારે હરિયા પાસે છે માત્ર એક કાન, અને એક જ નંગ કાન. પહેલાં જેવો હતો એવો ને એવો કાન, ત્યાં અટકી પડેલો કાન, અને જીવતો બંધ થઈ ગયેલો કાન. અને કાન વિના હરિયો છે શૂન્ય. એટલે હરિયાનો અર્થ થાય જીવતો અટકી પડેલો કાન, જ્યારે દુનિયા એટલે પૂરપાટ દોડતી, વધતી જીવતી દુનિયા.

હરિયો કોઈ દિવસ જાણશે કે આખો તાલ આવો થયો છે, ત્યારે કેટલો જીવ બાળશે, આજથી પાંચ, સાત, દસ કે બાર વર્ષ પછી ?

આબોદાના

અહીની દુનિયા જુદી છે. અહી સ્ત્રીનું ધડ એટલું આસાનીથી મળતું નથી. માત્ર ચહેરાઓ અથડાઈ જાય છે. સ્ત્રીના શરીરમાં સૌથી નગ્ન ભાગો એની આંખો હોય છે. આ શહેરમાં, અહીના કૂતરા જેવા આઝાદ મિજાજ કૂતરા બહુ ઓછા જોયા છે. અહી સામસામા આયનાઓ ગોઠવીને માણસ પોતાના બદનની સજાવટ કરે છે. પૈસા કમાય છે પછી એના શરીરના હોરમોન્સ પણ બદલાઈ જાય છે. બળતા મકાનમાં બેસીને મલ્હાર ગાવાનો અહી રિવાજ કે ના-સમઝી નથી, તૂટેલાં રમકડાંની સાથે જે લગાવથી બાળક રમે છે એ જ લગાવ અહી માણસને ફૂલેલાં વિશેષણો સાથે છે. ફૂલેલાં રંગબેરંગી વિશેષણો, ફેન્ટેસ્ટિક વિશેષણો.

જીભ પર ગોળ પાયેલી તમાકુનો સ્વાદ ચોંટી ગયો છે, કેન્સર થતાં પણ સારો ટાઈમ લાગે છે. રાતના અંધકારની બહારથી કોઈ કેસેટના વાગવાનો અસ્પષ્ટ અવાજ આવી રહ્યો છે. લયમાં, અને લાગે છે એ આનંદ નથી. અનિદ્રામાં રાહત રહે એ માટે સંગીત ખોલવામાં આવ્યું છે. પંખો અને ઘડિયાળ અને બહાર બોલતાં ઉંદરનો અવાજ અને ઉપરવાળાના બગડી ગયેલા એરકન્ડિશનરનો કર્કશ ઘરઘરાટ રાતની ખાલી ખાલી શાંતિનો અહસાસ કરવા માટે કાફી છે. અંધારું છે એટલે પણ શાંતિ લાગે છે. રસ્તાની મરક્યુરી લાઈટનો પ્રકાશ વધતી રાતની સાથે વધતો જાય છે.

કાલે ફરીથી રોટી અને પાણીની દિશા. પ્રાર્થનામાં ઝૂકેલા ચહેરાના પોઝ સાથે, અહી નામના માટે ઝૂકી ઝૂકી પડતા બહુ પૈસાદાર ભીખારીઓ વસે છે. વ્યંજના જીવનનો શોખ છે, અને શોખીનોની કમી નથી. આત્મવ્યંજનાના શોખીનો.

પાણીની પણ એક ખુશબો હોય છે, હવા અને ધરતીની જેમ. અંજળ ખેંચી લાવે છે, માણસોને આખા મુલ્કમાંથી આ ક્રોકીટ દેશમાં. માણસો ખંડિત, વ્યસ્ત, લાંછિત પણ દોડતા રહે છે, તૂટતા રહે છે, હોલવાતા રહે છે. આબોદાનાનો નાતો ટૂંકો હોય છે. સમય પ્રવાહી નથી, સમય અહી ઘૂમરીઓમાં ચકરાયા કરે છે. જિંદગી પાણી પાણી થતી રહે છે.

કોલાબા પાસેની રેસ્ટોરાંની ગલીમા સરફનો અડ્ડો છે. જેમાં ગુલામની મા ગાંજો ચરસ વેચતી રહે છે. આઠ આનાની નાની ગોળી, મોટી ગોળી બે રૂપિયાની, પણ એ ખલાસ થઈ ગઈ છે, આગળ શિપિંગ કંપની છે. કિનારા પર મદ્રાસી હોટેલ છે. જેમાંથી બળેલી કોફીની તામસિક, કાળી-બદામી વાસ આવ્યા કરે છે. ગુલામની મા જૂના પતરાના ડબ્બામાંથી ગાંજાનાં બે પડીકાં

કાઢે છે. આઠ આઠ આનાનાં. ચરસની ગોળી આજકલ દોઢ રૂપિયાની મળે છે, પહેલાં આઠ આનાની મળતી હતી બીડીમાં ભરવા કરતાં ફિલ્ટેર સિગારેટમાં ભરીને પીવાથી વધારે મજા આવે છે. અસર કરે છે, નર્વ્ઝ ઉપર. ચરસમાં ભૂખ અને પ્યાસ બંનેનો સંતોષ છે, માત્ર ગળામાં ખારાશનો અહસાસ રહી જાય છે. અને નાકના શ્વાસમાં વાસ રહી જાય છે. વૃદ્ધત્વની વાસનાની જેમ. નિરાશા જરા રંગીન બની જાય છે, એટલું જ.

કુર્લાના સ્ટેશનની પાસે રેલવે પુલની નીચેથી જ પુલિસને એક નાની ઉંમરની લાશના ટુકડા મળ્યા હતા. લાશના શરીરના ટુકડાઓ પરથી અનુમાન થતું હતું કે એ નાની છોકરી હતી, છ સાત વર્ષની, માથું ન હતું. પછી ખબર પડી, એક માતાએ એની પુત્રીની હત્યા કરી નાખી હતી. એણે એકરાર પણ કરી લીધો. પુત્રીનું માથું ન મળ્યું. કદાચ કૂતરાઓ ખેંચી ગયા હશે. એ છોકરી બહેરી અને બોબડી હતી, માતાએ કહ્યું, અપંગ કે વિકલાંગને મોતની વેદના થોડી ઓછી થતી હશે, અથવા એ વેદના એકરંગી હશે, કાળા ક્રેયોનથી ચીતરી શકાય એવી.

સાયનની પાસે હોસ્પિટલ હતી, નાની. એમાં એક ખૂબસૂરત પેરાપ્લેજિક યુવતીને લાવવામાં આવી. જનરલ વોર્ડમાં એનો ખાટલો દીવાલ પાસે હતો અને પાસે કચરો નાખવાનો ડબ્બો હતો. છોકરીને કમરના નીચેના દર્દનો કોઈ અહેસાસ થતો ન હતો., ફીલિંગ મરી ગઈ હતી, પણ એ રાત્રે ક્યારેક સૂઈ શકતી ન હતી. એક રાત્રે એને ઊંઘની દવા આપવામાં આવી અને છોકરી રાતભર સૂતી જ રહી. સવારે–ડોક્ટરોએ જોયું કે એની એક પીડી અને સાથળો ઉંદર કરડી ગયા હતા. કમર નીચે એ મરી ચૂકેલી હતી અને એના પગ મરી ચૂકેલા હતા. પણ સવારે જ્યારે એણે એના ખવાઈ ગયેલા પગ જોયા ત્યારે એ રડી પડેલી. વ્યક્તિ પોતાની મૃત વસ્તુને પણ નુકસાન થતું જોઈ શકતી નથી. શહેરનાં ઉંદરો જીવતા અને મરેલા માંસમાં સમજે છે. જીવતા માંસના સ્વાદમાં એક મીઠી ખારાશ હોય છે.

પ્રાણીબાગના સિંહને ત્રેવીસ વર્ષ થઈ ગયાં હતાં. ત્રેવીસ વર્ષે સિંહ બુઢ્ઢો થઈ જાય છે. શહેરમાં માણસ થોડાં વર્ષોમાં લાંબું જીવે છે. સિંહનો ચહેરો દયાજનક થઈ ગયો હતો, મોહતાજ અને બુઢ્ઢા ઘોડાના થાપાનું બરડ હાડકું પાણીમાં વારંવાર ભીજવીને એ મુલાયમ કરવાનો અસફળ પ્રયત્ન આખી સાંજ કરતો રહ્યો હતો. ચોંટેલું માંસ સખ્ત હતું અને સિંહના દાંત હલી ગયા હતા, ભૂખની તૃપ્તિ માત્ર ચાટવામાંથી કરી લેવાની હતી. સિંહની ઊંઘ ઓછી થઈ ગઈ હતી, આંખોમાંથી ચમક ઓછી થયાને તો ઘણા મહિના ગુજરી ગયા હતા. કેશવાળીના વાળ ઝડી ગયા હતા, ગૂંચળાઈ ગયા હતા. હલનચલનની સુસ્તીને કારણે પાછળના બંને પગો જકડાઈ ગયા હતા, અને એ ઘસડાઈને ખૂણામાં બેસી જતો હતો. આંખોમાંથી આંસુના રેલા ઓગળીને સુકાઈ ગયા હતા.......જાનવરને પણ એક અંજળ હોય છે આ શહેરમાં.......

સમુદ્ર જ્યાં શહેરની અંદર આવી ગયો છે ત્યાં શહેર અર્ધચંદ્રાકાર ખેંચાઈ ગયું છે અને

જ સૂર્યને ડૂબતો જોઈ શકાય છે. લાલઘૂમ સૂર્ય સમુદ્રની ક્ષિતિજધાર પર ડૂબતો જતો હતો અને બસ સ્ટેડિયમ અને રેસકોર્સની પાસે ઘૂમી જતી હતી. ફૂટપાથ પર એક ગરીબ કલાકાર સૂર્યાસ્તનાં ચિત્રો ગોઠવીને ગ્રાહક માટે ઊભો હતો, સસ્તી સિગારેટ પી રહ્યો હતો, પાછળ રેસકોર્સના મેદાનની બહારની રેઈલિંગ પાસે થાકીને હાંફતા ઘોડાઓ ઊભા હતા. કોલેજની બારીઓ બંધ હતી, સાંજે કોલેજ શાંત થઈ જતી હતી. બસની બારીમાંથી સૂર્ય અડધો થઈ ગયો, પછી અર્ધગોળાકાર ડૂબતો ગયો, દરિયાની અંદરની મસ્જિદની પાછળ સંતાઈ ગયો, બસની સાથે સાથે ફરીથી બહાર નીકળ્યો, થોડી ટોચ દેખાતી હતી. બસ મકાનો પાસે આવી ત્યારે સૂર્યની લાલ લકીર ડૂબી. માત્ર લાલાશના આસાર આંખોની સામે જરા ઝિલમિલાતા રહ્યા. અને બસની બંને તરફ ઊંચાં મકાનોની કતારો આમનેસામને થઈ ગઈ. મરક્યુરી લાઈટો તરત સળગી હતી, ગરમીમાં આવી રહી હતી, સાંજનો ઘેરાયેલો પ્રકાશ હજી હવામાં ઝૂલતો હતો અને લાઈટોનો રંગ મેગ્નેશિયમ જેવો ચકાચૌંધ સફેદ થવા પહેલાંનો લીલો હતો. લીલો લીલો, નિષ્ફળતાના રંગ જેવો ઉદાસીની ફીલિંગ જેવો, આવી રહેલી એકલતા જેવો.

શહેરમાં ઘુવડ બોલતું નથી. માત્ર ડાબી આંખ ફરક્યા કરે છે.

વાહનો પસાર થાય છે ત્યારે પુલના સાંધાઓ ખખડી ઊઠે છે.

ઓક્સિ–એસિટિલીન ફ્લેમથી ગર્ડરો ઓગાળતો એક માણસ સાંજના ઘેરાતા અંધકારમાં કાળા ચશ્માં પહેરીને લોખંડથી લોખંડને જોડી રહ્યો છે. સર્જનની આગને ધુમાડો હોતો નથી, માત્ર ઊડતા તણખા દેખાયા કરે છે અને રોટી તોડનારી એની આંગળીઓના નખ બળીને, ઝુલસીને કાળા પડી ગયા છે.

રાતની બદલાઈ ગયેલી હવામાં ઘુટન વધે છે.

શહેરની હજારો આંખો સમુદ્રને કિનારે કિનારે જાગી ગઈ છે. સફેદ સફેદ, દોસ્તીમાં છલોછલ, બોઝિલ આસમાનના ભારથી ઝૂકી ગયેલી. શહેરમાં માણસની આંખ પણ ક્યારેક સાંજના ભાર નીચે ઝૂકી જાય છે, પણ રાતનો ભાર વધારે માદક હોય છે. રાતનું લચીલાપન વધતું જાય છે, સડકો પર યારીની હવા છે, રાત્રે શહેર ફાટી પડે છે. આવતી કાલ ઘણી દૂર છે એના ભયમાં કદાચ અવાજોમાં કંપન ઊતરી આવ્યું છે, આકાશ સમુદ્રને ગળીને પથ્થરની પાળ પાસે આવી ગયું છે. રાત્રે પૃથ્વી સંકોચાઈ જાય છે અને શહેર ખેંચાઈ સિમટી જાય છે.

રાત માણસને એકલો બનાવી દે છે. હવાની ઝૂલતી ધૂળ બેસી ગઈ છે અને રાત લગભગ સ્પર્શી જાય એટલી વજનદાર અને કરીબી બની ગઈ છે. રાતની એક વાસ હોય છે, તાજી રાખ અને ચીમળાયેલાં ફૂલ અને બાળકના પસીનાની, મિશ્રિત શ્વાસ જેવી ગરમ. ઘણાં વર્ષો થઈ ગયાં, રાતના આકાશમાંથી ખરતા તારાને જોયાને. નાનપણમાં સરોવરને કિનારે મોડી રાત્રે તારો તૂટતો હતો, પાણીની ક્ષિતિજ સુધી શહેરની રાત એલાર્મ–ટાઈમપીસના ડાયલના રેડિયમ

અક્ષરોની આસપાસ ઘુમરાતી રહે છે, સવાર ફાટે ત્યાં સુધી. બે લેટેલાં શરીરોની વચ્ચે ક્ષણો ફરકે છે, ફસાયેલાં જાનવરની આંખોની જેમ..........

સવારે ભૂખ લાગે છે, સમુદ્રની સામે સૂર્યોદય થાય છે અને પાણીનું સોનું ઢોળાય છે, અને ટેરેસ–ગાર્ડનનાં કુંડાંઓમાં ઊભેલા કેક્ટસો પરથી ઓસ ટપકે છે, અને રેશમી લાંબા સફેદ વાળવાળા ગુદાઝ પપીને લિફ્ટમાં નીચે લઈ જવા માટે ટૂંકા વાળવાળી લલનાઓ આળસ મરડીને બહાર નીકળે છે.

પણ સવારે ભૂખ લાગે છે.

કામ થાય છે ત્યાં નવો રસ્તો બની રહ્યો છે, એરપોર્ટની દિશામાં ટ્રેઈનની આરપાર, ઝૂંપડાંઓના પતરાંના દરવાજા પર લાલ અક્ષરે નંબરો લખેલા છે. લંગડો છોકરો પથ્થર પર કૂદતો, ખાબોચિયાં બચાવતો જઈ રહ્યો છે. જિંદગીમાં પાછળ રહી ગયેલાની ચાલવા અને દોડવા વચ્ચેની ગતિ, થોડી વારમાં મહેનતકશ માણસની નસો ધબકવા માંડશે, સ્ત્રીઓ મરચાં કૂટવા માંડશે. અજવાળું થશે એટલે સૂવરો રસ્તો ઓળંગીને કચરાના ઢેર પાસે ચાલ્યાં જશે. લાઈનસર બાંધેલાં કાચાં પાયખાનાંઓની આસપાસ કતારો લાગી જશે. અંદરથી ખાટલાઓ લાવીને બહાર ઢ ાળવામાં આવશે, પોણી જિંદગી ખાટલાઓ પર ગુજરે છે. સવારની ખાંસી, રાતની ખાંસી કરતાં જુદી હોય છે. બીડી અને બ્રેડ....અને તબેલાની બહાર છાણ લેવા માટે ઝઘડતાં બાળકો. જેમાં છોકરીઓ વધારે હોય છે.

પાનની દુકાન પર આંક ફરકના સોદા, ખુલ્લી પડેલી સાઈકલો પર કોઈ તાળું લગાવતું નથી કારણ કે આ ખખડી ગયેલી સાઈકલો ચોરવી મોંઘી પડે છે. રાત્રે કોઈનાં કપડાં બહાર સુકાતાં નથી. કરિયાણાની દુકાન પર ખાલી બોટલો અને શીશીઓ લઈને સ્ત્રીઓ ઊભી છે, ચાર–આઠ આનાના કડવા તેલના મળવા પર ચૂલાની ઈજ્જતનો આધાર છે. અહીં માણસ માણસને ઓળખે છે, માણસ માણસની અદબ કરે છે. ચાની દુકાનનો રેડિયો સાડા છના વંદેમાતરમ અને મંગલ ધ્વનિથી રાતના સાડા દસના જયહિંદ સુધી જાગતો રહે છે.

શણના જર્જર પડદાની પાછળથી કરારી થતી રોટીની વાસથી હવા બોઝિલ થઈ જાય છે. દસ હજાર ઘરોની હવાઓ બોઝિલ થઇ જાય છે. સવાર રોટીની વાસ સાથે સાથે દોડવા લાગે છે.

આ શહેરની પૃથ્વી પર માણસ એમ જ ફરે છે, જીવે છે, હસે છે, રડે છે, ગુજરે છે, જેવો ૫૦૦૦ વર્ષ પહેલાં નદી કિનારાની સંસ્કૃતિમાં ફરતો હતો.... ગુજરતો હતો. દિવસે સંસ્કૃત રાત્રે આદિમ. માણસની ઓલાદ ભીડમાં એકલતા ઝંખે છે અને એકલતા આવી જાય છે ત્યારે ડરી જાય છે. ચામડી થરથરાવવાનું એ ભૂલી ગયો છે, પાંચ હજાર વર્ષો પહેલાં ફરકતી હતી એમ જ. એના શહેરી અવાજનું તાપમાન ઓછું થઈ ગયું છે. ઈશ્વરની દુનિયાને સમાંતર એણે માણસની એક દુનિયા ખડી કરી લીધી છે. એણે કાચ અને શરાબ બનાવી લીધા. અગ્નિને વશમાં કરી

લીધો. વિચારોને શબ્દોની કેદમાં સજાવી દીધા. શબ્દને પારદર્શક બનાવ્યો. પૈસાનો શૈતાન અને વિદ્યુતનો જીન કબજામાં રાખવાનું એણે શીખી લીધું, ગણિતનો જાદુ હસ્તગત કરી લીધો. પણ ધૂળની માયા છૂટી નહીં. મિટ્ટી મોંઘી બનતી ગઈ.

અહીં મિટ્ટી નથી, ધૂળ પણ નથી, ધરતીને સિમેન્ટ એસ્ફોલ્ટથી અને આકાશને ધુવાડાથી ઢાંકી દીધું છે. ઈંટ–ક્રોંકીટની દીવાલોની બહાર ઋતુઓ આવીને પસાર થઈ જાય છે. વર્ષાથી વર્ષા સુધીનું ફરતું વર્ષચક્ર, આંખોની કીકીના વર્તુળ કિનારાને મોતીઓનું દૂધિયાપણું ઘેરી રહ્યું છે, રાત અને દિવસનું સમયચક્ર આંખોની બહાર ફર્યા કરશે. બધું જ ધૂમિલ થતું જશે, માત્ર એક જ નાતો રહેશે આબોદાનાનો. ધૂપ અને વરસાદ અને તર્ક અને દશકોની પાર...

રોટીપાણીની તલાશમાંથી કિસ્મતની દિશા ખૂલતી હોય છે. તલાશમાં એક તિશ્નગી હોય છે, અને તનહાઈ રાતથી સવાર અને સવારથી રાત સુધી વહેતા પાણીની ખળભળની જેમ, અને ખીણનું અંધારું હોય છે. સમુદ્રના તળિયા પર ફેલાયેલી ખીણોનું લીલું અંધારું.

અહીંની દુનિયા જુદી છે. અહીં સ્રીનું ધડ આસાનીથી મળતું નથી અને માણસ છાતીના વાળ ધોળા થવા માડે ત્યાં સુધી વિશેષણોની ખો–ખો રમતો રહે છે. વિશેષણો અર્થગંભીર હોય છે અને અનર્થ ગંભીર હોય છે, અ–ગંભીર હોય છે અને રમૂજ ગંભીર હોય છે, જ્યારે નામને, સંજ્ઞાવાચક નામને વિશેષણ તરીકે વાપરવામાં આવે છે ત્યારે એ નામધારી પણ પ્રગતિની કૃતકૃત્યતા અનુભવે છે. અહીં ભૂલભુલામણીમાં ખોવાયેલો રહેતો માણસ રમત જીતી જતો હોય છે. બહાર નીકળી જનાર માણસ આ રમતના કાનૂનથી બેખબર હોય છે. ફરીથી તડકો અને દરિયામાં ઊભેલી મસ્જિદની પાછળથી આવતાં મોજાં અને સ્કૂલ બસમાં ટિફિન ખોલી નાખતાં લાલ–પીળાં બચ્ચાં અને બપોરે પ્રકટ થતાં સાંજનાં છાપાં અને પ્રેમની ઝપાઝપી અને ખ્વાબમાં બોલી લેવાતી જાહેરખબરી ભાષા અને મિલોનો ધુમાડો નીકળ્યા પહેલાંનું સ્વચ્છ ધુમ્મસ...

કોરીડોર

ઉઘાડવાસ થાય નહી પણ બહુ મઝાના મિજાગરા–નકૂચાવાળી અકબંધ પેટી. જરા સરખુંય હલ્યા માત્ર, તો ચારે બાજુથી ભટકાવાય–એવી ભીંસનો જબરદસ્ત ચાપડો જાણે ભિડાઈ ગયો હોય એમ; એમાં ચપટાઈ–ચપસાઈને પડ્યા પડ્યા ઝાડના થડમાં પડેલાં અગણિત ફૂણળાંના અંધકારમાં નજર ફસાઈ ગઈ હોય, ને ભવાં પર હાથની છાજલીવાળી, ફૂણળિયા અંધકારના એ વિલસતા વિસ્તારની પેલે પાર... એમ ગરકાવ બની જઈ ક્ષણભર આંચકા સાથે બેઠા થઈ જવાની પેરવીમાં, વિસ્મય કોરીડોર વિષેનો ! પણ એમાં ક્યારેય ક્શી તિરાડ જેવું તો હોય નહી. પળેપળે આંખોના થતા પલકારા. અંધારી કાળકોટડીની લોખંડી દીવાલોમાં સૂર્ય ક્દી પાંગરતો હોય છે ભલા ? ઓચિંતાના ઊંઘમાંથી ઊઠી જઈ, આ તે નિદ્રા કે તંદ્રા–અવસ્થા.......? બહાર બધું ઉબાયા કરતું હશે.....! વજ્રછતમાં એક નાનકડું છિદ્ર. એ છિદ્રમાં એક નીલરંગી તેજ–ટપકું એકધારું મરક મરક તારકની જેમ મરક્યા કરે છે. એની આભા સર્વત્ર વસ્તાઈ રહી છે......આ. 'કોરીડોર'ની રચના અંદરથી નળાકાર જેવી–સામસામેના છેડાનો –બંને બાજુના ગોળ ભાગનો ક્યાંય અંત દેખાય નહી. બેય તરફ ભોંયરાં આવેલાં હોય એમ લાગ્યા કરે. એમાંથી આવતા નથી એમ ચોક્કસપણે લાગવા છતાંય, જાણે સતત ઘોંઘાટ, લગાતાર વાહનવ્યવહારના ઘસરકા–પૈડાંનો ચીંચિવાટ, ક્શાક ગળાફાડ હકોટા–બૂમબરાડા, એમાંથી આવતા સંભળાયા કરતા હોય એમ થયા કરે. ને હમણાં એની રપેટમાં જીવ આવી જવાની ગભરામણ રહ્યા કરે– પણ પહેલાં તો એ છિદ્રમાં મારેલો દટ્ટો ઉપર ઊંચકાઈ જાય. એમાંથી એક હાથ સર્પદૈત્યની જેમ અંદર અધ્ધર લટકી આવે. એ લપક્તો હાથ ફૂંફાડો મારી ઊઠશે ! પણ, એ હાથ ક્શાક ખાદ્ય પદાર્થનો ગઠ્ઠો ધરી દેતો હોય. પહોળા મોંમાં બધું ગોઠવાતું જાય એમ આરોગવાનું પતાવી વિસ્ફારિત, છળેલી નજરે આસપાસને ફંફોસતા રહેવાનું. છિદ્રના આધારથી 'કોરીડોર'નું અસ્તિત્વ ક્ળી શકાય છે. એનો ખ્યાલ થાય છે. બહારના પેલા અવિરત ધણધણાટને લીધે આ 'કોરીડોર' યા તો આ 'કોરીડોર'ના લીધે બહારનું સર્વ કાંઈ એવો વિચાર–તાંત સંધાય. એ બન્ને વચ્ચેના છિદ્રમાં દટ્ટો કોઈ વેળા ભૂલેચૂકે જડબેસલાખ ભિડાઈ જાય, ને બધું વસાઈ જઈ નિરંતર બંધગંધ અંધકાર...અથવા તો બહારના ભરમાર દેટપછડાટથી 'કોરીડોર'માં ઠેરઠેર તિરાડો પડી જાય ને એમાંથી નિરંતર માટી ખરતી, એમાં સર્વ કાંઈ, આખું ને આખું 'કોરીડોર' સુધ્ધાં દટાઈ જઈ, ખુદ બહારનો અવકાશ દટાતો જતો, કે પછી અવકાશનો પિરામિડ રચાતો, મહાપિરામિડોમાં પિરામિડની

હારમાળા...એક દારુણ અનુભવ દાખલા સારુ : શૂન્યવત્ પડ્યા હોઈએ, ને છિદ્રમાંથી એકાએક છીો ઊઘડતાંવેંત, લીલચટા અંધકારમાં આડેધડ નાસતા ગુનેગાર પર પ્રકાશનું તાતું 'ફોકસ' છાપો મારી છતો કરતાં થઈ આવતી ચકળવકળ અરેરાટી, આંખોમાં કમકમતાં અંધારાંની થરથરાટી—હજ્જારો વર્ષોથી, છીો ખૂલી ગયો છે. એ જગ્યાએ, શાંત, સૌમ્ય, નીલું તેજ મંદમંદ, આછું આછું દિવ્ય મરક્યા કરે છે. એ તેજમાં લહેરાતું કમળ. તેજથી રસાયેલી કમળપાંદડીઓ, આસપાસ તેજના ફુવારા. કાદવનું કમળ નથી. પળવારમાં એ તેજપાંદડીઓ બિડાઈ જાય—આંખો પર પાંપણો મીચાઈ જાય એમ—ને સઘળું અલોપ થઈ ગયું કે શું.....? ચોપાસ અરાજક સૂનસોપો વ્યાપી રહે છે. પણ...એક નીલવર્ણો અશ્વ તેજતરબોળ, તેજને ચસચસાવી પી—પીને, ફોયણાંથી ફરર્ફહાટી બજાવતો, હણહણી રહ્યો છે. એના બે ટટ્ટાર કાન વચ્ચે દિગ્વિજયી કલગી. સુડોળ, માંસલ મરોડ, ગઠ્ઠાદાર પ્રચંડ દેહ. મસૃણ રુવાંટી. ખીલેલા કમળને સૂંઘતો—સૂંઘતો, ગેલમાં આવી જઈ અશ્વ ઊછળે છે. તેજની છાલક ઊડે છે. પાછલા બે પગ પર તોળાયેલો ભરચક દેહ મત્ત મુલાયમ વળાંક ભરે છે, અવકાશને જાણે કરડવા, અધ્ધર ડોક સાથે જડબું પહોળું કરી, ફરી છલાંગ મારી ઊછળે છે. એનો આખો નીલવર્ણ દેહ ચકચકી ઊઠે છે— જાણે અપૂર્વ રૂપઅંબાર. વળી પૂર્વવત્ સ્થિર થાય છે. એક પ્રબળ હણહણાટી સાથે, મોંએથી ડાચું ભરવા મથે છે, ને ચોગરદમ, હળવા તાલબદ્ધ ચાલવિહારના રમણે ચઢે છે. પુચ્છની ઝપટ મારી, ભીષણ ગતિમય એક અશ્વલિસોટો આકાશ પ્રતિ બેફામ થઈ રહ્યો છે. સમસ્ત સૃષ્ટિ અવાચક, તારાગણ, ગ્રહો, નક્ષત્રોને આંબતો, મારફાડ ધસધસી રહ્યો છે. દિગ્દિગંતના અફાટ વિસ્તારને વેધતો એક વેગચમકારો—લખલૂટ શૂન્યતાના નીલાવકાશી બ્રહ્માંડમાં ઘૂમતો એક માયાવી નીલ—અશ્વાવતારે એના પુચ્છમાં કશીક ચિનગારી ઝગી રહી છે. શૂન્યતાની વિરાટ નિ:સીમતામાં એણે સુરંગ ચાંપી દીધી છે. ચોમેર ઊઠતા શૂન્યતાના ભડકા, જવાળાઓ. સળગતી દિશદિશા. આગઆગ. 'કોરીડોર'માં વ્યાપતાં અગન—ઝેર— ઝાળ— ઝાડના થડના કૂંડાળિયા અંધકારમાં 'કોરીડોર'ની સામસામેની બાજુના ભોંયરામાં, મધપૂડાઓનો વસવાટ ફેલાયેલો છે. એની ક્યારેય જાણ નથી. વર્ષોથી બાઝેલા પોપડાઓ, પોતે જ સીંચેલી મધલાળમાં લદબદ—અવકાશને ચાટતાં હોઈએ એમ—ઊછળતા ભમરાઓના જૂથમાં, અગ્નિશિખાઓ પ્રવેશી રહી છે. વછૂટતા લખલખ ભમરાઓનાં ઝુંડ. ને ઉઘાડાં આ ભોંયરાં, દદડતાં મધ મોંમાં ટપકતાં તો નથી ને ? ભમરાઓનો ઊભરેલો જુવાળ. એકસાથે, કાળાભૂરા ભમરાઓના ઊડતા ઝપટાતા આકાશનો મધુર ઘેરો ભૈરવી ગુંજારવ ઊઠે છે. 'કોરીડોર' – છિદ્ર—ભ્રમર.......સર્વ કાંઈ એકરૂપ, એકાકાર બનતું જાય છે. જેમ કે હાથ લંબાવી, પેલા મોહક કમળની પાંદડીઓ ચૂંટીચૂંટીને ચાવતા જતા હોય ને નિરાંતે અંદર ભમરાઓ આરોગાય,—રગેરગમાં પ્રસરીને, અંદર બહારથી ફોલીફોલી કરકોલ્યે જતા, ડંખડંખના મીઠા નિર્વેદનની લ્હાયલ્હાયમાં પ્રજવાળતા,—આસપાસને લપેટતી આગ એક ધડાકા સાથે,

સાથે, 'કોરીડોર'ના ફૂરચેફૂરચા.....પણ એવું કશું કદી બનવા ન પામે– કારણ કે, બહાર અવિરત દોડ્યે જતા ભારવાહનોના ધડખડાટ આંચકાઓ, ગતિમાન પૈડાંઓના ચીચવાટ વચ્ચે હાથતાળી આપીને પસાર થઈ જતા યુગોની ગતિવિધિ, આજુબાજુનાં ચક્કર ભમ્મરનાં વજરેણ તળે 'કોરીડોર'ની છતમાં એક છિદ્ર આવેલું છે. છિદ્રમાં તેજ તેજકમળ. દિગ્દિગંતના અફાટ વિસ્તારને વેધતો એક વેગચમકારો નીલાવકાશી બ્રહ્માંડમાં વિહરતો માયાવી નીલઅશ્વાવતાર. વિરાટ નિ:સીમતામાં ઊઠતા ભડકા. આગ આગ, સળગતી દિશદિશા અને 'કોરીડોર'.

હાથીપગો

બપોર પણ આળસુની જેમ, તસુયે ખસવાની ઇચ્છા ન હોય એમ લાંબી થઈ આરામ કરતી પડી હતી. ખખડી ગયેલા એક ઘરના છાપરા નીચેના પોલાણમાં એક કબૂતર આંખો મીચી શાંતિથી મુન્મય અવસ્થામાં બેઠું હતું ત્યાં એની નજર પડી. કબૂતરની એને ઈર્ષા આવી. પોતાને માખીઓ કેવી સતાવી રહી હતી ! જેમ એ ઉડાડતો તેમ બમણા જોરથી એ હલ્લો કરતી, અણગમતા સ્પર્શનો અનુભવ કરાવતી. ઊભો થવા કરતાં કોઈ બીજી બાબતમાં ધ્યાન પરોવવાનું એને ઠીક લાગ્યું, કારણ કે આંખમાં ઘેન ભરાયું હોવા છતાં માંખો ક્યાં ચેન પડવા દે એમ હતી ? અચાનક એની દૃષ્ટિ હુષ્ટપુષ્ટ એવા એક મંકોડા ઉપર પડી. ફૂટપાથ ઉપરના ખાડાખાંચા ચડતો–ઊતરતો એ સરસર પોતાની તરફ ધપી રહ્યો હતો. ખૂબ જ સાચવીને મમતા ને કાળજીપૂર્વક ગોઠવાયેલા એના જમણા પગ પાસે આવીને મંકોડો અટકી ગયો–જાણે કોઈ તોતિંગ વસ્તુ જોઈને ડઘાઈ ના ગયો હોય ! નિમિષમાત્રમાં એ એના પગનાં ગંદા બે આંગળાં–અંગૂઠા અને એની પાસેની–વચ્ચેની જગામાં આગળ વધ્યો. એણે મંકોડાને પ્રગતિ કરવા દીધી, ગૌરવથી જોયા કરી, હં, હવે એ આગળ વધતો આંગળા વચ્ચેની ફાડ ઉપર, ધરતીને છોડી દઈને, ધીરેથી ચડવા જતો હતો, ચડયો પણ ખરો, ત્યાં તો એને એક વિચિત્ર વિચાર આવી ગયો. આ બે આંગળાં પાસે લાવી એ બંનેની ભીંસમાં–મંકોડાને ચગદી નાખવાની કેવી મઝા આવે ! એ સપડાય તો શું કરે ? પરંતુ એ કાંઈ પણ કરે તે પહેલાં તો મંકોડો એ સાણસાને વટાવી વિજયભેર ઉપર આવી ગયો અને કોણ જાણે કેમ એ સ્થળ એને ય પસંદ ના પડવાથી નીચે ઊતરી ચાલતો થઈ ગયો.

માખીઓની સતામણીના ક્ષામાં હવે એ રહે તે લગભગ અસંભવિત હતું. અવકાશમાં એનું અસ્તિત્વ નિસ્તબ્ધ પૂતળા જેવું બની ગયું. ઉપરની પાંપણે હવાના આછા સ્પર્શથી સ્પંદન અનુભવ્યું અને ખડકાયેલા વજનને કારણે પોપચાં ક્યારે મીચાઈ ગયાં એનું ભાન ન રહ્યું.

ધૂંધળું ધુમ્મસ હવામાં પ્રસરી ગયું છે. દેખાય છે માત્ર એક જબરજસ્ત પુલ, નીચે ફૂંફાડા મારતી ધસમસતી પ્રમત્ત નદી અને જેના આધારે પુલ ખડો છે એ મોટા તોતિંગ થાંભલા જાણે પુલના ખૂબ સૂજી ગયેલા પગ ! પુલની જેમ પોતાના પગ ફૂલવા માંડે તો નદી ઉપર ચંદનથી ચીતરાયેલો હોઈ હાથી આવ્યો છે. મંદિરના અર્ધનગ્ન બાવાઓ એને પાણી પાવા લાવ્યા હશે ! શી ખબર ? પણ એને આમ ટેકરી ઉતારીને પેલા કાદવ તરફ ક્યાં લઈ ચાલ્યા ? પાણી પાવા તો

આ બીજી બાજુથી ય જવાય એમ હતું. એ... ય... હાથી ફસાણો ચીકણા કાદવમાં. માન્યું નહીં ને આ દશા થઈ. મહાવતની જગાએ બેઠેલો બાવો અંકુશ ઉગામે છે. હાથી બહાર નીકળવા એક પગ ખેંચવા જાય છે ત્યાં તો બીજા અંદર ગરકતા જાય છે. ચિચિયારી કરે છે ભયંકર..... એ અંદર ને અંદર, નિરુપાયે નીચે ને નીચે ખૂંપતો જાય છે...

એને સફાળા જાગી જવું પડે છે, કેમ કે એક કૂતરો ધૂનમાં ને ધૂનમાં એના એલ્યુમિનિયમના પાણી ભરેલા પાત્રને ઠેબે લે છે, ઢોળી નાખે છે અને એના દેહને ઠીકઠીક ભીંજવે છે. ભૂખરા રંગના મકાન ઉપર આવેલું ટાવર વચ્ચે અટકીને, પાંચ ટકોરા વગાડે છે તે એ ગણે છે અને આગમાપૂર્વક લાકડીની મદદથી ઊભો થઈ ખૂબ ધીમે ચાલવા માંડે છે. વાદળની ચાદર ઓઢેલી સાંજ માંદી અને સુસ્ત સ્ત્રી જેવી ક્ષિતિજ ઉપર દેખા દે છે.

એ થોડુ ચાલે છે ત્યાં તો ઘરડા થયેલા ઘોડાની જેમ હાંફી ઊઠે છે. મોટર, ગાડી, રિક્ષા, બધાંને દોડતી જોઈ એ વધારે થાક અનુભવે છે. સમગ્ર વાતાવરણ એકસૂરીલું, જડ અને કંટાળાજનક લાગે છે. દૃષ્ટિ પોતે પણ હાંફી રહે છે. પોતાના અસ્તિત્વને આજુબાજુનું કશું જ બંધબેસતું આવતું નથી એવી તીવ્ર લાગણી એની નસેનસમાં વ્યાપી વળે છે. દૂરથી, જાણે પોતાને જ ભસતો હોય એવા કૂતરાનો અવાજ હવા ઉપર વહી આવી એને બેચેન કરી મૂકે છે. પોતાના દેહને પરાણે ઢસડ્યા કરતો હોય એમ એ આગળ વધતો એક "બૂટ કંપની"ની દુકાન આગળ આવી પહોંચે છે. આ દુકાનનું ઉદ્‌ઘાટન આજે સવારે જ થયેલું. કેટલાક લોકો, જેમનાં મોઢાં કુતૂહલ અને આશ્ચર્યથી પહોળાં થઈ ગયાં છે, તે એક નવીનતા જોવા જથ્થામાં ખડા છે. સામાન્ય માણસના પગના પંજા કરતાં ઠીકઠીક મોટું એવું એક "રાવણ ચંપલ" આકર્ષણ રૂપે ત્યાં લટકે છે જેના ઉપર રાહદારીઓ વાંચે તેમ લખવામાં આવ્યું હતું : 'પ્રેઝન્ટ ટુ હુમ ઈટ ફિટ્સ'......."જેને થાય તેને ભેટ !"

એ ત્યાં અટકે છે. પોતાના રસ ઊતરેલ હાથીપગ તરફ જુએ છે અને વિચારે છે કે બીજું કાંઈ નહિ તો આવું આ ચંપલ તો બંધ બેસશે જ.......આટલુંય ક્યાંથી ? મૂઢ શો એ આગળ વધે છે ને પેલું ચંપલ લેવા કરે છે. દુકાનમાલિક અને લોકો આ બધું જુએ છે. એમને ય થાય છે કે, હાથીપગાનો પગ ચંપલમાં બરાબર આવી રહેશે. ચંપલમાં પગ ગોઠવાય છે અને લો, બધાની નવાઈ વચ્ચે થોડાક માટે બગડી બેઠું, ચંપલ સહેજ મોટું પડ્યું ! સજ્જન દુકાનદાર એને એમ મફત ચંપલ થોડુંક નાનું કરી આપવા માટે તૈયાર થાય છે તો ય એ ના પાડે છે અને આગળ ચાલવા માંડે છે. એની પાછળ કેટલાકના હસવાના અવાજ હવામાં અધ્ધર લટકી રહે છે....

ગેરસમજ

માણસો સાથે ઔપચારિક વર્તન કરતા અને પાળેલાં કૂતરાં બિલાડાંને સ્વજનોની જેમ સાચવતા ભદ્રલોકના વલણ તરફની મારી સૂગ એક દિવસ ન રહી. નાની બહેન મેઘના મને ચોંકાવી દેવા મુખ્ય દરવાજેથી ન આવતાં નદી તરફના મારા રૂમના પાછલા બારણેથી ચોરપગલે આવી રહી હતી, ત્યાં એણે ચીસ પાડી. હું દોડતો જઇને જોઉં તો એના હાથમાં બિલાડીનું બચ્ચું ! એ બચ્ચા પાછળ પડેલો બિલાડો ચીસ સાંભળીને છટકી ગયો. મેઘનાએ ઉપાડી લઇને બચ્ચાના પગ પર હાથરૂમાલ દબાવી રાખ્યો. મેં ઇલાજ કર્યો. કન્સલ્ટિંગ ડોક્ટર છું. પરંતુ ઘર પૂરતો સર્જન પણ રહ્યો છું.

મેઘના બીજી વાર આવી ત્યારે સામેના ટેબલ પર બિલાડીના બચ્ચાને જોઇને હેરત પામી ગઇ. બિલાડીના બચ્ચાને સાજું થતાં હું કાઢી મૂકવાનો હતો, પણ ખોટો પડ્યો. મેઘના બેહદ ખુશ થઇ. જઇને એણે એના પતિને કહ્યું કે મમતા જાગી છે. તેથી ભાઇ સાહેબ હવે સંસારની માયામાં વહેલામોડા સપડાશે. એનો પતિ ભારે નટખટ છે. હજીયે હું સમજી શકતો નથી કે મેઘનાએ એને કેમ પસંદ કર્યો હશે ? મારા જન્મદિને એ ક્યાંકથી સસલાનાં બે બચ્ચાં લઇ આવ્યો; મને ભેટ આપ્યાં. મારી નવી કમજોરીનો લાભ લઇને મજાક કરવામાં એ સફળ થયો. બીજે દિવસ 'એમની ભેટ સાચવી રાખી છે ને ?' એવું બહેને ફોન પર પૂછ્યું ત્યારે હું એના ચહેરા પર સ્મિત જોઇ શકતો હતો. તે ક્ષણે તો મેં એને ઘટતો જવાબ વાળ્યો પણ હું ક્યાં સુધી સસલાં પાછળ રોકાયેલો રહું ? મારે મારા માળીની જવાબદારીમાં વધારો કરવો પડ્યો. શરૂઆતમાં તો ધ્યાન આપ્યું, પણ મન કાઠું કરીને પંદરેક દિવસમાં મેં એમની માયા ઓછી કરી નાખી. શું કરું ? સમયથી સંકળાઇ ગયેલો માણસ છું. પહેલાં આકાંક્ષાઓએ અને હવે આદતે મને ફુરસદ વિનાનો કરી નાખ્યો છે. જોકે એનો અર્થ એ નથી કે બાગમાં માળીએ છૂટાં મૂકેલાં એ ત્રણ પ્રાણીઓને સાથે રમતાં જોઇને એમની નિર્દોષ હરકતો પર હું ખુશ થતો ન હોઉં. સમય હોય તો પરસ્પર લાગણી પ્રગટ કરવાની એમની રીતો જોવા ક્ષણાર્ધ ઊભો પણ રહું.

એમના ભગવાનની કૃપાથી સસલાંના સંસારમાં એનો વધારો થયો. એ નવી જોડી મેઘનાના પતિને ભેટ આપીને હું બદલો લેવાની તક શોધતો હતો ત્યાં એની બદલી થઇ ગઇ. થોડા દિવસમાં મેઘના પણ જશે. એટલા સમય માટે મેઘના મારી સાથે રહેવા આવી. એ મને એક વહેલી સવારે ખેંચી ગઇ અને પેલાં બચ્ચાં સાથે રમતા માળીના છોકરાને બતાવ્યો. એ પોતાના સસલાંનાં બચ્ચાંને મમ ખવડાવે, એમના કાન પર હાથ ફેરવે, એમને બકી ભરવા નમે, તો બીજી બાજુ

બિલાડી એના ઊંચા બુશશર્ટને દાંતમાં પકડીને ખેંચે. મેં જોયું : બધાં એકમેકમાં ભળી ગયાં હતાં. મેઘનાને એનું શૈશવ યાદ આવ્યું. મારે કબૂલવું જોઇએ કે જીવનમાં અનેક વાર અહેતુક આનંદ થયો છે, પરંતુ એ પ્રસંગે થયેલા આનંદથી ચડિયાતો તો કદાપિ નહિ.

મકાન વગેરેનું ગોઠવાઇ જતાં મેઘના ગઇ. એને વિદાય આપીને સ્ટેશનથી પાછો આવ્યો. ખાલી ચિત્તે પગથિયાં ચડી રહ્યો હું ત્યાં તો બિલાડી મારા પગ પાસે થઇને આગળ નીકળી ગઇ. એની પાછળ સસલું પડ્યું હતું ! મારું ધ્યાન ખેંચાયું. માની લીધું કે રમે છે. ઘણી વાર આમ દોડતાં હોય છે, પણ માળીએ વ્હીલા મોંએ વાત કરી કે એની બેકાળજીને લીધે રાત્રે બિલાડો ઘૂસીને બચ્ચાંને ઉપાડી ગયો. એક બચ્ચું તો બગીચાના ખૂણા પાસે મરેલું જડ્યું. એણે એના બાબાને તો સમજાવીને શાંત કર્યો, પણ આ સસલી બિલાડીને દોષિત માને છે. એને જંપવા દેતી નથી, પાછળ જ પડે છે.

નિર્દોષ બિલાડી કદાચ લાગણીના બંધનથી બંધાઇને ડરી ગઇ છે, મેં માન્યું. એમને છૂટા પાડીને માળી શાંત કરે ત્યાં દસ મિનિટમાં તો પાછું એનું એ ! મેં માળીને એના કામે મોકલ્યો, અને આ બે ભોળાં પ્રાણીઓ વચ્ચેની ગેરસમજ કેવી રીતે દૂર કરું એ અંગે વિચારતો રહ્યો. મેઘના અહીં હોત તો બિલાડીને એને ત્યાં મોકલી આપત. શું કરવું તે ન સૂઝતાં એક મિત્રને પૂછ્યું. એણે ઝૂના અધિકારીને પૂછ્યું. એમને પણ નવાઇ લાગી : બિલાડી સસલાથી ડરે છે ! હું એ પ્રાણીઓનો અંદરોઅંદરનો સંબંધ કોઇને સમજાવી શક્યો નહિ. નછૂટકે ડ્રાઇવર સાથે સસલાંને ઝૂમાં મોકલી આપ્યાં અને બિલાડીને પહેલાંની જેમ સાચવવા માળીને કહ્યું. બિલાડીએ બીજે દિવસે પણ કંઇ ખાધું નહિ. સાંજે આવીને માળીએ કહ્યું કે બિલાડીને ખૂબ શોધી પણ ક્યાંય જડતી નથી. હું પણ આખા બાગમાં, એકે એક રૂમના ખૂણાઓમાં શોધી વળ્યો; ન મળી. મેઘનાને પત્ર લખીને મન હળવું કરવા વિચાર્યું. પરંતુ મારી આ માયા મમતા પર એનો પતિ હસશે એવા ડરથી પેન હાથમાં લઇને હજી બેસી રહ્યો છું.

કાગડો

આંખો ખોલી જોયું તો ડાબી બાજુ સમુદ્ર ઊછળેલો, પણ ઊછળીને અટકી ગયેલો દેખાયો. એનાં સફેદ ટોચવાળાં મોજાં ઠેર ઠેર ઊંચાં થયેલાં, વાંકાં વળેલાં, થોડાંક પાણીનાં ટીપાં ઉપર કે નીચેની દિશાએ જતાં હવામાં અધ્ધર લટકેલાં, ને દરિયાનો નીચેનો ભાગ વાંકીચૂંકી લીટીઓ વડે દોરેલો હોય એવો. પડી ગયેલા પવનને લીધે જમણી બાજુ હારબંધ ઊભેલાં સરુ વૃક્ષોનો પડદો આકાશમાં ખીલા મારીને ટીંગાડેલો હોય એમ હાલ્યાચાલ્યા વિનાનો સ્થિર. પીળી રેતીથી કિનારો ચમકતો—ક્યાંય સેંકડો શંખલાં છીપલાંની ભાતવાળો, ક્યાંક કાબરચીતરો, પણ આખા કિનારા પર એકે જીવજંતુ નહિ, દર પણ નહિ અને ભીની રેતીમાં હું એકલો સૂતો હતો. મારા હાથપગ રેતીમાં અર્ધા દટાયેલા; ન હાલે, ન ચાલે. શરીર ઉપર થોડાક રેતીના કણ છૂટા ચોંટેલા. એક બાજુથી રેતીમાંથી બહાર નીકળેલાં પગનાં આંગળાં ફિક્કાં સફેદ રંગનાં, એકબીજાની અડોઅડ ઉપરની બાજુએ જરાક ત્રાંસાં વળેલાં, કોઈક બીજી જ વ્યક્તિનાં હોય એમ લાગણીથી વીંટળાયા વિનાનાં હોય એવાં.

એટલામાં આકાશમાં સામેની બાજુએ મારી નજર ગઈ તો એક કાળું નાનું ટપકું મેં જોયું. અણિયાળા પ્રકાશમાં એ જુદું તરી આવતું હતું. પીળા રંગમાં ઝબોળાઈને એ પીળું તો નહિ બની જાયને એવી ધાસ્તી મારા દિલમાં પેઠી. હું એ ટપકા તરફ એકીટસે તાકી રહ્યો. મેં ધ્યાનથી જોયું તો એ ટપકાના કદમાં વધારો થતો હતો. તેથી તેની ગતિ મારી દિશામાં જ હોવી જોઈએ એમ મેં માન્યું. મારું કુતૂહલ વધી ગયું. જોતજોતાંમાં એ ટપકું મોટું ને મોટું થતું ગયું. પછી જોરદાર પવન ફૂંકાયો. વૃક્ષોનો પડદો અતિશય ફફડ્યો, દરિયાનાં મોજાં વધારે ઊંચાં ઊછળ્યાં. એક વિશાળ ચક્કર મારી એ ટપકું દરિયાના પાણી ઉપર બેસી ગયું, અને તરતું તરતું મારી દિશામાં આવવા લાગ્યું. પછી પાણીમાંથી કિનારા પર એ ઊતરી પડ્યું.

ત્યારે જ મેં જોયું કે એ તો એક સાધારણ કદનો કાગડો હતો. દડૂક દડૂક કૂદતો એ મારી દિશામાં આવવા માંડ્યો. છાતી ફુલાવીને એ એવી છટાથી ચાલતો હતો કે જાણે દરિયાને ખેંચીને કિનારે ન ઘસડી લાવતો હોય ! પાછળ દરિયો અને આગળ કાગડો એમ બેઉ થોડી વાર ચાલ્યા. કૂદતો કૂદતો એ મારી ખૂબ નજીક આવી ગયો.

એ કાળા ઘેરા રંગનો હતો. થોડી વાર એ વાંકી ડોક કરીને મારી સામે તાકી રહ્યો. પણ એની આંખ બીજે જ ક્યાંક જોતી હતી, એથી એ નાના બાળક જેવો નિર્દોષ લાગતો હતો. ત્યાં જ એણે કરરર કરરર એવો અવાજ કર્યો. એની લાગણીઓને એ ચાંચ પાછળ જીભથી દબાવીને વ્યક્ત

કરતો હતો. પછી ધીમે રહીને એક નાનો કૂદકો મારી એ મારા ઘૂંટણ પર બેસી ગયો. મારો ઘૂંટણ એના પંજાના બે તીક્ષ્ણ નહોરની વચ્ચે દબાયો. કડડડ એવો અવાજ થયો. એણે એવું તો જોર કર્યું કે મારા ઘૂંટણનાં હાડકાંનો ભાંગીને ભૂકો થઇ જશે એમ લાગ્યું. ત્યારે મેં એની સામે ધારી ધારીને જોયું. મારી ધારણા ખોટી હતી. એ કોઇ સાધારણ કાગડો નહોતો. એની પકડ પરથી એનામાં રાક્ષસી તાકાત હોવી જોઇએ. હવે એની આંખો ભયાનક બની ગઇ, કોઇ તીવ્ર દબાયેલી લાલસાને લઇને એના ડોળા ચકળવકળ ફરતા હતા. પણ છતાંય જો એની ચાંચ કદાચ સહેજ ઉઘાડબંધ ન થતી હોત તો હું આટલો ડરત નહિ. હવે એની શક્તિનો મને સાચો ખ્યાલ આવ્યો. એની બિહામણી આંખોથી એ એકીટશે મારી તરફ તાકી રહ્યો. એની કાળાશ પડતી વાંકડિયાળી ચાંચ, એની ડોકની કાળાશ પડતી ભૂખરાશ, એની આંખોની વર્તુળાકાર ધાર, એના પંજાની ક્રૂર તાકાત–હું બહુ ડરી ગયો.

પછી ધીમેથી મારી આંખો સામે તાકતો તાકતો મારા ઘૂંટણ પરથી કૂદીને એ મારી ડૂંટી પર એક પગે બેઠો. કાળા રંગના બ્રહ્મા મારી ડૂંટીમાંથી ન ફૂટી નીકળ્યા હોય એમ એ ઘડીક સ્થિર થઇ ગયો. પછી ચાંચ ઊંચી કરી આકાશ ભણી તાકી રહ્યો. પછી એકદમ નીચું જોઇ પટક પટક એણે પાંસળીઓ પર ચાંચ ઘસવા માંડી. મેં જોયું કે એની ચાંચ બીજા કાગડાઓ જેવી સીધી નહોતી, પણ છેડેથી સર્જ્યન કાતરની જેમ થોડી વળેલી હતી. હવે એની આંખ આજુબાજુ ફરતી સ્થિર થઇ ગઇ. એણે નજર મારા પર ઠેરવી. ખૂબ દાહક હતી એ નજર. એની આંખમાં કશાક ભાવ ભુલાવે એવા આકર્ષણને લીધે હોય કે પછી ઘેન ચઢાવે એવાં કેફી તત્વોને લીધે હોય કે પછી સખત ઇજા કરી બેસશે એવા ડરને લીધે હોય–પણ ઘણી મહેનત કરવા છતાં હું બીજે ન જોઇ શક્યો. ધીમે ધીમે હું એની આંખોમાં ખોવાતો હતો.

અદમ્ય બળથી એ મને ખેંચવા માંડ્યો. હું આજુબાજુનું– સરુનાં સ્થિર ઊભેલાં વૃક્ષોનું, ભીની રેતીમાં દરિયાઇ જીવોએ પાડેલી ભાતોનું, દરિયાના અધ્ધર અટકી પડેલા ઉછળાટનું– બધું જ ભૂલી ગયો. એ જ નજરબંધી કરી કાગડો મારી તરફ વળ્યો, અને છાતી પર ચાંચ ઠોકી. ઠક ઠક ઠક અવાજ આવ્યો. મને શંકા ગઇ કે લાકડા પર ચાંચ ઠોકતો આ લક્કડખોદ તો નથી ને ! મેં એના મો સામે બરાબર જોયું. પણ ના, હતો તો એ કાગડો જ. હવે મને સમજાયું કે એની ચાંચ સર્જનની કાતર જેવી ધારદાર કેમ હતી !

પહેલાં તો એણે ધીમે ધીમે કાતરની જેમ ચાંચ વડે ચરડ ચરડ ચામડી કાતરી. એની ચાંચ સીધી લીટીએ ગતિ કરતી હતી. થોડી વાર કાતર્યા પછી કાગડાએ એક જગ્યાએ ખોતરવા માંડ્યું. થોડુંક ખોતર્યા પછી પટ દઇને બે પાંસળી વચ્ચે ચાંચ ખોસી દીધી. મને અસહ્ય વેદના થઇ, પણ એક હરફ મોમાંથી નીકળી શક્યો નહિ. એણે પાંસળીઓમાંથી ચાંચ બહાર કાઢી ત્યારે એના પરથી લાલ પ્રવાહી ટપક્યું હતું. પછી ચાંચ અરધી ખોલી કાગડાએ આકાશ તરફ જોયું, તેથી થોડુંક પ્રવાહી એના ગળામાં ઊતર્યું. ઘટક એવો અવાજ થયો.

એ હસી પડ્યો હોય એમ એની ચાંચ વચ્ચેની ફાડ જોતાં મને લાગ્યું. પછી વાંકા થઈને બે પાંસળી વચ્ચેથી ઝટકો મારીને એણે એક નસ ખેંચી કાઢી. છાતી પર એને મૂકીને એ ટોચવા માંડ્યો. મેં જોરથી ચીસ પાડી, પણ એ અંદર જ ક્યાંક થીજી ગઈ. કાગડાને એ સંભળાઈ જ નહિ હોય એમ લાગ્યું. કારણ કે એણે તો આનંદમાં આવીને બે નહોર વચ્ચે નસને દબાવી, ક્રોચી–ક્રોચીને છૂંદવા માંડી. પછી ચાંચ ઊંચી કરી. નસની સાથે નાના નાના માંસના લાલ લોચા નીકળ્યા. એમાંનો એક વાંકી ચાંચને છેડે લટકી રહ્યો. એમાંથી લોહી દદડવા માંડયું. લોહીમાં બોળવાને કારણે એની ચાંચ લાલ થઈ. માંસનો એક નાનો ટુકડો ચાંચમાં મૂકતાં જ અંદર સરકી ગયો. પછી એણે ચાંચને પાંખ સાથે ઘસવા માંડી. થોડુંક લોહી પાંખો પર ચોપડાયું. એક ફેર કુદરડી ફરી એ આનંદમાં ડોલવા લાગ્યો. પછી એકાએક એનામાં કોઈ મોટો ફેરફાર થયો. એનું કદ ફૂલ્યું હોય એમ લાગ્યું. એથી એ વધારે બિહામણો બની ગયો. હવે ઝનૂન ચઢયું હોય એમ એણે ચાંચ વડે એક પછી એક નસો ઝડપથી બહાર ખેંચી કાઢી. ચૂંથવાને લીધે નસો એકબીજામાં ગૂંચવાઈ ગઈ. એનું ગૂંચળું વળી ગયું. આ પછી તે મારી સામે એકી નજરે તાકી રહ્યો. એમાં કોઈ એવા પ્રકારની મોહિની હતી કે હું મારી આંખ ત્યાંથી ખસેડી શક્યો નહિ. અંદરથી કોઈ મને ખેંચતું હતું અને હું ખેંચાયે જતો હતો.

પછી એણે પાંખો પસારી, એથી આખું આકાશ ઢંકાઈ ગયું. ચોતરફ ઘોર અંધારું છવાઈ ગયું. એમાં માત્ર એની આંખો તગતગવા માંડી. આંખનો ડોળો હવે ઈધરતિધર ફરકવાને બદલે સ્થિર થઈ ગયો. એના ખેંચાણમાં મેં પાશવી તાકાત અનુભવી. નિ:સહાય થઈ મારા પરની પકડ મેં છોડી દીધી. પછી ભમરીની જેમ નજરને તીક્ષ્ણ બનાવી એ ચાંચ ઉપર ચાંચ મારતો ગયો. અસહ્ય વેદના થવા લાગી. ઘણા ચિત્કાર મેં પાડ્યા પણ તેના બહેરા કાને તે પડ્યા નહિ. હવે મને તેની ગોળ આંખ સિવાય બીજું કંઈ જ દેખાતું નહોતું.

ઓચિંતા જોરથી પાંખો હલાવી એ ઊડ્યો અને કોઈકે ઝટકો મારી મારામાંથી મને ખેંચ્યો હોય એમ હું એની પાછળ ખેંચાયો. એણે પહેલાં તો કિનારે કિનારે ઊડવા માડયું. એની ગતિ તેજ હતી. હું એની પાછળ ઊડતો હતો. એ આગળ અને હું પાછળ, ઝનૂનથી પાંખો વીંઝી મેં એનો પીછો કરવા માંડ્યો, પણ એની ગતિને પહોંચી વળવું સહેલું નહોતું. દરિયા ઉપર લાંબું ચક્કર મારી એ વાદળ પાછળ અદૃશ્ય થઈ ગયો. હું વાદળની પેલે પાર ગયો. ત્યારે ત્યાં કોઈ નહોતું. આકાશમાં હું એકલો જ હતો અને જાણે કે જન્મનાળથી વિચ્છેદાઈ ગયો હોઉં એવી એકલતા અનુભવવા લાગ્યો. હવે મારું ધ્યાન મારી તરફ ઘેરાયું. મારા પેટમાં ભડભડ અગ્નિ બળતો હતો. અંદરથી હું ઝડપથી બળ્યે જતો હોઉં એવી અસહ્ય બળતરા થવા માંડી. મરણિયા થઈને મેં જોસબંધ પાંખો વીંઝી. સમસમ અવાજ આવવા માંડ્યો. દરિયા પર ચક્કર મારી સરુનાં વૃક્ષો ઉપર થઈને હું પાછો આવ્યો. ત્યાં દરિયાકિનારે મેં એક નાનું ટપકું જોયું. ચારે બાજુ પથરાયેલા પીળા રંગમાં ઝબકોળાઈને એ પીળું તો નહી પડી જાય ને એવી ધાસ્તી મારા દિલમાં પેઠી. પેટના અગ્નિને શાંત કરે એવું કંઈક મળવાથી હું ઝડપથી દરિયાના પાણી પર

પેટના અગ્નિને શાંત કરે એવું કંઈક મળવાથી હું ઝડપથી દરિયાના પાણી પર ઊતર્યો. તરતો તરતો મોજાંઓની સાથે કિનારે આવ્યો. રેતીમાં કૂદી પડી હું આગળ વધ્યો. ત્યાં ભીની રેતીમાં એક માનવ-દેહ અર્ધો દટાયેલો પડ્યો હતો. રેતીમાંથી બહાર નીકળેલાં એનાં પગનાં આંગળાં ફિક્કા સફેદ રંગનાં, એકબીજાની અડોઅડ ઉપરની બાજુએ જરાક ત્રાંસાં વળેલાં હતાં. કરરર કરરર મારાથી આનંદનો ઉદ્‌ગાર થઈ ગયો. છતાં મારા મનમાં આ વેગને મેં દબાવી રાખ્યો. ત્યાં જતાંમાં જ કૂદકો મારીને એના ગોઠણ પર મેં પંજો ગોઠવ્યો. મારા બે નહોર વચ્ચે એનો ઢીંચણ દબાવ્યો કે તરત જ કડડડ અવાજ થયો. હવે મેં એના ચહેરા પર મારી ભૂખી નજર ઠેરવી અને.....ચહેરો ઓળખાતાં જ એક ક્ષણ હું ચોંક્યો.

વન્સ મોર

ચંદન એમ કંઈ કોઈનાથી ડરે એવો નથી. છસ્સોનો પગારદાર, માથે પળિયાં, ઘરમાં પાંચ સંતાન, મોટા દીકરા–દીકરીનેય ત્યાં સંતાન એવો "દાદો" અને "બાપજી" ય બની ગયો હતો.

પણ પચાસેકની પત્ની લીલીની આંખથી તે પોતાને બચાવતો હતો. પત્નીની આંખમાં પ્રશ્ન તર્યા કરતો.

વાત જાણે એમ હતી કે.....

કહેવામાં વાંધો તો ખરોસ્તો.

મોટીબાની લાડકી વહુ લીલી, વિધવા કાકીબા માટે "દલ્લો મળી જવાનો"ના કટાક્ષ ઝીલતી ય ખડે પગે વંશવેલાની લીલી વાડીમાં ફર્યા કરતી હતી. પચ્ચાસ વર્ષેય આમન્યાની વાડ ઓળંગ્યા વગર રાતના બાર વાગ્યા સુધી ઘરમાં, રસોડામાં, માળિયે, કાતરિયે, વાડામાં, ભંડકિયામાં બધું સમુંનમું કર્યા કરતી.

લીલીને પૂછો !

"અરે પણ લીલીબા, માવડી એક વારકી અહીં આવ ને !

"લીલી, લીલી,.....લીલી......"

"આવ ને" શબ્દથી લીલી ફેરફૂદરડી ફર્યા કરતી.

"શું થયું તે.... ? શું જોઈને પૂછતાં હશો !"

"કપ્પાળ મારું.... કહું છું આસ્તે બોલો !

આટલું ફુસફુસ અવાજે લીલી ચારેક દિવસ પહેલાં બોલી ગઈ હતી. પછી તો એ જ રોજિંદો ક્રમ, "મારી નિશાળ, મારી માળા ક્યાં ? કપડાં સૂકવવા કાતરિયામાં, અરે મરી નથી ગઈ આવ ને........" કહેવામાં જ ભોપાળું.......તમે એક રહી ગયાં........બહેરી નથી કંઈ. આ નાનકડું શરીર ગરમ છે હોં, ચંદા વહુ ? સુમીને ધાવણ છોડાવવું પડશે એટલે.........

આવી ઘટમાળ ચાલ્યા જ કરે. ચંદનની લીલા સાથે બે વાત.

કંઈ ખાસ વાત કરવી હોય ત્યાં જાણે આખા મહોલ્લાના માણસો ઓળંગીને કપડાં ધોવાના વાડા પાસેની ચોકડી પર કે ક્યારેક માળિયા પરથી પાણી પીવા અડધી રાતે ચંદન ઊઠે તો પ્રશ્ન

થાય કેમ ? આ તો લોટામાં પાણી ગરમ થઈ ગયું તે મૂકું માટલાનું પાણી........એવા બહાને કંઈ લાગ મળે !

"હું ?"

ચંદનને લાગ્યું એવું કશુંક બની ગયું છે કે એકાએક આ સુખી લીલી વાડીમાં પોતે આખલાની જેમ ગાંડાતૂર બની જઈ મોટું ભેલાણ કરી નાખ્યું છે. કુટુંબ પર પોતે ભારરૂપ બની ગયો છે.

પણ આવું થતાં શું..........કોણે ધારેલું ? પોતે કોઈ ખૂન કર્યું હોય તે પોલીસ આવીને પકડી જાય તોય એ ઓછું ખરાબ લાગે. વકીલો લડે, સાક્ષીઓ આવે, પૈસા ખર્ચાય અને પોતાને ફાળે, "પુરાવાના અભાવે" જેવો ફેંસલો આવી શકે ! પણ આ ?

દોસ્તો, મિત્રો, સગાં, ઘરમાં ને ઘર બહાર બધે કેવી નચિંતતા છે ?

મારો દીકરો બી.એ. થઈ ગયો.....અરજી કરી છે. જુઓ, આ ખાનગી રાખજો હોં, પેલા તનમની શંકરની વિદ્યા છે ને ?

આપની મંજૂડીને છઠ્ઠો જાય છે. સીમંતની તૈયારી કરવાની.....

ચંદા વહુને પાછી ઊલટીઓ કે ? ભલે ભલે..... !

ઓફિસેથી ઘેર આવતાં કેટલાય દિવસો સુધી લીલીને એકાંતમાં બોલાવીને આટલીક વાત કહેવા તે મો ન ખોલી શક્યો.

ચાલ દવાખાને જઈએ.

લાજો જરા, બધાંને શું કહીશું ?

વળી થોડાક દિવસો પછી ઝીણી માસીના ગર્ભપાતના કીમિયાની વાતો સિફતથી મોટીબા અને રાજુ–સુમનની હાજરીમાં ખૂબ હળવી રીતે પૂછી.

"કઉં છું, સાંભળો......આ પંદર દિવસ થઈ ગયા હજી તમારે ગળચાં જ ચાવવાં છે કે ચંદા વહુ ભેગી મનેય ખાટલે જોવી છે ?"

ચંદન અકળાઈ ગયો. ઓફિસેથી ઘેર આવતાં ચંદન રીહર્સલો–તર્કો વિચારો કરી કરીને થાકી ગયો હતો. લીલીની આંખમાં તર્યા કરતા પ્રશ્નનો કોઈ ઉકેલ – હિંમત ચંદન પાસે નહોતાં.

"હવે તું જ કંઈ કર !

"કેવી રીતે ?"

"શું કરીશું ?"

"એકલા કેવી રીતે નીકળીશું ?"

"એમ કર, હું માંદો પડી જાઉં.

"ના, તું જરાક માંદી પડી જા."

"એહ, એટલે લાડકી વહુ લીલી માટે, જુવાનજોધ દીકરા-વહુને ચાકરી માટે મોટીબા ખડાં કરી દે. ડાક્ટર આવે કે આપણે જઈએ.

તોય આખું સરઘસ આપણા ભેગું ન આવે ?"

"શું થયું, શું થયું"ની કાગારોળ ન થાય ?"

ચંદન થાકી-હાંફી ગયો હતો. ઓફિસ છૂટે એટલે પાછું ઘર આવશે. પાંચમું બસ સ્ટેન્ડ. પછી ઊતરીને તારની વાડ ઓળંગીને સાંકડી ગલીમાંથી પાછલા બારણાવાળા રસ્તે ઘરે પહોંચવાનું. પાછલે બારણે લીલા કાં તો એકલી મળે. પાછું માળિયે એકલા એકલા ભરાઈ રહેવાનું.

ભસતો કૂતરો છેક પાસે ધસી આવ્યો. તેને "હડે હડે" કરી ચંદન આગળ વધ્યો. હનુમાનનું મંદિર, પછી બાલમંદિર, થોડેક દૂર નિશાળ પણ આવશે. પાનવાળાને ત્યાં આળસ મરડતી સુંદરીનો ફોટો ટીખળ કરતો હતો. લીલીની તણાયેલી ભ્રૂકુટી, તેને મોળમોળ આવે એટલે સખત ભીડેલા હોઠ, આંખોમાં ઘૂરકતો ગુસ્સો, છણકા-મચકોડાટમાં ફફડક, વાગબાણ......." જાઓ જાઓ હવે....હજી તમારાં લખ્ખણ એવાં જ. આ છોકરાંને ઘેર છોકરાં....માળિયા પર ક્યારેક અવાજ ઘુમરાતો, ચંદન ચમકી ઊઠ્યો. હવે દૂરથી ઓટલો દેખાતો હતો. લીલી કામથી પરવારીને બાળકો સાથે વાડાના ખાટલે જ આડી પડી.

ડૉક્ટર પાસે.....કોઈ સાવ જ અજાણ્યા ડૉક્ટર પાસે જઈએ, પણ ઘરમાંથી શું કહીને એકલી લીલીને જ લઈને નીકળી શકાય ! ચંદન મનમાં મૂંઝાયા કરતો.

બાકી આમ મગન મામાને રૂમેટિકની અસર હતી, નરલાને સેપ્ટિક થઈ ગયો તે નસ્તર મુકાવવા, ડાયાબિટીસ ચેક કરાવવા, વહુને માધવ લેડી ડૉક્ટર પાસે લઈ જાવ. આમ ડૉક્ટરને ત્યાં ગમે તે કારણે બધા જ જાય, ત્યારે ચંદનને જ આવડી આમન્યા શેની વળી ? આમ ફટ દઈને કહી ન દેવાય ?

"અમે બે જઈએ છીએ... ."

"ક્યાં, તે વળી ડૉક્ટરને ..."

"હા, કાંઈ કહેવાય નહીં. ફોટા લેવા પડે એવી જ વાત છે. ચિંતા કરવાની નથી. હું એકલો જ લઈ જઈશ."

લીલી ફટ દઈને ચોપડી દેતી.

"બોલ્યા મોટા ! આવું આવું કહે એટલે મોટી બા રડવાના રાગડા તાણે ને આખું ઘર માથે લે."

ચંદન ઢીલા ઢીલા પગલે ચાલતો મહોલ્લા સુધી આવી ગયો. દુકાનના ઓટલા પર વિયાયેલી કૂતરી એનાં ગલુડિયાંને ઘેરીને બેઠી હતી. એકાદ ઘરની પુત્રવધૂ પરસાળમાં કચરો કાઢતી હતી. તેણે ચંદનને જોઈ સરખું માથે ઓઢી સૂપડી પર પ્લાસ્ટિકનાં રમકડાંના કટકા ચડાવીને બહાર સૂપડું ખંખેરી દીધું. ચંદનને કાને એ બોદો અવાજ અથડાયો.

દૂરથી તેણે જોયું, ચંદા વહુ પરસાળમાં પાણી છાંટતી હતી. વચલો છોકરો મહેશ સાઈકલ પર ચડીને શાકની થેલી ને એક કડીવાળો ડબ્બો હૂક પર લટકાવીને બજારમાં જતાં કંઈ પૂછવા ઊભો હતો. હમણાં કલ્યાણજી ડોંગરે મહારાજની કથાની વાત કરતો સામો જ ભટકાશે, તેમના ઓડકારનો અવાજ આવ્યો. હીંચકાનાં કડાંનો કીચૂડાટ સંભળાતો હતો. કાકીબા ભજન ગાતાં ઝૂલતાં હશે. આ બધા કોઠા ભેદીને ત્રણ મોટા મોટા ઓરડા, પછી ભંડકિયું, અને રસોડું – ત્યાં લીલી પાસે છોકરાંઓની પહેલી ટાબરિયા પંગત જમતી હશે ત્યારે પહોંચશે. શું વળે ? બધાં સાથે કંઈક ને કંઈ વાતો, સૂચન, ઠપકા, ઘાંટા, કામની ને ન કામની વાતો કરતાં કરતાં ચંદનની મૂળ વાત ક્યાંક ખોવાઈ ગઈ હશે. વિખેરાઈ ગઈ હશે.

"બાપાજી પરીક્ષા છે, તે હું તો તમારી બોલપેન જ લઈ જઈશ."

"દાદા છૂક છૂક ગાડીમાં લઈ જાઓ."

ફોઈજીની કુસુમ માટે રાયચુરવાળા પન્નાકાકાના સુરેશનું ગોઠવીએ તો ?

સમય સાંકડો બનીને ચંદનને વધુ ને વધુ ભીસમાં લેતો હતો. નાનાં મોટાં સંતાનો અને વડીલો જાણે ઘૂરકી રહ્યાં હતાં. લીલી ક્યાંય દેખાતી નહોતી. ચંદન ઘરમાં પ્રવેશ્યો. ચંપલ કાઢ્યાં.

કાકીબા પાસે હીંચકા પર તે બેઠો. લીલી ઝટ દેખાય તો સારું. તેને દૂરથી જોઈને પણ તે મૂળ વાત પર કંઈ વિચારી શકે. આજે વળી પાછું કંઈ બે વાતની આપલે કરવાની થશે તે માટે ચંદને કશું જ વિચાર્યું નહોતું. કોઈ બાલિશ યોજના લીલી પાસે મૂકે ને સોઈ ઝાટકીને લીલી વાત ઊખેડ નાંખે.

"કંઈ ગાંડા થયા છો ? બહુ મોટો હુકમનો એક્કો ઊતરી પડ્યા જાણે"

"હા, પણ ત્યારે તું જ કંઈ કહે ને ? તું કહે તેમ કરીએ. હવે આટલાં વરસો કેટલીક લાજ–મરજાદ રાખ્યા કરવાની ? ગમે તે બહાનું, કારણ કાઢીને અથવા ન હોય તો છાનીમાની, ગુપચુપ ઘરમાંથી પહેર્યે કપડે છટકી આવ. આ હું ઓફિસેથી આવું તે સમય પકડવો, અને છેક પેલા ગરનાળા પાસે હું ઊભો રહું."

ચંદનને મનમાં સંભળાયું : "જાણે રસ્તે બધાંએ આંખો જ બંધ કરી દીધી હોય. બધાંનાં મોમાં મગ જ હશે કાં ? કેમ કઈ તરફ ? એકલાં એકલાં ? આમ પૂછશે જ નહીં, અને આપણે

સાવ અદૃશ્ય જેવાં જ બની જવાનાં તે કોઈ ઓળખીતું જોઈ જ નહીં શકે. ભગાના ભાઈ જેવી હસાવવા જેવી વાતો લાવીને રોજે રોજે રડાવવા ન આવતા હો તો ?

લ્યો, ત્યારે આજે આપણે કશું જ લાવ્યા નથી. તું કહેતી હોય તો.....અથવા તારે ચંદા વહુને લેડી ડૉક્ટરને ત્યાં લઈ જવાને બહાને.....

ચંદન અધવચ્ચ વિચારતો થંભી ગયો. લીલા થાકીને પરસાળ સુધી આવી. તેણે માળા ફેરવતાં મોટીબા અને ભાગવતના મોટા અક્ષરો ઉકેલતાં કાકીબા તરફ વારાફરતી જોઈ લીધું. જાણે હમણાં કોઈ ટાઈમ–બોમ્બ ફૂટશે. લીલા ધમધમ ચાલતી કપડાંનો ઢગલો લઈ આવીને ઊંબરા પાસે બેસી ગઈ.

આ રીતે ચંદનની હાજરીમાં ક્યારેય લીલા વડીલો પાસે આવીને હાજર થતી નહીં. જોઈતું કરતું પણ બાળકો દ્વારા મોકલતી. સંકોચથી ચંદન હીંચકા પરથી ઊઠી ગયો. ઊંધા ફરીને તેણે બુશકોટ ઉતારી દૂરની ખીંટી પર લટકાવવા ડગલાં ભર્યાં.

અને તેને લીલીનો અવાજ સંભળાયો.

"હવે તો ડૉક્ટર પાસે ગયા વગર નહીં ચાલે, હું છેલ્લાં આઠેક દાડાથી ખૂબ હેરાન થાઉં છું."

ચંદનના કાનમાં જાણે ધાક પડી ગઈ. લીલા જાણે આંગળી ચીંધીને તેને નોંધતી હોય એવો એ અવાજ હતો. આમ આવી જાહેર રીતે લીલા બોલી ? આખી વાત જાણે તેનાં કપડાં ઉતારતી હોય એવો તે ધ્રૂજી ગયો. ગુનેગારોને અપાતી સજા તેને યાદ આવી. હાથીને પગ બાંધીને ભૂખ્યા સિંહના પીંજરામાં કે કીડા ખદબદતા કૂવામાં, લોખંડના સળિયા વડે....જાણે લીલા તેને ધકેલવા માગતી હતી.

"ડૉક્ટર જે કહેવાનો હોય તે કહે, પણ વાત જ એવી છે. આ તો સ્રીઓની જાતને સહેવાનું હોય, બધાં જાણે એ તો !

ના રે, એવી કંઈ જરૂર નથી. આઠેક દહાડા રાહ જોઈ, હવે પંદર થવા આવ્યા, કાંઈ ઠેકાણું પડતું નથી. બાકી હું કંઈ આવી ઢીલી ન થઈ જાઉં. પણ મન કઠણ કરીને હવે તો એક વારકો છૂટકો જ કરાવી લઈએ."

કાકીબા વચ્ચે વચ્ચે બોલ્યાં તે ચંદનને ન સંભળાયું.

મોટીબા પણ દબાયેલા અવાજે કંઈ બોલ્યાં.

ચંદનને થયું કે હવે તે કેવું મોઢું રાખે ? ખીંટી પાસેથી પાછો વળીને પેલી પોતાને સંભળાવવા માંડેલી લીલીની વાતો તરફ જાય કે ચંપલ પહેરીને કશું સાંભળ્યું જ નથી એમ કરીને ઘરની બહાર નીકળી પડે ?

તેને ગાંડા વિચારો આવ્યા. જાણે તે એકાએક ઘર, કુટુંબ, નામઠામ બધું ભૂલી ગયો હોય.

મહોલ્લો, રસ્તો, ઓફિસ બસ રૂટ, ઓફિસ બધું જ ભૂલી ગયો હોય. પોતે ચંદન છે, સામે બેઠેલી લીલીનો પતિ છે આટલું જ યાદ રાખી એક ઘાંટો પાડી લીલીને ચૂપ કરી દે. અથવા બધાંની હાજરીમાં લીલીની વાતને ઊંચકી લઈ "કાલે અમે જઈશું" એવું કશુંક કહી દે. અથવા અજાણ્યા થઈ એક પ્રશ્ન કરવાની હિંમત કરે. "કેમ ? ડૉક્ટરને ત્યાં જવું પડે એવું શું થયું છે ?"

અને તેના પગ થંભી ગયા.

મોટીબા કહેતાં હતાં, "તો પછી સુમીને થોડા દહાડા ઘરે બોલાવી લઈએ. ચંદનને કાર્ડ લખવાનું કહી દઉં ને તમે બેય એક વારકા કાલે જ દવાખાને દેખાડી તો આવજો જ."

"તું ય વહુ ચૂપચાપ ઢસરડો કર્યા કરે તે મને ઢીલી લાગતી હતી. બૈરાંની જાતને તબિયત તો પહેલી સાચવવાની. હવે મોડું નથી કરવાનું."

મોટીબા ને કાકીબા કેમ આવાં નિરાંતવાં લાગ્યાં ? લીલા બોલતી હતી.

"મને એમ કે આવી લોહીવાની વાત ક્યાં બધાંને કહું ? આ તો નછૂટકે પછી થયું કે એક્વારકું ઓપરેશન જ કરાવી દઈએ તો છૂટકો થાય. પેલી સુનંદાને તો પેટમાં ગાંઠ હતી તે ગાંઠ સાથે ગર્ભાશય કઢાવી નાખ્યું......ઉમ્મર માંડ ચાલીસની હતી. આ મારે તો પચાસ થયાં એટલે જરાય વાંધો નહીં કાં તો પેટમાં ગાંઠે ય હોય."

કાકીબાએ આમ તેમ જોયું. ચંદનની પીઠ દેખાઈ એટલે તેને હાંક મારી પાસે બોલાવ્યો.

કાલે ભાઈ તું તારે વહેલો આવી જજે. ને સુમીને એક કાર્ડ લખી નાખજે. ડૉક્ટર કહે તે તારીખે ઓપરેશન કરાવી દેવાનું છે ભાઈ, એમાં જરાય ગભરાવાનું નથી. ઉમર થાય એટલે સ્ત્રીઓને આવી તેવી પળોજણ આવે એટલે હવે મોડું નથી કરવાનું. બચાડી લીલા વહુ માંદી દેખાય તે ઘડીક્ય ન ચાલે."

કપડાં સંકેલીને લીલીએ ગડીબંધ થપ્પી લઈ ઊઠતાં ઊઠતાં માથે સરખું ઓઢવાને બહાને ચંદનને તીખી નજરે લોઈ લીધો. ચંદનના મોમાંથી સરી પડ્યું.

"લોહીવા થયો છે ?"

"એમાં ગભરાય છે શું આટલો બધો ? એ કાંઈ રોગ ન કહેવાય. ડૉક્ટર જ તને કહેશે. અમુક ઉંમરે અટકાવ જતાં આવું કોઈને થાય. લે પાછો કાલે ભૂલી ન જતો, ને સુમીને તેડાવવાનો કાર્ડ પણ લખવાનો છે. એમ કર, રાતે જ લખીને કાલે ઓફિસ જતાં ડબ્બામાં નાખી દેજે. લીલી, હવે તું માળિયે જઈ આરામ કર બેટા !"

પાછલા દાદર પર લીલીનાં પગલાં સંભળાયાં. ચંદન હવે આરામ કરતી લીલી પાસે હિંમતભેર જઈ શકશે. પણ...... લીલીની તીખી આંખ હજી તેને ડરાવતી હતી.

લીલી હવે તેને શું કહેશે ?

શુદ્ધ શાકાહારી

આખરે વાતને આટોપતાં શશિકાંતભાઈએ, હીંચકાને ઠેસ લગાવી,

સમગ્ર વિશ્વને કહેતા હોય એમ મારી સમક્ષ જાહેર કર્યું,

'જિન્દગીભર અનેક લોકોએ મને વટલાવવાનો પ્રયત્ન કર્યો, છતાં હું સુધ્ધ સાકાહારી રહ્યો છું, પણ કમબખ્ત 'સ' અને 'શ' જન્મથી મને થાપ આપતા રહ્યા છે, કદાચ એનાં મૂળ કોઈ મનોવૈજ્ઞાનિક પણ ન સમજાવી શકે એટલાં ઊંડાં હોવાં જોઈએ.'

વિચારમાં જરા ઊંડાં ઊતરી જતા હોય, એમ શશિકાંતભાઈએ હીંચકાને બીજી ઠેસ લગાવી, અને મને પાનની ચમચી આપતાં કહે, "બનાવો રાજ્જા ? આજે તમારી જાતે પાનનું બીડું બનાવો.'

હું પાનનું બીડું બનાવવામાં મશગૂલ રહ્યો ત્યારે અચાનક એ જાતે ને જાતે હસી પડયા–ખડખડાટ કહી શકાય એવુ ! મેં જરા ચોંકીને એમની સામે જોયું.

એમણે કહ્યું,

'હું તો બીજી વાતે હસું છું. પણ હા ! પેલી ચાંદીની ડબ્બીમાં ચોશઠ વ્યંજનો ભેળવી જે મશાલો બનાવ્યો છે એ વિશ્વમાં ક્યાંય નહિ મળે,

'અદ્‌ભુત ટેઈસ્ટવાળો છે, રાજ્જા. પાનમાં નાખવાનું ભૂલશો નહિ.'

શશિકાંતભાઈએ સૂચવેલો 'મશાલો' એક નાની ચમચી ભરીને મેં પાનમાં નાખ્યો ને પાનનુ બીડું વાળીને મોઢામાં મૂક્યું. બન્ને ગલોફાં સાથે સમગ્ર અસ્તિત્વ જાણે તરબતર થઈ ગયું !

શશિકાંતભાઈને જીવનમા કોઈ વાતે ઊણપ નથી. એમણે જે જે જ્યારે જ્યારે માગ્યું, એ એ ત્યારે ત્યારે મળ્યું છે. સેંકડો એકર જમીનમાં પથરાયેલી કેળાંની વાડીમાંથી ધૂમ કમાણી થાય છે. પત્ની પણ સમજદાર મળી છે. પણ એમના શબ્દોમાં જે ઉચ્ચારોમાં એનું નામેય શાળું શવિતા અને એ ય પાછી સાણી શવિતા ! !

મારે રાત રોકાઈને જ જવાનું છે, એવો એમનો ભારોભાર આગ્રહ–કહો કે હુકમ જ છૂટ્યો. એટલે જમીપરવારીને અમે ચોથા માળની અગાશીએ પહોંચ્યા. સુદ ચૌદશનો ચન્દ્ર આકાશમાં પ્રકાશતો હતો. આમે ય, હું એમને મળવા આવ્યો ત્યારથી પામી ગયો હતો કે આજે એ એમનાં

હૈયાનાં સમગ્ર દ્વાર મારી સમક્ષ ખોલી નાખવા માગે છે. એ નિમિત્તે એમના મનને શાંતિ મળતી હોય.....કે સાંતિ.....ભલે મળે, મારો મિત્રધર્મ છે !

થોડું આશ્ચર્ય જરૂર કહેવાય અને ઉચ્ચારોની વાતે કંઈક સિદ્ધ જેવું પણ કહેવાય કે એમનું બે શસ્ત્રાથી ખીચોખીચ નામ એ શુદ્ધ ઉચ્ચારે બોલી શકતા. નામ પુછાતાં, એ હંમેશા જાણે સાવધ બની જતા, એમના ચહેરા ઉપર છવાઈ ગયેલો 'સ' સફળ રીતે તંગ બની જઈ 'શ' બનતો અને એમાં ખાસ્સી અડધી મિનિટ વીતી જતી. એ પછી કોઈ વિજયીના રણકાર સાથે એ કહેતા શશિકાંત ! શશિકાંત ! !

બે વાર અને હંમેશાં બે વાર નામ બોલીને એ મૌન થઈ જતા. શુદ્ધ 'શ' ઉચ્ચારવાનો એમનો શ્રમ કોઈ પહાડ ઊંચકવા કરતાંય અદકેરો હતો, એ હું પામી ગયો હતો.

એ વળી મોટું આશ્ચર્ય કહેવાય કે નાનપણમાં એ 'સાત કાનવાળો શશિ' કહીને ઓળખાતા. એમની શ્રવણશક્તિ અસામાન્ય હતી. સામાન્ય માનવીના કાન કરતાં સાત ગણી તીવ્ર અને તેજ શક્તિ એ ધરાવતા. એમ કહેવાતું કે બળદના ગળે બાંધવાના મોટા દસ ઘુઘરા હોય કે મંદિરનો ઘંટ જોરથી વાગતો હોય એવા ઘોંઘાટમાં ય ટાંકણી પડવાનો અવાજ અને એની દિશા એમના કાન પકડી પાડતા !

શશિકાંતભાઈને હૈયું ખોલવું જ હતું.એટલે મેં આરંભે કર્યો – વિચિત્ર છતાં એમને ગમે એવો. હું જાણે સાવ અજાણ્યો હોઉં અને મને એ પહેલી વાર મળતા હોય એમ મારે એમનું મન રાજી રાખવા પૂછવું પડયું.

'તમારું નામ શું ?'

નામ પૂછતાંવેંત એમનો ચહેરો અને સમગ્ર શરીર તંગ બની ગયાં. કોઈ અદૃશ્ય શક્તિએ એમના ચહેરાને અને શરીરને ખેંચી રાખ્યું. આ બધું અડધી મિનિટ ચાલ્યું – તંગ દશામાંથી એ છૂટતા ગયા, 'સ'કારમાંથી પૂર્ણ 'શ'કાર બન્યા ત્યાં જ આનંદવિભોર થઈ બોલી ઊઠ્યા,

'શશિકાંત ! શશિકાંત ! !'

હું જરા ધીમેથી બોલ્યો, 'વાહ' અને પછી અમને મળેલા સમયનો પૂરેપૂરો ઉપયોગ થાય, એ દૃષ્ટિએ મેં ગંભીરતાથી છતાં સહાનુભૂતિભર્યા શબ્દોમાં અને ટોનમાં કહ્યું,

'વર્ષો સુધી તમે ગડમથલ કરી છે. તમારા અથાગ અને એકધારા પ્રયત્નોનો હું સાક્ષી છું. ઉચ્ચારશાસ્ત્રીઓ, મનોવૈજ્ઞાનિકો, મહાન વૈદ્યો, ધુરંધર પંડિતો તીરથ–તીરથના સાધુબાવાઓ, ભૂવાઓ, તંત્રમંત્રીઓ.....તમે ક્યાં બાકી રાખ્યું નથી. એટલે હું એમ સૂચવું શશિકાંતભાઈ !... કે તમે હવે 'શ' અને 'સ'નો ત્યાગ કરીને વાતચીતની અને વાણીની એક આગવી રીત ઉપસાવો. એમ માની લો કે આ બે અને ત્રીજો 'ષ' પણ અસ્તિત્વમાં જ નથી– જહન્નમમાં જવા દો, આ ત્રણ, તમારા માટે દુષ્ટ એવા બારાખડીના અક્ષરોને ! આમે ય, તમને જેમાંથી સુખ અને સમૃદ્ધિ

મળ્યાં એ ચીજ છે, સદ્‌ભાગ્યે 'કેળાં' એટલે કે ક ! અને એની 'ખેતી' ઉપર તમે યોગ્ય ધ્યાન આપો જ છો એટલે કે ખ ! અને વરસોવરસ સારી ખેતી પછી કેળાંની લૂમ પછી લૂમના સારા 'ભાવ' આવે છે. ટૂંકમાં તમારે નિસ્બત છે– ક, ખ અને ભ સાથે ! ' કહીને, હું અટકી ગયો અને મેં એમની સામે જોયું ત્યારે એ વિષાદભરી નજરે ચન્દ્ર સામે ટગરટગર જોઈ રહ્યા હતા. થોડી ક્ષણો પછી એ બોલી ઊઠ્યા,

'શુંદર વાત કહી—શોળ આની શાચી !'

આટલું બોલ્યા પછી કોઈએ ઉપરાછાપરી તમાચા માર્યા હોય એવા છોભીલા પડીને, એ જે બોલી ગયા કહો કે, ઉચ્ચારી ગયા એ વાતે ભારોભાર વેદના એમના ચહેરા ઉપર ઊપસી આવી. પછી અચાનક દાંત પીસીને સમગ્ર શરીરથી ધ્રૂજી ઊઠતાં બોલ્યા,

'શંકલ્પની વાત નથી. શંકડામણની વાત છે. એ સિવાય કોઈ શબ્દો મને શૂઝતા નથી. મારી વેદના સમજાય છે ?'

કદાચ પહેલી વાર શશિકાંતની વેદનાને હું સહેજ સ્પર્શી શક્યો કે જીવનમાં જે એક, ભલે નજીવું, નથી મળ્યું એનું એમને ભારે, અદમ્ય ખેંચાણ છે. હૈયું ખોલવાની તક મારે એમને આપવી જોઈએ. સહાનુભૂતિ કે સૂચનનો કોઈ અર્થ નથી. એ પછી હું પણ ચોમેર ચાંદની રેલાવી ચન્દ્ર સામે જોઈ રહ્યો અને મારા આશ્ચર્ય વચ્ચે ચન્દ્રના બીજા નામનો મેં મનમાં ઉચ્ચાર કર્યો– સસાંક ! હું મારી જાતે ડઘાઈ ગયેલું અને આ શું બન્યું એ વાતે હસી પડયો. ત્યાં તો શશિકાંતભાઈ ફિક્કું ફિક્કું હસતાં બોલતા હતા.

'આ સીસમહેલ સા શારુ ?'

(સાચી વાત છે : આ શીશમહેલ શા સારું ? શશિકાંતભાઈના ચાર માળના મકાનના એકેએક માળની દીવાલો ઉપર રંગબેરંગી કાચ જડયા હતા—ઝગમગ ઝગમગ અને એમનું મકાન બધી જ અદ્યતન સગવડો સાથે શીશમહેલ જેવું હતું– કદાચ સંદર્ભમાં એમણે વાતનો આરંભ કર્યો હતો.)

'સસીવદની શવિતા આગળ પણ હું મારી સિરોવેદના સિષ્ટ વાણીમાં શમજાવી સક્તો નથી.'

(હું સાથે સાથે જ બબડ્યો, 'હા, સાચું છે શશીવદના સવિતા આગળ પણ તમે તમારી શિરોવેદના શિષ્ટ વાણીમાં સમજાવી શકતા નથી.)

'જીવનભર શમજ કેળવી. શમચિત્ત બન્યો. શભાધ્યક્ષ બન્યો. શમંદર ઓળંગ્યા. શમયોચિત પ્રશંગો ઊકેલ્યા. શમષ્ટિને પામવા શમશ્લોકી અનુવાદો કર્યા.

શમવયસ્કોને રિઝવી, શમાજમાં પ્રતિષ્ઠા પામ્યો તો ય આ.........આવો સરમજનક સંભુમેળો !'

(એમની સાથે જ, હું એમનાં ટૂંકાં ટૂંકાં વાક્યો, શુદ્ધ ઉચ્ચારે મમળાવીને બોલતો રહ્યો, 'જીવનભર સમજ કેળવી. સમચિત્ત બન્યો. સભાધ્યક્ષ બન્યો. સમંદર ઓળંગ્યા. સમયોચિત પ્રસંગો ઉકેલ્યા.

સમષ્ટિને પામવા સમશ્લોકી અનુવાદો કર્યા. સમવયસ્કોને રિઝવી, સમાજમાં પ્રતિષ્ઠા પામ્યો તો ય આ.......આવો શરમજનક શંભુમેળો !')

આટલું બોલી ચાંદનીથી ચીતરાઈ ગયેલા મારા ચહેરા સામે એ જોઈ રહ્યા– કદાચ ઈર્ષ્યાથી અથવા કદાચ રોષથી !' 'સ' અને 'શ' સંદર્ભે હું યોગ્ય રીતે જીભ–તાળવાનો વિનિયોગ કરતો હતો, એ વાતે એ વધારે સભાન બનતા જતા હતા અને એ જ વાતે એમની ઊણપ એમને અસહ્ય ખટકતી હતી.

ખબર નહિ શાથી–હું શુદ્ધ ઉચ્ચારો કરી શકું છું એના ગૌરવની કે અહમની લાગણી મારામાં જોર કરી ગઈ હશે ? ખબર નહિ પણ મેં એમને કહી દીધું,

'એવી કોઈ વાતો નથી, શશિકાંતભાઈ, જે તમે 'સ' અને 'શ'ને ટાળીને કરી શકો ? શોધી કાઢો એવી વાતો–અરે ! ઉપજાવી કાઢો અને એવી જ વાતો મને કહો, ધીરે ધીરે તમને ટેવ પડશે. સ–શને તમે સદંતર ભૂલી જાઓ. ભૂલી શકશો. હા ! એને વાણીનો 'યોગ' કહેવાતો હોય તો બેધડક કહો પણ તમારા જેવા એને જરૂર સિદ્ધ કરી શકશે.'

મારી આ સુફિયાણી વાત સાંભળીને એ શિયાવિયા થઈ ગયા. આરામ–ખુરશીમાંથી ઊભા થઈને, એમણે અગાશીમાં આંટા લગાવવા માંડ્યા. હું ધીરે ધીરે, મારાથી ય અજાણતાં, 'સ' અને 'શ'ના શબ્દો અને એના ઉચ્ચારોની દુનિયામાં ઊંડે ને ઊંડે ઊતરતો જતો હતો. ઘડીભરમાં તો એકસાથે મને 'સ' અને 'શ' ઉપરના સેંકડો, હજારો શબ્દો ફૂટી નીકળ્યા. મારું મન અચાનક સ–શ ઉપરના શબ્દોનો અતંત્ર, અનિયંત્રિત બનીને જાપ જપવા માંડ્યું. શિયાળ, શિબિર, શિફારસ, શિથિલ........કોઈ અંત જ નહોતો અને આવા શબ્દોમાંથી બેકાબૂ અર્થહીન સકાર વાક્યો સર્જવા માંડ્યું. સિથિલ સિયાળ સિબિરમાં સિફારસ કરવા આવ્યું ! હું મૂંઝાઉં ત્યાં તો શકાર શબ્દોનું બેકાબૂ મોટું ટોળું ધસી આવ્યું–સફર, સફાળુ, સફાલગોટો, સપ્રયોજન, સપરિવાર, સનસનાટી, સરગવો, સરરર, સરવાળે.... કોઈ અંત જ નહોતો ? આ શબ્દોનું શકાર વાક્ય એટલુ બેહૂદું અને અર્થહીન બન્યું કે હું હસી પડ્યો– એક ખિન્નતાના ભાવ સાથે. એ ક્ષણોમાં હું શશિકાંતભાઈ પ્રત્યે અપાર સહાનુભૂતિથી દ્રવતો હતો. એ દરમિયાન અચાનક શશિકાંતભાઈ મારી પાસે ધસી આવ્યા, અને એમણે એમની હવામા ફરફરતી રેશમી કફનીમાંથી કશુંક કાઢીને, મારી સામે ધરીને પૂછ્યું, 'જલદી કહો, વ્રજલાલ ! આ શું છે ?'

હું બોલી પડ્યો, 'સીસી !' પછી તુર્ત સુધારીને કહ્યું, 'નહિ ! નહિ ! શીશી !!' ત્યાં તો હર્ષના ચિત્કાર સાથે શશિકાંતભાઈએ અગાશીમાંથી બૂમ પાડી, 'શવિતા ! વ્રજલાલ રંગાઈ ચૂક્યો. સરબત લાવ.'

ઝાઝું રોકાયા વિના, મોડી રાતે મેં વિદાય લેવા માંડી ત્યારે શશિકાંતભાઈએ મને કાનમાં કહ્યું, 'દોસ્ત વ્રજલાલ ! સુદ્ધ સાકાહારી રહેવું શહેલું છે. મુશ્કેલ આ....આ.....હું શશિકાંત, આવજે !'

ચિત્તો

અહીં જયાં જંગલ પૂરું થતું હતું ત્યાં અમારાં ક્વાર્ટર્સ આવેલાં હતાં. તેમાં એક ઊંચા ઓટલાવાળું મકાન અમારું હતું– અમારું એટલે મારું અને મારી પત્નીનું. આખા અઠવાડિયામાં એક શનિવાર સિવાય મારે આ ઘરમાં ભાગ્યે જ રહેવાનું બનતું. જંગલની ગીચતામાં હું ગીચ બનીને સતત કામમાં પરોવાયેલો રહેતો, પણ આમ શનિવાર આવી પહોંચે એટલે મારી પત્ની અને હું અમારા દામ્પત્યના બધા જ તબક્કાઓમાંથી ગુજરીએ. એકધારી રીતે અનેકધારી ક્રિયાઓમાં પરોવાઈ જવાનું અને છેલ્લે રાત્રિ અને દિવસના ટૂંકા સંધિકાળમાં એક એવી ટૂંકી જોક અમારા બંનેમાંથી ઉચ્ચારવાની–અને પછી હસાહસ શરૂ થઈ જાય. અઠવાડિયા દરમિયાન જેટલાં હિંસ્ર પશુઓએ શરીરમાં ભય જન્માવ્યો હોય તે દૂર કરીને મારે બલ્કે અમારે હિંસ્ર પશુ બની જવાનું અને રાત્રિ દરમિયાન એકબીજાને ફાડી ખાવાનાં. સવારે અમારા જે અવશેષો બચ્યા હોય તે સૂર્યના પ્રખર બનવા સાથે ફરી પાછા પ્રખર બનવા દેવાના.

પણ એક મુસીબત આવી પડી હતી. જોકસ બધા ખલાસ થઇ ગયા હતા. નાનીમોટી તરકીબોવાળા જોકસ કરવાથી હાસ્યના ફુવારા છૂટતા નહોતા અને જો એમ નક્કી થઈ જાય કે આ જોક નથી તો શનિવારની રાત્રિના અમારા દામ્પત્ય જીવનને બીજા શનિવારની રાહ જોવી પડે.

આજે તો કોઈ ભૂખ્યા પશુની જેમ હું ઓટલા પર આંટા માર્યા કરતો હતો. મારા આંટા મારવા તરફ છત પર લટકી રહેલા પાંજરામાં બેઠેલો અમારો આફ્રિકન પોપટ કશુકો એની નજર મારા ફરવાની સાથે સાથે ફેરવ્યા કરતો હતો. કશુકાનો આવો મુડ જોઈને મને મારો એ નજીકનો સાથીદાર લાગ્યો, મારી પત્નીથી પણ વધુ નીકટનો, કેમ કે મારી પત્નીની દાદીએ આ નર કશુકાને ત્રીસ વર્ષ સુધી આફ્રિકામાં પોતાના નિકટના સાથીદાર તરીકે રાખેલો અને તે પછી દસ વર્ષથી મારી પત્ની સાથે એ અહીં હિંદુસ્તાનમાં રહ્યો. આમ આ ચાલીસ વર્ષ તો અમારી ગણતરીમાં છે અને એવું કહેવામાં આવ્યું છે કે એ લગભગ દોઢસો વર્ષ તો જીવી નાખે છે. કશુકાની ખૂબી એ હતી કે એ બોલનારાના અવાજને આબેહૂબ રજૂ કરી શકતો. આથી અમારા માટે એ જયારે વચમાં ટપકી પડે ત્યારે ચાલતી વાતના નવા સંદર્ભ રચાઈ જતાં એક મજાનો વિષય બની જતો. દાખલા તરીકે મારી પત્નીનાં સંબોધનો. મારી પત્ની મને ડાર્લિંગ કહે તે બરાબર પણ પરસાળમાં કોઈ ખચ્ચર જેવું ગોબરું પ્રાણી આવીને ઊભું રહે એટલે કશુકો અવશ્ય બોલવાનો–ડાર્લિંગ.

એટલે આવી રીતે મને આંટા મારતો જોઈને મારી પત્ની શું બોલી હતી તે હું યાદ કરવા લાગ્યો અને કશુકાને જોઈને મનમાં બબડવા લાગ્યો : 'આમ આંટા માર્યે કશું નહિ વળે.'

પણ કોઈ બોલ્યું તો નથી. એ તો હું મનમાં જ બબડ્યો છું. છતાં કશુકાએ કેમ તે જ વાત કરી જે હું બબડ્યો. બરાબર આ વખતે એણે આ વાત કોના અવાજમાં કરી તે નોંધવાની સરતચૂક થઈ ગઈ. મેં ઘરમાં ડોકિયું કર્યું. મારી પત્નીનું કામ લગભગ પૂરું થવા આવ્યું હતું. એના હલનચલનમાં ત્યાં સમાપ્તિ કરીને, મારી સાથે શરૂ પડી જવાની ઉતાવળ દેખાતી હતી. હવે મારા આંટા અટકી ગયા. ઘરમાંથી અવાજ આવ્યો : 'ડાર્લિંગ,' અને હું સમજી ગયો કે મારે હવે એલર્ટ થઈ જવું જોઈએ.

હું ઘરમાં ધસી ગયો. ટેબલ પર ભોજનાદિ બધું ગોઠવાઈ ગયું હતું. વરંડાની છત પરથી પાંજરું ઉતારીને ટેબલ પર ગોઠવ્યું. ટેબલ પરની ડીસોમાંથી ગરમ ગરમ મસાલાઓની તીવ્ર ગંધ મારી ઘ્રાણેન્દ્રિયમાં પેસી ગઈ, લગભગ મારા મુડના કેન્દ્રને સ્પર્શીને મારા હાથપગ અને આંખને તીવ્ર બનાવી ગઈ. પાંજરામાં કશુકા આગળ થોડાક દાણા નાખ્યા અને વગર કારણે મેં એને અંગૂઠો બતાવ્યો. કશુકાએ વગર કારણે જીપ સ્ટાર્ટ થવાનો અવાજ ઉચ્ચાર્યો અને હું હસી પડ્યો. મારી પત્ની એટલા માટે હસી ગઈ કેમ કે એ એવું કંઈ સમજી કે હવે મેં જોક કહેવાનું શરૂ કર્યું. જોડેના ખડમાંથી એણે ડોકિયું કર્યું એટલે મેં એને પણ અંગૂઠો બતાવી દીધો. એ એવુ સમજી હોય કે આ અંગૂઠો જોકનું એક પાત્ર છે. એણે ખુરશીમાં બેસી જતાં મારા હાથ સામે જ જોયા કર્યું. હું ખાવાનું શરૂ કરું ત્યાં તો કશુકાના પાંજરામાંથી એક દાણો છૂટયો અને મારી ભ્રૂકુટિ પર ટકરાઈને નીચે પડ્યો. મારી પત્ની આ જોઈને આનંદમાં આવી ગઈ. કશુકો બોલ્યો, 'ડાર્લિંગ'.

મેં કહ્યું : 'કપાળમાં બહુ વાગ્યું છે.'

પત્નીએ દયા ખાધી. એની જીભ જ્યારે બંધ હોય ત્યારે હાથ ફટાફટ ફરતા હોય. અત્યારે તો ટેબલ પર ઉત્તમ ખાદ્યપદાર્થો પડ્યા હતા તેથી મારા હાથપગ પણ ઝડપથી ફરવા લાગ્યા.

કશુકો બોલ્યો, 'ખાઉધરા,' અવાજ મારી પત્નીનો હતો.

મને થયું કે કશુકો એવું ન બોલે તો સારું કે ધરાતો જ નથી. પણ એ બોલ્યો, 'બધું હોઈયાં કરી ગયો.' આ અવાજ મારી પત્નીની દાદીનો હતો. મને વચ્ચે કેમ યાદ આવ્યું કે મારે સાતેક મિનિટનું જંગલમાં કામ છે. જંગલમાં નજીકના ચેકપોસ્ટ પર એક સૂચના આપવાની બાકી રહી ગઈ છે. મેં ઝટપટ હાથ ધોઈ નાખ્યા અને પત્નીને કહ્યું, 'હું સાતેક મિનિટમાં આવું છું, તું તૈયાર થઈ જા, પછી આપણે....' અને મે મારી જીપ સ્ટાર્ટ કરી. મારા કાનને અને જીપના મશીનના અવાજને એવો સંબંધ થઈ ગયો હતો કે તેની પહેલી ઘર્રઘરાટી સાથે જ મારી ગતિની લંબાઈનો અંદાજ હું માપી લેતો હતો. ઘર્રઘરાટીએ મને સાત મિનિટના અંતર માટે ઓ. કે. આપી દીધું પણ જીપ રસ્તા પર આવી અને મશીન ઠબ કેમ થઈ ગયું ! બ્રેક અને સ્ટિયરિંગ પણ સાવ નકામાં. હું સીટ પર જાણે લથડી પડ્યો હોઉં તેમ ફેલાઈ ગયો. મારી નજર રસ્તા પર ફેલાઈ ગઈ.

આમ કેમ ચાલશે ? મેં નીચે ઊતરીને એન્જિનનું ઢાંકણું ખોલ્યું કંઈક ઓઈલની ગરબડ હોય તેવું લાગ્યું. કંટાળી જઈને હું એન્જિનનું ઢાંકણું વાખતો હતો ત્યાં–ત્યાં બે લીલી ચળકતી ચિત્તાની આંખો મારા પર મંડાઈ રહેલી મેં જોઈ. મેં રાઈફલ લેવા હાથ જીપમાં નાખ્યો પણ રાઈફલ હું ક્યાં લાવ્યો હતો ! અમારી ચાર આંખો વચ્ચે એવું તો સંધાન થઈ ગયું હતું કે બીજી કોઈ પણ ક્રિયા થઈ રહી છે તેનો મારી એકાગ્રતામાં સમાવેશ નહોતો. ક્રિયા તો થઈ જ રહી હતી. ચિત્તાએ એની આંખો મારી આંખોમાં પરોવાયેલી જ રાખી અને વછૂટ્યો. એની તરાપ મારી તદ્દન નજીક પહોંચી અને એની આંખો મરડાઈ ગઈ. મારી આંખો ફેલાઈ ગઈ. જે રીતે એણે એના દાંત મારા પેટની નીચેના ભાગ પર બીડ્યા તેના પ્રત્યાઘાતમાં હું બૂમ તો શું પાડું, તરફડું તો શું, એક ન વેઠાય એવા સંકોચનમાં હું ખેંચાઈ ગયો. મારા આખા શરીરની ચેતના નાભિના નીચેના ભાગમાં અને ચિત્તાના મોંમાં વિખેરાવા લાગી. મારા શ્વાસ તો અટકી ગયા હતા. ચિત્તો લોહીલુહાણ મોં સાથે મારાથી વછૂટ્યો. હું તરફડતો પડ્યો રહ્યો. મારી સ્મૃતિમાં હજુ ચિત્તાના દાંત મારી ચામડીના પહેલા પડમાંથી અદર પેસે તે વખતનો વેદનાનો આઘાત જ ઊછળ્યા કરતો હતો. લબાકા મારતું દર્દ ફેંકાતું હતું. આ મારી અંતિમ સ્થિતિ હતી તે વાત નક્કી હતી. મારી પત્ની જો અત્યારે હોય તો મને બચાવવા માટે સિક્યોરિટી અફસરને બોલાવી મારી લાશની સારવાર માટે તજવીજ કરી રહી હોત. મેં મારા શરીરને સળવળાટ સાથે હાલવા દીધું. ઊભા થવાની મારામાં શક્તિ નહોતી પણ ઊભા થવા માટે મેં મારા શરીરને હડસેલ્યું. ચિત્તાના દાંતનો અને મારી ચામડી ફાટવાનો સણકો ધ્રૂજાવી જતો હતો. શરીરની લોથને મહાપરાણે મેં જીપમાં પડવા દીધી. સ્ટિયરિંગ પર હાથ ફેરવ્યો અને જીપ સ્ટાર્ટ કરવા ચાવી ઘુમાવી. મારા આશ્ચર્ય વચ્ચે જીપ ઘર્ઘરાટ સાથે સ્ટાર્ટ થઈ. જીપના ઘર્ઘરાટે જાણે મને ચીસો પાડવા પ્રેર્યો હોય તેમ મેં પ્રાણાન્ત ચીસો ફેંકવા માંડી. જીપ જાણે આ ચીસોના ઘર્રાટ સાથે લાલ મકાન આગળ આવી અટકી. અંદરથી મારી પત્ની દોડી આવી. મારી હાલત જોઈને એણે વિચારી લીધું હોય કે કોઈ અસામાન્ય ઘટના બની ગઈ છે. મને ખભો આપીને એણે ઘરમાં લીધો, કોચ પર ચત્તો સુવડાવીને એણે જોડેના ક્વાર્ટર્સ બાજુ દોડવા પ્રયાસ કર્યો, મેં એને અટકાવી. ઝડપથી બોલી નાખ્યું, 'ચિત્તાએ હુમલો કરીને મારા પેટને અને ગુહ્યાંગને ભયંકર ઈજા પહોંચાડી છે. હું બચી શકું તેમ નથી. માટે હું કેટલીક અગત્યની નોંધો કરાવું તે કરી લે. હવે સમય ઝાઝો નથી.' પણ..... પણ મારી પત્ની થોડાક કુતૂહલથી અને કિંચિત આશ્ચર્યથી મારા શરીર પર નજર ફેરવવા માંડી. એણે ખુરશી તાણીને મારી જોડે ગોઠવાતાં એક મોટા પ્રશ્નાર્થમાં એનો ચહેરો ગોઠવીને બોલવા માંડ્યું 'તમે આ જંગલમાં રહીને જંગલી જોક્સ કરતાં શીખ્યા ખરા !'

મેં કહ્યું, 'શાની જોક !'

એ કહે, 'શરીર પર ક્યાંય એક લોહીનું ટીપું નથી.....'

મેં કહ્યું, 'મને શું થાય છે તે તને કેવી રીતે સમજાવું !'

એ કહે, 'તમને શનિવારે 'બધું થવા માંડે છે, હવે–'

વચ્ચે કશુંક બોલી ઊઠ્યો,'બધું હોઈયાં કરી ગયો.'

પથારીમાં મારું તરફડવાનું ચાલુ જ હતું.

ફંફોસવું

ટ્રેન આવી અને ધૂંધવાઈ રહેલો જ્વાળામુખી ભભૂકી ઊઠયો. હાથ, પગ, ખભા, પેટી, બિસ્તરા, ડબ્બા, છત્રી અને કોલાહલના અરણ્યને વટાવીને હું ડબ્બામાં પ્રવેશી શક્યો ત્યાં સુધીમા તો અર્ધબેભાન જેવો થઈ ગયો હતો. મારાં કપડાં, વાળ, સ્વસ્થતા, બધું જ વીખાઈ ગયું હતું. જલદ શ્વાસોચ્છ્વાસ ભરવાની સાથે હવે કયાંક ઊભા રહેવા જેટલો વિસ્તાર શી રીતે મેળવવો તેની વિમાસણમાં હું ગૂંથાયો ત્યાં મારી પીઠ પર કશોક સ્પર્શ થયો. આમ તો હુ ચારે બાજુએથી ભીસાતો જ હતો– કોઈકના ધક્કા, કોઈકની કોણી, કોઈકની બેગનો ખૂણો, એ બધાંને જો પાર હોત તો શરીર મારું ક્યારનુંયે ચાળણી જેવુ બની ગયું હોત, પણ ભીસના એ થપેડાઓમાંથી અળગો જ પડી આવતો આ સ્પર્શ....! કશુંક જાણે મને ફંફોસી રહ્યું હતું, કશુંક મારામાં આધાર શોધી રહ્યું હતું. અડકતાં હતાં તો આંગળા, પણ એમા ધ્રુજારી હતી. કદાચ એ આંગળાંઓને ટેરવે જ આંખો આવીને બેઠી હતી. ડોકું ફેરવી હું પાછળ જોઉં તે પહેલાં તો કોલાહલનાં ઘટ્ટ પણ ગતિશીલ પડોને વીંધી એક અવાજ મારે કાને પડયો. ખરેખર એ અવાજ હતો કે ચોમાસાની અજંપ હવાના અણુઓને ફંફોસવા મથતો સ્વર ? પેલો સ્પર્શ અને આ અવાજ, એ બંને વચ્ચે અજબ એકરૂપતા સધાઈ હતી. બંને પોતીકાં લક્ષણ ગુમાવી માત્ર આંખોનું કામ કર્યે જતાં હતાં. ઘોંઘાટને કારણે શબ્દો પામતાં વાર લાગી અને જ્યારે એ પકડાયા ત્યારે તેમાં નરી સામાન્યતા હતી : "બાપલા, મારગ દિયો જાવાનો મુંને....." કે એવા જ કંઈક શબ્દો. હવે મેં પાછળ જોઈ લીધું હતું. મારી નજીક જ કમ્પાર્ટમેન્ટના બારણા પાસેની ભીડમાં એક ટગુમગુ ડોશી......હું એને અલપઝલપ જ જોઈ શકતો હતો– ભૂરો–ના ભૂખરો સાડલો, કાળો કબજો, ધોળા વાળ, પાતળા શરીરની કરચલિયાળી ચામડી, બોખું મોં, આંખોના દીવા રાણા અને–

મુંબઈના મરીન ડ્રાઈવ જેવા વિસ્તારમાં સાંજે ટ્રાફિકના પીક અવર્સ વેળાએ રસ્તો ક્રોસ કરવા માગતું કોઈ અટૂલુ બાળક મને યાદ આવી ગયું. મારા ખભા પરનો પેલો ફંફોસતો સ્પર્શ ઘેરો બન્યો અને એક ક્ષણે મે એ ડોશીનો હાથ પકડી લીધો. એણે એની મીચાઈ જતી આંખોને ઊંચકવાનો પ્રયત્ન કર્યો, મારી સામે જોયા કર્યું : ઓલવવા આવેલી મીણબત્તી જરાક સ્થિર થઈ ગઈ હતી. મેં ડોશીને હાથ પકડી આગળ કરી.. થપેડાઓમાંથી એને હવે જરાક કળ વળી લાગતી હતી. એ જાણે શ્વાસ વડે મનને કોરું કરતી હોય તેમ હાંફવા લાગી.

ટ્રેન ગતિમાં આવી એટલે પ્રવાસીઓનું શૌર્ય પણ સહેજ ઝોલે ચડયું એ તકનો લાભ લઈને

મે ડોશીને એક પાટલીની પાર પર બેસાડી દીધી. ખરેખર તો તે બેસવા અને ઊભા રહેવાની વચ્ચેની કોઈક સ્થિતિમાં હતી. હું એની નજીક જ ઊભો રહ્યો હતો, હલનચલન પણ મુશ્કેલ હતું. ડોશી ક્યાંય સુધી પથ્થરની પ્રતિમા કે માટીની ભેખડની જેમ બેસી રહી. દોડતી ટ્રેનથી સાવ બીજે છેડે જાણે એ હતી. સમય એક લાંબી મજલ કાપ્યા પછી જાણે થંભી ગયો હતો– એની કરચલીઓમાં, એના ધ્રૂજતા હાથમાં, એની આંખોની નિસ્તેજ મીણબત્તીઓમાં. ચારે બાજુની હવાથી એ સાવ અસ્પષ્ટ હતી– ભચડભચડ ખવાતો નાસ્તો, ઠંડાં પીણાંની ઊઘડતી બોટલો, ચાના છલકાતા કપ, ટીચાતાં પત્તાંની સરસરાહટ, ટ્રાન્ઝિસ્ટરની વાચાળતા, રાજકારણની સમીક્ષા, એ બધું જ એને અડયા વિના પસાર થયે જતું હતું. હું કશામાં ઓતપ્રોત થઈ શક્તો ન હતો. રેડિયોમાંથી રેલાતા ગીતની બે'ક પંક્તિ કે પત્તાંની રમતની ઉત્તેજના કે કોક રૂપાળા ચહેરાના લાવણ્યમા ખેંચાવા–ખોવાવાની થોડીક ક્ષણોનો છેડો ફરીથી ડોશી આગળ આવીને ખોડાઈ જતો. જાણે કોઈ લેવિશ હોટેલમાં ભોજનથાળ અને શરાબના પેગની પડખે ચાલતું કેબ્રે નૃત્ય જોતાં જોતાં દૃષ્ટિ બારીના કાચમાથી સડક પર ટળવળતા કોક ભિખારીના નાગાપૂગા બાળક તરફ...

પણ હવે ડોશી સહેજ સળવળવા લાગી હતી. ક્યાંય સુધી ભૂખરા સાડલાનો છેડો પકડીને સ્થિર થઈ ગયેલો એનો હાથ ધ્રૂજતો ધ્રૂજતો નીચે ઊતરવા લાગ્યો. મરેલી માછલી જેવા એના જડ, ઝાંખા, ફિક્કા ડોળા સહેજ ફરકવા લાગ્યા હતા. એનું બોખું મોં ધીમે ધીમે ઉઘાડબંધ થતું હતું. એણે ચારે બાજુએ ડોકું ફેરવ્યું. ડબ્બામાંના માનવીઓથી તે દોડતી ટ્રેનની બારીની બહાર વીંઝાયે જતા દૃશ્યોને પોતાની આંખોમાં સમાવી લેતાં તેને કેટલો બધો સમય લાગ્યો ! અને પરિશ્રમ પણ પડયો જ હશે, કેમ કે ફરીથી તે સ્તબ્ધ થઈ ગઈ– પવનને અભાવે થંભી ગયેલા મેલા તળાવની સપાટી જાણે પણ સ્થિગિતતાનો આ ગાળો ઝાઝો લંબાયો નહિ. એણે પ્રમાણમાં કંઈક સ્ફૂર્તિથી એનો જમણો હાથ પોતાની કમ્મર પર ખસેડયો. એ શું કરતી હતી એ હું કલ્પી શક્તો ન હતો. ખાસ્સી ક્ષણો સુધી એનો ડગમગતો હાથ એની કમ્મર પર વીંટળાયેલા સાડલાને પસવારતો રહ્યો-લૉકર ખોલતાં પહેલા કોઈક ધનિક હાથમાંની ચમકતી ચાવીને રમાડે એમ. પછી એણે બળ કરીને સાડલાની આંટીમાંથી કંઈક ખેંચી કાઢ્યું. એમ કરતાં એના હાથની ધ્રુજારી વધી પડી. વળી ધીમે ધીમે એનો હાથ ઊંચકાતો ગયો. મેં જોયુ : એના હાથમાં તપખીરની ડબ્બી હતી– કટાયેલી, ચમકવિહોણી–એની આખો જેવી. જમણા હાથના અંગૂઠા અને પહેલી બે આંગળીઓની વચ્ચે ચપસાયેલી એ ડબ્બી– જાણે મુગ્ધ યુવતીના હાથમાં નવજાત શિશુ. એણે એની ધૂંધળી આંખો વડે એ તરફ જોયું. તેજની આછી લકીર એમાં ખેંચાઈ આવી કે શું ? એનો હાથ, એનાં આંગળાં હવે સક્રિય બન્યાં. એણે ધી......મે ધી......મે ડબ્બીને આંગળીઓની વચ્ચે જ ફેરવવા માંડી. એનાં આંગળાં અને ડબ્બી વચ્ચે નિકટતાનો કશોક નાતો બંધાઈ ગયો હોય એમ લાગતું હતું. બંને જાણે એકમેકને આધારે હતાં. કતાઈ ગયેલી, કાળી ભઠ આંગળીઓ, એનિમિયાને કારણે નખ પર પડેલા ખાડા અને હથેળીની રેખાઓનું સાવ નિર્જીવ જાળું, એ સર્વેને તપખીરની ડબ્બીનું સાંનિધ્ય સાંપડ્યું–હું મોકળાશથી શ્વાસ પણ ક્યાં લઈ

શકતો હતો ? હાથમાં ડબ્બી પકડી રાખી ડોશીએ ફરી એક વાર ચારે તરફ જોયું—ફટોફટ ઊઘડતા નાસ્તાના ડબ્બાઓ, છૂટતાં પડીકાં, તીખી–મીઠી વાનગીઓની આક્રમક સુવાસ, બૂકડા મારતાં હાથ અને હાલતાં જડબાં, બારીમાથી કેળાની છાલ ફેંકાવી, કોલ્ડ્રિંકની બોટલ ફોડતી વેળાએ અવાજ થવો. પણ આ વખતે ડોશીની દૃષ્ટિ પ્રમાણમાં વેગથી આ બધાં દૃશ્યોને અને ધ્વનિઓ પર ફરી આવી અને પછી દરમાં દોડી જતાં સસલાની જેમ તરત જ તેનું સમગ્ર અસ્તિત્વ ડબ્બીને વળગી પડ્યું. હવે કદાચ એની ધીરજ ખૂટવા આવી હતી. એનાં આંગળાંઓ વચ્ચેની ડબ્બીની ફરવાની ગતિ વધી પડી. એના બોખા મોંની ડગડગનું પ્રમાણ વધ્યું. એની આંખોના પલકારા બેવડાયા. એના કપાળ પરની કરચલીઓ આછી–ઘેરી થવા લાગી. એના મુખ પર કદાચ એવો ભાવ અંકાયે જતો હતો– એ મારી કલ્પના પણ હોય કે આ મીઠાઇઓ અને ફરસાણ અને ઠંડાં પીણાં અને ગરમ ચા અને પત્તાં અને ટ્રાન્ઝિસ્ટર અને એ બધાંનો ખંગ ડબ્બીમાંની તપખીરના એક–બે સડાકાથી વળી જશે અને એમ સમય કપાઇ જશે. .. ડોશીના ચહેરા પર, એની આંખોમાં, એના હાથમાં, સર્વત્ર કશુંક મરણિયાપણું વર્તાતું હતું– ખજાનાની સોનેરી ચાવી ફેરવવા જતા પરીકથાના બાળકનું કુતૂહલ અને ગઢ પરની શત્રુની ભીસ વધતાં કેસરિયાં કરવા તત્પર બનેલા રજપૂતનું ઝનૂન.

અને એક ક્ષણે ડોશીએ ડબ્બીનું ઢાંકણ ઉઘાડી નાખ્યુ. એની ધુમ્મસઘેરી આંખો પણ ચકળવકળ થઇ ઊઠી અને એના નાકની કરચલીઓ તંગ બની ગઇ. એણે બીજા હાથની બે આંગળીઓ ડબ્બી ભણી લંબાવી અને " આ મારો હાથ છે. –મેં હુકમનો એક્કો નાખ્યો છે !" એક અવાજ ગરજી ઊઠ્યો, એક બરછટ હાથ ઊંચો થઇને વીંઝાયો. બીજી ક્ષણે ડોશીના હાથમાંની ડબ્બી નીચે ઊછળી પડી હતી. ફંફોસાવાની એક શાશ્વત પ્રક્રિયા ફરીથી શરૂ થઇ.

તડકો

એમ જ મનમાં આવ્યું અને ખુરશી પરથી ઊભા થઇ, વસંતરાયે હવાથી હલતા બારી પરના પડદાને ઉતારી લીધો. પડદો ઉતારવાની સાથે જ અધમણ તડકો આવતોકને ઓરડામાં પડ્યો. હવે શું કરવું ? વસંતરાયની ચામડી એવી નાજુક હતી કે પોષ મહિનાની મોડી સવારનો આટલો તડકો પણ એમનાથી ખમાતો નહોતો. ચામડી માંડી તડતડવા અને એની સાથે જ દાઝું–દાઝું થઇ ગયેલા વસંતરાયે બૂમો પાડવા માંડી :

" કોઇ ઘરમાં છે કે નહીં ? આ જુઓ, જુઓ અધમણ તડકો આવી પડ્યો છે, છેક મારા ઓરડામાં– ઝટ સાવરણી લાવો ને બહાર ફંગોળી દો.... "

વસંતરાયની બૂમો સાંભળીને તરલિકા દોડતી આવી– સાવરણી સાથે. " શું થયું બાપુજી, શું થયું ? "

"અરે બેટા, જો ને આ અધમણ તડકો......"

" તો તમે સાવરણી શું મગાવી ? સાણસી પણ નહીં સાણસો જોઇશે, સાણસો, બા, ઓ બા, ઝટ ઓચ્છવભૈના ત્યાંથી સાણસો લઇને આવ. તડકો ભરાઇ ગયો છે આપડા ઘરમાં....."

તરલિકાનો અવાજ આમેય મોટો હતો અને અત્યારે તો પરિસ્થિતિય પાછી તંગ હતી..... એટલે.. ..

તરલિકા કૂદકો મારી ખુરશી પર ચઢી ગઇ અને વસંતરાયને પણ કહ્યું : " બાપુજી, ઝટ પલંગ પર ચઢી જાવ...."

બિચારા વસંતરાય, ધોતિયું પગમાં લપટાયેલું તોય દોડ્યા, સહેજ પડવા જેવા થયા, પણ, પાછી જાત સમાલી લીધી અને ચઢી ગયા પલંગ પર.

"પગ અધ્ધર લઇ લો, બાપુજી, આ તો તડકો છે, તડકો..." અને તરલિકાએ એની બાને ફરી બૂમ પાડી : " બા...ડી. શું કરે છે ? સાણસો લઇને ઝટ આવને....."

બા કાને બહેરી તે સાંભળે કાંઇ નહીં, પણ, આપણા ઓચ્છવલાલના કાન, કહોને કૂતરા જેવા સરવા. આવું કહેવાય નહી." પણ, ઓચ્છવલાલ જાતે જ કહેતા હોય છે કે, " રાતદા"ડો આપડે જાગતા ને જાગતા, હો રાજ્જા. એક સહેજ સરખો સંચાર થાય અડધી રાતે તોય મારા કાન બહાર જાય નહીં, હો. મારા કાન કૂતરાથી ય ભારે ભૂંડા છે....."

તે ઓચ્છવલાલ તરલિકાની પહેલી બૂમે સાણસો શોધવા માંડ્યા ને બીજી બૂમે સાણસા સાથે હાજર થયા. આવતામાં જ ઓચ્છવલાલ પૂછે, " નાગદાદાએ દેખા દીધી છે ? "

નરસિકા કહે, " સાપ–સાપને તો કોણ ગણે છે ? એને તો પૂંછડીએ ઝાલીને ફંગોળી દઉં... આ તો જુઓને ઓચ્છવકાકા, આટલો બધો તડકો.... " એમ સાંભળતાં – સાંભળતાં ઓચ્છવલાલ બારણા પાસેથી ખુરશી પર સાણસા સાથે ચઢી ગયા.

" તો છોડી, કે'તી કે કેમ નથી તડકો આવ્યો છે ? સાણસાનું શું કામ છે ? હવે આટલામાં કોને ત્યાં માછલાં પકડવાની જાળ હશે – શી ખબર... તારી બાજુના ટેબલ પર ફોન છે..... ગભરાયા વગર તું ફાયર બ્રિગેડવાળાને ફોન કર ને કહે કે અધમણ જેટલો તડકો ઘરમાં ઘૂસી આવ્યો છે, તો માછલાં પકડવાની મોટી જાળ સાથે આવે.... ઝટ, ફોન કરને... તલ્લી.... "

વસંતરાય બિચ્ચારા ગાભરા – ગાભરા થઈ ગયા હતા. નરસિકાએ કંપતા હાથે ફાયરબ્રિગેડને ફોન કર્યો ને કહ્યું. " માછલાં પકડવાની મોટી જાળ લઈને આવો.– નરસિંહ એપાર્ટમેન્ટ, ટોલનાકા, અમદાવાદ–૨૨.... હા ગણેશ બિલ્ડિંગથી બે મિનિટને રસ્તે જ છે. પણ, ઝટ આવો હોં ભાઈ."

પણ, ત્યાં તો સામેથી રિસિવર મુકાઈ ગયું હતું. " તેં આ બારીનો પડદો કાઢ્યો ? તે તલ્લી ?"

ઓચ્છવલાલે પૂછ્યું. " ના રે ના, મારા બાપુજી... બીજું કોણ ? ઉંમર થાય છે એમ નાના ને નાના થતા જાય છે, બોલો ? "

નરસિકા બોલતી હતી એ દરમિયાન વસંતરાય ચૂપ જ રહ્યા હતા. " પણ આ પડદો બારીથી હટાવવાની જરૂર શી પડી તમારે ? તમે ય ખરા છો, પપ્પા, હોં વસંતરાય !"

ઓચ્છવલાલ સાણસો ખુરશી પરથી નીચે લબડાવતા બોલ્યા ત્યાં તો નરસિકાએ બૂમ પાડી, " ઓ ઓચ્છવકાકા, જુઓ તડકો ખસી તમારા ભણી આવે છે. જો, જો, સાણસો ઊંચે લઈ લો... "

અને સાથેસાથ તડકો પા–અડધો ઈંચ તો ખસ્યો જ હતો. નરસિકાના કહેવા સાથે જ ઓચ્છવલાલે સાણસો સટાક ઊંચો લઈ લીધો અને હાંફવા માંડ્યા.

"શું થશે નહીં ને મને ? " ઓચ્છવલાલે પૂછ્યું.

" હજી પાંચ ફૂટ આઘો છે તમારાથી, પછી ફિકર શું કરો છો કાકા ? " નરસિકાએ તો ઓચ્છવલાલને આશ્વાસન આપ્યું.

" પણ હજી બંબાવાળો કેમ ન આવ્યો ?" વસંતરાયે છેવટે જરા ના રહેવાયું એટલે પૂછ્યું.

" આવતો જ હશે... લ્યો, સાયરન સંભળાય છે બંબાની..." અને ઓચ્છવલાલના બાકીના શબ્દો બંબાની સાયરનમાં ડૂબી ગયા.

નરસિંહ એપાર્ટમેન્ટમાં આવતાં બંબાવાળાને વાર ન લાગી. ગણવેશ પહેરેલા ત્રણ જુવાનો દોડ–દૂધા આવી પહોંચ્યા. એકના હાથમાં માછલી પકડવાની જાળ હતી. બીજા પાસે પાણી છાંટવાની પાઈપ હતી– અને ત્રીજા પાસે ફાયરપ્રૂફ કપડાં હતાં. ફાયરપ્રૂફ કપડાંવાળા અફસર ઝટ ઝટ આવીને પૂછે " શું છે ?"

બીજો પૂછે, " આગ લાગી છે ? "

ત્રીજો કહે, " જવાબ આપો ને, થયું છે શું ?"

અને ત્યારે વસંતરાયે માત્ર આંખોથી, ઓચ્છવલાલે હાથની ચેષ્ટાથી, અધમણ તડકો ચીંધ્યો, જ્યારે તરલિકાએ જોરથી બૂમ પાડી, " જો, જો, બંબાવાળાભાઈઓ... અમારા ઘરમાં તડકો અને એ ય વધતો – ઓછો નહીં, એક સાથે અધમણ પડ્યો છે...."

" શું ? તડકો ? "

અને એની સાથે જ ત્રણેય લાયબંબાવાળા દોડતાક બંબે જઈ સાયરન વગાડતાં–વગાડતાં જાય નાઠા, જાય નાઠા.

ત્યાં તરલિકાનાં બા આટલી ધમાલનો આછો અણસાર સાંભળતાં વસંતરાયના ઓરડામાં આવ્યાં. તરલિકાએ ભયાનક ચીસાચીસ સાથે પોતાની બાને ચેતવી, "બા,' બા, ત્યાં બારીએ ના જતી."

વસંતરાય પણ હાફળા–ફાંફળા થઈ કહેતા હતા, " તમે સાંભળો છો તરલિકાની બા– ત્યાં તડકો છે .. "

ઓચ્છવલાલને તડકાથી દાઝીને ભડથું થઈ ગયેલા એકસાથે અનેક માણસો સાંભર્યા અને એમણે આંખો મીચી દીધી–"બિચ્ચારાં બ્હેરાં ભાભી.... આ તલ્લીને પૈણાવાના કોડ સાથે જશે... હે રામ.."

ફલશ્રુતિ :

આપમેળે વિચારજો, દૃષ્ટાંતકથાનો અંત,

પડદો કાઢી નાખતાં, રહેશે કોણ જીવંત ?

કાકાજીની બોધકથા

કર્ણાવર્તીનગરીના દુર્વાસાવતાર રાજા અવંતિસેનના રાજ્યમાં બનેલી કાચા પારા જેવી નિત્યસત્ય ઘટનાવાળી કથા, હે પુરજનો, સાંભળો :

અવંતિસેનના રાજ્યમાં સેવંતિલાલ નામનો વેપારી વાણિયો વસતો હતો. પોતાની પત્ની રમાને સેવંતિલાલ માતા બનાવી શક્યો નહિ, અને તેથી દંપતીએ સુખનો લાલભૂરાં પીછાંવાળો કાકાકૌવા પાળેલો. રમાગૌરીએ પોતાના એકાન્તને ભેળવી ભેળવીને કાકાજી (કાકાકૌવાને એ " કાકાજી" કહેતી) ને મનુષ્યવાણી મધુર મધુર રીતે બોલતાં શીખવેલું. સોનાના તો નહિ પણ સેવંતિલાલના ચમકતા કપાળ જેવા સાફ ચમકતા – માંજેલા પિત્તળના પાંજરે કાકાજી નિવસતો, ને રોજ, ઘરની વિજનતાને કિલકિલાવતો. અઠવાડિયાં અને મહિના, ચોમાસાં ને શિયાળા–ઉનાળા વીત્યા, તો યે કાકાજીની ભાષામાં ફરક ન પડ્યો. પણ એક તડકાવાળી સવારે રમાગૌરીએ ઋતુદર્શનની ગેરહાજરી સુખના સણકા સાથે ચોક્કસતાથી ભાળી, ને તે દિવસે કાકાજી પહેલી વાર બોલ્યા, સીતારામ... સીતારામ...

ને પછી હમેશાં કાકાજી માત્ર સીતારામ સીતારામ જ બોલતો, જાણે, એ શબ્દોને જ વારે વારે ચણતો ને ધરાયા કરતો. જેમ ચણતો તેમ રોજરોજ એનાં લાલભૂરાં પીછાંમાં નવી નવી ચમક ઊભરાતી. સવારે બજારમાં ભટકેલા સેવંતિલાલના ચિત્ત જેવો સૂરજ, થાકીને સાંજે કાકાજીને સુણવા ઘડીક થોભતો, ને પછી રમાના લાંબા બગાસાની જેમ પશ્ચિમના દરિયામાં ડૂબી જતો. કાકાજી કોઇ પણ પ્રશ્નનો કે વાતનો ઉત્તર કે ઊથલો સીતારામ સીતારામથી જ પડઘાવતો.

દસેક દિવસમાં જ પતિપત્ની કાકાજીના સીતારામ–સીતારામથી ત્રાસી ગયાં, એમને થયું કાકાજી આપમેળે ઊડી જાય તો સારું, સેવંતિલાલ પાંજરું ધોયા પછી જાણીજોઇએ પાંજરાનું બારણું ખુલ્લું રાખીને, આઘોપાછો થતો, પણ કાકાજી તો પાંજરાનો પ્રેમી. તે ઊડી જાય શાનો ? મુક્તિના દ્વારને ભોળિયો કાકાજી મૂઢતાથી જોઇ રહેતો, એની ગોળ આંખમાં પાંજરાના સળિયા ઓગળીને ધુમ્મસ બની જતા. અકળામણનો માર્યો કાકાજી ચીખી ઊઠતો સીતારામ સીતારામ. રમાને થતું પોતાના ઘરમાં ને પાંજરામાં પોતાના મનમાં ને ફળિયામાં કાકાજી નહિ, પણ સીતારામનો યંત્રજડ અવાજ જીવે છે, કાકાજીને કોઇ લઇ જાય.....

અને એક વૈશાખી બપોરે રમાના આંગણામાં સફેદ દાઢીવાળો સાધુ મા'રાજ આવી પૂગ્યો. સેવંતિલાલ ત્યારે ઘરમાં નહોતો. સાધુજીનાં દર્શનથી પ્રફુલ્લિત થયેલી રમાને સાધુજીએ માણસને

શોભે તેવા અચરજથી કહ્યું, કાકાકૌઆ બહુ સુંદર છે બાઇજી. ને કાકાજીને લહેકાથી પૂછ્યું, તમારું નામ શું છે છે ? જવાબ મળ્યો, સીતારામ સીતારામ. સાધુજીને થયું બાઇ બહુ ધાર્મિક સ્વભાવની લાગે છે. પીંજરા પાછળ, કાંડા પર હડપચી ટેક્વી મરક હસતી જરી ખિન્ન ખિન્ન લાગતી રમાને જોઇ સાધુની આંખ આકાશ લગી ઊછળી આવી. ને પૂછ્યું, તમને શું ભાવે કાકાજી ? જવાબ મળ્યો સીતારામ, સીતારામ. સાધુજીની પાંપણ કંઇક વહેમથી પળેક પલકી, ને ફરી પૂછ્યું, તમને મારી સાથે આવવું ગમે કાકાજી ? જવાબ મળ્યો, સીતારામ, સીતારામ... રમાએ વગરપૂછે સાધુમારાજને ભળાવી દીધો.

હવે કાકાજી સાધુજીને ત્યાં ઝૂલે છે કુટીરમાં, વગડામાં સૂકી નદીને કિનારે લોખંડના તારના પીંજરામાં, સાધુજી બહુ લાડ કરે છે કાકાજીને, કુટીરને કૂવેથી પાણી કાઢી નવરાવે છે. બાજરાનો લોટ ખવરાવે છે ને લીલાં કચ મરચાં ચબાવે છે. કાકાજીને વગડાઉ પવન હવે ખૂબ ભાવે છે અને જાણે પાણી પીતા હોય એમ ક્યારેક ચાંચ ખુલ્લી રાખી નદીનીસ્ના પર્વત પાછળથી આવતા હલકા પવનને પીએ છે. આવી ક્ષણે સાધુજીને વગડાની ભેંકાર વિજનતા ધડકાવી દે છે– કશાક દર્દના સણકાથી સાધુજીને વિમાસણ થાય છે મનમાં, કે શું આખી જિન્દગી આમ જ વીતી જશે...? ત્યાં તો કાકાજી મોટો કિલકિલાટ કરી જોરથી પાંખો ફફડાવે છે. હરે હરે બોલતા બધી ચિંતા વિમાસણ ખંખેરતા સાધુજી પ્યારથી – કાકાજીને શીખવે છે, બોલો કાકાજી–તમારું શું નામ ? જવાબ મળે છે, કાકાજી• તમારાં માતાપિતાનું શું નામ ? જવાબ મળે છે –સેવંતિલાલ.. રમાગૌરી.... તમને મરચાં કોણ ચબાવે છે ? જવાબ આવ્યો, તમે સાધુજી. આજે ક્યો વાર છે ? રવિ. આ તે કઈ ઋતુ છે ? વસન્ત... બોલો કાકાજી બધા સવાલ ને બોલો જવાબ. કાકાજી સવાલ જવાબ બોલવા માંડે છે.

ગમતુ ગમતું કાકાજીનુ બોલવું ધીમે ધીમે સાધુમારાજને અણગમતું અણગમતું થાય એટલા માસ પસાર થયા, ને એક દૂબળી ઘડીએ કાકાજીને સવાલ પૂછવાનો, સાધુજીને કંટાળો આવ્યો. કટાળીની ટશર ફૂટી તે પહેલાં સાધુજી પોતે જે બેદરકારીથી દાતણ કરતો તે બેદરકારીથી કાકાજીસંગે વાતો કરતો, પર્ણ એને એમાં લગીર ખુશામત લાગેલી... કંટાળાની ટશરમાંથી અંતે અપ્રેમની કૂપળ ફૂટી. ને એક સવારે પાંજરું ખુલ્લું રાખી સાધુજી શહેરમાં ભીખ માગ ના હાલી નીકળ્યો. પણ કાકાજીને પાંજરાના બારણાના માપનું ભૂરું આકાશ આકર્ષી શક્યું નહિ. સાંજે પાછા ફરેલા સાધુજીના ચિત્તમાં મીંડુ દોરાયું, કાકાજીને કોઈ લઈ જાય... ને તુરત, ક્યા બળે કાકાજી ક્ળી ગયો એ મીડાને, ને બોલવા મંડ્યો બસ સીતારામ સીતારામ... સવારે કાકાજી સૂરજનું અજવાળું ન્હાવા કરતો'તો ત્યાં સાધુએ ખોટા વહાલથી પૂછ્યું, તો તેનો ઉત્તર ને ત્યાર પછીના બધા સવાલોના ઉત્તર, ને વાતોના ઊથલા કાકાજીએ સીતારામ સીતારામથી આપ્યા, પણ શું થયું ? સીતારામ સીતારામ રિસાઈ ગયા ? સીતારામ સીતારામ... સાધુજીએ આ ક્ષણે જે થૂંક ગળે ઉતાર્યું તેમાં કશીક ગુનાહિતતાની ભીનાશ ભળેલી હતી.

ને એક વૈશાખી બપોરે વાંકળી કાળી ભમ્મર મૂછોવાળો લાલ આંખથી અગન ઝરતો કારતૂસનો હાર પહેરેલો બરકંદો બંદૂકબાજ ડાકૂ માનસિંહ આવ્યો. દોડતો આવ્યો કુટીરના લીપણવાળા આંગણામાં જાણે ઘોડો હાંફે. સાધુજીએ ડાકૂને કુટીરમાં ગોપવ્યો, ને સવાર લગી એ સિંહ અંધારું ફાકતો પડ્યો રહ્યો. સવારે જવાને સમે એણે કાકાજી અને એનું સીતારામ જોયું, ખુશ થઈ ગયો. સીધું જ કહ્યું મને કૌવો આપી દો મા'રાજ. ને હેં હેં કરી, પૂરી ઇચ્છાનું અનિચ્છાના આવરણમાં પડીકુંવાળી ચતુરાઈભરી ઝડપથી સાધુજીએ કાકાજીનું પાંજરું માનસિંહને ઉતારી આપ્યું. "સીતારામ" નો એક અદ્‌ભુત કલશોર મચી ગયો ને ત્યારે માનસિંહની તીખી લાલ આંખે એક વિચાર લખાઈ ગયો–બાવા હારે પંખી બચાડું ભોળવાણું હોશે... માનસિંહે હવે ખીણની પથરાળ ગુફાના પોતાના રહેણાકમાં પીંજરું લટકાવ્યું છે, ને કાકાજી નવી ઠંડી ઊંડાણવાળી હવામાં હેવાવા માંડ્યો છે. પણ કાકાજીને નિયમિત ભયાનક એકલતાનું આકાશ તાક્યા કરવું પડે એવી માનસિંહની ગેરહાજરી હોય છે. કાકાજીનો જીવ મૂંઝાય છે, કાથી ભરેલા ખાટલામાં માનસિંહ જાણે થાક અને લૂંટની નિષ્ફળતાની તળાઈમાં નમતી બપોરે ચૂંગી ફૂંક્તો હોય છે, ત્યારે કાકાજી કલકલે છે. ઉત્સાહ અને હતાશાનું મિશ્ર કકલાણ. એક દિવસ આકાશ ભણી ફેલાતી ચૂંગીની ધૂણીની વેલમાં માનસિંહ કશીક અસારતા ભળાતાં બેઠો થઈ જાય છે. તમને અહીં ગમે છે કાકાજી ? જવાબ મળે છે, ગમે છે. સાધુજી યાદ આવે છે ? આવે છે હું નથી હોતો ત્યારે ગમે છે? નથી ગમતું એવો જવાબ કાકાજી લગીરવારની ચુપકીદી પછી આપે છે. માનસિંહ દયા, ચીડ, ક્રોધ, પ્રેમ વગેરે મિશ્ર ભાવોનો માર્યો કાકાજીને હથેળીમા લઈ હાથ ઊંચા કરી બરાડી પડે છે, જાઓ... બંદૂકમાંથી ગોળી છૂટે ને ખીણમાં એનો ગોળ પડઘો પડે એવો "જાઓ"નો પડઘો પડે છે, પડઘો પૂરો થાય છે ત્યારે કાકાજી લીંબોઈના ઝાડની ઊંચી ડાળે હતો- જાણે ચીતરેલો...

પછી ઘણા દિવસ થઈ ગયા...

હવે કાકાજી અવંતિસેનના અંતઃપુરમાં સોનાના પાંજરે ઝૂલે છે. ઊંચી અટારીની સામેની ભૂરી ટેકરીઓનો હલકો પવન એનાં પીછાની ધારને ક્યારેક ફરકાવે છે. કાકાજીને રાજા રમાડે પ્રધાન રમાડે રાણી રમાડે દાસી રમાડે....અવંતિસેન પોતાની તર્જનિકાનું ટેરવું રોજ કાકાજીની ચાંચમાં દબાવરાવ્યા પછી જ દરબારમાં જાય છે, તો પટરાણી પોતાના પાનના બીડામાંથી અરધું કાકાજીને ખવરાવે છે. સૌને ઘણું સુખ છે. કાકાજી પણ સુખ નામનું મરચું ઇચ્છા હોય તો જ ખાય એવી મોજમાં છે... .પણ પૂર્ણિમાના વ્રતને દિવસે એક વાર વળી પાછો એનો જૂનો રોગ જાગ્યો. બધું ભૂલીને બસ બોલવા મંડ્યો, સીતારામ... સીતારામ... અટારીમાં ચન્દ્રપૂજા કરી પાછી ફરેલી રાણી આખા બનાવથી ઉદાસ બની ગઈ, વ્રતની સાત્વિક ઉદાસીમાં આ નવી ઉદાસીની કાલિમા ભેળવાઈ ગઈ. રાણીએ રાજાને પહેલાં વાત અને પછી ફરિયાદ કરી. ત્યારે એને બરાબર યાદ હતું કે રાજા અવંતિસેન ક્રોધનું પૂતળું છે.

સ્વાભાવિક જ અવંતિસેને પ્રધાનજીને કારણ પૂછ્યું કે કાકાજી સીતારામ સીતારામ જ બોલતો કેમ થઈ ગયો, શું થયું એને ? પ્રધાનજીએ કાકાજીને પૂછ્યું શું થયું કાકાજી, શેં રિસાયા રે તમે ? બધાના જવાબ : સીતારામ, સીતારામ, રાજા-પ્રધાને દરબારીઓને કારણ પૂછ્યું, દરબારીઓએ નગરજનને પૂછ્યું. વધારામાં કર્ણાવતીમાં અવંતિસેનના પ્રધાને ઢોલીઓ પાસે ઢંઢેરો પિટાવરાવ્યો કે જે કોઈ, કાકાજી બીજું બોલતો બંધ કેમ થયો ને સીતારામ કેમ બોલતો રહ્યો તે કોયડો શોધી લાવશે તેને રાજ તરફથી સો સુવર્ણમહોરોનું ઇનામ અપાશે. પણ કોઈ ના આવ્યું. સેવંતિલાલ કે રમા, માનસિંહ કે સાધુજી કોઈ ન આવ્યું.

અવંતિસેનના મગજમાં સંતાયેલી ક્રોધની જામગરી ધીમું જલવાનું શરૂ કરવા લાગી. પોતાના દુર્વાસાવતાર માટે સુકીર્તિત અવંતિસેન પ્રધાનજીની હાજરીમાં પલંગ પરથી ઊછળીને તાડૂકી પડ્યો, દૂર કરો આ દુષ્ટ પંખીને.......એના અવાજના જવાબરૂપે પટરાણી, બીજી રાણીઓ, દાસીઓ, પ્રતિહારો બધાં દોડી આવ્યાં પટરાણી સિવાયનાં સૌ ઝૂકી પડ્યાં. કાકાજી પીંજરામાં કાકકૌવાનું નાનકડું બચ્ચું બની ગયો, ને ઝીણી ગોળ કીકીઓ આમતેમ ઘુમાવતો રહ્યો. એની ચોમેરનું વાતાવરણ અવંતિસેનના ક્રોધનું બનેલું હતું, રાજાના તીક્ષ્ણ ક્રોધની અણી પોતાની ઘરડી ઘરડી મુઠ્ઠીમાં દબાવતો પ્રધાનજી કહે, રાજન શાન્ત થાઓ, આ પંખી છે. એની બે ઉક્તિઓની વચમાં દાસીએ ઘૂંટણીએ પડી રાજનને ચાંદીના પ્યાલામાં જલ પાયું.....એ જલના પ્યાલામાં પડવાનો અવાજ સૌને સંભળાયો હતો. આટલી ક્ષણોમાં તો, નીચે દરબાર-ગઢમાં દરબારીઓ, કર્ણાવતીના પુરજનો અને સેવંતિલાલ-રમાગૌરી તથા સાધુજી અને ડાકુમાનસિંહ જમા થઈ ગયા. સૌ ઉન્નત મસ્તકે અંતઃપુરની અટારીમાં રાહ જોતાં ઊભાં હતાં, શું થશે ? તે સમયે આકાશ વાદળછાયું હતું. તડકો દેખાતો નહોતો ને વાતાવરણમાં "બહુ ઘામ થાય છે " એવો ભાવ હતો.

પ્રધાન બોલતો હતો, નૃપતિ, હું કાકાજીને શીખવીશ, આપ શાન્ત થાઓ પણ અવંતિસેન ક્રોધની ઝડપથી બળવા લાગેલી જામગરીને રોકી શક્યો નહિ. અંતઃપુરની નીલી દીવાલ પર લટકતી બંદૂક એણે ઉપાડી, ને ખમા ખમા કરતાં રાણી-પ્રધાનને હડસેલી ક્ષણમાં જ એણે પીંજરું તાક્યું..... બીજી ક્ષણે અવાજ થયો. પાંજરું નહોતું, છતમાં લટકતી એની ઉપલી સાંકળ હાલતી હતી. દરબારગઢના ચોકમાં ધબ ફંગોટાયેલ પાંજરામાં, કાકાજી લીલાભૂરાં પીછાંવાળો લોહીમાંસ હાડકાંનો લોચો હતો. સૌ નીચે કાકાજીને જોઈ રહ્યાં. સૌ ઉપર રાજા અવંતિસેનને જોઈ રહ્યાં.

ત્યારે એક અવાજ સંભળાયો હતો, સીતારામ સીતારામ........પણ એમાં કાકાજીના કંઠનું પંખીપણું હતું નહિ.....

મારી નગરીના હે પુરજનો, અવંતિસેનની આ કથા, કાકાજીને નામે કર્ણાવતીમાં આજે પણ કથાય છે. તમને મેં એ હેતપૂર્વક સંભળાવી છે, અને છતાં સંભળાવવાથી વિશેષ કોઈ હેતુ અહીં હતો નહિ.....

નગરનાં વૃક્ષો

શહેરમાં બધું બરાબર હતું. રાત્રિના સમયે તેજથી ઝળહળાં થતાં, જાણે અંધકારને હસતા, સ્વચ્છ રસ્તાઓ આંખને આંજી નાખે તેવા હતા. ઊંચાં મકાનો અને તેના રસ્તાઓ પર નજર માંડી રહેતા ઝરૂખાઓને આગંતુકો કુતૂહલથી જોતા.

ચારે તરફ સ્થાપત્યના આકર્ષક નમૂનાઓ જેવાં મકાનો શોભતાં હતાં. તેની અગાશીઓમાં બાળકો રમતાં. મકાનો સામેનાં વૃક્ષોની નીચે હીંચકાઓ પર બેસી યુગલો દામ્પત્યજીવનનો લ્હાવો લેતાં. જેને ઘરઆંગણે આવી સુવિધા નહોતી તે કુટુંબો ઉદ્યાનોમાં જતાં ને આનંદ મનાવતાં.

આ શહેરમાં એક સવારે, જ્યારે કેટલાક લોકો નોકરીએ કે કામધંધે પહોંચી ગયા હતા ને કેટલાક જવા માટે તૈયારી કરતા હતા ત્યારે એક મકાનના માણસે સામેના વૃક્ષ પર કશોક સળવળાટ જોયો.

તે બહાર આવ્યો ને તેણે બારીકાઈથી જોયું. તે આશ્ચર્ય પામીને મનોમન બોલ્યો, 'સાચે જ આ તો વાંદરો છે.' પછી તેણે આસપાસ નજર કરી. ઘણાં મકાનોમાંથી માણસો તેમની સામેનાં વૃક્ષોનાં પાંદડાં તોડીતોડીને ખાતાં નિહાળી રહ્યા હતા.

તે માણસે ઘરમાં રમતા પોતાના બાળકને કહ્યું, "જો, બહાર આવ. તને વાંદરો બતાવું !"

"વાંદરો ? અહીં ?" તેની પત્નીએ પૂછ્યું.

"હા, અહીં આવ્યાં છે."

તેની પત્ની પણ વાંદરાને જોવા બહાર આવી. અંદર રમતાં બે છોકરાં પણ બહાર આવ્યાં. તેમાંના એકે પૂછ્યું, "પપ્પા, આપણે ઝૂમાં જોયાં હતાં તેવાં જ છે આ ?"

"બેટા ઝૂમાં તો ઘણી જાતનાં વાંદરાં હતાં. આ તો, આપણી તરફનાં ગામડાંમાં થાય છે તેવાં કાળાં મોઢાનાં વાંદરાં છે."

બેબી બોલી, '"અમારે વાંદરો ને મગરનો પાઠ ભણવામાં છે." આટલા સમયમાં તો ઘણાં બધાં છોકરાં મકાનોની બહાર આવી ગયાં હતાં. તેમાંનાં કેટલાંક "એ....ઈ વાંદરો" "જો એની પૂંછડી કેટલી લાંબી છે ? "પેલી વાંદરીએ બચ્ચાને કેવું તેડ્યું છે ? "ઝાડનાં પાંદડાં ખાય છે !" વગેરે બોલી આશ્ચર્ય વ્યક્ત કરતાં હતાં.

એક છોકરાને તોફાન સૂઝ્યું તેણે રસ્તા પર પડેલો નાનકડો પથ્થર લઈને વાંદરાને માર્યો. વાંદરાએ મોટેથી 'હૂપ' અવાજ કર્યો ને ઝાડ પર કૂદવા લાગ્યો.

આ જોઈ છોકરાં ગભરાઈને પાછાં મકાનમાં પેસી ગયાં પણ પછી ધીરે ધીરે બહાર આવ્યાં ને જે મળ્યું તે વાંદરાઓને મારવા લાગ્યા.

પહેલાં મોટો વાંદરો ઝાડ પરથી કૂદકો લગાવી મકાન પર પડ્યો. તેની પાછળ પાછળ વાંદરાઓની આખી ટોળી જવા લાગી. તે જોતાં એક બાઈ ગભરાઈને બોલી :

"હાય, હાય, મેં તો અગાશીમાં ચોખા ને દાળ સૂકવ્યાં છે." તેણે જોયું કે વાંદરાં તે ખાતાં હતાં. તેનો પતિ નોકરીએ ગયો હતો ને ઘરમાં બીજું કોઈ હતું નહીં. તેણે પાડોશીના છોકરા સુનીલને કહ્યું : "સુનીલભાઈ, જરા અહીં આવોને. આ વાંદરાં મારી અગાશીમાં ચઢી ગયાં છે તે ખાઈ જાય છે." સુનીલ બહાદુરી બતાવતાં અગાસીમાં જવા તૈયાર થયો. તેની મમ્મીએ ઘરમાંથી બૂમ પાડી કહ્યું, "એમ ખાલી હાથે વાંદરાં સામે ન જવાય. એ તો ખીજે ભરાય તો મારે કે બચકાંયે ભરે."

આ સાંભળી સુનીલનો ઉત્સાહ તો ઓસરી ગયો હતો છતાં પોતે ન જાય તો તે ડરી ગયો એમ દેખાય. સામેના મકાનમાંથી નલિની જોઈ રહી હતી. હમણાં થોડા સમયથી તેમની વચ્ચે તારામૈત્રક રચાતું.

સુનીલે ઘરમાંથી પાઈપનો નાનકડો ટુકડો શોધી કાઢયો ને તે ખખડાવતો ખખડાવતો અગાશીના છેલ્લા પગથિયા સુધી પહોંચ્યો.

તેણે ઉપરનું દૃશ્ય જોયું. વાંદરાં ચોખા ને દાળ તો ખાઈ ચૂક્યાં હતાં. આખી અગાશીમાં તેના દાણા વેરાયેલા પણ હતા. જે કપડામાં તે સૂકવ્યા હતા તેના લીરા કરી વાંદરાઓ આમતેમ દોડી ખેલતા હતા.

તેણે પાઈપનો ટુકડો જોરથી ખખડાવ્યો ને બૂમ પાડી : "ભાગો અહીંથી."

પણ તેની સામે જોઈ મોટા વાંદરાએ દાંતિયું કર્યું. તેનું વિકરાળ રૂપ જોઈ સુનીલના પગ ધ્રૂજવા લાગ્યા. પરંતુ ખાવાનું ખતમ થઈ ગયું હોઈ તે કૂદીને બીજી અગાશીમાં જતો રહ્યો. તેની પાછળ પાછળ બીજાં વાંદરાં પણ જવા લાગ્યા.

આ જોઈ સુનીલના પગ સ્થિર થયા. તેના ગળામાંથી અવાજ નીકળી શક્યો.

જોકે હજી તે અગાશીમાં આગળ વધ્યો ન હતો. પણ અગાશીમાં વાંદરાનાં નાનાં બચ્ચાં સિવાય બીજું કોઈ નહોતું તેથી તેણે હિંમત વધારી આગળ જવા માંડ્યું. તેને જોઈ બચ્ચાં નાસી ગયાં.

જાણે મોટો વિજય મેળવ્યો હોય તેમ તે ઉપર ગયો. ફાટેલું કપડું અગાશીમાંથી તેણે બધાને બતાવ્યું. બધાં હસવા લાગ્યાં. તેમાં નલિની પણ હતી. સુનીલને લાગ્યું જાણે તેણે કશુંક પરાક્રમ કર્યું છે.

વાંદરાઓની ટોળી આમ શહેરમાં ફરવા લાગી. જેના મકાનની પાસે ઝાડ હતાં ત્યાં તે પડાવ નાખતી. લોકો તેનાથી હેરાન પરેશાન થઈ જવા લાગ્યા.

લોકો વાતો કરતાં હતાં, "લો, સરકાર કહે છે કે વૃક્ષારોપણ કરો ! આ તો એક ન્યૂસન્સ છે. ઝાડ હોય તો વાંદરાં આવે."

"મારા ઘર પરનાં મેંગલોરી નળિયાં બધાં ફૂટાફૂટ કરીને ભાંગી નાખ્યાં," બીજાએ કહ્યું, "આ તે કાંઈ જેવો તેવો ત્રાસ છે ! મારા ઘરની બારી પર બેસી, બારીમાંથી અંદર હાથ નાખી છાબડીમાંથી બટેટા લઈ ખાઈ ગયા."

"મારા રસોડામાં પેસી ગયા ને એણે પૂરીનો લોટ બાંધ્યો હતો તે આખો લોટનો પિંડો જ લઈને જતા રહ્યા."

"અમે તો ઘર સામે બગીચો કરેલો, તેમાંના શાકભાજીના છોડ બધાં ખાઈ ગયાં- બગીચો સાફ કરી નાખ્યો."

"અમારે તો ચીકુડી પર કેવાં સારાં ચીકુ આવ્યાં હતાં. આખી સિઝન ખરાબ કરી."

"પણ મને એ સમજાતું નથી કે શહેરમાં વાંદરાં ક્યાંથી આવે ! કોઈ જોનાર જ નથી રહ્યું. ચારે તરફ બધે અંધેર છે."

"શહેરમાં વાંદરાં ફરતાં હોય તેવું કદી સાંભળ્યું છે ?"

બીજાએ હસતાં હસતાં કહ્યું, "હા. સાંભળ્યું છે ને ! રામાયણની લંકા નગરીમાં વાંદરાં ફરતાં હતાં."

"ત્યારે લંકા નગરીનો નાશ થયો હતો એ પણ યાદ રાખવા જેવું છે."

"આપણે કાંઈક કરવું જોઈએ."

"એમ કરીએ, મેયરને ફોન કરીએ."

"છાપાંમાં ચર્ચાપત્રો લખીએ. જરૂર તેની અસર પડશે."

"આપણે લખીએ–શહેરમાં વાનરોએ મચાવેલો તરખાટ."

શહેરમાં ઠેરઠેર લોકો આવી ચર્ચા કરતા. આ તરફ વાનર–ટોળાં ખાસ કશી રોકટોક વિના શહેરના જુદા જુદા વિસ્તારોમાં ફરતી જાય એક જગ્યાએથી પરાણે કાઢે તો બીજે પેસી જાય.

અસ્મિતા તેના બંગલાના કમ્પાઉન્ડમાં આમતેમ ટહેલતી હૂંફાળા તડકામાં વાળ સૂકવતી હતી. તેનો પતિ શશાંક ઑફિસે ગયો હતો. તેનાં સાસુ મંદિરે ગયાં હતાં. ઘરમાં તે અને તેનો છેક માસનો પુત્ર કર્દમ બે જણ જ હતાં.

કર્દમ હમણાં જ દૂધ પી પારણામાં પોઢ્યો હતો. અસ્મિતાએ કેસેટ-પ્લેયર પર લોરી ગીતો મૂક્યાં હતાં, તે વાગતાં હતાં. તેની ધૂન અસ્મિતા ગણગણતી હતી.

તેની પ્રસન્નતાના છોડને મૂળથી ઉખેડી નાખતી એક ચીસ વાતાવરણમાં ગાજી. ચારે તરફથી એક મોટો શોરબકોર તેને સંભળાયો. તે અવાજોની વચ્ચે એક પરિચિત રુદનનો અવાજ હતો.

તે હાંફળીફાંફળી ઘર તરફ દોડી. લોકો એના નામની બૂમો પાડતા હતા, "અસ્મિતા બહેન ક્યાં છે ?"

તેણે લોકો તરફ જોયું. તેની દૃષ્ટિમાં ગભરાટ હતો. એક શ્વાસે કોઈક બોલી ગયું, "તમારા કર્દમને વાંદરા ઉપાડી ગયા !"

"હાય હાય !" કહેતા તેણે પારણા તરફ જોયું. આછા પવનમાં ખાલી પારણું હાલતું હતું. લોરીના ગીતની કેસેટ વાગતી હતી. પેલા માણસે કહ્યું : "જુઓ ત્યાં ઝાડ પર તમારા કર્દમને લઈ વાંદરો બેઠો છે."

તે જોતાં અસ્મિતાને ચક્કર આવી ગયા. કર્દમ ચીસો પાડી રડતો હતો. પાડોશીઓ દીવાલ કૂદી તેના બંગલામાં આવી ગયા હતા.

અસ્મિતાના મોઢા પર પાણી છાંટી તેને ભાનમાં લાવવામાં આવી.

એક જણે કહ્યું : "લાકડી હોય તો લાવો"

"આપણા ઘરમાં લાકડી ક્યાંથી હોય !"

"મારા ઘરમાં છે !" ત્રીજો બોલ્યો, "પણ તેનાથી ઝાડ પર બેઠેલા વાંદરાને તમે શું કરો ?"

છોકરાં પથ્થર મારવા તૈયાર થયાં હતાં. તેમને મોટાઓ રોકી રાખતા હતા.

"તમે મારશો તો એ કાં તો કર્દમને લઈને દૂર ભાગી જશે અથવા તો તેને ઝાડ પરથી નીચે ફેંકી દેશે. બન્નેમાં આપણને તો નુકસાન જ છે."

"તો શું કરવું ?"

"ભાઈ, તમે ગમે તેમ કરી મારા કર્દમને બચાવી લો." રડતાં રડતાં અસ્મિતા બોલી. "મારા કર્દમનું શું થશે ?"

"બહેન, તમે ચિંતા ન કરશો, આપણે કંઈક ઉપાય કરીએ છીએ. આ તો વાંદરાં કહેવાય. કાંઈક ખોટું પગલું ભરાય તો આપણા હાથમાંથી છોકરું જ જાય."

"ના, ના. એવું કાંઈ ન થવા દેશો"'

એક પાડોશી સ્ત્રી બોલી, 'બિચારાં અસ્મિતાબહેનને સુવાવડમાં પણ કેટલી તકલીફ પડેલી. સિઝેરિયન ઓપરેશન કરીને કર્દમનો જન્મ કરાવેલો"

"મારા કર્દમને કશું થશે તો નહીં ને ? !" અસ્મિતાએ વિહ્વળતાથી એક સ્ત્રીને પૂછ્યું.

પાસે ઊભેલા એક ભાઈએ કહ્યું, "અમે કોશિશ કરીએ છીએ."

"હું એમને ફોન કરીને બોલાવું"' કહેતાં અસ્મિતા ઘરમાં દોડીને પરાણે ફોન જોડી તેણે શશાંકને જણાવ્યું, "શશાંક, પ્લીઝ. જલદી ઘેર આવી જા. આપણા ઘરમાં વાંદરાં પેસી ગયેલાં છે."

"તેમાં શું થઈ ગયું !"

"નહીં, નહીં. એ આપણા કર્દમને ઉપાડી ગયાં છે."

"મજાક નહીં કર."

"નો જોક, સિરીયસલી સ્પિકિંગ. જલદી ઘેર આવી જા. આપણા કમ્પાઉન્ડમાં ઘણાં બધા માણસો ભેગાં થઈ ગયા છે. શું કરવું તે સમજાતું નથી. વાંદરાં ઝાડ પર બેઠાં છે. કર્દમ ચીસાચીસ કરતો રડે છે. મને હરેક પળે એમ થાય છે કે હમણાં બેભાન થઈ ઢળી પડીશ"'

"તું જરાક બોલ્ડ થા. હું હમણાં જ આવું છું."

ફોન મૂકી અસ્મિતા દોડતી બહાર આવી. બહાર લોકો એક યુક્તિ અજમાવી રહ્યા હતા. દરેક પોતપોતાના ઘરમાંથી ફળ ને એવા બીજા ખાદ્યપદાર્થો લાવી ઝાડ નીચે મૂકતા હતા. વાંદરાં તે લેવા નીચે આવે ને કર્દમને મૂકી ખાવાનું લે તેવી તેમની સમજ હતી.

અસ્મિતા ત્યાં આવતાં તેમાંના એક માણસે, જેને આ વિચાર સૂઝ્યો હતો, તેણે કહ્યું, "તમે પેલી વાંદરા ને ટોપીવાળાની વાર્તા વાંચી છે ? તેમાં આવું જ થયેલું"

અસ્મિતાએ કહ્યું, "તેમાં તો ટોપીઓ હતી. તે ઉપરથી પડે તો કાંઈ ન થાય. મારો કર્દમ તો....."

આગળ તે ન બોલી શકી. તેની આંખમાથી આંસુ વહેવા લાગ્યાં. બધી આંખો તે વાંદરા તરફ મંડાયેલી હતી જેણે કર્દમને તેડીને છાતીએ લગાડી રાખ્યો હતો.

એક જણે ધીરેથી બીજાને કહ્યું, "ઈ વાંદરી છે. કર્દમને છાતીએ લગાડી છાનો રાખવા પ્રયત્ન કરે છે."

"સાલું અજબ છે ને !"

તેમની યુક્તિને નિષ્ફળ જતી જોઈને એક ઉંમરલાયક માણસે કહ્યું "ભાઈ, કોઈક ઝૂમાં ફોન કરો, પોલીસને ફોન કરો, કોઈક ફાયર–બ્રિગેડને ફોન કરો. તેઓ કદાચ ઉપાય કરે.....નહિંતર આ નાનું છોકરું રડીરડીને મરી જશે."

'એ એકદમ ડરી ગયો હોય તેમ લાગે છે, નહીં ?' અસ્મિતાએ રડતાં રડતાં પૂછ્યું.

"વાંદરાને દૂરથી જોઈને આપણે ડરી જઈએ તો બિચારા નાના છોકરાનું શું ગજું ? એના નખ કેવા મોટા હોય છે ને એમનું મોઢું કેવું વિકરાળ હોય છે !"

"ને આખા શરીરે મોટી રુવાંટી"

"હાય હાય ! મારા છોકરાને આ શું થયું ? કર્દમ, બેટા કર્દમ. અરે એક બચકું ભરી લે. મારી આંગળીએ તે દિવસે ભર્યું'તું તેવું બચકું ભરી લે. એ તને નાખી દેશે તો હું તને ઝીલી લઈશ," અસ્મિતા બોલતી હતી.

ટોળામાંથી એક જણે ઘરની અંદર જઈ બધે ટેલિફોન કરી જણાવ્યું. અસ્મિતાનાં સાસુ મંદિરેથી આવી પહોંચ્યાં. તેમણે કંપાઉન્ડમાં માણસોને જોયા. શંકાથી તેમણે પૂછ્યું "શું થયું છે ?"

એક વ્યક્તિએ બધી વાત કરી.

"વાંદરાં ઘરમાં આવી છોકરાને ઉપાડી ગયાં ત્યારે તું શું કરતી હતી ?"

ગુસ્સાથી તેમણે અસ્મિતાને પૂછ્યું.

અસ્મિતાએ રડતાં રડતાં કહ્યું. "હુ બીજી તરફ હતી. તડકામાં જરા વાળ સુકવતી હતી."

લડવા માટે તેના સાસુએ હોઠ ખોલ્યા. ત્યાં કોઈક બોલ્યું, "હવે અત્યારે જીભાજોડી કર્યા વિના કોઈક ઉપાય કરો."

શશાંક પણ આવી પહોંચ્યો. બધાં લાચાર આંખે ઝાડ પર બેઠેલા વાંદરાંને જોઈ રહ્યાં હતાં.

આટલું મોટું માણસોનું ટોળું એકઠું થયેલું જોઈ વાંદરાં નીચે ઊતરતાં નહીં પણ ઝાડ પર દોડાદોડ કરતાં પાંદડાં તોડીને ખાતાં. હૂપાહૂપ કરતાં. તેમનાં બચ્ચાં છેક નીચેની ડાળ સુધી આવી જતાં ને પછી માણસોને જોઈ ડરીને પાછાં ઊંચી ડાળ પર ચાલ્યાં જતાં.

સૌથી પહેલાં ફાયરબ્રિગેડના માણસો આવ્યા. પરિસ્થિતિ સમજી તેઓ વધારે ગૂંચવાઈ ગયા.

ઝાડની ટોચ સુધી પહોંચે તેવી નીસરણી તો છે અમારી પાસે, પણ ત્યાં જઈએ તે પહેલાં ગભરાઈને વાંદરાં નાસી જાય. એક વાર તે નાસે તો પછી છોકરાને ક્યાં શોધવો ?'

"અરે કોઈક મકાનની ટોચે પહોંચે ને ત્યાંથી નીચે નાખી દે, તો શું કરી શકીએ ?"

પછી પોલીસ આવી. તેમણે ડંડાઓ વીંઝી લોકોને ખસી જવા આદેશ આપ્યો. એક પોલીસે કહ્યું : "સાહેબનો ઓર્ડર મેળવી આપણે તે વાંદરાને ગોળી મારી દઈએ."

"પણ એ ગોળી છોકરાને વાગે તો શું થાય ?"

પેલાએ તકેલી બંદૂક પાછી નીચે મૂકી કહ્યું, "આ તો ખરેખરી મુશ્કેલી છે."

તે સમયે ફાયરબ્રિગેડના એક માણસે કહ્યું, "આપણે ઝાડ નીચે નેટ ધરી રાખીએ ને પોલીસમેન હવામાં બંદૂકનો ધડાકો કરે કદાચ ડરીને વાંદરો છોકરાને નીચે ફેંકી દે."

"પણ આપણી પાસે આવી જાળી છે ક્યાં ?"

"હેડ ઓફિસમાં હશે. આપણે મંગાવીએ."

શશાંક તેમની વાત સાંભળતો હતો. તે બોલ્યો, "તમે ઘરમાં જઈને ફોન કરો."

તેઓ દોડીને ઘરમાં ગયા ને ફોન કરી બધી હકીકત જણાવી. નેટ લઈને તેમના મુખ્ય અફસર જાતે આવી પહોંચ્યા. આવતા પૂર્વે તેમણે ઝૂમાં પણ મદદ માટે જણાવી દીધું.

બે નેટ લઈને બે ફાયરમેન ઝાડની બન્ને તરફ ઊભા રહી ગયા.

નીચેથી અસ્મિતાએ કહ્યું, "કર્દમ બેટા, રડીશ નહીં. છાનો રહે. હમણા તને છોડાવશે ગભરાઈશ નહીં."

શશાંક તેની પાસે ગયો ને દબાયેલા સ્વરે લડતાં બોલ્યો, "તું શું ગાંડપણ કરે છે ! તું જે બોલે છે તે કર્દમ કાંઈ સમજે છે ! નાહક લોકો હસે તેમ કરે છે."

થોડી વારે કર્દમના રડવાનો અવાજ આવતો બંધ થઈ ગયો. શું થયું હશે તેની બધાં વિચારણા કરવા લાગ્યાં.

ચારે તરફથી લોકોને દૂર ખસેડતા હતા, છતાં લોકો ખસતા નહોતા. તે અરસામાં જ ઉપર કૂદાકૂદ કરતા વાંદરાઓમાંના મુખ્ય વાનરે નીચે ભૂસકો માર્યો. તે ફાયરમેનના ઉપર પડ્યો. ફાયરમેન ગભરાઈ નીચે બેસી ગયો. તેના હાથમાથી નેટ છૂટી ગઈ.

મુખ્ય વાનર ત્યાંથી ખુલ્લા મેદાનમાં દોડ્યો. તેની પાછળ પાછળ બીજી વાનરટોળી પણ નાસવા લાગી.

આ જોઈ પોલીસ અફસર અધીરો થઈ ગયો. તે વાંદરાઓની પાછળ દોડ્યો ને તેણે મોટેથી ઓર્ડર આપ્યો, 'ફાયર' !

તે અફસરે પોતે રીવૉલ્વરમાંથી ગોળીઓ છોડવા માંડી. વાંદરા ખુલ્લા મેદાનમાં આમતેમ દોડવાં માંડ્યાં.

હવે ઝાડ પર કર્દમને ગળે વળગાડીને એક વાંદરી બેઠી હતી. ફાયરમેન ફરીથી નેટ પકડી બરાબર ઊભા હતા.

વાંદરીએ થોડી ચીસો પાડી પાછી આંધળિયાં કરી તે પણ નીચે કૂદી. તે નેટમાં પડી. તેણે કર્દમને છોડી દીધો ને પોતે એકલી મેદાનમાં નાસવા માંડી, પણ પછી બીજાં વાંદરાંઓને જોઈ આગળ નાસતી અટકી ગઈ. પોલીસ અફસરે તેને પણ ગોળીથી વીંધી નાખી. હવે જૂના ઉપરી સાહેબ આવી પહોંચ્યા. વાનરોની લાશો જોઈ તેમણે અફસોસ વ્યક્ત કર્યો ને હકીકત જાણી કહ્યું, 'નક્કી તે વાંદરીનું બચ્ચું મરી ગયું હશે.'

અસ્મિતાએ કર્દમને ગળે લગાડ્યો ને પરાણે છાનો રાખ્યો.

વાનરોની ટોળીને ગોળીએ દેવામાં આવી તે સમાચાર છાપામાં પ્રકટ થતાં કેટલાકે નિરાંત અનુભવી તો કેટલાકે દુઃખ અનુભવ્યું. આસપાસ ઝૂંપડીઓમાં રહેનારાઓએ તો ખુલ્લા મેદાનમાં એક દેરી બનાવી તેમાં હનુમાનજીની સ્થાપના કરી. અસ્મિતા પણ ત્યાં દીવો કરે છે.

હવે પાછું શહેરમાં બધું બરાબર ચાલે છે. માત્ર વૃક્ષો કાપી નાખવામાં આવે છે.

ચેન્જ

તે કોલેજથી ઘરે આવી ત્યારે સાંજના પાંચેક વાગ્યા હતા. ઝડપથી કપડાં બદલીને તે રસોડામાં ગઈ. આમ તો તે ચા કે કોફી પીતી નથી પણ આજે પપ્પાને કોફી પીવામાં 'કમ્પની' આપશે એમ મનોમન નક્કી કરીને તેણે બે કપ કોફીનું પાણી લીધું. પાણીની તપેલી ગેસ ઉપર મૂકીને તે નાસ્તાના વિચારમાં પડી. બ્રેડ-બટર, ટોસ્ટ, સેન્ડવીચ, ખારી બિસ્કિટ, ખાખરા, ના.......ના......ના... તો બીજું ઘરમાં છે પણ શું ? અને હવે સમય પણ ક્યાં છે ? પપ્પા દસ-પંદર મિનિટમાં આવ્યા સમજો ! તો.....! પપ્પાને રોજ ને રોજ એકનો એક નાસ્તો ! ના ચાલે. પપ્પાને આજે 'સરપ્રાઈઝિંગ' નાસ્તો આપવાની તેને પ્રબળ ઇચ્છા થઈ. પપ્પાને શું ભાવે છે ? ગળ્યું તો તેમને જોવું પણ ગમતું નથી ! ફરસાણ ! અરે....., પણ એ બધું બનાવવાનો સમય પણ ક્યાં છે ? તેને એક વિચાર આવ્યો. પપ્પાને પાપડ ખૂબ ભાવે છે. લસણના પાપડ તો પપ્પા જમતાં જમતાં પણ બે-ત્રણ ખાઈ જાય છે. પણ.....ફ્રાયડ કે રોસ્ટેડ..... ! પપ્પાને ફ્રાયડ બહુ જ ભાવે છે. તેણે લસણના પાપડ તળવાનું નક્કી કર્યું. એક, બે, ત્રણ... ! ના.... ના ! પાંચ પપ્પાને માટે અને બે પોતાને માટે. તેણે ડબ્બામાંથી સાત પાપડ કાઢ્યા. ગેસ ઉપર ઊકળી રહેલા પાણીને તે વિસરી ગઈ. તેણે ટી-સેટ લેવા પાંજરું ખોલ્યું. ચાલુ ટી-સેટ કાઢ્યો. પણ જોઈને તરત જ પાછો મૂક્યો. પપ્પાએ આજે નવા ટી-સેટમાં કોફી પિવડાવવાની તેને ઇચ્છા થઈ. ત્વરાથી તે અંદરના ઓરડામાં ગઈ. કબાટ ખોલીને નવો ટી-સેટ કાઢ્યો. રસોડામાં લાવીને કાળજીપૂર્વક સાફ કર્યો અને 'ટ્રે'માં ગોઠવ્યો. કોફીના ઊકળી રહેલા પાણીને ઉતારીને કીટલીમાં ભર્યું. દૂધ ગરમ મૂક્યું. પાપડ તળવા તેલ કાઢ્યું દૂધ ગરમ થતાં થોડી વાર થાય તો સારું ! તે ગેસને ઓછો કરીને ફરી વાર અંદરના ઓરડામાં ગઈ. પપ્પા સાથે બહાર ફરવા જવાની તેને ઇચ્છા થઈ. પપ્પા 'મૂડ'માં હોય છે ત્યારે સરસ મજાની વાતો કરે છે. પપ્પા માણસ અને એના સ્વભાવ વિશે ખૂબ અદ્ભુત વાતો કરે છે. પપ્પાના જીવન વિશે ખૂબ ઊંચા ખ્યાલો છે. પપ્પાએ ખૂબ વાંચ્યુ છે. પપ્પાએ ખૂબ જોયું છે, અનુભવ્યું છે. ગંભીર વાતને પણ કેટલી સરળતાથી તે રજૂ કરે છે. પપ્પા સાલસ છે ! પપ્પા નિખાલસ છે ! વિચારતાં વિચારતાં તેણે પપ્પાનું કબાટ ખોલ્યુ અને પપ્પાં માટે સફેદ ઝભ્ભો અને સફેદ પાયજામો કાઢ્યાં. પપ્પાને શ્વેત ઉજળાં વસ્ત્ર અતિ પ્રિય છે ! પપ્પાનાં ચંપલ ! લાવ, પોલિશ કરી નાખું ! ના.....ના......ના....! પપ્પા માટે લાવી રાખેલાં નવાં કોલ્હાપુરી ચંપલ યાદ આવ્યાં. તરત જ તેણે નવાં ચંપલ કાઢ્યાં. કપડાં અને ચંપલ લઈને તે દીવાનખાનામાં ગઈ. તેણે સહેજ વિચારીને 'ટીપોય' ઉપરથી છાપું ઉપાડ્યું.

ટેબલ ઉપર કપડાં મૂકીને છાપા વડે ઢાંકી દીધાં. ચંપલ ટેબલ નીચે સરકાવી દીધાં. હવે પપ્પાને ખરેખર બનાવવાની મજા આવશે એમ એણે અનુભવ્યું. તેણે નિરાંતનો શ્વાસ લીધો. બસ..... બધું બરાબર છે પણ......પણ...ના......, કંઈક ખૂટે છે. તે પાછી વિચારમાં પડી ગઈ. કંઈક યાદ આવ્યું.....! તે પોતાના ભૂલકણા સ્વભાવ ઉપર હસી. મમ્મી યાદ આવી. મમ્મીનુ કામ એટલે મમ્મીનું કામ ! એના કામમાં કશી ઊણપ ન હોય ! એન્ડ ઓલ્સો શી વોઝ વેરી મચ ગ્રેસફુલ ! ચાલ, નવું ટેબલ-ક્લોથ કાઢવા દે. તેણે પાછું કબાટ ખોલ્યું. નવું ટેબલ ક્લોથ કાઢયું. ટેબલ-ક્લોથને પળવાર જોઈ રહી. મમ્મીની પસંદગી વિશે તેને ખૂબ માન થયું. કબાટ બંધ કરીને સીધી દીવાનખાનામાં ગઈ. તરત જ ટેબલ-ક્લોથને ટીપોય ઉપર બિછાવ્યું, ફરી ભૂલ ન થાય માટે. બસ.....બસ....હવે તો પપ્પા આવે એટલી વાર ! ગેસ ઉપર મૂકેલું દૂધ યાદ આવતાં તે રસોડામાં દોડી ગઈ. દૂધ ઉતારી દીધું. મિલ્ક-પોટ ભરીને 'ટ્રે'માં મૂક્યો. લાવ, હવે પાપડ તળી નાખું ! પણ પપ્પાને આવતાં કદાચ વાર થાય તો.......! ......તો પાપડ ઠંડા થઈ જાય.......!......ને પપ્પાની મજા મારી જાય ! એટલે ગેસ બંધ કરીને તે દીવાનખાનામાં ગઈ. પપ્પાની રાહમાં આંટા મારવા લાગી. એકાદ મિનિટ પસાર થઈ. કોલ-બેલની ઘંટડી રણકી. તેણે બારણું ખોલીને પપ્પાને આવકાર્યા. તેમના હાથમાંથી પુસ્તકો વગેરે લઈ લીધાં. બારણું બંધ કરીને પપ્પાની પાછળ આવીને ઊભી રહી.

"ડોક્ટર બેટા, તુ ક્યારે આવી ગઈ ?" પપ્પાએ વહાલથી પૂછ્યું.

-ડોક્ટર થવાની હજી ઘણી વાર છે, પપ્પા ! હજી તો પહેલું વર્ષ છે" તે લાડમાં બોલી.

"સમય જતાં શી વાર લાગવાની છે, બેટા ! હવે તો તું ડોક્ટર થઈ ગઈ સમજ ને" પપ્પાએ હળવા થઈને સોફામા બેસતાં બેસતાં કહ્યું.

"ચાલો, હવે વાતો પછી કરજો. હાથ-મોં ધોઈ લો એટલે કોફી અને નાસ્તો લાવું" તેણે ખૂબ લાગણીપૂર્વક કહ્યું.

"હા, બેટા. ..હા. ...તું બરાબર તારી મમ્મી જેવી છે !"

"કેમ પપ્પા !"

"મારી કેટલી બધી કાળજી રાખે છે ?"

"હવે આમ તો વાતો જ કરવી છે કે... ...!"

"........ લે, ચાલ હું હાથ-મોં ધોઈ આવું છું ! તું કોફી લઈ આવ"

પપ્પા ઊભા થઈ બાથરૂમમાં ગયા. તે પળભર અતીતમાં ડૂબી ગઈ. પપ્પાનો પડ્યો બોલ ઝીલી લેતો મમ્મીનો ઉત્સાહી અને હસમુખો ચહેરો તેની સમક્ષ તરવરવા લાગ્યો. મમ્મી નથી

ત્યારે પપ્પાની કાળજી રાખવાની તેની ફરજ છે તેમ તેને લાગ્યું. પણ તરત જ તે વર્તમાન ક્ષણની ફરજ વિશે સભાન થઈ. તે રસોડામાં દોડી ગઈ.

કપડાં બદલીને પપ્પા દીવાનખાનામાં આવ્યા. સોફા ઉપર બેઠા.

તે રસોડામાંથી કોફી અને નાસ્તાની 'ટ્રે' લઈને પ્રવેશી. 'ટ્રે'ને ટીપોય ઉપર મૂકી. પપ્પાના મુખ ઉપર પ્રસરી રહેલા આશ્ચર્યને જોવાની લાલચે તે પપ્પા સમક્ષ ઊભી રહી.

"અ......હો.....હો.....કંઈ મજાનો નાસ્તો બનાવ્યો છે ને પિન્કી બેટાએ....." પપ્પાએ સાનંદાશ્ચર્ય કહ્યું.

"આ તો તમને ગઈ કાલે ટોસ્ટ આપ્યાં હતાં એટલે ચેન્જ ખાતર......"

"આજે લસણના પાપડ તળ્યા છે, કેમ ખરું ને ?"

"એકની એક ચીજ કરતાં કંઈ ચેન્જ હોય તો સારું."

"હા, હા. તારી મમ્મી પણ કંઈ ને કંઈ નવું નવું કર્યા જ કરતી."

"પપ્પા......, ક્યાં મમ્મી ને ક્યાં હું !"

"સમજ્યા...., પણ.......આ .....નવો ટી-સેટ, નવું ટેબલ-ક્લોથ...... "

"તમને ભાવતી ચીજ હોય ત્યારે....."

".....નવો ટી-સેટ, નવું ટેબલ-ક્લોથ.....બધું જ નવું નવું.....તારી મમ્મીની માફક....કેમ બેટા ?" પપ્પાએ સ્મિત વેરીને કહ્યું.

"તમેય શું પપ્પા ! મારી મજાક કરો છો ? ચાલો, હવે કોફી ઠંડી થઈ ગઈ."

પપ્પા સાથે સોફા ઉપર બેસીને તેણે કોફી બનાવી. બંને પાપડ ખાતાં ખાતાં કોફીનાં ઘૂંટ ભરવા લાગ્યાં.

"હું હળવોફૂલ થઈ ગયો છું. મારા માથેથી એક મોટો બોજ ઊતરી ગયો છે."

"શાની વાત કરો છો, પપ્પા !"

"તારી."

"મારી ?"

"હા....., તારી મમ્મીનું સ્વપ્ન સાકાર થયું છે. અમારો પિન્કી બેટો ગળે સ્ટેથોસ્કોપ ભરાવીને હોસ્પિટલના વોર્ડમાં એક દર્દીથી બીજા દર્દી પાસે, બીજાથી ત્રીજા અને ત્રીજાથી ચોથા......"

"બસ.......બસ......પપ્પા, હજી તો ખૂબ વાર છે ! ઓછામાં ઓછાં પાંચ છ વર્ષ તો ખરાં જ !"

"વર્ષો તો પલકારામાં વીતી જશે. એક વાર મેડિકલમાં પ્રવેશ મળી ગયો એટલે......હાશ.....!"

"ચાલો, હવે જલદી નાસ્તો કરી લો."

તે ઊભી થઈને અર્ધમરકતા ચહેરે દીવાનખાનામાં આંટા મારવા લાગી. એક પળે ફૂલદાનીના ફૂલને ઋજુતાથી સ્પર્શ્યું તો બીજી પળે નેપકીન વડે ટેબલની ધૂળ ખંખેરી. પપ્પાને કોફી પૂરી કરી કપને 'ટ્રે'માં મૂકતા જોઈ તે તેમની સામે જઈને ઊભી રહી.

"પપ્પા, આજનું છાપું વાંચ્યું ?"

"કેમ, છે કંઈ ખાસ સમાચાર ?"

"વાંચો એટલે ખબર પડે !"

"લાવ, કયાં છે ?"

"પેલા.....ટેબલ ઉપર."

પપ્પા ઊભા થયા. ટેબલ ઉપરથી છાપું લીધું અને ગંભીરતાથી વાંચવાનું શરૂ કર્યું. પિન્કીએ ખડખડાટ હાસ્ય વેર્યું.

"કેમ હસે છે બેટા ?"

"તમને કંઈ જ ખબર ના પડી "

"શાની ?"

"છાપા નીચે શું હતું ?"

"અરે.......આ તો મારો ઝભ્ભો અને પાયજામો છે !' ઝંખવાઈને ટેબલ તરફ જોઈને કહ્યું.

'અને ટેબલ નીચે શું છે ? "

"કંઈ નથી !" ધ્યાનથી ટેબલ નીચે જોઈને તે બોલ્યા.

"બરાબર જુઓ !"

"હા......હા.....આ.... તો મારાં નવાં ચંપલ છે ! કોણે બહાર કાઢયાં ? હં....અ....સમજાયું.....પિન્કી બેટાનું પરાક્રમ લાગે છે ? " ટેબલ નીચે વળીને જોતાં જોતાં તે બોલ્યા.

બેઉએ ખડખડાટ હાસ્ય વેર્યું. તેઓ ધીમેધીમે શાંત થયાં. પાસે ઊભેલી પિન્કીના બરડે હાથ ફેરવતાં ફેરવતાં પપ્પા એકદમ ગંભીર બની ગયા.

"બેટા... થોડા દિવસથી મારા મનમાં એક વાત ઘોળાય છે."

"શી."

"કહું ?"

"એમાં પૂછપૂછ શું કરો છો ? કહોને..... "

"આવ, નિરાંતે બેસીને વાત કરીએ." કહીને તે સોફા ઉપર બેઠા.

"બોલો પપ્પા... શું કહો છો ?" કહીને તે પપ્પા સાથે બેઠી.

"કંઈ ખાસ નથી. આમ તો તું સમજુ છે એટલે બીજો કંઈ વાંધો નથી. પણ તને વાત કરી રાખી સારી. એટલે મારા વિશે ગેરસમજ ન થાય. હવે તો તારે કૉલેજ અને હૉસ્પિટલ બન્નેમાં ધ્યાન આપવું પડશે. સવારથી સાંજ સુધી તું ભણવામાં રોકાયેલી રહેવાની. ત્યારે ઘર સંભાળી લે અને આપણને ઘરના બોજામાંથી મુક્ત રાખે એવી વ્યક્તિની જરૂર મને સતત લાગ્યા કરે છે."

"તમે.....રસોઈ માટે કોઈ બાઈ રાખવાની વાત કરો છો ? પપ્પા... મને કોઈ માણસને નોકર બનાવવાનું ગમતું નથી."

"હા....અને.....ના.....એક રીતે જોઈએ તો તું સાચી છે. પણ....."

"......પણ શું ? કંઈ સમજાય એવું કહો તો ખબર પડે !"

"કરુણાને તો તું ઓળખે છે ને ?"

"કોણ....., પેલાં તમારી પાસે ક્યારેક ક્યારેક આવે છે તે ?"

"હા."

"તે શું છે એમનું ?"

"ખૂબ લાંબું વિચારીને તેણે ઓફર કરી છે."

"શેની પપ્પા !"

"મારી સાથે લગ્ન કરવાની."

"હેં......!"

"માણસને એની જરૂરિયાતના સંદર્ભમાં મૂલવવો જોઈએ. કંઈ ગેરસમજ ન કરતી. વિચારી રાખજે. આપણે સાથે રહેવાનું છે એટલે તારી ઈચ્છા જાણવી જરૂરી છે."

"મારી ઈચ્છા.....!"

પિન્કી એકદમ સોફા ઉપરથી ઊભી થઈ ગઈ. સ્વીચ–બોર્ડ પાસે જઈને તેણે ટ્યૂબ–લાઈટની સ્વિચ ઓન કરી. દીવાનખાનામાં પ્રકાશ પથરાયો. સદાય હસતો મરકતો પપ્પાનો ચહેરો પથ્થર જેવો જડ થતો તે જોઈ રહી. અસહ્ય. તેણે આંખો બંધ કરી દીધી. તે ઊંડા વિચારમાં ડૂબી ગઈ. થોડી ક્ષણો પસાર થઈ. તે સળવળી. આંખો ઉઘાડી. સ્વસ્થ થઈને ટેબલ પાસે ગઈ. ટેબલ ઉપરથી ઝભ્ભો, પાયજામો અને ચંપલ ઉપાડીને પપ્પા પાસે આવી.

"લો...., કપડાં બદલી લો. હું પણ આવું છું. જલદી કરજો. જવાનું મોડું થશે."

"ક્યાં જવાનું છે ?" પપ્પાએ તંદ્રામાંથી ઝબકીને પૂછ્યું.

"કરુણા માસીને ત્યાં...."

ક્ષણ પહેલાંના ભૂતકાળને દૂર દૂર હડસેલવાનો હોય તેમ પિન્કી ટીપોય ઉપરથી 'ટ્રે' ઉપાડીને સડસડાટ રસોડામાં ચાલી ગઈ.

બનવું

હું તને કહીશ : રહેવા દે.....રહેવા દે......કમબખ્ત........

–પરંતુ પછી ય તું નહીં અટકે. અને સૂર્ય ઊગવાનો. સૂર્ય ઊગશે એટલે સવાર પડશે. સવાર પડશે એટલે તું ઊઠવાનો. રાત્રે આવેલું સપનું વાગોળવાનો. ગીત ગણગણવાનો. શેવ કરવાનો. અરીસામાં તાકીતાકીને જોવાનો. ચહેરો પીધા કરવાનો. મુગ્ધ થવાનો.

હું તને ત્યારે અટકાવીશ; કહીશ; રહેવા દે..... રહેવા દે........કમબખ્ત......

મારા અવાજથી તારા કાનમાં સહેજ ધ્રુજારી થવાની. આ વળી શું થાય છે એમ તને થવાનુ. તું કાનમાં આંગળી ઘાલવાનો. ખજવાળવાનો. આમતેમ માથું ફેરવવાનો જોવાનો. ચમકવાનો. વ્યગ્ર થવાનો. ભયભીત થવાનો. પ્રત્યગ્ર થઈ જવાનો. કંપી ઊઠવાનો. જાણે.બધુ સમજી ગયો હો તેમ હસવાનો. તું બાલિશ નથી એમ બબડવાનો છટ કહી મારા અવાજને ઝાટકી નાખવાનો.

પછી તું મારા અવાજને ઠેકી જવાનો. ઠેકીને ઈન્ટિમેટના સ્પ્રેભેર પગમા પાખો ચડાવી ઊડઊડ દોડવાનો. કમ્પાઉન્ડમાં ઊગેલ મોગરાનો છોડ ઝઝેડવાનો. ફૂલ ચૂટવાનો. સંભાળપૂર્વક ખિસ્સામા મૂકવાનો.

ખિસ્સામાં પડેલા ફૂલનો સતત અનુભવ તને ઝીણી મૂંઝવણમાં સપડાવીને રિબાવશે. આખોમા અવળસવળ સાપોલિયાં ફરશે. હાથ વારેવારે ખિસ્સા તરફ વળશે. ટેરવાં ફૂલને અડકશે. તારું રુવાંટિ રુવાંટું મ્હેક મ્હેક થઈ જશે. ખિસ્સામાં રાતે આવેલ સપનું છે એવો રોમાચ તને થયા કરવાનો.

રસ્તે જતી પ્રત્યેક વ્યક્તિ તારા ખિસ્સામાં ફૂલ છે તેમ જાણે છે એવું માનીને તું સતર્ક થવાનો. દરેક ચહેરો ધારદાર સર્ચલાઈટમાં ફેરવાઈ જતો લાગવાનો. એથી તારા ખિસ્સામાં પડેલું ફૂલ નજરાઈ રહ્યું છે તેમ થવાનુ. ફાળ પડવાની. ફૂલ કરમાઈ જશે એવી ફાળ પડવાની. એ કરમાઈ જાય તે પહેલાં ચિત્રાના વાળમાં મૂકી દેવા માટે તું વ્યગ્ર થઈ ઊઠવાનો. તારા પગનાં વેગમાં આવેગ ભળી જવાનો.

તારા પગને ચિત્રાના ઘરનો નક્શો યાદ હશે. તારી આંખોને ચિત્રાના બંગલાની દીવાલનો રંગ યાદ હશે. તારા શરીરને ચિત્રાના સ્પર્શો યાદ હશે. તારી છાતીમાં ચિત્રાની પ્રત્યેક જીવંત તસવીર મોજૂદ હશે.

ચિત્રાના બંગલાનું નામ 'મૃણ્મય' હશે. મૃણ્મય નામનો બંગલો ગોવર્ધન સોસાયટીમાં જુદો તરી આવતો હશે, એના બ્લ્યૂઈશ અને બફ કલરને લીધે, વિશાળ બાલ્કનીની લીધે, બાલ્કનીમાં સ્ટીલના સળિયાવાળા સંઘેડાના હીંચકાને લીધે, હીંચકે બેસી તારી રાહ જોતી ચિત્રાને લીધે.

તું રૂમાલથી મોં લૂછશે. હિપ-પૉકેટમા રાખેલ કાંસકો લઈ ઝુલ્ફાં વ્યવસ્થિત કરશે. શર્ટના કોલર તપાસી લેશે અને મૃણ્મયના કમ્પાઉન્ડમા પ્રવેશશે. કમ્પાઉન્ડનાં ફૂલઝાડને પાણી પાતા માળીને ચિત્રા ઘેર જ છે તેની ખાતરી કરવા અમસ્થુ પૂછશે.

માળી તારી સામે ટગરટગર જોઈ રહેશે. માથું હલાવશે. પાણીની ઝારી મૂકી નીચે બેસી પડશે. છ-આઠ માસ પહેલા ચિત્રા શહેર છોડી ચાલી ગઈ હોવાનું કહેશે. એના ફાધરની બદલી થઈ ગઈ એમ કહેશે. ચિત્રા તારા માટે કોઈ મેસેજ છોડી ગઈ નથી તેમ કહેશે. ચિત્રાનું સરનામું નથી તેમ કહેશે.

ટપાલી તારા ઘર પાસેથી પસાર થઈ જશે. દિવસો પસાર થઈ જશે. ચિત્રાનુ નામ કોલેજના રજિસ્ટર પરથી નીકળી જશે. મૃણ્મયનું નામ 'સાંઈબાબાકૃપા' એવા લાલ અક્ષરોમાં ફેરવાઈ જશે.

વર્ષો પસાર થઈ જશે. તારા ખિસ્સામા તેં સાચવેલું મોગરાનું કરમાયેલું ફૂલ ભુક્કોભુક્કો થઈ જશે. છતા તું જિદ કરશે. ફૂલને ખિસ્સામાં ને ખિસ્સામાં રાખશે. ફૂલનું નામ ચિત્રા રાખશે.

ત્યારે હું તને અટકાવીશ. કહીશ : રહેવા દે......રહેવા દે......કમબખ્ત........

તું ચિત્રાને સાદ પાડતો રહેશે ને ચિત્રા તો તેનો કાળો ભમ્મર નિતંબપર્યંત ઝૂલતો કેશરાશિ ફંગોળતી સડસડાટ તારી બાજુમાંથી પસાર થઈ જશે.

તું સાદ પાડશે : ચિત્રા :

અને તે પાછળ નજર કર્યા સિવાય ચાલતી રહેશે.

તારું મોં સ્મિતથી ભરાઈ જશે : આજે વળી ક્યો ગુનો થઈ ગયો, મેમસા'બ – એવું તું બબડશે અને હસતો હસતો ચિત્રાની પાછળ જવા લાગશે.

ચિત્રાએ તારા મોં પર પોતાનો વાંભવાંભ કેશરાશિ ઢોળી દીધો હશે. તારો ચહેરો છુપાવી દીધો હશે. તારા હોઠ પાસે તેના હોઠ લાવી તેણે સિનેમાનો મેટિની શો જોવાનું નક્કી કર્યું હશે ને તું બે ટિકિટ લાવ્યો હશે.

ટિકિટ લાવ્યો છું, ચિત્રા......જો એમ એને તું કહેશે તો ય તે પાછું ફરીને જોશે નહી. તું એની રીસ પર હસી પડશે. ને તેના ફલેટ સુધી, એનું પગલે પગલું દબાવતો પાછળ પાછળ જશે.

ચિત્રા એના ફલેટનું ડોર ખોલશે. પ્રવેશશે. ડોર વાસી દેશે. તરત્ત જ તું પગથિયાં કૂદતો ડોર-બેલ પાસે જઈ ડોર-બેલને ધમધમાવશે, ચિત્રાને ચીડવવા.

ડોર તરત ઝૂલશે. 'યેસ'... કહેતી ચિત્રા આંખ ફાડીને ઊભી હશે.

ચિત્રાને જોઈ તું આભો બની જશે. તેની આંખ પર જાડા ગ્લાસનાં ચશ્માં હશે. વાળ સફેદ હશે. આંખ નીચે કૂંડાળાં ને કરચલી હશે. તેનું શરીર બેડોળું ને ચરબીથી પચપચ થતું હશે. ઢીંચણ સંધિવાથી જકડાઈ ગયેલા હશે. આધેડ ઉમ્મરની ચિત્રા ચશ્માંભરી નજરે આંખ ફાડીને ઊભી હશે, પૂછશે : "યેસ... કોનું કામ છે આપને ?"

તું સ્તબ્ધ થઈ જશે. ભયભીત થઈ જશે. તું એક ઝાટકે લકવાઈ જશે. તું વાચા પરથી કાબૂ ગુમાવી દેશે. જીભના લોચા વળી જશે.

"હું ચિત્રા......તું.......તમે તમારાં માતાજી.... " એમ તું અસમંજસમાં તરફડિયાં મારશે.

"માતાજી.... ?" ચિત્રા કહેશે : "મારાં માતાજીનું અવસાન થયે દસબાર વર્ષ થઈ ગયાં, ભાઈ. અજાણ્યા લાગો છો તમે. આવો, શું નામ છે તમારું ?"

"આ શી મજાક છે ?" તું વ્યગ્રતાથી પૂછશે : "હજુ ગઈ કાલે તો તમારાં માતાજીએ તેમના હાથે મને દહીંવડાં ખવડાવેલાં....ને તું.... તમે કહો છો, એ દસબારં વર્ષથી. . ?"

ચિત્રા અવાક્ બની તને જોયા કરશે. તું હાંફળોહાંફળો ફ્લેટમાં નજર ઘુમાવશે. તારી આંખ દીવાલે ટાંગેલ ચિત્રાનાં માતાજીની છબીને, છબીને પહેરાવેલ સુખડના હારને, છબી નીચે 'સ્વ. સવિતાબેન હ. વ્યાસ, અવસાન તા. ૬–૪– ૬૮ ને બુધવાર' એવા લખાણને જોઈ ફાટી જશે.

તારી તમામ સંજ્ઞા હરાઈ જશે. તું આઘોબાઘો બની જશે. ચિત્રા લંગડાતી લંગડાતી, દીવાલના ટેકેટેકે, ઢીંચણમાં ઊઠતા સણકાને લીધે ઊહકાર કરતી તારા માટે પાણી લઈ આવશે. ચા પીશો કે કોફી એમ સમભાવપૂર્વક પૂછશે.

તું ચીસ પાડી ઊઠશે : "ચિત્રા... ચિત્રા.... આ બધું શું તૂત છે ? આ મેટિની શોની ટિકિટ લાવ્યો છું– ગઈ કાલે આપણે નક્કી થયેલું અને આજે.... આજે, સમજાતું નથી કે આ બધું શું બની રહ્યું છે..... "

"ટિકિટ ?" ચિત્રા હમદર્દીભરેલા અવાજે પૂછશે : "મેટિની શોની ટિકિટ ? ખરેખર ?"

ટિકિટ કાઢી તું ચિત્રાના ચહેરા સામે ધરી દેશે. ચિત્રા ટિકિટ હાથમાં લઈને ધ્યાનપૂર્વક જોશે. આગળપાછળ ફેરવી તપાસશે. બોલી ઊઠશે : "રીગલ ? રીગલ નામનું કોઈ થિયેટર નથી આ ગામમાં... "

"મેં આજ સવારે તો એડવાન્સ બુકિંગ કરાવ્યું છે. જાતે જ ગયો હતો હું."

"ગયા હશો." ચિત્રા સસ્મિત કહેશે : "આ રીગલ સિનેમા આવ્યું કઈ જગાએ ?"

"આર્થર રોડ પર, નેશનલ હોટેલની બાજુમાં......"

"નેશનલ હોટેલની આજુબાજુ આઝાદ મેદાન છે. સામે ઈરાનીની બેકરી છે. "આ વિસ્તારમાં કોઈ થિયેટર નથી." ચિત્રા કહેશે. "મને ભય છે, તમે ભળતી જગાએ આવી ગયા છો......તમારું નામ શું કહ્યું હતું, તમે "

તને થશે તું પાગલ થઈ જશે. તારામાં પાશવી વૃત્તિઓ ફૂંફાડી ઊઠશે. ચીસો પાડવાની, આખા શહેરને તોડીફોડી નાખવાની, તેના ફૂરચેફૂરચા ઉડાડી દેવાની ઈચ્છા થશે. તારી મુઠ્ઠીઓ વળી જશે. દાંત ભીંસાઈ જશે. રુવાંટે રુવાંટે આગ લાગી જશે.

"સોરી" એમ કહીને ચિત્રા ડોર બંધ કરી દેશે. તું બંધ દરવાજા પાસે હતબુદ્ધિ બની ઊભો રહી જશે.

તને સમજાશે નહીં કે ચિત્રાએ તેના ફ્લેટનું ડોર બંધ કર્યું ને ખોલ્યું તેટલી ક્ષણોમાં આટલી વિરાટ ઊથલપાથલ કેવી રીતે થઈ ગઈ. છતાંય તું સમજવાની કોશિશ કરતો હશે ત્યારે હું તને કહીશ : રહેવા દે.....રહેવા દે......કમબખ્ત.......

ચિત્રા અને તું રીગલમાં સિનેમાનો મેટિની શો જોવા બેઠા હશો. તું પોપકોર્ન કે વેફર કે ચ્યુંઈંગ ગમ કે ચવાણું એવું કંઈક લાવ્યો હશે. પરદા પર જાહેરાતનાં રીલ્સ ચાલતાં હશે. થોડી વારમાં ઘોંઘાટ શમી જશે ને ફિલ્મ શરૂ થશે. ચિત્રાએ સીટના હાથા પર મૂકેલ તેના હાથ પર તેં તારો હાથ મૂક્યો હશે. તેના હાથને સહેજ દાબ્યો હશે. તારી આંગળીઓ ચંચળ બની હશે. ફિલ્મના પરદા પર હીરો એકાદ ગીત ગાઈ રહ્યો હશે, એની પ્રેમિકાને બોલાવી રહ્યો હશે. ચિત્રા એકાએક ઊભી થશે. તેણે કરેલી ખરીદીનાં પૅકેટસ અને તેની પર્સ ચિત્રા તારા હાથમાં મૂકશે. તું પૂછશે : " કેમ ?" પછી થશે, પૂછવાની જરૂર નહોતી. ચિત્રા કદાચ ટોઈલેટ તરફ જતી હશે. પરંતુ એમ નહીં હોય. ચિત્રા સિનેમાના પરદા તરફ ચાલવા લાગશે. તને આશ્ચર્ય થશે. તને કંઈ સમજાય તે પહેલાં ચિત્રા સિનેમાના પરદા પાસે જઈ પહોંચશે અને તેમાં ગોઠવાઈ જશે.

તું ચિત્રાને મોટેથી સાદ પાડશે ત્યારે આજુબાજુની સીટમાંથી બેચાર ચહેરાઓ ઊંચા થશે. કોઈ હસશે, કોઈ વળી ડિસ્ટર્બ ન કરો એમ કહેશે.

અને તું સીટ પર અવાક થઈ બેસી રહેશે.

જોતજોતામાં ફિલ્મ પૂરી થશે. ચિત્રા પરદા પરથી સમેટાઈને કચકડાની પટ્ટીમાં ચાલી જશે. સફેદ પરદો શેષ રહી જશે. તું તારી બાજુમાં ચિત્રાની ખાલી સીટને જોઈ રહેશે. ચિત્રાએ કરેલી ખરીદીનાં પૅકેટસ અને તેની પર્સ તારા હાથમાં રહી જશે.

દૃષ્ટિભ્રમ થયો છે તેવું સમજીને તું ચિત્રાને અહીંતહીં શોધશે. ઘોંઘાટ ઓસરી જશે. થિયેટર ખાલી થઈ જશે. બત્તીઓ બુઝાવા લાગશે. તું બહાર નીકળશે. હમણાં ચિત્રા અંદરથી દોડી આવશે તેવી આશાથી, સામી ફૂટપાથ પર તું પૅકેટસ અને પર્સ લઈ ઊભો રહેશે કલાકો સુધી, દિવસો સુધી, વરસોનાં વરસો સુધી......

ત્યારે હું તેને સમજાવીશ, કહીશ : રહેવા દે.... રહેવા દે... કમબખ્ત....

અનેક ક્ષણો આવવાની. પ્રત્યેક ક્ષણે હું તારા કાનમાં બોલતો રહેવાનો. તને રોકતો રહેવાનો. તારા કાનમાં અવાજનું બારીક મીણ પુરાતું રહેવાનું. મારો અવાજ ફેડઆઉટ થતો જવાનો. રાફડો બંધાતો જવાનો. તારા કાન બંધ પડતા જવાના. મારો અવાજ ફાટતો જવાનો. તારા કાન ફૂટતા જવાના. તું મારાથી દૂર થતો જવાનો. હું સુકાતો જવાનો. તારા કાન ખરતા જવાના...

હું ફાટયો ને ફાટયો રહી જઈશ. મારા અવાજની કોતરીઓ ડમરીમાં ઊડશે, શમશે, ઊડશે અને તેની વચ્ચે તારી છબી લટકતી હશે જે ક્રમશઃ પીળી પડતી જતી હશે, ખરતી જતી હશે, ધ્વસ્ત થતી જતી હશે..... અને તારા હાથમાંથી સવાર છટકી જશે. સાંજ છટકી જશે. તારા અવાજમાં ગાજતો તારો છાક છટકી જશે. આંખમાંથી દૃશ્યો છટકી જશે. વાણીમાંથી અર્થ છટકી જશે. અટકી જશે તારો ખાલીખમ હાથ અને અટકી જશે તારી મેદૂસ્તામાં કીડાની જેમ ખદબદતો નર્યો તું.

આંખો નીચે પડી ગયેલ કૂંડાળાં ને કરચલીઓમાં તું ફંફોસ્યા કરશે ચિત્રાને. ખરીદીનાં પૅકેટસ અને પર્સમાં ફંફોસ્યા કરશે તું ચિત્રાને. ખિસ્સામાં પડેલા મોગરાનાં ફૂલમાં ફંફોસ્યા કરશે તું ચિત્રાને. ત્યારે તને હાથ લાગશે કડક અને ખોખરું બની ગયેલું મારું મમી.

તારો હાથ ઝાટકો ખાઈ જશે, દાઝી જશે, થથરી જશે, હેબતાઈ જશે. છતાં તું મારા સૂકા અને જર્જરિત મમીને વળગી પડશે. છાતીફાટ ચીસ નાખી ભાંગી પડશે...

મારી પાસે બેસ. આવ. તને રાજકુમારની વાર્તા કહું.

કોઈ એક રાજકુમારનો જોડિયો ભાઈ પથ્થર બની ગયેલો. તેને શાપ હતો. શાપમાંથી મુક્તિ તો જ મળે, જો રાજકુમાર સંજીવની લઈ આવી તેને છાંટે.

રાજકુમાર સંજીવની લાવવા નીકળ્યો. પડતો આખડતો આખરે પહોંચ્યો. સંજીવનીથી ભર્યુંભર્યું લહેરાતું સરોવર જોયું. એ સંજીવનીનો ખોબો ભરવા જાય ત્યાં સરોવરને વાચા પ્રકટી : "સબૂર, તું કોણ છે, ક્યાંથી આવ્યો છે ?"

રાજકુમારે કહ્યું : "મારો જોડિયો ભાઈ પથ્થરનો બની ગયો છે. તેને લાગેલા શાપનું નિવારણ કરવું છે. એ માટે સંજીવની લેવા આવ્યો છું. હું રાજકુમાર છું, દેવ...... "

સરોવર બોલ્યું : "લઈ જા. મળશે, માત્ર એક ખોબો મળશે. પછી ક્યારેય નહીં."

રાજકુમાર મસ્તક નમાવી સ્વીકારે છે. અને પછી સંજીવનીનો ખોબો ભરીને પોતાની રાજધાની ભણી ચાલવા લાગે છે.

મહેલમાં, સાતમી અટારીએ, પથ્થર બનેલો શાપિત જોડિયો રાજકુમાર પથ્થરની આંખથી સંજીવનીની ઉત્કટપણે પ્રતીક્ષા કરતો ઊભો છે.

રાજકુમાર સંજીવનીનો ખોબો ભરીને ચાલવા લાગ્યો છે. સાંજ સુધીમાં તો પહોંચી જઈશ એમ વિચારતો જાય છે. એમ કરતાં કરતાં સાંજ પડી પણ પહોંચાયું નહીં. એ ત્વરાથી ચાલે છે. રાત વીતી જાય તે પહેલાં પહોંચી જઈશ એમ વિચારી પગનો વેગ વધારે છે. હાંફ ચડી ગઈ છે છતાં ચાલતો રહે છે. મધરાત થઈ, સવાર પડી છતાં ય પહોંચાયું નહીં.

પછીનો દિવસ ઢળ્યો. રાત પડી. સવાર થઈ. પહોંચાયું નહીં.

રાજકુમાર સંજીવનીનો ખોબો ભરીને ચાલતો જ રહે છે. હાંફતો, થાકતો, પડતો, આખડતો ચાલતો જ રહે છે, અવિશ્રાંત, સતત....

વરસોનાં વરસો વીતે છે. રાજકુમાર ચાલતો જ રહે છે. રસ્તો લંબાયે જાય છે. ક્યાંય પહોંચાતું નથી. કંઈ આવતું નથી. રસ્તો ખૂટતો નથી.

રાજકુમાર ચાલતો જ રહે છે. મહેલમાં, સાતમી અટારીએ, પથ્થર બનેલો જોડિયો ભાઈ, પથ્થરની આંખથી તેની ઉત્કટપણે પ્રતીક્ષા કરે છે.

વરસોનાં વરસો વીતે છે. રાજકુમાર ચાલતો જ રહે છે. એકાએક રાજકુમાર સાશંક બન્યો : આ સંજીવની છે કે કંઈ બીજું ?

તે શ્વાસ ખાવા ઊભો ત્યાં સાક્ષાત સરોવર પ્રકટ્યું. તેણે રાજકુમારને કહ્યું : "મારા સંજીવની જળમાં શંકા ન રાખ, રાજકુમાર ! તેં જેનો ખોબો ભર્યો છે તે સંજીવની છે. સંજીવની ન હોત તો તારો રસ્તો આમ લંબાયા કરતો ન હોત... "

રાજકુમાર ગૂંચવાયો.. તેણે પૂછ્યું : રસ્તો ન ખૂટવો એ મારા ખોબામાં સંજીવની હોવાનું પ્રમાણ છે ?

હા, સરોવર બોલ્યું : રાજકુમાર, તેં ખોબામાં સંજીવની ભરી... ને તારી હસ્તરેખાઓ સંજીવન બની ગઈ....

આટલું કહી સરોવર અંતર્ધાન થયું.

તું પૂછીશ : પછી શું થયું ?- અને એમ કરી જિજ્ઞાસુ બનવાનો પ્રયત્ન કરીશ ત્યારે હું કહીશ : રહેવા દે...રહેવા દે...... કમબખ્ત...

સંસારકથા

અમે ક્યાંથે ગયેલાં. ગામનું નામ યાદ નથી પણ ત્યાં કોઈક કામ અંગે કે પછી કામ વગર કોઈને મળવા ગયેલાં. અમારે ગામથી અમે ભળભાંખળે ઊપડતી એક ટ્રેનમાં જવા નીકળેલાં. અમારી સાથે અમે હતાં ! પણ હું મારી માત્ર મારી જ વાત કરું. હું મારી વહુ, મારો નાનો છોકરો, મારો એક દોસ્તાર, તેની વહુ, તેનો છોકરો, એમ ખાસ્સું છ–સાત જણનું અમારું ટોળું નીકળ્યું હતુ.

ઘેરથી નીકળ્યાં ત્યારે જ વરસાદ બહુ પડતો હતો એટલે બસની રાહ જોવાનું કંટાળાજનક લાગવા માંડ્યું. પૈસાનું ખરચ સારું એવું થવાની ધારણા અને તૈયારી પહેલેથી જ હતાં એટલે રિક્ષાની રાહ જોવા ઊભાં. બહુ વાર સુધી તો એક્યે રિક્ષા ન દેખાઈ આખરે દૂરથી એક રિક્ષા આવતી દેખાઈ એટલે મારા દોસ્તારે રસ્તાની વચ્ચોવચ જઈને હાથ કરવા માંડ્યો પણ રિક્ષા તો ઊભી રે'વાની કરે ! સદ્દ કરતીક અમને વટાવીને આગળ વધી ગઈ. પણ થોડેક આગળ ગઈ એટલે દરાવરના ટુદિયામાં રામ જાગ્યો હશે કે શું ય તે પછી ઊભી રાખી. દરાવર ડોકું બહાર કાઢી પાછળ ફરી અમારા ભાણી જોવા લાગ્યો તેની કરડાકીભરેલી નજરને ગાંઠ્યા વિના મારા દોસ્તારે "સ્ટેશનનું શું લઈશ ?" પૂછ્યુ. તેણે રકઝક કરી ઠીક નક્કી કર્યું ને એક જણ તો માંહે પહેલેથી બેઠેલો હતો તેમાં અમે છ–સાત જણાં માઈએ એમ નહોતાં એટલે બૈરાંછોકરાંને બેસાડી દીધાં ને પેલો જે પહેલેથી બેઠેલો તેની ને બૈરાંની વચ્ચે બે બાબલાઓને બેસાડી દીધા ને રિક્ષા રવાના કરી.

સદ્નસીબે પાછળ જ બસ આવી. તે ચિક્કાર ભરેલી હતી છતા અમે બે ધણીઓ તેમાં જેમતેમ કરતા ચડી તો ગયાં જ . પછી સ્ટેશને પહોંચ્યાં ત્યારે બહુ વરસાદને લીધે લથબથ થઈ ગયાં હતાં. અમારી કડકાઈની મજા પલળી ગઈ હતી. પછી બૈરાંઓમાંથી એકને ટિકસ કઢાવવા મોકલ્યું કેમ કે મરદોની લાઈનમાં ગિરદી ઘણી હતી. ટિકસ કઢાવીને (બનતાં સુધી મારી વહુ) પછી આવી ત્યારે પરચૂરણ પાછું લાવી હતી તે ગણ્યું. તો આમ તો બરાબર હતું પણ એક પાવલી બહુ લિસ્સી હતી તેનો ડંખ લાગ્યો પણ છોકરાંવને ટીકડીગોળા અપાવવામાં ક્યાંક વાપરી સેરવી કાઢશું એમ વિચારી ડંખનો ચચરાટ ઓછો કર્યો.

પ્લેટફોર્મ પર ગયા તંઈ ગાડી લગભગ પોણો કલાક મોડી હોવાનું કોઈકે કહ્યું. અમારો દોસ્તાર તો આ વાત માનવા તૈયાર નહોતો. એ થોડું વધારે ભણેલો હતો એટલે ચબરાક હતો અને એટલે બોલ્યો કે "અહીં તો લોકો મનમાં આવે તેમ ઠોકાઠોક કર્યા જ કરે." પછી થોડુક હસ્યો ને હસતાં

હસતાં એની વહુ ભણી મારકણી નજર નાખી લીધી. તેની વહુ પણ તેને મુગ્ધભાવે જોયા જ કરતી હતી. તે પણ સૂચક રીતે હસી.

એટલામાં એમનો બાબલો એકલો એકલો પ્લેટફોર્મની ધાર પર જવા લાગ્યો એટલે એના બાપાએ તેની તરફ જોરથી ઘાંટો પાડ્યો પણ એ જતો અટક્યો નહીં એટલે મારે વિવેકમાં એની પછવાડે જઈને તેને પાછો તેડી લાવવાનું થયું. હું એની પછવાડે જતો'તો ત્યાં વળી મારો છોકરો આરડીને પૂછવા લાગ્યો : "પપ્પા, કાં જાવ છો ?" મેં એની તરફ જાણી જોઈને કંઈ ધ્યાન આપ્યું નહિ એટલે તે રડવા લાગ્યો ને મારી પૂઠે આવવા લાગ્યો એટલે આવતી ફેરા બંનેને સાથે લઈને હું આવ્યો.

એટલામાં વળી ગાડી આવી એટલે મારો દોસ્તાર મલકાયો ને બોલ્યો : "જોયું ? મેં નહોતું કહ્યું ? અહીં બધાં ઠોકાઠોક જ કરે છે !" વળી પાછી તેની રૂપાળી વહુ ભણી જોઈ આંખ મીચકારી લીધી. તેની વહુને આ ફેરે કંઈ મજા ન પડી હોય એમ ગંભીર થઈને ઊભી. એને જોઈને મારો દોસ્તાર પણ જરા ટાઢો પડ્યો ને આવી ઊભેલી ગાડીમાં ધક્કામુક્કી કરી ચડવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

છોકરાંવને બારીમાંથી સેરવી દીધાં. મારો દોસ્તાર, એની વહુ ને મારી વહુ, મારો છોકરો બધાં ઠરીઠામ બેસી ગયાં એટલે મેં કહ્યું : "હું ભૂસું કે કંઈક લેતો આવું, આ લોકો ખાશે." આ સાંભળી મારા દોસ્તારની વહુ મારા તરફ જોઈને જરાક હસી એટલે હું હરખાતો–હરખાતો નીચે ઊતર્યો.

ભૂસાવાળાની લારી પર ખાસ્સી ભીડ હતી. એટલે હું અકળાયો પણ ગાડી સળંગ હતી એટલે ગમે ત્યાં ચડી જવાશે ને વહુછોકરાં ને બધાં પાસે પહોંચી જવાશે એમ વિચારી શાંતિ રાખી ઊભો. બહુ વાર પછી લારીવાળાએ મારું પડીકું બાંધવા માંડ્યું. મેં પડીકું લઈને બેની નોટ તેને આપી. એક રૂપિયો પંચ્યાસી પૈસા તેને લેવાના થતા હતા પણ ત્યાં તો ગાડી ખસવા માંડી એટલે મેં પાછા લેવાના થતા પંદર પૈસા માટે "રહેવા દે, રહેવા દે" કહી ગાડી તરફ દોટ મૂકી ને છેલ્લાથી ત્રીજા ડબામાં ચડી ગયો. એ મિલિટરીવાળાનો ડબ્બો હતો એટલે એમાંના બધા મારી તરફ ઘૂરકવા લાગ્યા. હું બીજા ડબામાં જવા સંડાસ આગળની કોરીડોર તરફ આગળ વધ્યો. ત્યાં પહોંચીને જોયું તો બીજા ડબામાં જવાનો રસ્તો બંધ હતો ! ગાડી સળંગ નહોતી !

કંઈ નહીં, આવતે સ્ટેશને ગાડી ઊભી રહેશે એટલે ઊતરીને મારા ડબાને પહોંચી જઈશ કરી બેચેન થઈ ઊભો.

મારા દોસ્તારનો વિચાર કરવા લાગ્યો : "એ ફિકર કરતો હશે."

મારી વહુનો વિચાર કરવા લાગ્યો : "એ ઊંચીનીચી થતી હશે"

મારો બાબલો પૂછતો હશે : "પપ્પા કેમ ની આઈવા... ? "એ... એ.. એ"

આવા બધા વિચારોથી મને કંઈક ન સમજાય એવી ગૂંગળામણ–ગભરામણનો અનુભવ થવા લાગ્યો.

મારો દોસ્તાર, તેની વહુ, મારી વહુ, મારો બાબો, મારો આખો સંસાર, મારા સંબધો, મારાં વળગણો, મારા આનંદો. મારો કંટાળો, બધાંથી હું જાણે બહુ દૂર પડીને ક્યાંક ફેંકાઈ ગયો હોઉં એવો તરફડાટ થવા લાગ્યો. પણ હું લાચાર હતો. ગૂંગળાતો ગૂંગળાતો ઊભો રહ્યો. દૂરતા મને બેચેન વ્યગ્ર ને પરેશાન કરી મૂકતી હતી પણ ત્યાં જ સ્ટેશન આવ્યું. અધીર પગલે ને અધ્ધર શ્વાસે દોડ મૂકતો હું 4773 નંબરના ડબા પાસે પહોંચ્યો. નંબર મેં બરાબર જોઈ મૂકેલો. આમ તો હું હોશિયાર છઉં, હાઆઆ ! પણ અરે ? આ શો ગજબ ! ત્યાં જઈને જોઉં છું તો કોઈ ન મળે ! એ લોકો બેઠેલાં ત્યાં તો કોઈ બે અજાણ્યા મારવાડીઓ લાંબા થઈને સૂતા હતા ! એ લોકો ત્યાં નહોતાં.

એટલામાં ગાડી ખસી એટલે હું બેબાકળો બની જે ડબો હાથ આવ્યો તેમાં ચડી ગયો.

ફરી સ્ટેશન આવ્યું

ફરી જેટલા ડબા ખોળાય એટલા ખોળી નાખ્યા.

પણ કોઈ ના જડ્યું.

ફરી ગાડી ખસી.

ફરી સ્ટેશન આવ્યું.

ફરી હું ચડી ગયો.

ફરી ડબેડબો આંખેથી વીખતો હું દોડું છું.

કોઈ જડતું નથી..

ફરી

ફરી

ફરી

કોઈ જડતું નથી.

હજુ ડબેડબે શોધતો ફરું છું.

બધાં ક્યાં ગયાં ? તમને કંઈ ખબર છે ?

હાથમાંનું ભૂસાનું પડીકું જેમનું તેમ વાળેલું રહ્યું નથી. મૂઠીમાં રહ્યા રહ્યા ભીંસાઈને અમળાઈચીમળાઈ ગયું છે.

હું રડવા જેવો થઈ જાઉં છું.

પણ રડવા જેવા થઈ જવાથી કંઈ ખોવાયેલું કોઈ પાછું મળતું નથી એ હું જાણું છું

છતાં–

મૌન

એણે પોતાના જ ઘરમાં ડોકિયું કર્યું.

રાત હતી આગલા ખંડમાં ધીમી સ્પીડ ઉપર સીલિંગ પંખો ફરતો હતો. સામી ભીતે ઝભ્ભો લટકતો હતો, એક એલ્યુમિનિયમના હેંગર ઉપર. એની ચાળ કોઈક વખત પંખાના ધીમા પવનના સ્પર્શથી જરાક થરકી ઊઠતી હતી.

એ ખંડ પાછળ ચોક હતો. ચોકમાં અંધારું હતું. પણ આકાશમાં થોડે સુધી ચડી ચૂકેલા ચંદ્રના પ્રકાશની, ધોળેલી ભીંત ઉપરથી પરાવર્તિત થયેલી થોડી ઝાંય ત્યાં પડતી હતી. જરાક ઉજાસરૂપે. વીશીમાંથી આવેલા ટિફિનના ડબ્બાઓમાંથી કશુંક ઉચ્છિષ્ટ ચાટી લેવા કોઈક બિલાડું થોડો ખખડાટ કરતું હતું.

ચોકમાં પડતા પાછલા ખંડનું બારણું બંધ હતું. એટલે આંખ ત્યાંથી આગળ જઈ શકતી નહોતી.

એ બહાર ઊભો જ રહ્યો. એને ત્યા ઊભા રહેવાનું ગમ્યું. ચોકમા પેલાં વાસણનો ખખડાટ થોડો વધ્યો. એક ગ્લાસ ઊંધો પડ્યો. બિલાડું નિર્ભયપણે કશુંક મેળવી લેવા પ્રયાસ કરતુ હતું.

એને સાદ કરવાનું મન થઈ આવ્યું, "ભાઈસાહેબ છે કે ?"

આ જ પ્રશ્ન આ દ્વાર આગળથી અનેક વાર પુછાતો એણે સાંભળ્યો હતો. સવાર, બપોર, સાંજ......ગમે તે સમયે.

એ જ પ્રશ્નના અનેક ઉત્તર એણે જુદા જુદા સમયે અને જુદા જુદા સ્વરમાં અનેક વાર સાંભળ્યા હતા :

"પપ્પા નાહવા બેઠા છે."

"મોટાભાઈ આરામમાં છે."

"બેસો. ભાઈસાહેબ જમવા બેઠા છે."

"દાદા સ્ટડીરૂમમાં છે. લખે છે."

અત્યારે એને પૂછી લેવાનું મન થયું : "ભાઈસાહેબ ઘરમાં છે કે ?"

એણે આસપાસ જોઈ લીધું. કોઈ નહોતું. પડોશીઓનાં ઘરનાં દ્વાર બંધ હતાં. કોઈ સાંભળી લે એટલા અંતરમાં કોઈ જ નહોતું. એણે ચેષ્ટા કરી જ લીધી : "ભાઈસાહેબ ઘરમાં છે કે ?"

એના પ્રશ્નના જવાબમાં એકસામટા ઘણા ધ્વનિ આવવા લાગ્યા. પેલા બંધ બારણા પાછળથી. ઉપરના માળમાંથી. અંદરના રસોડામાંથી. ઘરના આંગણામાંથી. કોઈ ભૂગર્ભના પોલાણમાંથી ગળાઈને આવતા હોય એમ–

"પપ્પા બાથ લે છે."

"ભાઈ આરામમાં છે."

"દાદા સ્ટડીરૂમમાં છે. લખે છે."

"બેસો ભાઈ. ભાઈસાહેબ જમવા બેઠા છે."

એક, બે, ત્રણ, ચાર.....એ બધા અલગ ધ્વનિ હતા. જુદા જુદા સૂર એકસામટા છતાં સ્પષ્ટ. અબજો માઈલ દૂરથી આવતા હોય એવા.

એણે ફરીથી પૂછ્યું : "ઘરમાં કોઈ છે કે ?"

કશો પ્રત્યુત્તર નહોતો. એના પ્રશ્ન પછી ઘરનું મૌન ઘેરું બન્યું. એક પળ તો એને ત્યાંથી ચાલ્યા જવાની ઈચ્છા થઈ આવી. પણ એ ઊભો જ રહ્યો. કોઈ આગંતુકની જેમ એ ઘરમાં નજર ફેરવી રહ્યો.

પંખો ધીમા વેગથી ફરતો હતો. ઝમ્ભાની ચાળ થોડીક થરકતી હતી. ચોકમાં થોડું અંધારું અને થોડો ઉજાસ હતો. બિલાડું હજુ કંઈક વધારે મેળવી લેવા વાસણ ખખડાવતું હતું.

અને ઘરનું મૌન વધારે ને વધારે ઘેરું બનતું જતું હતું.

ગામખોળે

પિત્તળની વાટકીમાં પીઠી ઘોળાય અને રુવાંટે રુવાંટે પીઠીની સંગાથે ભાભીઓનાં મારક્ણાં વેણે ય. ઠીકરું આળી જગ્યાએ ઘસાતું હોય એવાં ચચરે, ત્યારેય પણ જીભઈની મૂછના ઘેરે તો મરક્લડું : સ્મિત : બેઠું હોય. વાડીના શેઢા ઉપર મોસમના પહેલવહેલા વરસાદે ઝીણુંઝીણું ઘાસ ફૂટે એમ જીભઈના ઉપલા હોઠે ને નીચલા હોઠની હેઠળ, ગાલની સ્તુંબલ ઝાંયને નજર ના લાગે એટલા કાજે ઝીણા ઝીણા રેશમી કાળા ઘેરા ફૂટ્યા હોય, પણ ગાલ ઉપર તાકડે લાગ જોઈને જ ક્વરાવવા હાલી નીક્ળી હોય એવી હઠીલી ભિખારણની જેમ ત્રાગું કરતી બેચાર ફોલ્લીઓના કારણે જીભઈ ઊભો ને ઊભો સુકાતો હોય, ત્યારે જીભઈના હાથમાંથી આભલું આંચકી લઈને તેના ગાલ ખેંચતો ભાભીઓને શું જીભઈ એમ વઢવા બેસે કે કાલ સુધી હાથે રોટલા શેક્તો હતો ત્યારે તો ક્હેવાપૂરતીય કોઈ ભાભી આંગણે ઢૂંકતી નહોતી ? ભાઈની વાત તો ઘેર ગઈ, પણ હવે લગન લેવાનાં થયાં ત્યારે ગામની–પરગામની ખોરડે–ખોરડેથી ગણી ગણાય નહી અને વીણી વીણાય નહી એટલી બધી આ ભાભીઓ આજ ક્યાંથી નીક્ળી પડી ?

હશે ! ફોલ્લીવાળો ચાલ ચચરાવ્યો તેનું સાટું આ ભાભીઓ વાળી આપતો હોય તો "વીર ભાભીવાળા" ને શું વાંધો હોય ? આમ ગાણાં ગાઈ ગાઈને ?

"પીઠીના ભરિયા પોઠિયા મીંઢોળડી રે

　　આવી ઝોકાર્યા માંડવડા હેઠ મીંઢોળડી રે

વળી વળી જિયા ભઈ મૂલવે મીંઢોળડી રે

　　અમારે જીયાભાઈ મૂલવે મીંઢોળડી રે......"

માંગી આણેલા બાજોઠ ઉપર "વીર ભાભીવાળો" ગળામાં કઠતા માંગી આણેલા સોનાના ટૂપિયાને આંગળીઓનાં ટેરવાં ભરાવીને આઘોપાછો કરવા મથે છે. જીભઈને જેમ ભાભીઓ માંગી આણેલી છે, તેમ લગનમાં ઝાઝા ભાગનું માંગી આણેલું છે. સસરાએ પણ પાંચના બદલે બે તોલા સોનાથી ચલાવી લેવાનું કબૂલ્યું છે તે શું અમસ્તું ? દહેજના રૂપિયા જતા ર્ક્યા તે તો જુદા.*

વખાણ કરતાં કરતાં લોકોની જીભ થાક્વા માંડી, અને શું કામ ના થાકે ? માબાપ વગરના છોકરાને પોતાની દીકરી વરાવનાર તો ભલજીભાઈ જેવો કોઈક જ હોય. ભલજીભાઈ કાંઈ

લાખ-બે લાખનો આસામી ના હોય, પણ બેજોડી બળદિયા, બે ભેંશો અને એક ગાયનો સણીધણી ખરો. થોડીઘણી ખેડ્ય પણ દૂઝે. શંકાકુશંકા કરનારાની બોલતી બંધ કરવી હોય તો કહી શકાય કે ભલજીભાઈની શાંતા પાંચ મહિનાની હતી ને જીભઈ સવા મહિનાનો હતો ત્યારે સગાઈ થયેલી અને ત્યારે તો ભલજીભઈ પણ પોતાની બૈરી સાથે ઊભડ મજૂરી કરી ખાતો જણ હતો.

જીભઈનાં માબાપ નથી, પણ ગામ આખાયે ખોળે લીધેલો જણ, તે એના લગનમાં કાંઈ વીસ-પચીસ માણસથી આરો ના અવી જાય, કોઈને નોતરું દેવાપણું નહીં, કોઈને આવતાં અટકાવવાપણું નહીં, નાત હોય કે પરનાત, જીભઈ સૌનો દીકરો છે. પાંચ ઘર સુધી તો સળંગ ચાકળા અને તોરણ બંધાઈ ગયાં ને આણાં ગાનારીઓ અને ગવડાવનારીઓને વહેંચવા માટે પાંચ રવા ગોળ પણ આવી ગયો !

ભલજીભાઈને ત્યાં કન્યાને ઘરેણું ચડાવવા કાજે બે તોલા સોનું ક્યાંથી આવ્યું છે ને કોણે કોણે પૈસા આપ્યા છે એની પણ જીભઈને તો ખબર નથી, પછી ભલજીભાઈની તાકાત છે કે જરાયે આઘુંપાછું બોલે ? ગામ આખું તેમને ચૂંટી ના ખાય ?

વરઘોડિયાં માયરામાં પરણવા બેઠા તો જીભઈના હૈયાના થડકારામાં ખણન-ખણન કરતું વેલડું દોડવા માંડ્યું અને કાનમાં ચાંદીની ઘૂઘરીઓ રણઝણવા લાગી. શાંતાને તેણે એકાદ-બે વાર ગામના સગાને ત્યાં લગનમાં આવેલી ત્યારે ઊડતી નજરે જોયેલી, પણ અત્યારે તો હથેળીનો કઠણ પહાણા જેવો કસાયેલો સ્પર્શ તે પણ પોચા રૂના ગાભા જેવો, હસ્તમેળાપને જાણે જન્મારા આખાનું સંભારણું બનાવી ગયો, ને તગતગતી રાતી રાણ્ય જેવી જુવાની આંખોમાં ઘોડાપૂર જુવાળના વાંભવાંભ જેવડા ઉછાળા આપી ગઈ. "ઈશ્વર ધોવે ધોતિયાં, પારવતી પાણીની ધાર......."

"એક દહાડામાં પોતે ઊભડ મજૂરમાંથી ઈશ્વર પણ થઈ ગ્યો ! આ ગામનું માણહ ને ઈમનો ભર્યો ભર્યો નેહ......! આ નેહનું ચૂકવણું કેટલા જન્મારે થઈ શકશે જીભઈ ?

માણસ માણસનું કામ કરે તો પંચાતિયા શું લેવાને પાછળ રહી જાય ?

"રાઈનો પરવત કરી નાખ્યો ટપુડિયા ! "

"રઈ તો રઈ જ રહેવાની બાપુ, પણ પરવત ઊભો થાશે ને તો રઈ તો ગોતીય હાથ નઈ આવે, ક્યાંય ચગદાઈ જાવાની બાપુ !" "સમજ્યા ઈ તો, પણ સૂરજ ઊઠીને દીવો ગોતવા નીકળે" ઈમાંયલી વાત જ મને તો વ્હેમ પડતી લાગે છે, ટપુડિયા !"

"તમે બેટા ફીફાં ખાંડો મા, લ્યા પંચાતિયાવ, ભલજીભાઈની શાંતાને ભાળી છે ! કોઈ જો ઊંચું ઉપાડીને સામું જોવે તો આંખ્યું ખોતરી લ્યે એવી વકકરવાળી, પાછું મોઢામાં તો જાણે જીભ જ નહીં !'

"પણ બાપુ, આમાં જીભની વાત જ ક્યાં.....?"

"લ્યો રાખો, નાહકના પાપમાં.....!"

વાતને વળ જ ચડાવવો હોય તો આમ નહી ને એમ, બસ, વળ ચડાવનારા સાબૂત જોઈએ.

"આવડા આ જીભઈને પણ ભારી સરખાઈ આવી ગઈ હો ટપુડા !" મારું બેટું તાવડી તડાકા દેતી હોય, તોય માંગી માંગીને શીરો થાય ઈ આનું નામ ।

"એલાવ, તમારે કંઈ ધંધો છે કે નહી ? ઊઠો અહીથી, કોઈનું સારું સાંખી શકતા જ નથી ? તમારી જાતના.....!"

"ઊઠ, ઊઠ ટપુડા, મને આંઈ અધામું (બેચેની) લાગે છે."

ભલજીભાઈએ શાંતાને આણામાં એક ભેંશ આપી, સારી પેઠ લૂગડાં લીધાં ને સારી પેઠ વાસણકૂસણ લીધું, વળી જીભઈને પોતાનું એક ખેતર ખેડવા આપ્યું. જ્યારે જીભઈના ગામવાળાને જાતે ખાવાનું હતું અને જાતે ખરચવાનું હતું.

પણ ઉમળકાને અંત ના હોય. ચાંલ્લો ય હિસાબ ના થાય એટલો ભેગો થઈ ગયો. જીભઈ ગામના સૌની હારોહાર આવી ગયો. ઉપરથી શાંતા સાથેનો સંસાર, ગોળ ખાઈખાઈને પણ માણસનું મોં ભાંગી જાય, તો આ તો સંસાર, સુખ પછી છેવટ અબખે પડવાનું થાય.

ખટમીઠું–ખટમીઠું જીવતર, ઝીણીઝીણી હઠ અને નાનાં–મોટાં રિસામણાં–મનામણાં, એમાં શાંતાને અધરણી આવી. સીમંતનો પ્રસંગ તો ગામ આખાને ઘરે ઘરે ઊજવણી જેવો થઈ પડ્યો, આમાં જીભઈના સુખને સીમા હોય ક્યાંથી ?

પણ હોય, સુખને ય સીમા હોય, માનવું પડ્યું જીભઈને, અને ગામને ય કે સુખનેય.....।

શાંતા ખોરડાના માળિયા ઉપરથી છાણાં ઉતારવા ચડી, એમાં નિસરણી લપસી ને નીચે પડેલો પાવડો શાંતાની કૂખમાં... ! તરત જ ગાડામાં નાખીને શાંતાને શહેરના દવાખાને લઈ ગયા.

"રઈનો પરવત થ્યો ને આખર ટપુડિયા ?"

"ક્યાં થ્યો બાપુ ? કહેવાવડ થઈ ઈમાં.....અધૂરા મહિને છોકરું મૂએલું આવ્યું, જીભઈ બેઠી ગ્યો હેઠો, બહુ ફૂલકે ચડ્યો'તો કેદુનો !"

"હેઠો કાં નો બેહે ? છોરું મૂએલું નોતું આવ્યું ટપુડિયા, મારી નાશ્યું, કહેવાવડ તો કહેવાની, દાગતરે દીધું કે પૂરા મહિને જ... ! એલા, મને તો ઈ છોડી માયરામાં જ "ભારે પગે" લાગતી'તી!

* સૌરાષ્ટ્રમાં કેટલીક ખેડૂત કોમોમાં છોકરીનો બાપ વરના બાપ પાસેથી સોનુ અને દહેજના (ઠરાવેલા રૂપિયા માગે તેવો રિવાજ છે.)

અમથી તાત્કાળિક ઘડિયાં લગન લઈને વળાવી દીધી ! નકર ભૂખના આવા ભડાકામાં કિયો બાપ પોતાની છોડીને જાણી જોઈને ?"

"એલાંવ, પાછાં તમે લઈ મંડ્યા ? કોકનું ખરાબ થતું જોઈને જ તમારા કાળજે ટાઢક વળે છે ?"

"હાલ્ય, ટપુડા, આંઈ જીવને હમાણેકી એવી તો માઠી દશા....!"

ટપુ અને એના બાપુ ત્યાંથી ઊઠીને થોડુંક ચાલ્યા ત્યાં જ તેમની નજર દૂર પીપળ હેઠ જીભઈને બેઠેલો જોઈને સજ્જડ થઈ ગઈ. ઉપરથી ખરતું પાંદડુ ચક્કર ચક્કર નીચે વહ્યું આવતું હતું, અને જીભઈ પૂતળાની જેમ તેને એકીટસે તાકી રહ્યો હતો.

અશ્વકથા

બારણું બંધ કર્યું તોય હણહણાટી સંભળાયા કરતી હતી. આટલી હણહણાટી કદી સાંભળી નહોતી. અગમ પંથથી નીકળેલા સહસ્રશત ઘોડલા મારી પડખેના ઓરડામાં ભરાયા હતા. ફીણની માદકતા મને ઘેરી લેતી હતી. જંગલી અશ્વોની હારમાળા પર હારમાળા નજીક ને નજીક આવતી ગઇ. છેક બારણા પાસે અશ્વો હણહણ્યા.

ધીમે ધીમે સ્વાલ કાનને ભરી દેતી હતી તો વચ્ચે વચ્ચે ડાબલા વાગતા હતા મારી નસોમાં વહેતા લીલા લોહીમાં ધબકાર બની. નસોમાં વહેતા લોહીમાં ગતિ આવી હતી. મેં નસકોરાં પાસે હથેળી મૂકી તો દાઝી જવાય એવો ઉચ્છ્વાસ હતો. મારો ડાબો હાથ હજી બારણા પર છે ત્યાં એક કેસરી અશ્વ કૂદી આવ્યો બારીની તિરાડમાંથી. એ મારી પાસે આવી હણહણ્યો મેઘ ગાજે તેમ. મેં કેશવાળી પસવારી. એનાં ફૂલેલાં નસકોરાં પર ચુંબન કર્યું. ત્યારે એ મારી છાતીને સૂંઘતો હતો જરાક ડોક ઊંચી કરી..

છલાંગ મારી બન્યો અસવાર. એ બે પગે થયો. હણહણી ગોળ ગોળ ફર્યો ને દોડ્યો. એ કઇ દિશામાં દોડે છે એની શુદ્ધિ ના રહી. એની ગતિમાં હું ઓગળી ગયો હતો. મને માત્ર એના બે કાન વચ્ચે આગળનો માર્ગ સૂઝતો હતો. એ દોડતો દોડતો એક જંગલમાં પ્રવેશ્યો. વૃક્ષોમાં ચળાઇ લીલપ પીતો તડકો મને સ્પર્શતો ત્યારે રોમાંચ થતો ને થતું કે લીલપ પીધા કરું કીડો થઇ.

હજી અશ્વ દોડ્યા કરે છે ને હણહણ્યા કરે છે હજી –

"એય શાના વિચારમાં પડ્યો ?"

"કંઇ નહિ, કશુંય નહિ. "

"તારું મગજ ઠેકાણે લાગતું નથી."

"એવું જ છે..."

"મૂર્ખ, નદી આંગણે આવી છે ત્યારે ઝાંઝવામાં ડૂબે છે. ?"

" ઝાંઝવાં...!"

" બીજું શું ?"

અશ્વ રણની સરહદે આવી ઊભો છે. વિમાસતો એ વારંવાર ડોક ઊંચી કરી ફુત્કારે ત્યારે

મોમાંથી ફીણ નીચે પડે છે. એ ફીણમાંથી એક નદી નીકળે છે તદ્દન તન્વી. સાગરને ન મળતાં રણને મળે એ નદીને કુંવારિકા કહીએ છીએ ને ! કુંવારિકા શોષાતી પડી છે રેતીમાં ઓસરી જવા. હું એને જોયા કરું છું. એ શેરીમાં રમતી બાળા ન્હાવા પકડેલી માના હાથમાંથી છટકી આવેલી જાણે. અહીં એ સાગરને મળવાની નથી છતાં એ ફંટાયેલી છે. કહો કે એ ફંટાય છે એના કોડભર્યા ઉકળાટને લીધે. એ એક તાડના છાયા જેટલી જગ્યાને હથેળીથી ઢાંકે છે ને મારી નજર દઝતા નાગને શીતળતા મળે એટલી ગૂંચળું વળી પડી છે.

"શું જોયા કરે છે ? "

"રણદ્વીપ."

"જોયા જ કરીશ ?"

"ના. "

"તો પછી નદી સુકાઇ જશે હમણાં..."

" કેવી વાત કરે છે "

"સાચે જ."

"મને હણહણાટી સંભળાયા કરે છે અસંખ્ય અશ્વોની."

"મને તમરાં ઘેરી વળ્યાં છે ને તું..."

" શું ?""

" તને ફરી જન્મ લેતાં આવડે છે ?"

"કેવી રીતે ?"

"જન્મ્યો ત્યારે કેવો હતો.?"

" ખબર નથી.."

"ધાગાના વાઘા પહેર્યા હતા?"

" ના"

" તો પછી વળગણ શાં "

" ઘણાં ઘણાં છે."

" તો છોડ – "

મેં ગાંઠ ક્યારે છોડી એની ખબર નથી. લીલાછમ્મ વાંસવનમાં તીખો તડકો પથરાતાં તડતડ ગાંઠો ફૂટે એવું ક્શુંક ક્શુંક મારામાં થતું હતું. ગાંઠ છૂટી કે ફૂટી એની મને ખબર નથી, પણ નદીકાંઠે બાળક રેતીનું ઘર બનાવી જોયા કરે એમ બેસી જોયા કરતો એને. નદીએ એનો એક હાથ મારા ભણી લંબાવ્યો ને ડોકમાં વીટાળ્યો. હું ફૂલોથી લચી પડેલી ડાળની જેમ લચ્યો. પછી તો મારે રોમે રોમે ફૂલ ખીલ્યાં ને કળીઓ ઊઘડી વહેતાં લોહીનાં વમળોમાં. હું ફૂલ બનીને ઝૂમ્યો. ઝૂમ્યો મસ્ત પવનની જેમ – અશ્વો હણહણતા હતા બહાર–

સાગર દ્વીપકલ્પ પાસે આવી બેસે એમ હુંય બેઠો એની લગોલગ. પછી તો ન રહ્યો ભેદ બંનેની વચ્ચે. ખળખળતાં જળ દ્વીપકલ્પ આગળ ફંટાતાં રેલાતાં હતાં.

"મારે તને પૂછવું છે."

" શું ? "

" હું તને ઝરણું લાગું છે કે પછી ?"

" તળાવ...."

" મૂર્ખ."

શેવાળમાં પાંદડું તરે એવો એનો ચહેરો મારી આંખમાં તરતો હતો. એનો ફિક્કો રંગ લીલા કચ જળમાં પાનખર લઈ બેઠો હતો. જળકૂકડી જેવું એનું નાક મને ક્દીયે ગમ્યુ નથી તો ય એ મારા ચહેરા પર ટોચ્યા કરે છે. લક્કડખોદની જેમ.

" હું થાકવાની નથી."

" તેનો શો અર્થ ? વીરડો ઉલેચવાનો પ્રયત્ન વ્યર્થ."

"મને સમજાતું નથી આ બધું."

"નદી રણમાં શમાઈ જાય પછી એને બધુંય સમજાય છે."

"તને શબ્દો કેમ ફૂટે છે ?"

"તો.....?"

"વહેતા પવનને શબ્દો ક્યાં ફૂટે છે ? ઊગતા સૂર્યનાં કિરણોને વાચા ક્યાં હોય છે ?"

"હું શબ્દોનો બનેલો છું."

"ગતિમાં ગતિ થઈ જા."

"પછી ?"

"પવનમાં પવન બની જા."

"પછી ?"

"પાણીમાં પાણીની જેમ ઓગળી જા."

"પછી ?"

"હણહણ્યા કર ઘોડાની જેમ."

"ઘોડો બની જઈશ કદી."

"કશોય ફેર નથી."

"એટલે."

"માત્ર લગામ બાકી છે."

"મને."

"ના. મને."

એણે મેઘધનુષી વસ્ત્ર ખેંચ્યું અને મદારી સાપને કરંડિયામાં પૂરે એમ છાતી ઢાંકી. એના ડાબા સ્તન પર ઊગી ગયેલો લાંબો કેશ કરંડિયા બહાર રહી ગયેલી પૂંછડીની જેમ હાલ્યા કરતો હતો. મને થયું કે ગોળમટી ધરતીમાં બાવળ ક્યાંથી ઊગ્યો ? એ જાણે મારી આંખોમાં શૂળ ભોંકતો વધી રહ્યો હતો ત્યાં એને છીંક આવી.

એનું ઘેટા જેવું છીંકવું મને ન ગમ્યું.

શમી જતાં મોજાં જેવી હણહણાટી સંભળાતી હતી દૂર....... દૂર.........

મારી છાતીમાં મોજાં ભાંગી ફીણ ફીણ થતાં હતાં ત્યાં એના ધમણ જેવા ઉચ્છ્વાસે મને દઝાડયો. છેક નાકને ટેરવે મરી ગયેલા વંદા જેવો ગૂંગો આવી ઊભો. એને સ્પર્શતો લાંબો વાળ તીરના ફણા જેવો મને ભોંકાયો.

છાલક સાથે કિનારાના ખરબચડા પથ્થર સાથે મરેલાં કરચલાં અથડાયા કરે એવું લાગ્યા કરતું હતું એના શ્વાસોચ્છ્વાસથી. એ જરા પડખે થઈ ત્યારે દૂબળી બકરીનું હાડપિંજર હોય એવી એની અડધી પીઠ દેખાઈ. એની ઊપસેલી પાણીદાર આંખોમાં મને મરી ગયેલું ટટ્ટુ ભાસ્યું. એનું મોં મારા જેવું હતું.

"શું જોયા કરે છે મૂર્ખ ?"

"તારા ચહેરા પર પડેલી કરચલીઓ......"

"ભગવાને મને એવી ઘડી છે."

"સારું કર્યું છે."

"એથી કંઈ હું ઘરડી નથી લાગતી."

"ના. ઘરડીમાંથી યુવાન......."

"મને મજાક નથી ગમતી મૂર્ખ."

"હું હકીકત જ કહેતો હોઉં છું."

"તો પછી કાયાગ્રહણ શું કામ કર્યું ?"

"અમસ્તું."

એ ઉશ્કેરાઈ, પાણીમાં પડેલા હાથી જેવી મારી સ્થિતિ હતી. એના નાકનો વાળ એના શ્વાસોચ્છ્વાસને લીધે ઊંચો થતો હતો એ જોતાં ચીડ ચડતી હતી. મારું મન ચિડાયેલું હતું ને કાયામાં વંટોળ પેઠો હતો.

"હું થાકવાની નથી."

"હુંય......"

"તારું શરીર ઘોડા જેવું લાગે છે. પરસેવો કેવો ફોરે છે ?"

"ઘોડો જનમવાને બદલે માણસ જન્મ્યો."

"એવું જ......એવું જ......"

પારેવાની ડોક મરડતો હોઉં એટલી મસ્તીથી છાતીમાં આંગળાં દાબ્યાં. એનાથી હળવી ચીસ પડાઈ ગઈ. એ હવે ઊડવા મથતી હતી વીખરાયેલાં પીછાં ને સમાસ્તી. પૂંછડી પકડી સાપને વીંઝી નાખ્યા પછી છોડતાં એ શિથિલ થઈ જાય એવી એ હતી.

હું ઊભો થઈ ગયો.

'કેમ ?'

હું કંઈ પણ બોલ્યા વિના ઊભો રહ્યો.

"ન ગમ્યું ?"

'મેં ગાંઠ પર ગાંઠ વાળી.'

"મને આવી ખબર હોત તો ના આવતી."

"ના આવતી."

"નપુંસક છે તું મૂર્ખ."

"હોઈ શકે."

"હકીકત."

"તું માને તે."

એ અવળી ફરીને સૂતી ત્યારે સૂકી નદીના કિનારા જેવી લાગતી હતી. એનો એની પીઠ પર પડેલો હાથ મરી ગયેલી નાગણ જોઈ લો. એના વિખરાયેલા વાળ પંખી વિનાના માળા જેવા મને લાગ્યા. એનું ડૂસકું સંભળાયું દબાયેલું. મેં એને કહ્યું : "હવે કપડાં પહેરી લે નદી" એ કંઈ જ ન બોલી. એની અપેક્ષા હશે કે હું નદીને કિનારે વૃક્ષ થઈને ઊગું. ઝૂકું ડાળ ભરીને ફૂલોથી. મારી ઈચ્છા હોવા છતાં હું કંઈ ના કરી શક્યો. વચ્ચે વચ્ચે દ્વીપ આવતાં નદી ફંટાય એમ એ પડી હતી–

એ મને જોયા કરતી હતી વરુની નજરે.

મેં સ્ટોપર ખોલી ત્યારે મારી પીઠ પાછળ મોટી ગાંઠ ઊગી નીકળી હોય એટલો બોજ લાગતો હતો ને હણહણાટ શમી ગયો હતો ભીતરના અશ્વોનો–

ફૂલ

મને ફૂલોનો જરાએ શોખ નથી. શિક્ષકના હાથમાં તે સારુંયે ન લાગે.

"ફૂલ લાવી આપું ?" રિસેસમાં હું ઊભો હતો ને તેણે મને પૂછ્યું.

"ના."

"અહીં જ છે પછવાડે," તેણે કહ્યું, "દેખાડું ?"

"અત્યારે નહીં." મેં કહ્યું. "સાંજે વાત." તે જતો રહ્યો.

ફૂલ મને કાયમ મળે. સામે બારીમાં પગ ટેકવી ખુરસીને ઉલાળી હું બેસતો. નિશાળ છૂટ્યા પછી મારો વર્ગ શરૂ થતો. ગમે ત્યારે પણ ફૂલ મારા ટેબલ પર આવી પડે. ફૂલ મૂકનાર મને ન દેખાય. કોણ ફૂલ મૂકી જતું હશે ? મને કંઈ સમજાતું નહીં. ને હું તે ફૂલ તરફ કંઈ ધ્યાન પણ ન આપતો.

ક્યારથી ફૂલ મળવાનું મને શરૂ થયુ તે મને ખબર નથી. મારા વર્ગમાં તે આવતો. બગીચો અમારી સામે જ હતો. ઘણાં ફૂલ દેખાય. વર્ગમાં સાંજે કાયમ અંધારું લાગતું. ઉજાસ માટે પૂરતી બારીઓ ન હતી. ઓફિસ બંધ થઈ ગયા પછી બુઢ્ઢો પગી વર્ગ પાસે જ તેની ખાટલી ઢાળે ને બેસીને બીડી પીએ. ઉનાળામાં ગરમી લાગે, શિયાળામાં ઠંડી ને ચોમાસામાં વરસાદની ઝડી પડે.

ટેબલ પર પડેલું ફૂલ હાથમાં લીધું. શેનું છે તે મને ખબર ન પડી. પગી પાસે ગયો. બુઢ્ઢો સૂતો હતો તે બેઠો થઈ ગયો. મેં પૂછ્યું, "આ શેનું ફૂલ છે ?"

"બેસો સાહેબ."

"આ ફૂલ શેનું છે ?"

તેણે ફૂલ જોઈ કહ્યું, "પાણકંદો સાહેબ."

"પાણકંદાનું ફૂલ ?"

"હા સાહેબ."

આ ફૂલ કોણ મૂંગુમૂંગુ મૂકી જતું તે જાણવાની ઇચ્છા ન થઈ. ક્યું ફૂલ છે તે મેં જાણી લીધું.

મને કોઈ દિવસ પ્રેમ કરતાં આવડ્યો નથી. પ્રેમિકાએ ફૂલ મોકલ્યું નથી કે નથી પોતાના વાળમાં ખોસેલું બતાવ્યું.

આ ફૂલ આમ મૂંગામૂંગા મૂકવા પાછળ શું હેતુ હશે ?

ફસ્તી એક ધારી છ ઈંચની પાતળી ને લાંબી વેરાયેલી પાંખડીઓનું એ ફૂલ. પાંખડીઓ ચાર જ. તે પાંખડીઓ વચ્ચે, નીચેથી જાડી ઉપર જતાં પાતળી સોય જેવી થતી બીજી ચાર દાંડીઓ હતી. આ દાંડીઓ નીચે સફેદ ને ઉપર જતાં લીલી થતી જતી હતી. નીચેથી ઉપર અડધે સુધી ખૂબ જ પાતળો સફેદ પડદો એ દાંડીઓને એક બીજી સાથે જોડતો હતો ને ચારેની ઉપર સોયની અણી જેવી પાતળી અણી પર સહેજ ભીના તમાકુ રંગની અડધો ઈંચ લાંબી ટોપકીઓ હતી–બધી બરોબર નીચે ઢળતી.

ફૂલની સુગંધ ઠંડી ને માદક હતી. પરીકથાના અનુભવ જેવું જ આપણને મનમાં કંઈક થાય. ચોમાસામાં સુગંધ મીઠી લાગે. ઠંડીને લીધે સૂંઘવાથી શરદી પણ લાગી જાય. છતાં તેની ગંધ ભીની ને મીઠી હતી.

કોઈ પણ મુગ્ધ અને માસુમ મુગ્ધાના વાળમાં તે ન શોભે. મોઢાની શોભા બગાડી નાખે. ફૂલ પોતે પોતાની જ સુગંધમાં રાચે. સુગંધ ફેલાવી પણ ન શકે એટલું શરમાળ.

આવું ફૂલ મૂકનાર બાળક પણ શરમાળ. તે બાળકને મેં તેનું નામ કદી પૂછેલું જ નહીં. હજી પણ તેનું નામ નથી જાણતો. સાત કે આઠ વર્ષનો તે હશે. શરીરમાં પાતળો. ચડ્ડીમાં ખમીસ ખોસી ચડ્ડી ને ખમીસ પહેરે. ખભે લાંબા પટાવાળું તે દફતર ભરાવતો. દફતર કાયમ કમરે ઝૂલતું. તેનો ચહેરો ગોળ ને લાંબો હતો મોઢું માસુમ. આંખોમાં તે પોતાની એકની જ જાતને મગ્ન હોય તેવો ધૂની દેખાય. આંખો નિર્દોષ. ગાલ નાના ને કૂણા હતા–શિયાળો સહન ન કરી શકે તેવા. હોઠ લાગણીપ્રધાન ને ભરેલા. ભ્રમરો કાળી ને ભરેલી. માથાના વાળ સાંજે વિખાઈ જ ગયા હોય. તે બોલતો ઓછું ને બહુ જ ધીમે–જાતે મનમાં વાતો કરતો હોય તેમ. પણ વાત કરે ત્યારે લાગે કે તેને આપણી સાથે ઓળખાણ ઘણી જૂની છે.

હું બેઠોબેઠો વાંચતો હતો. છોકરાઓ તેમનું કામ કરતા હતા. વિદ્યાર્થીએ મને ચિત્ર બતાવ્યું, "જુઓ સાહેબ."

મેં તેની સામે જોઈ કહ્યું, "બરાબર નથી." ને તેના ચિત્ર સામે જોઈ બતાવ્યું. "નીચેનો ભાગ બરાબર કર." ફરી મેં વાંચવામાં ધ્યાન આપ્યું ને તે ચુપકીદીથી ફૂલ મૂકી ગયો. પકડાઈ ગયો. તે કંઈ જ બોલ્યો નહીં. મને તેણે ચિત્ર બતાવ્યું ત્યારે આસાનીથી તે ઊભો હતો, જાણે કંઈ જ વાત નથી. મેં ભૂલ કાઢી તો યે એવી જ આસાનીથી તે જતો રહ્યો.

મારાથી હવે ન રહેવાયું. મેં તેને કહ્યું, "તું આમ આવ તો."

"શું ?" તે આવી ઊભો રહ્યો.

"તું અહીં ફૂલ મૂકી જાય છે ?"

"હા."

"શું કામ ?"

" અમથું "

"અમથું અમથું જ ?"

"હા."

"ક્યાંથી ફૂલ લાવે છે ?"

"પછવાડેથી."

"ક્યાંથી ?"

"પછવાડે બગીચામાંથી."

હું તેની સામે જોઈ સહેજ હસ્યો. તે પણ મરક્યો. અમારા બનેના મોઢા ઉપરના ભાવ સમાન થયા—ફૂલ જેવા. તે જતો રહ્યો ને કામ કરવા લાગ્યો.

ફૂલ મૂકવા પાછળ તેનો શું હેતુ હતો તે મને ન કહી શક્યો. તેને મન દરેક કામ પાછળ કંઈ હેતુ હોય એવું કંઈ જ ન હતું. તેનાં ફૂલ મૂકવા પાછળ કશો જ હેતુ ન હતો.

તેનું કામ પૂરું થયું હોય અને બીજાઓ કામ કરતા હોય તોએ તે ઘેર ન જતો રહેતો. બધા જ જતા રહે ત્યાં સુધી તે રોકાતો. હું અને તે બે જ વર્ગમાં રહીએ. આડીઅવળી પડેલી પાટલીઓ થપ્પી કરી મૂકવા હું તેને કહું. પછી તો તેની જાતે જ તે એ કામ કરતો.

અમે બંને સાથે જ ઘેર જતા. ફૂલ અમે સાથે રાખતા. અડધે સુધી અમે સાથે જતા. છૂટા પડવાની જગા આવે ત્યારે તે માથું હલાવી આવજો આંખથી કહેતો. હું હાથ ઊંચો કરી કહેતો, "ઠીક, આવજો." તે સહેજ મરકતો ને બીજે રસ્તે વળી જતો.

છૂટા પડતી વખતે તેનું આપેલું ફૂલ હું તેને પાછું આપતો. તે કહેતો, "તમે લઈ જાવને !"

"ના, હવે તું સૂંઘજે."

"તેની વાસ કેવી સરસ આવે છે !" તે કહેતો, "તમે ક્યાં રો'છો ?"

"આવજે મારી સાથે હું તને લઈ જઈશ."

"ઠીક આવીશ."

તેના ઘર પાસેથી નીકળ્યો ત્યારે એક વખત તે વાળતો હતો, મને તે જોઈ ગયો. તેના બાપુજી સાથે તેણે વાત કરી. તેના બાપુજી મારી સામે જોઈ રહ્યા.

બહુ વિચિત્ર ફૂલની વાસ તેને ગમતી હતી. મેં એક વખત આખું ફૂલ જોયું ત્યારે તેણે કહ્યું હતું, "કેટલી ઝીણી આણી ઉપર આ લટકે છે ! રોજ નમેલું જ રહે છે." ને તેણે મને આછા તમાકુ રંગની પાંદડીઓ બતાવી હતી.

મને હજી નથી સમજાતું કે તેને અને આ ફૂલને શું સંબંધ હશે ? આ જાતની ફૂલ માટેની તમન્ના કોની પાસે હશે ? ફૂલનો તે કંઈ જ ઉપયોગ ન કરતો. ફૂલ ઘણા લેતા હશે. ઘણાને ડોલરની વાસ ખૂબ જ ગમતી હશે માથામાં સ્ત્રીઓ ફૂલ, ને ફૂલની વેણી નાખતી હશે. અને તે પણ ઘણી જ ચોકસાઈથી. ફૂલને લઈને તેમનું સૌંદર્ય ને જાત–અભિમાન વધતું હશે, ગર્લ્સ હાઈસ્કૂલમાં ભાગ્યે જ એવી છોકરીઓ હશે જે ફૂલ નહીં ઓળખતી હોય અને નાખતી હોય.

પણ આની પાસે શું હશે ? તે શા માટે ફૂલ લેતો હશે ? મેં તેને કદી આ પૂછ્યું નથી. જો પૂછ્યું હોત તો તેની ઉંમર નાની હતી જવાબ દેવા માટે.

એક વર્ષ થઈ ગયું. શિયાળો, ઉનાળો ને ચોમાસુ ગયા. આજે મને કોઈ જ ફૂલ આપતું નથી. મને ફૂલ યાદ આવે છે ને કંપાઉન્ડના બગીચામાં જોઉં છું પણ ખરો. ઘણાં બધાં ફૂલ છે.

એક દિવસ બધા વિદ્યાર્થીઓ જતા રહ્યા. વર્ગમાં અંધારું થઈ ગયું હતું. બહાર સાંજ પડી ગઈ હતી. હું અને તે બન્ને જવાની તૈયારી કરતા હતા. તેણે મને કહ્યું, 'સાહેબ, હવે હું અહીં નહીં આવું."

"શું કામ ?"

"બસ, હવે હું બીજે ભણવાનો છું."

"ક્યાં ?"

"મારા બાપુજીની બદલી થઈને."

મેં તેની સામે જોયું ખિસ્સામાંથી પૈસા કાઢી તેને આપ્યા ને કહ્યું, "તો લે આ બે પૈસાની ચીનાઈ શીંગ લઈ આવ–આપણે ખાઈએ."

"લારી તો નહીં હોય."

"પાનવાળાની દુકાનેથી લાવજે જા."

તે ગયો પાછો આવ્યો. અમે બંનેએ શીંગ ખાધી. મેં તેને FAREWELL PARTY આપી. કોઈ ત્રીજાને આની ખબર ન પડી. કોઈએ આ વાતની નોંધ ન લીધી. મેં કહ્યું, "તું ફૂલ ક્યાંથી લાવે છે ?"

"હાલો, બતાવું."

પછવાડે બગીચામાં અમે ગયા. એક છોડ પાસે મને તે લઈ ગયો. છોડનાં પાન લાંબાં ને

મોટાં હતાં–જથ્થામાં જ ઊગેલાં. "જાઓ આ ફૂલ." તેણે છોડની ટોચ પર નમેલું ફૂલ મને બતાવ્યું.

મેં ફૂલ તોડ્યું ને તેને આપ્યું.

"તમે રાખોને," તેણે કહ્યું.

મેં તેને કંઇ જવાબ ન આપ્યો. પાછા ફરતાં મારાથી કહેવાઈ જ ગયું, "રોજ તું મને આપે છે ને ! આજે હું તને આપું છું." તે મારી સામે જોઈ રહ્યો ને મરક્યો. હું ન મરક્યો.

ઘરે જતાં છૂટા પડવાની જગા આવે છે ને મને, " આવજો, આવજો" ક્યારેક યાદ આવે છે, હું તેણે બતાવેલ છોડ જોઉં છું. ફૂલ ખીલી તેને મેળે જ ખરી જાય છે. હું ફૂલ તોડતો નથી તોડતો નથી.

મારે તો ફૂલને તેની તાકાત પ્રમાણે ખીલવા દેવાં છે. એક જ ફૂલ ખીલું ખીલું થતું મારી પાસે ન ખીલ્યું. મને તેનો વસવસો રહી જ ગયો.

છૂંદણું

તમારા અસ્તિત્વની નોંધ શાયદ આજ સુધી ક્યારેય કોઈએ નથી લીધી રૂખી, સિવાય કે મારા જેવા કોઈ આવારા રઝળપાટૂની કૅમેરા નજર. દરરોજ સવારે સાતેક વાગ્યાના સુમારે તમે શાક વેચવા ભક્તિ–ચોકમા આવો છો, ને લોકો બાલ્કનીઓમાંથી તમને જૂએ છે ! માથે શાકભાજીનો ટોપલો ઊંચકીને છલકતી મલકતી તમારી ત્રેવીસ વર્ષની શ્યામલ તગતગતી જુવાનીને કેટલીય આંખોના સાપ વીંટળાઈ વળે છે. મને ખબર છે, તમે પોતે પણ સાગના સોટા જેવી તમારી કામણગારી જુવાની પ્રત્યે સભાન છો, અને લોકોની લીસી નજરો પ્રત્યે પણ. આમ તો તમારુ નામ રુક્ષ્મણી રણછોડ છે, પણ ભક્તિ–ચોકમાં સહુ તમારા મલપતા અસ્તિત્વને રૂખલી શાકવાળી નામથી ઓળખે છે.

ત્યાં સામે ચબૂતરાની પાસે આવેલા લીમડાના ઝાડ હેઠળ ટોપલો ઉતારીને તમે બેસો છો અને કથ્થઈ રંગના કપડા પર લીલાં શાકભાજી પાથરી, "લીલી લીલી કેરી આઈ, કૂણી કૂણી દૂધી લઈ લો"નો મીઠો લહેકો સવારની મદીલી હવામાં તરતો મૂકો છો અને તમારા નિયમિત ગ્રાહકોની વણઝાર શરૂ થાય ત્યાં સુધીમાં તમારી જોબન રંગી ઓઢણીનો છેડો બેધ્યાનપણે પણ ઇરાદપૂર્વક છાતી પરથી સરકી ગયો હોય છે, અને છાતી વચાળે છૂંદેલું સૂરજમુખીના ફૂલનું છૂંદણું કાપડામાંથી ડોકિયા કરતું હોય છે.

સૌ પ્રથમ મંદિરેથી માતાજીનાં દર્શન કરી પાછા ફરતા એક વૃદ્ધ રિટાયર્ડ ગૃહસ્થ આવે છે. હાથમાંનો તાંબાનો લોટો બાજુ પર મૂકી એ શાક વીણવા બેસે છે ને નજર તમારી છાતીમાંથી ડોકિયું કરતું સૂરજમુખીનું છૂંદણું. કોબીનો નાનો ગોળો હાથમાં પકડી ચૂંચી આંખોને મીચકારી ગંદુ હસતા એ કાકા કહે છે, "રૂખલી, આ (!) લાગે છે તો તાજી અને કડક. શું લઈશ બોલ ?" "લઈ લો ને બાપા. તમારી જવાની તાજી કરી દે એવી છે. તમારી હારૂ ન ખાસ લાઈ છું." તમે ક્યામતી મુસ્કરાહટ વેરી કહો છો ને કાકા બમણો ભાવ આપી કોબી લઈ જાય છે.

પછી એક ફરકતી દાઢી–મૂછવાળો કવિ છાપ જુવાનિયો બગલાની પાંખ જેવા ઊજળા બાસ્તાક ઈસ્ત્રીબંધ ઝભ્ભા–પાયજામામાં સજ્જ થઈને આવે છે ને તમારી આગળ ઝૂકીને ઊભો રહી આંગળી ચીંધી પૂછે છે, " આનો શું ભાવ રાખ્યો છે રૂખલી ?" તમે જાણો છો એની આંગળી તમારી છાતીના છૂંદણા તરફ ચીંધાયેલી છે. પણ એને નજર અંદાજ કરી તમે કહો છો "સર્વ જાને વીરા મારા, તારી પાહે ચેગ્દી ભાવ કરો છે" અને 'વીરો' ભાવ કર્યા સિવાય જ એની ઘરવાળી માટે થેલી ભરીને શાક લઈ જાય છે.

પછી ક્યારેક કોઈ રૂપિયા જેવડો ચાંદલો કરેલી ઠરેલ ભરેલ ગૃહિણી આવી ચડે છે ને છણકે છે ય ખરી, "અલી રૂખલી આ છેડો તો ઢાંક્તી હોય ! હાવ લાજ–શરમ વનાની જ છે !" અને તમે હસતા મુખે "હા બૂન હા" કહી છેડો સરખો કરી 'બૂન'ને જીતી લો છો અને 'બૂન' જાય એટલે ફરી પાછું.......અને ગીધડાંઓની એ વણઝાર બપોર પહેલાં તો તમારો આખોય ટોપલો ખાલી કરી આપે છે.

બપોર સુધીમાં અર્ધુય શાક નહી વેચી શકેલા તમારા સાથી શાકવાળા અને શાકવાળીઓ ઈર્ષ્યાભેર તમારી આ 'સેલ્સમેનશિપ'ની–ના 'સેલ્સ–વૂમન શિપ'ની તારીફ (!) કર્યા સિવાય રહી શક્તા નથી. "હાળી રૂખલી સે તો નસીબવાળી ! અને એમની મિચકારતી આંખોની અવળચંડાઈને નજર અંદાજ કરી તમે ખાલી ટોપલો લઈને આવ્યા હતા એ જ રસ્તે પાછા ફરી જાવ છો. અને આસપાસની ખૂલી ગયેલી દુકાનોમાંથી તકાઈને તીરની જેમ ભોંકાઈ રહેલી નજરોની બાણ–શય્યા પરથી આળોટીને 'ભક્તિચોક' વટાવી જાવ છો.

સાંજ ઢળ્યે વાળુ ટાણે રણછોડ અર્ધ વેચાયેલા શાકની લારી લઈને બીડી ફૂંક્તો નિરાશ ચહેરે આવે છે, અને તમે "ના વેકાયુ તો કંઈ નઈ. હું કાલે બધું ય વેકી આલેશ હોં" નું આશ્વાસન આપી એના ઊતરેલા ચહેરાને આશાભરી મુસ્કરાહટથી ભરી દો છો. ગરમ રોટલાનું વાળું કર્યા પછી આખા દિ'નો વકરો તમે તમારા રણછોડના કદમોમાં છોડી દો છો રુક્મણી, અને એ જોઈ તમારો રણછોડ રાજી રાજી થઈ જાય છે.

વૈશાખી રાતની મદમાતી હવા તમારી ઝૂંપડીનેય અડી જાય છે ને સૂરજમુખી મઢ્યા તમારા છાતીના ઘૂંઘરાની સુંવાળી ટાઢાશમાં ચહેરો છુપાવતો રણછોડ ભાવાવેગમાં બોલી ઊઠે છે, "તું તો મારી લખમી છે રૂખી." અને બપોરે બાર વાગ્યા સુધી સળગતું સૂરજમુખી બની શૂળની જેમ તમારા હૈયામાં ભોંકાતું રહેલું પેલું છાતીનું ઘૂંઘરું રાતરાણીનું મઘમઘાતું ફૂલ બની તમારા પેલા 'બાણશય્યા'ના જખમોની વેદનાને વીસરાવી દે છે, બીજી સવાર સુધી...

ત્યાં કોણ હશે ?

"તમે સોનાને બરાબર રાખશો ?"

"જી."

"એને કોઈ જાતની માનસિક, શારીરિક યાતના નહીં પહોંચાડો ?"

"ના બહેન, મેં તો ક્યારેય એના પર હાથ ઉપાડ્યો નથી."

"તો પછી સોના કેમ તમારું ઘર મૂકીને નાસી ગઈ હતી ?"

"સાસુ–વહુનો ઝઘડો હતો ત્યારે તો."

"તે હવે નહીં થાય ?"

"ના."

"કેમ"

"જુદી રહેવા ગઈ છે."

"ક્યારથી ?"

"હું આવડી આને પાછો ઘરમાં બેસાડવાનો છું એમ સાંભળ્યું ત્યારથી."

"પણ તમે....સોનાને.....એક વખતની તમારી પત્નીને, બીજા જોડે નાસી ગયેલી પત્નીને, બીજા જોડે, બે જોડે ઘર સંસાર માંડી બેઠેલી પત્નીને, પાછી અપનાવી શકશો ?"

"હા, બીજું શું થાય બે'ન ?"

"કેમ બીજું શું થાય ?"

"હું એકલો કામ–ધંધાવાળો માણસ, મા ઘરડી થઈ, મારે ઘર ચલાવે એવું કોઈક જોઈએ ને ? મારે એની જરૂર છે."

"બીજાં લગ્ન કરો તો ?"

"કઈ રીતે કરું ? બીજી છોકરી પણ કોણ આપે ?"

–મહિલાશ્રમના સંચાલિકાએ થોડો વિચાર કરી ઘંટડી વગાડી.

"સોનાને બોલાવો."

થોડી વારે ઊંચી સોનવર્ણી સોના આવી. એની આંખો માંજરી હતી. વાળ કથઈ રંગના હતા. આંખમાં ચમક હતી, ચહેરા પર ગમગીની.

"બેસ," સંચાલિકાએ કહ્યું.

સોના–અંગૂઠા વતી કાર્પેટનો છેડો ઊંચો કરતી નીચું જોઈ રહી.

"તું આ માણસને ઓળખે છે, સોના ?"

સોનાએ માથું હલાવી 'હા' પાડી.

"એ તારા પતિ છે ?"

સોનાએ માથું ઊંચુ કરી સંચાલિકાની આંખમાં જોયું.

એની આંખો જાણે સામે પૂછતી હતી, "આ પ્રશ્નનો હવે કોઈ અર્થ ખરો ?"

"તું આમની જોડે જવા ખુશી છે, સોના ?'

સોનાએ માથું ધુણાવ્યું.

"જો તારાં સાસુ તો હવે જુદાં રહેવા ગયાં છે," **સંચાલિકા** બોલ્યાં.

"એ સાથે હતાં એનો મને વાંધો નહોતો," સોના બોલી ગઈ.

"તો ?" સચાલિકાએ પૂછ્યું.

સોના મૌન રહી. એ ને સોનાનો પતિ બંને સામે વારાફરતી જોતાં રહ્યાં. અસહ્ય શાંતિનું વાતાવરણ છવાઈ ગયું. અંતે સંચાલિકાએ જ મૌન તોડ્યું.

"તારા પતિ તને મારશે નહી, એ ખાતરી આપે છે."

"મારા કોઈ પતિ નથી, હું કોઈની પત્ની નથી," સોના બોલી, એનું શ્વેત મુખ લાલચોળ બની ગયું.

"હું તારો પતિ નથી ?"

"મારે મારું કોઈ નથી." સોના બહાર નીકળી ગઈ.

સંચાલિકાએ થોડી વાર સુધી કંઈ ન કહ્યું.

"તમે સોનાને મારી જોડે નહી મોકલો ?"

"હું પરાણે તો શી રીતે મોકલી શકું ?"

"પરાણે નહીં, પણ જરા સમજાવીને...."

"તમારી સામે જ મેં એને સમજાવી જોઈ, પણ કંઈ ધ્યાનમાં લેતી નથી. તમે જઈ શકો છો. હજુ બીજા મુલાકાતી બહાર ઊભા છે."

એ ઊભો થઈ બહાર ગયો.

બીજો માણસ અંદર આવ્યો. એ ઊંચો–પહોળો હતો. માથે કથઈ રંગની રુંવાંદાર ટોપી હતી.

"તમે મામદખાં ?"

"જી."

"શું કામ છે તમારે ?"

"આપ જરા સાહિરા કો...."

"સાહિરા ? સાહિરા કૌન ?"

"વો.......જો પરસો યહાં આઈ હૈ, નામગંજ સે."

"સોના ?"

"હા"

"ઉસકા ક્યા કામ હૈ તુમ્હે ?"

"વહ મેરી ભાભી હૈ રસૂલ કે ખૂન કે બાદ ઉસને મેરે સાથ નિકાહ પઢા."

"તો યહાં આશ્રય લેને ક્યોં આયી ?"

"વહ એક ગલતફહમી કી બાત બન ગઈ. સિપાઈ મેરા દોસ્ત થા. મૈંને જરા મઝાક કિયા થા !"

"ક્યાં મઝાક કિયા થા ?"

આવનાર મૂંઝવણમાં મુકાયો.

"જો હો વો સહી બતાઓ."

"સાહિરાને આપકો કુછ નહીં બતાયા ?"

"મારે તમારા મોઢે સાંભળવું છે, મામદખાં !"

"વો.......તો........વો.......તો" મામદખાં થોથવાયો.

"ક્યા વો......તો.......વો......તો ....."

"જરા સી મઝાક કી થી મૈંને સાહિરા કી."

"ક્યા મઝાક ? સાહિરાને તમારે કમાણીનું સાધન બનાવવી હતી !"

"અરે વો તો મઝાક હી થી બહનજી ! ક્યા કોઈ મર્દ અપની બીબી કો પરાયે મર્દ કો રિઝાને કા કહ સકતા હૈ ? મૈં મઝાક કરતા હું. ઐસા ભી વહ ન સમઝ શકી."

"તુમ ચલે જાવ મામદખાન ! સોના તુમ્હારા મુંહ ભી દેખના નહી ચાહતી."

મામદખાન ચાલ્યો ગયો. સંચાલિકાએ ઘંટડી બજાવી :

"સોનાને મોકલો."

સોના આવી ઊભી રહી. સંચાલિકાએ કહ્યું :

"મામદખાન આવ્યો હતો, તને તેડી જવા. એને તારી જરૂર છે."

સોના મૌન રહી.

"તારા પતિનું ઘર છોડી તું કોની જોડે નાસી ગઈ હતી ?"

"રસૂલ જોડે."

"તે પછી મામદખાનના ઘરમાં બેઠી ?"

"હા."

"કેમ ?"

"રસૂલનું ખૂન થયું."

"કેમ ?"

" એના પાપે. હું તો છૂટી હતી મારા પાપી પતિથી પણ રસૂલ શેતાન નીકળ્યો. એનાથી છૂટી, એના મોતથી અને મામદખાને મને ઘરમાં બેસાડી. એ હેવાન નીકળ્યો."

"તો હવે તારે ક્યાં જવું છે ?"

સોનાએ ઉપર આકાશ તરફ આંગળી કરી.

– ત્યાં કોણ હશે ?

વાદળો, સૂર્ય અને આકાશ

ધક્કમધક્કા કરતાં વાદળો, લાલ આંખોવાળો સૂર્ય અને દાદાળું આકાશ–સુનંદુ છજાની પાળી ઉપર ડાબા હાથની કોણી ટેકવી હડપચી ઉપર હાથ રાખી એકીટશે જોયા જ કરે છે.

દૂર ઊંચે ચગાવેલા પતંગની માફક દૂર સુધી પહોંચી ગયેલ ક્ષિતિજને પણ જુએ છે.

વાદળો, સૂર્ય, આકાશ, ક્ષિતિજ આ બધું શું એને માટે ફક્ત જોવાની જ અને મીટ માંડવાની જ વસ્તુ છે ?

નીચે કમ્પાઉન્ડમાં રમતાં બાળકો–સુરેશ, રમેશ, હિતેશ, હિતા, કાલિન્દી, રમા, રાની, આશા, શોભા, સુરંગી, શૈલેશ, ક્ષમા બધાં રમે છે, ધક્કમધક્કા કરે છે. વાદળો પણ ધક્કમધક્કા કરે છે.

હિતેશના બાપુજી એક દિવસ હિતેશને વઢતા હતા. સુરેશની બા પણ સુરેશને વઢતી હતી : 'તમે બધાં સાથે રમો છો ને લઢો છો કેમ ?'

બાળકો પોતાની લખોટીઓ એકબીજા સાથે અથડાવતાં હતાં. અરે ! આ તો લખોટીઓ પણ ધક્કમધક્કા કરે છે.

લખોટીઓ ધક્કમધક્કા કરે, છોકરાઓ પણ કરે અને વાદળો પણ.

લખોટીઓને કોઈ વઢતું નથી, વાદળોને પણ કોઈ વઢતું નથી અને હિતેશને બાપુજી વઢે, સુરેશને બા વઢે, એમ કેમ ?

લખોટીઓને તો જાણે છોકરાઓ જ ધક્કા મારતાં શીખવાડે છે પણ વાદળોને ?

સુનંદુ એકીટશે જુએ છે–વાદળોના ધક્કા સામે સૂર્ય લાલ આંખો કાઢે જ છે ને ?

પણ આકાશ ! કેવું સ્વચ્છ, નિર્મમ, શાંત ઊભું છે અને જોયા કરે છે. એ લાલ થતું નથી, ધોળું થતું નથી. બસ એકસરખું ચોખ્ખુંચટ્ટ લાગે છે. ક્યારેક અંધારે છે, એ તો વાદળાંની અસરને લીધે, બાકી પોતે તો ભાર વગરનું જ રહેલું છે.

હિતેશના દાદાજી હિતેશને ક્યારેય વઢતા નથી, સુરેશનાં દાદીમા સુરેશને ક્યારેય વઢતાં નથી. આ તો બધું સરખું જ છે.

સુનંદુ છજાની પાળી પર ડાબા હાથની કોણી ટેકવી, હડપચી ઉપર હાથ રાખી ઊભો છે. ધક્કમધક્કા કરતાં વાદળોને પોતાની નજીક આવવા હાથથી ઇશારો કરે છે. લાલ આંખોવાળા

સૂર્યને પણ ગભરાતી આંખથી બોલાવે છે, અને દાદાળા આકાશને પણ નજર ઝુકાવી હસતી આંખે બોલાવે છે.

ચગાવેલા પતંગની માફક દૂર સુધી ચગેલી ક્ષિતિજને પણ દરિયાનાં મોજાં હોડીમાં આવવાનું કહે છે.

પણ અરે વાદળો, સૂર્ય, આકાશ, ક્ષિતિજ– આ બધાં નવરાં થોડા છે ? એમને પણ એમનાં કામ છે.

વાદળોને આકાશના ખાલીપણાને ભરવાનું છે. સૂર્યને વાદળો ઉપર જાપતો રાખવાનો છે અને આકાશને તો વાદળો અને સૂર્યને સંભાળવાનાં છે. વળી ક્ષિતિજને તો આખી હદ સાચવવાની છે.

સુનંદુને તો છજ્જામાં ઊભા રહેવાની, વાદળોને અરે હિતેશ–સુરેશનાં બા–બાપુજીને વઢતાં જોવાની ને હિતેશ–સુરેશનાં દાદા–દાદીને શાંત સ્વરૂપે જોવાની નવરાશ છે.

અરે ! એ પણ નીચે મેદાનમાં બધાં સાથે રમવા કેમ જતો નથી ?

બરાબર, બા હંમેશ લડે છે. અહીંના છોકરાઓ બધા ખરાબ છે. હંમેશ લડે છે અને ધક્કો મારે તો કદાચ પડી જવાય, વાગે, કાચ વાગે. બૅટ વાગે, બૉલ વાગે. આંખોમાં વાગે, પગ ભાંગે, હાથ તૂટે, માથું ફૂટે.

તો ડૉક્ટર પાસે દોડવું પડે. કદાચ હૉસ્પિટલમાં પણ ભાગવું પડે. ગાડી સાથે અકસ્માત પણ થઈ શકે. સ્કૂટર પણ અથડાય

રહેવા દે, નીચે નથી જવું. સુનંદુ અંદરના ઓરડામાં જાય છે, બાથરૂમમાં જાય છે, બેડરૂમમાં જાય છે, સંડાસમાં જાય છે, અંદર બધે જઈ આવી પાછો છજ્જાની પાળી ઉપર ડાબા હાથની કોણી ટેકવી, હડપચી ઉપર હાથ રાખી ઊભો રહે છે.

આમ તો ઘણી જગ્યાએ જવાય છે. નિશાળે પણ જવાય છે. પછી બા–બાપુજી સાથે જુહુની રેતીમાં બેસાય, રેતીનો મહેલ બનાવાય. દરિયાનાં પાણી પાસે બા–બાપુજી સાથે જવાય, બગીચામાં જવાય, ફરાય, પણ લપસણી ન ખવાય, હીંચકા ન ખવાય, સી...સો ન કરાય, પડી જવાય, હાથ ભાંગે, પગ ભાંગે, માથું ફૂટે.

રેતીનો મહેલ બનાવવાનો–ભાંગવાનો, બનાવવાનો–ભાંગવાનો, કેવું સારું ! કેવું સહેલું ! એનાથી વાગે નહીં, એનાથી માથું ફૂટે નહીં, એનાથી હાથ પગ તૂટે નહીં. કેવું મજાનું ! !

છજ્જામાં કલાકો સુધી ઊભા રહેવાની બા–બાપુજી ક્યાં ના પાડે છે ?

આપણે તો મોટા માણસ થવું જોઈએ. નાનકડા હોઈએ ત્યારથી જ વિચારવું જોઈએ. ગાંધીજી જેવા થવું છે કે શિવાજી જેવા ? નહેરુ જેવા થવું છે કે આઈન્સ્ટાઈન જેવા ?

સંગીતનિપુણ રવિશંકર જેવા થવું છે કે રવિશંકર મહારાજ જેવા ? ચોક્કસ જ વિચારવું જોઈએ. આમાંથી કોઈક જેવા તો થવું જ જોઈએ.

નહીં તો પછી આ સુરેશ...... રમેશ.... હિતેશ..... હિના...... કાલિન્દી...... રમા..... રાની......આશા...... શોભા.....સુરંગી....શૈલેશ........ક્ષમા.......જેવા–

ભણવું, આજ્ઞા પાળવી, મોટા થવા વિચારવુ, સારા છોકરા તરીકે નામ કાઢવું, કુટુંબને તારવું, ભાઈબહેનને વહાલ કરવું, ઘરમાં થોડી મદદ કરવી.

સુનંદુ એકીટશે ક્ષિતિજની ધારને જુએ છે. વાદળાંના બદલાતા આકારને જુએ છે અને આકાશના અનંત અવકાશને પણ નિહાળે છે.

આટલાં વર્ષોથી આ બધા એની એ જ જગ્યાએ છે. બેચાર વર્ષોથી હિતેશને અને સુરેશને નીચે કમ્પાઉન્ડમાં રમતા પણ જોયા છે. એણે જોયાં છે બા–બાપુજી, ભાઈબહેનને એકસાથે રહેતાં અને વર્ષોથી જોયાં છે વાદળો, સૂર્ય, આકાશ અને અનેક દિશાઓની ક્ષિતિજોને.

થોડાં વર્ષોથી એ મોટા માણસ થવાનું વિચારે છે, પહેલો નંબર લાવવાનું પણ વિચારે છે.

પણ એણે સંગીતમાં ખાંટુ થવું કે ભણવામાં હોશિયાર થવું ? સાયન્સમાં નવી શોધ કરવી કે ચિત્રકાર તરીકે આગળ આવવું ? નૃત્યકાર થવું કે વાર્તાકાર ?

બધું એકસાથે તો થવાય જ નહીં, તો પહેલાં શું થવા વિચારવું ? અને આમ તો બધું સારું થવું તે તો સારું જ છે, પણ પછી મોટા માણસ થઈને શું કરવાનું ?

બધા ઘેર મળવા આવે, પેપરોમાં નામ ચમકે, બધાની સાથે એટીકેટથી વાત કરવાની, સારાં સારા વટ પડે એવાં ઈસ્ત્રીબંધ અને મોંઘાં કપડાં પહેરવાનાં, ઓછું બોલવાની ટેવ પડે, એકદમ સભ્ય થઈ જવાય, આખા શરીરને ઈસ્ત્રી કરી દીધા જેવું થાય.

આમેય ધીમું મરકવાનું તો એને આવડે છે. ધીમા અવાજે બોલવાનું પણ આવડે છે. વાતાવરણને ગંભીર બનાવવાનું પણ શીખી શકાય.

આમ તો આ બધું કંઈ અઘરું નથી અને એક વખત ટેવ પડે એટલે તો પછી મશીન જેવું નિયમસર અટક્યા વગર ચાલે જ છે ને ?

હા, પણ હિતેશને ધક્કા મારતાં અટકાવવો એ અઘરું છે, લખોટીઓ હાથમાંથી ઝૂંટવી લેતાં અટકાવવું એ અઘરું છે, જો સુરેશ પાડી નાખે તો હાથપગ ન ભાંગે એ જોવું અઘરું છે, ગાડી કે ટેક્સી સાથે અકસ્માત ન થાય એ જોવું અઘરું છે, સ્કૂટર અથડાય નહીં એ ખ્યાલ રાખવો પણ અઘરો છે.

છજ્જામાંથી અંદરના બેડરૂમમાં, બાથરૂમમાં, ડ્રોઈંગરૂમમાં, સંડાસમાં જવું તો જરાય અઘરું

નથી. સુનંદુ બધે ફરી આવી પાછો છજ્જાની પાળી ઉપર પોતાના ડાબા હાથની કોણી ટેકવી હડપચી ઉપર હાથ રાખી, વાદળો, સૂર્ય, આકાશ ને ક્ષિતિજને આંખોમાં ઊંડે ઉતારી દેવા મથે છે.

વાદળો અંદર અંદર ધક્કમધક્કા કરે છે. પણ એ તો ખૂબ જ નરમ રૂના ગાભલા જેવા દેખાય છે. વળી સૂર્યની લાલ આંખો પણ હંમેશ લાલ નથી હોતી. હા, દિવસમાં થોડો વખત લાલ થઈ જતી હશે.

પણ વાદળો હિતેશ–સુરેશ કરતાં તો ચોક્કસ ખૂબ જ સારાં છે. સૂર્ય પણ બાપુજીઓ અને બાઓ કરતાં સારો છે અને આકાશ તો કાયમ હસતું અને મીટ માંડતું જ હોય છે. એનું હૃદય તો ખૂબ જ મોટું લાગે છે. જોને આપણને બધાને એના બાહુપાશમાં કેવું વહાલથી રાખે છે !

સુનંદુ ઉપર જોતો, નીચે જોતો, અંદર જોતો, છજ્જાની પાળી ઉપર ડાબા હાથની કોણી ટેકવી, હડપચી ઉપર હાથ રાખી, નાક ઉપર બાયફોકલ કાચવાળાં ચશ્માં પહેર્યાં હોય એમ ઉપરનીચે જોયા કરે છે.

જુએ છે, વિચારે છે, જુએ છે, વિચારે છે. બા–બાપુજી, હિતેશ–સુરેશ, દાદા–દાદી બધાંને નજર ફેરવી જોઈ લે છે. વાદળો, સૂર્ય અને આકાશને પણ ઊંચી નજર કરી જોઈ લે છે.

અને છેવટે ધક્કમધક્કા કરતાં વાદળોને જોવા અને એનો ધક્કો ખાવા, લાલ આંખોવાળા સૂર્યની સ્તાશ માપવા અને દાદાળા આકાશને આંબવા હડપચી ઉપરથી હાથ ઉઠાવી, ડાબા હાથની કોણીને ખસેડી લઈ સુનંદુ–

લેખક-પરિચય

ગુલાબદાસ બ્રોકર :

જન્મતારીખ : ૨૦–૯–૧૯૦૯. જન્મસ્થાન પોરબંદર અને મુંબઈમાં અભ્યાસ. ત્રીશીમાં રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં સક્રિય રહ્યા બાદ શેર દલાલનો વ્યવસાય. પી.ઈ.એન., ભારતીય સાહિત્ય અકાદમીમાં સભ્ય તરીકે તથા ગુ.સા. પરિષદના પ્રમુખ તરીકે રહી ચૂક્યા છે. હાલમાં મુંબઈ. મુખ્યત્વે વાર્તાસર્જન દ્વારા સાહિત્યસેવા અસ્ખલિત. "નવા ગગન નીચે" યુરોપયાત્રાનો પ્રવાસગ્રંથ." "જવલંત અગ્નિ" એકાંકી સંગ્રહ. "એકાંકી" અને "ગુજરતી નાટય" નાટયવિષયક સામયિકોનું સંપાદન કર્યું છે. કવિતાસંગ્રહ તથા બે વિવેચન સંગ્રહો પ્રકાશિત થયા છે. વાર્તાક્ષેત્રે વિશેષ જાણીતા. દેશની અન્ય તેમ જ વિદેશી ભાષાઓમાં વાર્તાઓનાં ભાષાંતર પ્રસિદ્ધ થયાં છે. પ્રસિદ્ધ વાર્તાસંગ્રહો "ઊભી વાટે", "વસુંધરા અને બીજી વાતો", "માનવીનાં મન",."પ્રેમ પદારથ"

સુરેશ જોષી :

જન્મતારીખ : ૩૦–૫–૧૯૨૧. જન્મસ્થાન : દક્ષિણ ગુજરાતમાં વાલોડ. અભ્યાસ : એમ. એ., પીએચ.ડી. વડોદરામાં અધ્યાપક તરીકેની કારકિર્દી. "પ્રત્યંચ્યા", "ઇતરા", કાવ્યસંગ્રહો. "જનાન્તિકે" "ઈદમ સર્વમ", "અહો બત કિમાશ્ચર્યમ, ઇત્યાદિ લલિત નિબંધસંગ્રહો, "ગુજરાતી કવિતાનો આસ્વાદ", કિંચિત્", "કથોપકથન", "કાવ્યચર્ચા", "શ્રુણ્વન્તુ" ઇત્યાદિ વિવેચનગ્રંથો. "પરકીયા" વિદેશી કાવ્યાનુવાદનો ગ્રંથ." "છિન્નપત્ર" "મરણોત્તર" પ્રયોગશીલ લઘુનવલો. "મનીષા", "ક્ષિતિજ", "ઊહાપોહ", "એતદ્" અને "સેતુ" (અંગ્રેજી) સાહિત્યિક સામયિકોનું સંપાદન અન્યની સાથે રહી સંભાળ્યું હતું. દૈનિકમાં કટારલેખન પણ કર્યું છે. ગુ. સા. પરિષદના સાહિત્ય વિભાગના પ્રમુખ રહી ચૂક્યા છે. રણજિતરામ સુવર્ણચંદ્રક મળેલ છે. ૧૯૫૬માં પ્રથમ વાર્તાસંગ્રહ "ગૃહપ્રવેશ"નું પ્રકાશન અદ્યતન ગુજરાતી વાર્તાના ઇતિહાસનું એક અગત્યનું વળાંકબિંદુ અને સીમાચિહ્ન "બીજી થોડીક", "અપિ ચ", "ન તત્ર સૂર્યો ભાતિ:, "એકદા નૈમિષારણ્યે" પ્રયોગ દૃષ્ટિએ ધ્યાનાર્હ વાર્તાસંગ્રહો. મૃત્યુ : ૧૯૮૬

મધુ રાય :

જન્મતારીખ : ૧૬–૭–૧૯૪૨. સૌરાષ્ટ્રનું જામખંભાળિયા વતન. અભ્યાસ : એમ.એ. ઈસ્ટ–વેસ્ટ સેન્ટરમાં નાટયવિદ્યાની તાલીમ. કલકત્તાથી અમદાવાદ આવ્યા બાદ નાટયસંસ્થા "આકંઠ સાબરમતી"નું આયોજન. વિશેષ અભ્યાસ અર્થે અમેરિકાગમન, હાલ લોસએંજલિસ

મુકામે નિવાસ અને મુદ્રણવિષયક વ્યવસાય. "ચહેરા", "કામિની", "સભા" ઇત્યાદિ ગણનાપાત્ર નવલકથાઓ : "કુમારની અગાશી" "કોઇ પણ એક ફૂલનું નામ બોલો તો...." "અશ્વત્થામા" ઇત્યાદિ નાટકો અને તેની સફળ ભજવણીથી, "સંતુ રંગીલી", "શસ્ત્ર" આદિ નાટ્ય–રૂપાંતરોથી તથા વાર્તાપ્રકારમાં હાર્મોનિકાના પ્રયોગથી તેમ જ "બાંશી નામની છોકરી", "રૂપકથા", "કાલસર્પ" વાર્તાસંગ્રહોથી સુખ્યાત.

ચંદ્રકાંત બક્ષી :

જન્મતારીખ : ૨૦–૮–૧૯૩૨. વતન : ઉત્તર ગુજરાતનું પાલનપુર. અભ્યાસ : એમ. એ., એલ.એલ.બી. વર્ષો લગી કલકત્તા રહી બહુવિધ વ્યવસાય કર્યા. હાલમાં મુંબઈની એક કોલેજમાં અધ્યાપક અને ખ્યાતનામ મુક્ત કટાર લેખક. ઇતિહાસ અને રાજનીતિ પ્રતિ સહૃદય રુચિ. બાવીસ નવલકથાઓમાં "આકાર", "પેરેલિસિસ", ધ્યાનાર્હ. "એક સાંજની મુલાકાત", "મીરાં", "મશાલ" ઇત્યાદિ પ્રસિદ્ધ બાર વાર્તાસંગ્રહો. હિન્દીમાં ત્રણ, મરાઠીમાં બે અને અંગ્રેજીમાં એક પુસ્તકના અનુવાદ પ્રગટ થયેલ છે.

કિશોર જાદવ :

જન્મ ઇ.સ. ૧૯૩૮. વતન : આંબલિયાળા (ગુજરાત). અભ્યાસ : એમ.કોમ. વ્યવસાય : કોહિમામાં, નાગાલેન્ડ સરકારના મુખ્ય સચિવના નિજી સચિવ તરીકે નોકરી. "પ્રાગૈતિહાસિક અને શોકસભા" એ નોંધપાત્ર પ્રયોગધર્મી વાર્તાસંગ્રહ પછીના બે વાર્તાસંગ્રહ "સૂર્યારોહણ" અને "છદ્મવેશ" તથા પ્રસિદ્ધ થયેલ નવલકથા "નિશાચક" ને રાજ્ય સરકારનું પારિતોષિક મળ્યું છે. "કિશોર જાદવની વાર્તાઓ" (સં. રાધેશ્યામ શર્મા) તથા "નવી ટૂંકી વાર્તાની કળામીમાંસા" સંપાદન – વિવેચનનાં બે પુસ્તકો છે

રાધેશ્યામ શર્મા :

જન્મતારીખ : ૫–૧–૧૯૩૬. જન્મ : વાવોલ (ઉ.ગુ.). વતન : ઉત્તર ગુજરાતનું રૂપાલ. અભ્યાસ : બી.એ. (ઓનર્સ). વ્યવસાય : પત્રકારત્વ અને પ્રકાશન. "યુવક", "ધર્મસંદેશ", "ધર્મલોક"નું સંપાદન. અછાંદસ રચનાના બે કવિતાસંગ્રહો, "નેગેટિવ્ઝ ઓફ ઇટરનિટી" અંગ્રેજીમાં એક કાવ્યસંગ્રહ, "બિચારાં", "પવન પાવડી", "વાર્તાવરણ" વાર્તાસંગ્રહો, "વાચના", "સાંપ્રત", "ગુજરાતી નવલકથા", વિવેચનસંગ્રહો, "દલાલની પ્રતિનિધિ વાર્તાઓ" તથા "નવી વાર્તા" ઇત્યાદિ સંપાદન ગ્રંથો પ્રસિદ્ધ. "ફેરો" અને "સ્વપ્નતીર્થ" એ બંને પ્રયોગશીલ નવલોથી ખ્યાતનામ. ફિલ્મોની સમીક્ષાઓ પણ લખી છે. એક વાર્તાસંગ્રહ અને બે નવલકથાઓ અનુસ્નાતક કક્ષાએ વિવિધ યુનિવર્સિટીઓમાં પાઠ્યપુસ્તક. ૯ પુસ્તકોને પારિતોષિક.

રઘુવીર ચૌધરી :

જન્મતારીખ : ૫–૨–૧૯૩૮. વતન : ઉત્તર ગુજરાતનું બાપુપુરા. શિક્ષણ : એમ.એ., પીએચ.ડી. "હિન્દી ગુજરાતી ધાતુકોષ" પર મહાનિબંધ. અમદાવાદમાં ઉચ્ચ શિક્ષણ લઈ ત્યાં જ અધ્યાપનનો વ્યવસાય. બે કાવ્યસંગ્રહો તથા "અમૃતા" તેમ જ "ઉપરવાસ"–કથાત્રયીથી વિખ્યાત. "આવરણ", "એકલવ્ય", "તેડાગર" ઇત્યાદિ વીસ નવલકથાઓ. "અશોકવન" નાટક, "ડીમલાઈટ" વગેરે. એકાંકી, "દર્શકના દેશમાં" "ગુજરાતી નવલકથા" વગેરે વિવેચન, "સહરાની ભવ્યતા" રેખાચિત્ર પ્રસિદ્ધ. રણજિતરામ સુવર્ણચંદ્રક અને સાહિત્ય અકાદમી દિલ્હીનું પારિતોષિક મળેલ છે. "આકસ્મિક સ્પર્શ" "ગેરસમજ" "બહાર કોઈ છે." વાર્તાસંગ્રહો.

ઘનશ્યામ દેસાઈ :

જન્મતારીખ : ૪–૭–૧૯૩૪. જન્મસ્થળ : દેવગઢબારિયા, જિ. પંચમહાલ. અભ્યાસ : મુંબઈ યુનિવર્સિટીમાં એમ.એ. વ્યવસાય : પત્રકાર, સંપાદક "નવનીત સમર્પણ" એક જ વાર્તાસંગ્રહ "ટોળું" થી સુપ્રતિષ્ઠિત. બાળવાર્તાનાં પાંચ પુસ્તકો પ્રકાશિત.

સરોજ પાઠક :

જન્મ: ઈ.સ. ૧૦૨૯. વતન : જખઉ : કચ્છ : અભ્યાસ એમ.એ. અધ્યાપન વ્યવસાય. શોખનો વિષય રંગભૂમિ. કટારલેખન પણ કરે છે નવલકથા ક્ષેત્રે "નાઈટ મેરથી" નામાંકિત. "પ્રેમ ઘટા ઝૂક આઈ", "વિરાટ ટપકું" ઇત્યાદિ ને વિવિધ પારિતોષિકો પ્રાપ્ત થયેલ છે. નાટ્યવાર્તા સંગ્રહ "ગ્રીનરૂમ", એકોક્તિ.

જ્યોતિષ જાની :

જન્મતારીખ : ૯–૧૧–૧૯૨૮ વતન : ખેડા જિલ્લાનું પિહીજ. રસાયણશાસ્ત્ર સાથે બી.એસસી. (ઓનર્સ). વ્યવસાય : આરંભે ઓડિટર એકાઉન્ટન્ટ, પછી પત્રકારત્વ અને પબ્લિક રિલેશન ઓફિસર. ભૂતપૂર્વ "સંજ્ઞા"– ત્રૈમાસિકના તંત્રી. હાલ ગુ. સા. અકાદમીના માસિક મુખપત્ર "શબ્દસૃષ્ટિ" ના માનાર્હ સંપાદક. કવિતા, લલિતનિબંધ, યશોદાયી લઘુનવલ "ચાખડિયે ચાલ્યા હસમુખલાલ" અને હમણાં "મોહિનીવિલા" નામની બૃહદ્ નવલકથા પ્રકાશિત. વાર્તાસંગ્રહો : "ચાર દીવાલો એક હેંગર", "અભિનિવેશ", "પંદર આધુનિક વાર્તાઓ"

મહેશ દવે :

જન્મતારીખ : ૧–૮–૧૯૩૫ વતન : ગાંધીનગર જિલ્લાનું વાવોલ. વ્યવસાયે અધ્યાપક. "બીજો સૂર્ય" કાવ્યસંગ્રહ. "મને દેશ્યો દેખાય છે" નાટ્ય કૃતિઓનો સંગ્રહ ધ્યાનપાત્ર. "વહેતું આકાશ" અને "મુકાબલો" બે નોંધપાત્ર વાર્તાસંગ્રહોથી જાણીતા. તત્ત્વજ્ઞાન અને તંત્રયોગવિષયક ગ્રંથો હિન્દી–અંગ્રેજીમાં પ્રકાશ્ય.

ભગવતીકુમાર શર્મા :

જન્મતારીખ : ૩૧–૫–૧૯૩૪. જન્મસ્થાન : સુરત. શિક્ષણ : સ્નાતક. વ્યવસાય : "ગુજરાતમિત્ર" દૈનિકમાં મુખ્ય સંપાદક. બાર નવલકથાઓ, નવ વાર્તાસંગ્રહો, એક કવિતાસંગ્રહ, એક લલિતનિબંધ ગ્રંથ, ત્રણ અનુવાદગ્રંથ પ્રસિદ્ધ. "ઊર્ધ્વમૂલ" નવલકથા માટે ગોવર્ધન પારિતોષિક અને સમગ્ર સાહિત્યિક પ્રદાન માટે રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો છે. કથનાત્મક સાહિત્ય ઉપરાંત ગઝલલેખનમાં પણ ગણનાપાત્ર પ્રદાન.'અસૂર્યલોક' નવલકથા માટે સાહિત્ય અકાદમી દિલ્હીનું પારિતોષિક મળેલ છે.

ડૉ. ચિનુ મોદી :

જન્મતારીખ : ૩૦–૯–૧૯૩૯. વતન : કડી (ઉ. ગુ.) , છેલ્લાં કેટલાંય વર્ષોથી અમદાવાદ. શિક્ષણ : એમ.એ., એલએલ.બી., પીએચ.ડી. વ્યવસાય : ૧૮ વર્ષ અધ્યાપન, હવે મુક્ત કટારલેખક. નવ કવિતાસંગ્રહો, દીર્ઘકાવ્ય "બાહુક", પાંચ નવલકથાઓ, ચાર નાટકો, એક અનુવાદ પ્રકાશિત થયેલ છે. "ડાબી મુઠ્ઠી–જમણી મુઠ્ઠી" વાર્તાસંગ્રહ. છ પુસ્તકોને ગુજરાત રાજ્યનાં પારિતોષિકો મળ્યાં છે. "ઇર્શાદ" તખલ્લુસથી ધ્યાનપાત્ર ગઝલો લખી છે.

સુમન શાહ :

જન્મતારીખ : ૧–૧૧–૧૯૩૯. વતન : ડભોઈ : જિ. વડોદરા : અભ્યાસ : એમ.એ.,પીએચ.ડી. વ્યવસાય : ગુજરાત યુનિવર્સિટી ભાષાસાહિત્ય ભવનમાં રીડર, "સુરેશ જોષીથી સુરેશ જોષી", મહાનિબંધ, "ચંદ્રકાન્ત બક્ષીથી ફેરો" "નવ્ય વિવેચન પછી", "ખેવના" જેવા વિવેચન ગ્રંથ, "સુરેશ જોષીથી સત્યજિત શર્મા", જેવા સંપાદન ગ્રંથ અને "અવરશુકેલુબ" વાર્તાસંગ્રહથી સુપ્રતિષ્ઠિત. "શબ્દસૃષ્ટિ" માસિકના માજી સંપાદક અને હાલ "સંધાન" વાર્ષિકના તંત્રી અને "સમકાલીન" દૈનિકના કટારલેખક.

પિનાકિન દવે :

જન્મતારીખ : ૧૦–૪–૧૯૩૫. વતન : રૂપાલ, જિલ્લો ગાંધીનગર. શિક્ષણ : એમ.એ. એલએલ.બી., પીએચ.ડી. વ્યવસાય : વિવેકાનંદ આર્ટ્સ કોલેજ, અમદાવાદમાં સંસ્કૃતના પ્રાધ્યાપક. પંદર નવલકથાઓ, બે લેખસંગ્રહો પ્રકાશિત. ચાર નવલકથા અને એક વાર્તાસંગ્રહ માટે ગુજરાત રાજ્ય પારિતોષિક. ખ્યાતિપ્રાપ્ત "વિશ્વજિત" અને "અનુબન્ધ", "વિવર્ત" અને "આધાર" નવલકથાઓનો હિંદીમાં તથા "વિવર્ત"નો તમિળમાં અનુવાદ. "વિવર્ત" નવલકથા અનુસ્નાતક કક્ષાએ પાઠ્યપુસ્તક. ભૂતપૂર્વ "આનંદ" માસિકના સંપાદક અને "કવિતાની કલા"ના સ્તંભલેખક. "તૃપ્તિ" "ડૂબતા અવાજો" બે વાર્તાસંગ્રહો.

મુકુન્દ પરીખ

જન્મતારીખ : ૨૬-૧-૧૯૩૪. વતન : ખેડા જિલ્લામાં બાલાસિનોર. અભ્યાસ : બી.એ., એલએલ.બી. વ્યવસાય : મજૂર કાયદાઓના વકીલ. કવિતા ઉપરાંત, "મોક્ષ" અને "મેઈક બીલીવ" જેવાં એકાંકીનું લેખન. પણ વાર્તામાં વિશિષ્ટ ગતિ ને નવલકથાની પ્રસિદ્ધ. નવલકથા "મહાભિનિષ્ક્રમણ". જુદી જુદી યુનિવર્સિટીઓમાં અનુસ્નાતક કક્ષાએ પાઠ્યપુસ્તક તથા નાટ્યરૂપાંતર પણ થયેલું છે. "શબ્દ" "રે" અને "કૃતિ"નું સહસંપાદન.

રમેશ પારેખ :

જન્મતારીખ : ૨૭-૧૧-૧૯૪૦. અભ્યાસ : એસ.એસ.સી. અમરેલી જિલ્લા પંચાયતમાં નોકરી. "ક્યાં", "ખડિંગ", "ત્વ", "હાઉક" કવિતાસંગ્રહો, "ચી" બાળકાવ્યસંગ્રહ અને "સ્તનપૂર્વક" એક વાર્તાસંગ્રહ-પ્રત્યેક પુસ્તકને બહુવિધ પારિતોષિકો મળ્યાં છે. "ક્યાં" અને "ખડિંગ" ઉભય કાવ્યસંગ્રહ વિભિન્ન યુનિવર્સિટીઓમાં અનુસ્નાતક કક્ષાએ પાઠ્યપુસ્તક થયેલ છે.

વિજય શાસ્ત્રી :

જન્મતારીખ : ૧૦-૮-૧૯૪૫. વતન : મુંબઈ. શિક્ષણ : એમ.એ., પીએચ.ડી. વ્યવસાય : એમ. ટી. બી. આર્ટ્સ કોલેજ, સૂરત. ચાર વાર્તાસંગ્રહો, બે નવલકથાઓ, ચાર વિવેચન ગ્રંથો, મહાનિબંધનો વિષય : "ટૂંકી વાર્તાનાં સ્વરૂપ અને ટેકનિકનો અભ્યાસ"

મોહનલાલ પટેલ

જન્મતારીખ : ૩૦-૪-૧૯૨૭. વતન : પાટણ. જિલ્લો મહેસાણા, ઉત્તર ગુજરાત, શિક્ષણ : એમ.એ., બી.એડ વ્યવસાય : સર્વ વિદ્યાલય, કડીના આચાર્યપદેથી હાલ નિવૃત્ત. દસ નવલકથાઓ, પાંચ વાર્તાસંગ્રહો, એક પ્રવાસ ગ્રંથ, એક સંપાદન, એક વિવેચન ગ્રંથ : "હવા ! તુમ ધીરે બહો", "પ્રત્યાલંબ" ઈત્યાદિ વાર્તાસંગ્રહ, "ટૂંકી વાર્તા : મીમાંસા" વિવેચન અને "ગુજરાતી પ્રતિનિધિ લઘુકથાઓ" સંપાદન પ્રસિદ્ધ.

ઉજમશી પરમાર :

જન્મતારીખ : ૨૩-૫-૧૯૪૪. વતન : લીંબડી. શિક્ષણ : એસ.એસ.સી., ચિત્ર શિક્ષકનો ડિપ્લોમા. ગુજરાત સરકારના સિંચાઈ ખાતામાં ડ્રાફટસમેન. "ઊંચી જાર નીચાં માનવી", "ટેટ્રાપોડ" વાર્તાસંગ્રહો. બંનેને પારિતોષિકો મળ્યાં છે. "તળાવમાં તરતા થાપા" વાર્તા, ભારતીય જ્ઞાનપીઠના "ભારતીય કહાનિયાં-૮૪" માટે પસંદ થઈ છે.

મફત ઓઝા :

જન્મતારીખ : ૧–૩–૧૯૪૪. વતન : જામળા, જિ. કલોલ. ઉ. ગુ. વ્યવસાય : અધ્યાપક. પાંચ કાવ્યસંગ્રહો, તેર નવલકથાઓ, બે ટૂંકી વાર્તાના સંગ્રહો, પાંચ વિવેચનસંગ્રહો. સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી સાહિત્યપ્રકારોનું સંપાદન અને "આપણી સર્જકપ્રતિભા" અને "સાહિત્ય સ્વરૂપો" ની શ્રેણીનું પ્રકાશન. મુખ્યત્વે કવિ–સંપાદક, પણ એકાંકી, નિબંધ, સંશોધન સાથે દૈનિકમાં કટારલેખન પણ કરે છે. "તદર્થ" સાહિત્ય માસિકના સંપાદક.

સુરેશ ઓઝા :

જન્મતારીખ : ૧૧–૩–૧૯૩૭. વતન. ભાવનગર, સૌરાષ્ટ્ર : દિવ્યકાન્ત ઓઝા અને સોમાલાલ શાહ પાસે ચિત્રકળાનો અભ્યાસ. ભાવનગરમાં ચિત્રશિક્ષકનો વ્યવસાય. રાજ્યકક્ષાએ લલિતકલા અકાદમીનાં પ્રદર્શનોમાં તેમ જ પ્રતિષ્ઠિત કલાસામયિકમાં ચિત્રકૃતિઓ પ્રકટ થઈ છે. વાર્તાસંગ્રહ "સંકેત", ભાવનગર યુનિવર્સિટીમાં અનુસ્નાતક કક્ષાએ પાઠ્યપુસ્તક.

નસીર ઈસ્માઈલી :

જન્મતારીખ : ૧૨–૮–૧૯૪૬. અભ્યાસ : એમ.કોમ. એલ.એલ.બી., સી.એ., આઇ. આઇ. બી. વ્યવસાય: અમદાવાદની સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયામાં ઓફિસર. "ઝબકાર", "તૂટેલો એક દિવસ" નવલકથા. ગુજરાત સરકાર પારિતોષિક પ્રાપ્ત "આમાં ક્યાંક તમે છો" તથા "શાયદ આકાશ ચૂપ છે", વાર્તાસંગ્રહો. દૈનિક પૂર્તિની પ્રસિદ્ધ કટાર "સંવેદનાના સૂર" ના નામે જ અલગ વાર્તાસંગ્રહ પ્રકાશિત.

હસુ યાજ્ઞિક :

જન્મતારીખ : ૧૨–૨–૧૯૩૮. વતન : રાજકોટ. અભ્યાસ : એમ.એ., પીએચ.ડી. નિબંધ વિષય: "મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથાઓ" બાવીસ વર્ષ અધ્યાપનક્ષેત્રે રહ્યા બાદ હાલમાં ગુજરાત સાહિત્ય અકાદમીના સચિવ તરીકે, મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથા અને કથાસાહિત્ય ઉપરાંત દસ નવલકથાઓ, ઉપરાંત "દીવાલ પાછળની દુનિયા" અને ટૂંકી વાર્તાના બે સંગ્રહો પ્રસિદ્ધ. વર્તમાનપત્રોમાં બે દસકાથી સ્તંભલેખન કરે છે.

તારિણી દેસાઈ :

જન્મ ઈ.સ. ૧૯૩૫. તત્ત્વજ્ઞાનના વિષય સાથે અનુસ્નાતક. સંગીત અને જ્યોતિષમાં વિવિધ ઉપાધિ "ક્યારેકના" તંત્રી. આકાશવાણી અને મુંબઈ દૂરદર્શન પરથી અનેકવિધ કાર્યક્રમોનું સંચાલન કરે છે. "પગ બોલતા લાગે છે" વાર્તાસંગ્રહને ગુજરાત રાજ્યનું પારિતોષિક.